ધી બમનજી દી૦ પીટીટ પારસી જનરલ હાશપીટલ—શેઠ જહાંગીર બમનજી પીટીટની અથાક મેહમતથી બંધાઇ તઈયાર થયલી ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જેનરલ આસપીટલ ખુલ્લી મેલવાની ક્રીરયા નામદાર ગવરનર સર જયોરજ કલારકે તા૦ ૨૭ મી મારચે યાને રોજ ૧૭ મો માહા ૭ માને દીને એક મોટા મેલાવડા સનમુખ કીધી હતી. શરૂઆતમાં શેઠ જાહાંગીર પીટીટે એ ખાતાનો રીપોરટ રજુ કરતાં જણાયું કે તા૦ ૧૧ મી દીસેમબર ૧૯૦૭ ને દીને તમો નામદારે હોસપીટલના મુખ્ય મકાનનો પાયો નાખયા પછી થોડા મહીનામાં વહાડકાપ માટેના, મરદ દરદીઓ માટેના, બીઓ માટેના, સુવાવડ માટેના અને આંખના

દરદો માટેના બલોકોના પાયા નખાયા હતા. આ જુદા જુદા બલોકો બાંધવાનું કામ થોડાજ વખતમાં હાથ ધરવામા આવયું અને સાડાચાર વરસના ટુંક અરસામાં વખતને અનુસરતી એક હોસપીટલ તઈયાર થઈ છે જેમાં છેલામાં છેલી રૂઢીઓ મુજબની સઘળી સામગ્રીઓ પુરી પાડેલી છે, આ હોસપીટલને શેઠ બહમનજી દીનશાહ પીટીટનું નામ આપવામાં આવયું છે કારણકે એવણે રૂ૫૦૦૦૦૦ની કીમતની ૫૦૦૦૦ ચોરસવાર જમીન આપવા ઉપરાંત રૂ૧૨૧૦૦૦ની જુદી જુદી રકમો બક્ષેસ તરીકે આપી છે, જે વયાજ સાથે લેતા શેઠ બહમનજીનો કુલે ફાળો રૂપયા સાડા છ લાખનો થાય છે જે માટે મારી કમીટી અને આખી પારસી કોમ તેમની આભારી થઈ છે. નવી ઇમારતની વચોવચમાં ઓપરેશન બલોક અને તેની એક બાજુએ સ્ત્રીઓ અને બાળકો માટેનો અને બીજી બાજુએ મરદો માટેનો વીભાગ છે. ઉત્તર બાજુએ સ્ત્રીઓ માટેનો મુખ્ય બલોક, સુવાવડનો અને બાળકો માટેના વીભાગો છે. જયારે દક્ષીણ બાજુએ મરદો માટેનો મુખ્ય બલોક અને સામાન્ય વીભાગો, બાહેરના દરદીઓ અને આંખના દરદીઓ માટેના વીભાગો છે, જે અસાર આગમજ ઉભા કરવામાં આવ્યા છે, અને તે ઉપરાંત અનામત રાખેલી જગા ઉપર કાન, ગળાંના દરદો માટેનો વીભાગ અને ખંબાલા હીલ તરફના ભાગ ઉપર ખાસ લવાજમ આપનારા દરદીઓ માટેનો વીભાગ બાંધવામાં આવશે. મરહુમ શેઠ ફરામજી હોરમસજી વેરડનના ત્રસટીઓએ આપેલા રૂ૧૫૬૦૦૦ માંથી ઓપરેશન બલોક બાંધયો છે. વાઢકાપ માટેના મુખય ઓરડામાં વીદયારથીઓ માટેની ગેલરી અને ફરતા ચાર ઓરડાઓ છે જે બેહોશ [illegible] વગેરેના કામ માટે વપરાશે. બીજળીએ એકસ રેવાળાં કીરણો, અને વીજળીક કામ વ[illegible] ઓ પુરી પાડેલી છે. જયારે બીજે મજલે ચેપી દરદીઓ માટે અલાહેદી ગોઠવણ[illegible]ટેનો મુખય વીભાગ હાલતુરત નાણાની જોગવાઇ નહી હોવાથી અધુરો છોડી દ[illegible]સ્ત્રીઓ માટેના મુખય બલોક જે મરહુમ શેઠ એન. એમ. વાહડયાના ત્રસતીઓએ[illegible] લાખમાંથી બાઈ મોટલાબાઇ જેહાંગીર વાડયાને નામે બાંધયો છે તેમા મરદોનો[illegible]ાં સુધી મરદ અને સ્ત્રી દરદીઓ બંને માટે ભેગી ગોઠવણ કરવી પડશે. પ્રથમ આ બ[illegible]ાં ૧૨૦ દરદીઓને રાખવાનો ઇરાદો હતો પણ એકજ ઇમારત હોવાથી ૫૦ દરદીઓ [illegible] પડશે. સ્ત્રીઓનાં દરદો માટેનો ખાસ બલોક મરહુમ બાઇ પીરોજબાઈ નશરવાનજી જેહાંગીર વાડયાના ત્રસ્ટીઓએ આપેલા રૂ૬૦૦૦૦ માંથી તેમનાં નામે બાંધયો છે, અને તેમાં ૨૫ દરદીઓની સગવડ છે. તેની સાથે સુવાવડ માટેનો બલોક બાંધયો છે, જેને મરહુમ બાઈ આવાંબાઇ ફરામજી દીનશાહ પીટીટના એકઝીકયુટરોએ આપેલી રૂ૧૧૨૦૦૦ ની બક્ષેશ ઉપરથી તે મરહુમ બાઇનું નામ આપવામાં આવયું છે. આમાં ૪૦ બાઇઓ માટે સગવડ છે. આંખના દરદો માટેનો વીભાગ શેઠ અરદેશર હોરમારજી વાડીયાના ત્રસ્તી-ઓએ આપેલા રૂ૫૦૦૦૦ માંથી તેમનાં નામ સાથે બાંધયો છે. તેમાં આંખની તપાસ માટે એક અંધારો ઓરડો, વાહડકામ માટેનું થીએટર, બાહેરના દરદીઓ માટેનું ખાતું છે અને એમાં વીસ દરદીઓ રહેશે. ઉતર તરફને છેડે પાંચ દરદીઓ માટેનો એક ખાસ અલાહેદો ખંડ છે જેમાં શક-મંદ પાંચ દરદીઓ અલાહેદા રહેશે, જેઓ માટે બાવરચીખાનાં અને બીજી ગોઠવણો પણ અલાહેદી રાખેલી છે. આ ઉપરાંત બે ઓરડા સાથનું લાશો રાખવા માટેનું એક મકાન છે, જેમાં જરૂર પડે ત્યારે લાશ ચીરીને તપાસવા માટેની સગવડો કરેલી છે. બાહેરના દરદીઓ માટેનો બલોક તેની પડોશમાં છે જે મરહુમ બાઈ નવાજબાઈ પીરોશાહ મેરવાનજી જીજીભાઇની યાદમાં બાંધેલો છે. તેની એક બાજુએ હોસ્પીટલનું દવાખાનું અને ઉપલા મજલા ઉપર બે ઓરડાઓ મ્યુઝીંઅમ અને લાયબરેલી માટે છે, જેમાંનો પાછલો ઓરડ રૂમ તરીકે પણ વાપરી શકાશે. આખી ઇમારતમાં વીજળીક રોશની લેવામાં આવશે. જુનું મકાન અને તેના લગતા આડ ભાગોની મરામત કરી નરસો, તબીબી અમલદારો, વગેરેના રહેઠાણો તરીકે વપરાશે. વળી તેમાં જુદી જુદી આરીસો, ગોડાઉન. વગેરે માટે જોગવાઈ કરેલી છે. ૩૧૯૨ ગેલન જેટલાં પાણીની એક ટાંકી ગોઠવી છે જે ઉપરાંત

ઇમારતોને લગતી જુદી જુદી નાની ટાંકીઓમાં તેટલોજ બીજો પાણીનો જથો રહેશે. એ પાણી દરદીઓ, નોકરો વગેરેના ખપ માટે પંદર દીવસ સુધી રાંધવા અને નાહવાનાં કામ માટે ચાલશે અને કમપાઉંડના કુવાનું પાણી ઘરગતું વપરાસમા લેવાશે. વેસાવા ખાતે શેઠ કાવસજી સોરાબજી બાટલીવાળાએ ભેટ કરેલા બે બંગલાઓ હોસ્પીટલના દરદીઓ માટે હવા ખાવાના મથક તરીકે વપરાશે. નીયમીત કેળવણી આપી નરસો તઇયાર કરવાનો પણ ઇરાદો રાખયો છે. હાલની ઇમારતમાં બધા મળી ૧૪૦ દરદીઓ રાખી શકાશે અને જરૂર પડતાં ૨૦૦ દરદીઓને રાખી શકાય એટલી જગા તેમાં ફાજલ છે. હોસ્પીટલ ઉપર સઘળો કાબુ જેનરલ કમીટીનો રહેશે અને તે કારોબારી કમીટી મધેના પોતાના પ્રતીનીધીઓ મારફતે તે ભોગવશે. ચહડતામાં ચહડતી યુરોપીઅન ડીગ્રીએ ધરાવતા કાબેલ તબીબોએ આ ખાતાંને પોતાની કીમતી સેવાનો મુફત લાભ આપવાની માગણી કરવાથી તેને માટે કોમના સઉથી બાહોશ ઓનરરી તબીબોની સેવા મેળવવાની ગોઠવણ કરી છે. આથી દરદીઓને વઇદાં તથા શાસ્ત્રપ્રયોગની દરેક શાખામાં ખાસ અનુભવીઓની સેવાનો લાભ મળશે. પગારદાર અમલદારોમાં એક જાથુકનો રહેનારો તબીબ, ૪ હાઉસ ફીઝીશીઅનો અને સરજનો, ૧૫ નરસો વગેરે મલી એકસો જણાઓ થશે એવોનો પગાર ખોરાક, દવા વગેરે મળીને દરરોજની દરદી દીઠ ખરચની રાસ એકસો ચાળીસથી બસો સુધીના દરદી વચે વહેંચતાં સરાસરી રૂપીઆ ત્રણ જેટલી આવશે. તમો નામદારે ઓસ્પીટલનો પાયો ના[illegible]ી કીધા કરી તે વેળાએ ફંડમાં રૂપયા પોણાતેર લાખ ભરાયા હતા તે પછી સવાચાર વરસ[illegible]ા પોણીતેત્રીસ લાખ જેટલું થયું છે. આ રકમ મોટી લાગે છે તોપણ સઘળી કર[illegible] તેનો મોટો ભાગ ખરચાઇ જશે; કેમકે ઘણી મોટી બક્ષેશો તો ખાસ ઇમારતો મ[illegible] જ્યારે તે વતરોગેની મોટી રકમ જમીનની કીમત અને તેના સુધારા પાછળ જરૂર જો[illegible]ામગ્રીઓ પાછળ, ખરીદેલી અને બક્ષેશ મળેલી સધર જામીનગીરીઓના વટાવ પા[illegible] તથા જામીનગીરીઓના નીભાવ અને કારોબાર ચલાવવા અને ફંડ એકઠું કરવાન[illegible] વપરાઇ ગઇ છે. આથી થાપણ તરીકે એક નાની રકમ બચશે. પણ આવતાં પાંચ વરસ સુધી દર માસે નીભાવ માટે કબુલેલી રૂ૫૦૦૦ ની રકમ, થાપણનુ વયાજ અને દરદીઓ પાસેથી લેવામાં આવનારા ચહડ ઉતર લવાજમમાંથી ફતેહમંદી સાથે હાસ્પીટલનું કામ ચાલુ કરવામાં આવશે. તે દરમ્યાન ફંડમાં નાણા ભરાવવાની કોશેશો ચાલુ રહેશે. આ હાસપીટલને મદદ કરનારા સરવે જણાઓનો આભાર માંનયે છીએ. એ પછી હાસપીટલના પ્રમુખ શેઠ બમનજી દીનશાહ પીટીટે હોસપીટલ ખુલ્લી મેલવાની નામદાર ગવરનરને અરજ કરતાં જણાવયું કે તમો નામદારની આજના હાજરી માટે આભાર માનતાં મને મોટી ખુશાલી ઉપજે છે. આ સંસ્થા હસ્તીમાં લાવવા માટે મારી કમીટી કોમનું એક હથયાર બનવાને શકતીવાન થઇ છે તે માટે તે ઇશ્વરનો આભાર માને છે અને અમારા બંધુઓની સેવા બજાવવામાં અમોને થયલી બીન ધારેલી ફતેહ માટે અમે મગરૂર છીયે. આખાં ખાતાંની સઘળી રચના સદંતર પારસીઓજ મારફતેજ થઇ છે અને ફંડની એકેએક પાઇ પારસીઓએજ ભરી છે અને ઉંચામાં ઉંચા યુરોપીઅન લાયકાત ધરાવનારા ગ્રહસથોને આ ખાતાંમાં ઓનરરી વીઝીટરો તરીકેજ નેમવામાં આવયા છે, એટલે આ ખાતું જે પાછળ અમે સાત વરસ સુધી મેહેનત કરી છે તે દરેક રીતે કોમને લાયકનુંજ નીવડશે એટલુંજ નહી પણ વખતના વેહવા સાથે તે આ શેહેરમાં એક નમુનેદાર ખાતુ થઇ પડશે. અમારી આ જેહમતભરી કોશેષોમાં અમોને અમારી કોમની ભલી લાગણી અને ઉદારતા બાબે ઘણો વીશ્વાસ છે. જે ખાતાં માટે કોમે રૂ૨૨ લાખ કહાડી આપયા છે તેને નાણાંની તંગીને સબબે તે સબડવા નહીજ દેશે તે બાબે અમારી પકકી ખાત્રી છે. એ પછી નામદાર ગવરનરે પોતાની બેઠક ઉપર ટાંગેલી એક દોરી જેનું હોસ્પીટલનાં મુખ્ય બારણાં સાથે જોડાણ કરેલું હતું તે ખેંચી અને એ રીતે હોસ્પીટલ ખુલ્લી મેલાયલી જાહેર કીધી હતી. એ બાદ નામદાર ગવરનરે ભાષણ

કરતાં શેઠ બમનજી પીટીટે આપેલી બાદશાહી સખાવત તેમજ મલેલી બીજી નાદાર સખાવત માટે પોતાની ખુશાલી જાહેર કરી જણાવ્યું કે શેઠ બમનજી પીટીટની ઉદારતાથી ઘણીજ સુંદર વીશાળ અને તંદુરેસતીને લાભ કરનારી જગા મલી છે. વળી પશચીમ તરફની તબીબી વીદયાનો સ્વીકાર કરવા તથા તેને વહેવારૂ રૂપ આપવાને પારસીઓ હંમેશ આગેવાની ભરયો ભાગ લે છે અને ઓ૦ ડાકટર નરીમાન તથા ડા૦ માસીનાએ તમારી કોમમાં જે કામ બજાવયું છે તે ખરેજ કીંમતી પ્રકારનું છે એટલુંજ નહીં, પણ તેથી સઘળી કોમોમાં તબીબી વીદયાનો વધારો કરવામાં કાર્યસાધક થઈ પડયાં છે. વગેરે અનુસરતું લંબાનથી ભાષણ નામદાર ગવરનરે કરવા પછી શેઠ બમનજી પીટીટે હોસપીટલના જુદા જુદા ભાગોની તસવીરવાળો આલબમ ને હોસપીટલની રૂપાંની ચાવી નામદાર ગવરનરનેભેટ કરવા બાદ બાઈ ગુલબાઇ બમનજી પીટીટે નામદાર ગવરનર તથા લેડી કલારકને તાળીઓ વચ્ચે સુંદર ફુલોના હારો પેહેરાવયા પછી મેળવડો બરખાસ્ત થયો હતો. સેવટે નામદાર ગવરનરને હોસપીટલના જુદા જુદા ભાગોમાં ફેરવી સઘળી રચના દેખાડવામાં આવી હતી.

મરહુમ શેઠ હોરમસજી વાડયાના વસરીઓ આંખની એક આસપીટલ ઘણા વરસો સુધી ધોબીતલાવ તરફ નીભાવતાં હતા અને આસપીટલનો સઘળો કારોબાર ડાકટર ખરશેદજી નશરવાનજી કરંજીઆના વડપણ હેઠળ ચાલતો હતો. આંખના સેંકડો દરદીઓએ ડા૦ કરંજીઆની કુશળ સારવારથી પુરતા આશીરવાદ મેળવયા હતા. શેઠ બમનજી પીટીટ પારસી જનરલ આસપીટલ ચાલુ થવાથી આ આંખની હાસપીટલ તેની સાથે [illegible]માં આવી છે. તેથી ડા૦ કરંજીઆએ એજ મકાન પર પોતાના ખીસાથી આ દવાખાનું ચા[illegible]એટલુંજ નહી પણ તેનો લાભ પારસી ઉપરાંત સઘળે કોમના દરદીઓ માટે ખુ[illegible] ડા૦ કરંજીઆએ અસલનીજ માફક બાહારગામના કેસો માટે પારસીઓ તેમ[illegible]ટે જુદાં જુદાં બીછાનાઓની અલાહેદી સગવડ રાખી છે. આ સઘળી સગવડ [illegible] છે. જ્યારે શ્રીમંતો માટે ખુશીમાં આવે તે આપવાની છુટ છે. [illegible]

સુરતમાં ખુલ્લું મુકાયલું શેઠ [illegible] ઓરફનેજ.—સુરતના વતની અને મુંબઇના જાણીતા મીલ એજંટ અને વેપારી શેઠ રુસતમ[illegible] નનચેરજી ફુકાએ પારસી કોમના લાચાર ગરીબ જરથોસતીઓના નીરાધાર તથા નાવારસ છોકરાંઓ માટે સુરતમાં એક ઓરફનેજ સ્થાપી આપી તેમાં છોકરાઓને પુરતો આશ્રય મળે તથા તેમનું ભરણપોષણ થાય તેમજ તેઓ તયાં રહી અંગ્રેજી ગુજરાતી કેળવણી ઉપરાંત વેપારી અને હુનર ઉદયોગની કેળવણી લઈ શકે તેવી ગોઠવણો કરી શાહપોરમાં આવેલા મીર બુલ્હીકાર અલીખાનનું કુશાદે મકાન વગેરે ખરીદી આપયું છે, અને તેમાં છોકરાંઓને રહેવા, ખાવા, વીગેરેની સુખ સગવડનો સઘળો સામાંન વસાવી આપી સુરતની પારસી પંચાયતની બોરડના મેનેજરોને બધું સંપુરદ કીધું છે. એ ઓરફનેજ તેને લગતાં મકાનો સાથે ખુલ્લાં મુકવા ાા કીયા સવારના નવ વાગે રોજ ૨૧ મો માહા ૭ મો યાને જમશેદી નવરોજના દીવસે એક મોટા મેલાવડા સનમુખ કરવામાં આવી હતી. શરૂઆતમાં દસતુર રૂશતમજી જમશેદજીએ જશનની કીયા કરવા પછી સુરતની પંચાયતની બોરડના ચેરમેન ખા૦ બા૦ બરજોરજી નશરવાનજી વકીલે લંબાનથી ભાષણ કરતાં જણાવ્યું કે હાલમાં ફકત સુરત જીલ્લામાંથી ૪૦ છોકરાઓને આરફનેજમાં દાખલ કીધા છે—જોકે લગભગ ૭૦ ઓરફનો તરફથી અરજી મલી છે. આ છોકરાઓને રહેવા ખાવા પીવા, ઓઢવા—પેહરવાનું મુફત આપવા ઉપરાંત તેમને કેળવણી આપવાની ગોઠવન કીધી છે. સર જમશેદજી જીજીભાઇની નીશાળોમાં ગુજરાતી કેળવણી આપવામાં આવે છે તે આ મકાનના દક્ષીણ ભાગમાં રાખવામાં આવી છે જેથી ઓરફનેજના બાલકો પણ એજ નીશાળમાં કેળવણી લેશે. વળી સર જમશેદજીની ઇંગ્રેજી સકુલ જુદા મકાનમાં છે તેથી એવો વીચાર રાખ્યોચ કે આ મકાનની બાજુમાજ ઇંગ્રેજી સકુલનું મકાન પણ જોડવું જેથી આરફનેજના છોકરાઓને બી ફાયદો થાય. ઇંગ્રેજી સકુલમાં પાંચમાં ધોરણ સુધી શીખવવામાં આવે

છે. ત્યાર પછી જેમની મરજી હોય તેમને વેપારી કેળવણી આપવામાં આવે છે જે માટે ૩ વરસના અભ્યાસ ક્રમના ૩ વરગો ખોલેલા છે. આરફ્નેજના છોકરાઓને હુનર ઉધયોગ શીખવવાની જોગવાઇ કરવા જેટલી ફંડની સથીતી નહીં હોવાથી સુરતની પારખ ટેકનીકલ ઇનસટીટયુટમાં ઘટતો ખરચ આપીને છોકરાઓને હુનર ઉધયોગની તાલીમ આપવાની ધારણા રાખી છે. અને એ માટે સકોલરશીપબી આપીશું. આ મકાનની પાસે ઇંગ્રેજી સકુલ માટે લગભગ રૂ૨૫,૦૦૦ ને ખરચે એક નવી બીલડીંગ બાંધવામાં આવનાર છે. આ આરફ્નેજનું મકાન ખરીદવા માટે રૂ૨૦,૦૦૦, મકાનના સમારકામ પાછળ રૂ૨૨૦૦૦ તથા ફરનીચર માટે રૂ૧૦૫૦૦ મલી રૂ૫૨૫૦૦ શેઠ રૂશતમજી કુકાએ આપયા છે. એ ઉપરાંત સુરતમાં બાધવા ધારેલાં પારસી ધરમશાળાના ફંડની ભરાયલી રૂ૧૦૦૦૦ માની ઘણીખરી રકમ શેઠ રૂસતમજીએ પોતે, તેમજ પોતાના ખેશીઓ અને બીજાઓ પાસે ભરાવી હતી. એ બધી રકમ એવણે આરફ્નેજનાં ફંડમાં ટરાનસફર કરાવી આપી છે. વળી શેઠ રૂશતમજીએ દસ વરસ સુધી દર વરસે રૂ૨૦૦૦ લેખે રૂ૨૦૦૦૦ આપવાનું કબુલયું છે. તથા શેહેનશાહી આતશબેહરામની સામેનું એક મકાન ખરીદી પંચાયતને સવાધીન કીધું છે. તેમજ શેઠ કુકાએ રૂ૫૦૦૦ બાજ રોજગારના ફંડમાં આપયા છે. વળી શેઠો છોઈ કુકાની કંપનીએ રૂ૪૦૦૦ આપયા છે. આજ રોજે શેઠ કુકાના કુટુંબીઓ તરફથી બાજ રોજગારના ફંડમાં રૂ૫૫૦૦ની રકમ મલી છે તેમાં શેઠ અરદેશર મનચેરજી કુકાનાં રૂ૨૦૦૦, શેઠ દારાશાહ મનચેરજી કુકાના રૂ૧૦૦૦, શેઠો મીનોચેહેર કુકા અને સનસના રૂ૫[illegible] [illegible]હેરજી અરદેશર કુકાના રૂ૫૦૦, શેઠ કેખશરૂ અરદેશર કુકાના રૂ૫૦૦ અને મરહુમ શે[illegible] [illegible]કાની પુંજીમાંથી રૂ૫૦૦. એ રીતે એકંદર રૂ૯૮૫૦૦ની બાદશાહી રકમ શેઠ કુકા[illegible] [illegible]ી ચુકી છે. એ ઉપરાંત આજના નસાત જમાડવાનો તથા જશન કરવાનો ખરચ પ[illegible] [illegible]છે. સીંગણપોરવાળી શેઠ એદલજી કુવરજી પટેલે પોતાની દીલસોજી બતાવી રૂ૧૦૩૦[illegible], [illegible]જબાઈ માણેકજી સીંગણપોરવાળાના પુણ માટે રૂ૧૦૦૦ અને બીજી રકમો મલી લગ[illegible], [illegible]રાયા છે. એ પછી શેઠ રૂસતમજી કુકાને તેમની સખાવતની પીછાનમાં સુરત તથા ત[illegible] [illegible]મોના જરથોસતી અંજુમન તરફનું લગભગ ૧૦૦૦ સહીઓ સાથનું માનપત્ર જે પારસી પંચાયતની બોરડના મેનેજર સાહેબો ઉપર મોકલવામાં આવયું હતું તે ડા૦ નશરવાનજીએ વાંચી સંભલાવયું હતું. એ માનપત્ર તથા સુરતની પારસી પંચાયતના બોરડના મેનેજરોની સહી સાથનું કવરીંગ લેતર ચાંદીના કાસકેટમાં મેલી શેઠ કુકાને એનાયત કરી એક કીંમતી શાલ જોટાની ભેટ કીધી હતી. તેમજ એ મકાનના કંત્રાકટર શેઠ પેસતનજી બરજોરજી વાહડયા અને એવણના ભત્રીજા શેઠ સોરાબજી નશરવાનજી વાહડયાને એકેકી શીયાલ અંજુમન તરફથી તથા સીંગણપોરવાળા શેઠ પાલનજી ધનજીભાઇ પટેલે સીંગણપોર ગામની અંજુમન તરફથી એક શાલ અને પોતા તરફથી એક શાલ ખા૦ બા૦ બરજોરજીને અને શેઠ ધનભુરાએ પોતા તરફથી એક શીયાલ ખા૦ બા૦ બરજોરજીને એનાયત કરી હતી. એ પછી શેઠ રૂશતમજી કુકાએ ઘટતા શબદોમાં આભાર માનનારી રીતે જવાબ વાળયો હતો. અને પોતે માત્ર ફરજ સીવાય વીશેષ કાંઇ કીધું નથી અને જે અનહદ માન પોતાને કોમે આપયું છે તેને તેઓ લાયક નથી એમ જણાવયું હતું. એ પછી શેઠ રૂસતમજી કુકાએ પોતાની તરફથી ખા. બા. બરજોરજીને અને દસતુર રૂસતમજી તથા પંચાયતની ઓફીસના મેહતાજી શેઠ ધનજીશાહ દા. વાહાડયાને એકેક શયાલ ઓહાડી હતી મોબેદો અને બીજા લાચાર ગરીબોને સોના તથા રૂપાનાણાંનું વેહેચાણ કીધું હતુ તેમજ એવણે બપોરના ન્યાતનું જમણ કીધું હતું. આરફ્નેજના દરેક છોકરા માટે ૧૨ સદરા, ૧૨ સુતરાઉ લેંઘા, ૧૨ સસપેનડરસ, ૧ ગંજીફરાક, ૨ ખાકી સુટ, ૩ ટોપી. ૧ કસ્તી, ૧૫ રૂમાલ, ૧ સલીપરની જોડ, ૧ બુટની જોડ તથા ધારમીક અને સર અવસર માટે સફેદ કોટ પાટલુન આપવામાં આવશે નીચલી તખતી મકાનના એક ભાગપર મારેલી છે:—"પાક દાદાર હોરમજદની મદદ હોજો—આ ઓરફ્નેજ અને સકુલોના મકાનો શ્રી સુરતની પારસી પંચાયતના ધરમના કામ ચલાવનાર મેનેજર સાહેબોને

દસતક અને તેઓની દેખરેખ નીચે બનાવવામાં આવયા છે. શેઠ રૂસતમજી મનચેરજી કુકાએ આખું મકાન તથા એની દક્ષીણ બાજુએ આવેલાં બે મકાનો તથા એની સામે આવેલી ખુલ્લી જમીનનો ટુકડો ૧ એક મળી ૪ ચાર મીલકતો રૂપીઆ ૨૦૦૦૦ વીસ હજારની કીમતે ખરીદ કરી તેની મરામત તથા સુધારા વધારાના ખરચ સારૂ રૂ૧૦૦૦૦ દશ હજાર રોકડા આપી તા૦ ૧૭ મી જુલાઇ ૧૯૧૧ ને દીને એક ત્રસટદીડ કરી સુરતની પારસી પંચાયતના મેનેજર સાહેબોને સપુરદ કીધાં હતાં. તેઓએ તેમાં ઘટતી મરામત તથા સુધારા વધારાનો રૂ૨૨૦૦૦ બાવીસ હજારનો ખરચ થયો છે તેથી બાકી રૂ૧૨૦૦૦ બાર હજાર પણ શેઠ રૂસતમજી મનચેરજી કુકાએ પોતે ખુશીથી આપયા છે. એ ઉપરાંત અંજુમનનાં ફંડમાંથી મેનેજર સાહેબોએ એજ મીલકતમાં તેની ઉતર દીશાએ ઇંગ્રેજી સકુલનું મકાન બનાવવામાં આશરે ૨૨૪૦૦૦ ચોવીસ હજારનો ખરચ કીધો છે. ઉપર મુજબ આ સઘળાં મકાનો તઇઆર કરાવવા પાછળ આશરે રૂપીઆ ૬૬૦૦૦ છાંસઠ હજારનો ખરચ થયો છે. તેમાં શેઠ રૂસતમજી મનચેરજી કુકાના કુલ્લે રૂ૪૨૦૦૦ બેતાલીસ હજાર અને અંજુમનના ફંડમાંથી રૂ૨૪૦૦૦ ચોવીસ હજાર ખરચાયા છે. આ સઘળાં મકાનો પાક દાદાર હોરમજદની મદદથી રોજ ૧૧ મો ખોરશેદ યઝદ માહ ૭ મો મેહેર યઝદ શેહેનશાહી સને ૧૨૮૧ યઝદેજરદી તા૦ ૨૧ મી મારચ ૧૯૧૨ ને વાર ગરેહએ જમશેદી નવરોજના મુબારક દીવસે જરથોસતી દીનના ફરમાન મુજબ જશન વગેરે ક્રીયા કરાવી તેના શુભ ઉપયોગને માટે સુરતની પારસી પંચાયતના ધરમના ફંડના હાલના તથા હવે પછીના થન[illegible]નેજર સાહેબોના સંપુરણ અખતયાર અને વહીવટ નીચે ખુલ્લાં મુકવામાં આવયાં છે. આરકાં[illegible]જી બરજોરજી વાહડયા."

સુરતની સર જમશેદજી જીજીભાઈ[illegible] કે અત્યાર સુધી ભાડેના મકાનમાં હતી, તે તયાંથી ખાલી કરી સુરત પારસી આર[illegible] એક બાજુએ આશરે રૂ૨૪૦૦૦ ના ખરચે સર જમશેદજી સકુલ ફંડ ખાતેથી [illegible]કાનમાં લઈ જવામાં આવી હતી.

સુરતમાં પારસી છોકરીઓ માટે ન[illegible]ત કાઢવામાં આવનાર છે તે માટે જુના ખાટકીવાડ આગળનું બે મજલાનું નવું મકા[illegible]૦ મા શીંગણપોરવાળા શેઠ એદલજી કુંવરજી પટેલે ખરીદયું છે. જેઓ સકુલના નીભાવ વગેરે માટે પણ એક સારી રકમ કાઢનાર છે.

કલકતા ખાતે બંધાયલું નવું દોખમું.—કલકતા ખાતે ત્યાંની અંજુમનના ઉગરાતથી બાંધવામાં આવેલું નવું દોખમું હજાવી ખુલ્લું મેલવાની ક્રીયા રોજ ૨૧ મો માહ ૭ માને દીને દખણના વડા દસ્તુર સરદાર કેકોબાદ આદરબાદ દસ્તુર નોશરવાનની આગેવાની હેઠળ થઇ હતી. દોખમાને ઇજવાની ક્રીયા, બંડારમાં શેહેનશાહી મોબેદો એરવડ રૂસતમજી એરચજી પાવરી તથા એરવડ માણેકજી બગલીએ કરી હતી. જયારે જશનની ક્રીયા સવારના દસતુર કેકોબાદની આગેવાની હેઠળ ત્યાંની મરહુમ શેઠ મેહેતાની અગીઆરીના પંથકી એરવડ બરજોરજી જ. મેહેરજીરાણા, અને મરહુમ શેઠ બનાજીના આદરીઆનના એરવડો એરચશાહ બમનજી કુમાના અને મેરવાનજી ખ. બેરામ કામદીન વગેરે શેહેનશાહી તથા કદીમ મોબેદોએ કીધી હતી. જશનની ક્રીયા પુરી થવા પછી દસતુરજી કેકોબાદે વાયજ કરતાં જણાવ્યું કે કલકતાની જરથોસ્તી અંજુમને પોતાનાજ પઇસાથી આ નવું દોખમું બાંધયું તે માટે મુબારકબાદી આપું છું. સુખ શાંતીના નીયમે જોતા આપણા દોખમાની રીત ઘણીજ ફાયદાકારક છે. નસાથી જમીનને, પાણીને, યાતો પવીતર આતશને, અપવીતર નહી કરવાં જોઇએ તે જરથોસતી ફીલસુફીઓ માટે વખાણ કરી જરથોસતીઓની રવાનને અવલમંજલ પુગાડવાની હાલની રૂઢીની તારીફ કરી હતી, અને વધુ જણાવયું કે આપણાં દોખમાંઓ પઇસાદાર કે ગરીબ, શેઠ કે નોકર, સરવેને કસાબી તફાવત વગર એકજ જગાએ જીંદગી પુરી થતાં જવું છે એવું શીખવે છે. એ પછી તયાંની અંજુમનના ત્રસતી અને સરનશીન શેઠ કાવસજી માણેકજી રૂસતમજીએ ભાષાણ કરતાં દોખમા કમીટીના આગેવાનો શેઠો જમશેદજી ફરામજી માદન, જમશેદજી

રૂશતમજી શકલાતવાળા, કેખશરૂ કાવશજી ગોરા, શી. અરદેશર તેમજ દોખમા કમીટીના સેકરેટરી શેઠ મેરવાનજી કાવશજી ગોરાનો પોતાના ત્રસટીઓ તરફથી તેમજ કલકતાની અંજુમન તરફથી ઉપકાર માનયો હતો તથા અનજુમન તરફથી દસતુર કેકોબાદને શેઠ જમશેદજી માદનને, શેઠ જમશેદજી રૂ. શકલાતવાળાને અને શેઠ કેખશરૂ ગોરાને એકેક શયાલ ભેટ કરી જોડયા ત્રસટીઓ શેઠ પેશતનજી એદલજી ગજદર તથા શેઠ નવરોજી જામાસપજી અરજાણીનો ઉપકાર માની જણાવયું કે કલકતાની અંજુમનના એક ત્રસટી તરીકેનો હમારા વડવાઓનો નજદીક ૫૦ વરસનો સંબંધ છે પણ પોતાની નાદરૂસત તબીયતને લીધે પોતાનો સંબંધ છોડવાનું જણાવયું હતું અને અંજુમને તેમને તેમજ તેમના વડવાઓને અંજુમનનાં વડાનું માન આપયું હતું તે માટે ઉપકાર માનયો હતો. એ પછી સેકરેટરી શેઠ મેરવાનજી ગોરાએ નવાં દોખમાને લગતો રીપોર્ટ વાંચતા જણાવયું કે પાસેનું જુનું દોખમું તા૦ ૨૮ મી જાનેવારી ૧૮૨૨ માં મરહુમ શેઠ નવરોજી સોરાબજી ઉમરીગરે પોતાને ખરચે તે વખતની જુજ વસતીને અનુકુળ થઇ પડે તેવી ઢપનું બંધાવી આપયું હતું. પણ જરથોસતીઓની વસતી વધવાથી મરણનું પ્રમાણબી વધી પડવાથી એ દોખમું અગવડ ભરેલું જણાયું હતું. ૧૯૦૬ ની તા૦ ૨૯ મી એપ્રીલે અંજુમનના ત્રસટીઓએ બોલાવેલી સભામાં નવું દોખમું બાંધવાનો ઠરાવ કીધો હતો. દખમું બાંધવા માટે કલકતામાથીજ લગભગ રૂ૭૦,૦૦૦ એકઠા કીધા છે. જુના દોખમાની પશચીમ દીશાએ નવું દોખમું બાંધવાને તથા જુની સગડી વાપરવાને અને સ્વાન લઇ જવા માટે ચાલુજ [illegible] મમાં લેવાને કમીટીએ ઠરાવ કરી નવા દખમા માટે આસરે ૧૩ વીંઘા જમીન રૂ [illegible] દના ઉપરાંત એ જમીન ખાડાવાળી હોવાથી પુરણી કરવા પાછળ વધુ રૂ૧૮૦ [illegible] અત્રે તેમજ દેશપરદેશમાં મરણ પાંમેલાંઓની લાશને ઠેકાણે પાડવાને સઘલી કોમે [illegible] ડી મુફ્ત જગયા આપે છે અને બીજાં શેહેરોમાં પારસીઓનેબી આપી છે તેથી ન [illegible] ા માટે કલકતાની મયુનીસીપલ પાસે ગ્રાંટ માંગવાથી રૂ૨૭૦૦૦ મળયા હતા. નવ [illegible] જુબાજુ દીવાલ બાંધવા અત્રેના વેપારી શેઠ હોરમસજી નસરવાનજી કુપરે રૂ૧૩૦૦૦ [illegible] ણનાં મરહુમ માતાજીને નામની તખતી મારેલી છે. સેવટે આ કામમાં જે સાહેબોએ કીમતી મદદ આપી હતી તેઓનો ઉપકાર માનયો હતો. એ બાદ દોખમાની વરકીંગ કમીટીના મેમબર શેઠ જમશેદજી ફરામજી માદને પોતાને તેમજ પોતાના ગોઠયાઓએ બજાવેલા કામ માટે આપવામાં આવેલા માન માટે ઉપકાર માની દોખમા પાછળ જમીન માટે આપેલી કીમત ઉપરાત લગભગ રૂ૬૫૦૦૦નો વધુ ખરચ થવા જશે એમ જણાવયું હતું. એ પછી એરવદ એરચશા બમનજી દશતુર કુમાનાએ જણાવયું કે આ દોખમાની કોદાળીની અને તયાર બાદ તેનો તાણો પુરવાની ક્રીયા હમો કદમી મોબેદોએ કીધી હતી, જયાં આજે એને ઇજવાની ક્રીયા શેહેનશાહી મોબેદોએ કીધી છે. આ એક કદી નહી બનેલા બનાવ તરીકે યાદગાર બનાવ નોંધાઇ રહેશે અને આ મુજબ પેહેલુંજ થયું છે. આવી રીતે સાથે મળીને એકજ મકાનમાં બંને પંથના મોબેદો પાસ વાંધા વગર ક્રીયા કરાવનાર કલકતાની અંજુમન અને તેમાં આગેવાની લેનાર અહદસથોને માટે માન ભરયું છે. સેવટે સરવે જણાઓ નવું દોખમું જોવા ગયાં હતાં અને તેના ભંડારમાં, ત્રાંબાના તથા સોના રૂપાના સીક્કા નાખયા હતા. તઇયાર રાખેલા પહરેજી ખાણાંને ઇનસાફ આપી સરવે વીખરાયાં હતાં.

સમસુલ ઓલમાં સરદાર દસતુરજી કેકોબાદ આદરબાદ નોશરવાન ખાસ તેડાથી ઉપલું દખમુ ઇજવાની ક્રીયા કરવા આવયા હતા, તેવણે તા૦ ૯ ઠી એપ્રીલે એક મેલાવડા સનમુખ કલકતા ખાતે એક ભાષણ આપયું હતું. એ દીને રાતે એવો સાહેબના માનમાં શેઠ રૂશતમજી ધનજીબાઇ મેહેતાએ પોતાના મકાનમાં એક ડીનર આપયું હતું, જે વખતે દસતુરજીએ સરવેનો ઉપકાર માનતાં જણાવયું કે નવાં બંધાનારાં શેહેનશાહી આદરયાનના વડા તરીકે તેઓને નેમયા છે તેને એક મોટાં માન સમાન લેખે છે.

ગણદેવીનું સ્કુલનું મકાન—બાઇ ભીખાઇજી કાવસજી છાપખાનાવાળાએ ગણદેવી મધે પોતાની માલેકીનું ત્રણ માળવાલું કુશાદે મકાન એવણના મરહુમ પીતાના પુણ માટે સર જમશેદજી જીજીભાઈ પારસી છોકરા છોકરીઓની ગુજરાતી નીશાળો માટે ભેટ આપયું છે. એ નીશાળો કેટલાંક વરસો થયાં ભાડેના મકાનમાં હતી, જયાથી તા૦ ૧લી એપ્રીલથી એ મકાનમાં લઇ જવામાં આવી છે.

દેવલાલીમાં સર અવસરે વાપરવાનું બંધાયલું મકાન—બાઇ શીરીનબાઇ તે મરહુમ શેઠ રુસતમજી કેખશરૂ ઇરાનીનાં વીધવાએ દેવલાલીની આરામગાહ નજદીક સરઅવસરે વાપરવા નવું બંધાવી આપેલું મકાન ખુલ્લું મેલવાની ક્રીયા રોજ ૧ લો માહા ૮ માને દીને ખાન સાહેબ રતનજી જમશેદજી દુબાશના પ્રમુખપણા હેઠળ થઈ હતી. જશનની ક્રીયા કરવા બાદ દેવલાલીની અંજુમનના આનરરી સેકરેટરી શેઠ જમશેદજીએ એ મકાનની જરૂરાત અને તે પાછળ રૂ૨૦૦૦ થયલો ખરચ વીગેરેની વીગત કહી સંભળાવી હતી. પ્રમુખ શેઠ રતનજીએ એ મકાન ખુલ્લું મુકાયલું જાહેર કરયા પછી બાઈ શીરીનબાઇ તરફથી તેમના બેશી શેઠ ખોદાયજીએ જણાવયું કે બાઇના મરહુમ ભરથારની યાદગારી રાખવા માટે તેવણ વીચાર કરતાં હતાં તેટલા એક મકાનની ગરજ આએ ગામના તથા નાશક વીગેરેના રહીશો માટે માલમ પડયાથી આ મકાન બાંધવામાં આવયું છે.

અહમદનગરના મોબેદાનું રહેવાનું મકાન—અહમદનગરની શેઠ પલાનટીનની દરેમેહેરની પાસે બાંધવામાં આવેલું મોબેદો મા[illegible]ન ખુલ્લું મેલવાની ક્રીયા રોજ ૯ મો માહ ૮ માને દીને યાને એ દરેમેહરની સાલગરેહને દી[illegible]આતમાં જશનની ક્રીયા કરયા પછી પંથકી ફરામજી બેરામજી નવધરે જણાવયું કે [illegible]દજીભાઈ કાપડીયાએ પોતાનાં બપાઇ મરહુમ બાઇ કુંવરબાઇ મેરવાનજી ક[illegible]ી રૂ૪૦૦૦ આપયા હતા કે એમાંથી રૂ૨૫૦૦ નું વયાજ એ મરહુમ બાઇની [illegible]સીઓની ક્રીયા કામ માટે વાપરવું તથા બાકી રૂ૧૫૦૦ આ મકાન માટે આપયા [illegible]ત અત્રેના રહીશ મોબેદ માણેકજી ખરશેદજી ધારાએ રૂ૧૦૦૦ શેઠો ખરશેદજી એ[illegible]કાઇપણ ધરમના કામમાં વાપરવા આપયા હતા. જેનું વયાજ વગેરે સુધા રૂ૧૫૦૦ થવ[illegible]ત હતા જે મળી રૂ૩૦૦૦ આ મકાન માટે વાપરયા છે. આપણે શેઠ હોરમસજી કાપડીયા અને તેઓનાં બેસીઓનાં તેમજ મોબેદ માણેકજીના બેસીઓનાં આભારી છઇયે અને જેઓએ આ કામમાં મદદ આપી છે તેઓનો બી ઉપકાર માનય છીએ. એ પછી હાજર રહેલાઓને ખાણું આપવામાં આવયું હતું.

રાવલપીંડી ખાતે ખુલું મુકાયલું ધરમનું મકાન—મરહુમ નવાબ ખાનબાહાદુર ધનજીભાઇ ફકીરજી કામાડોર સી. આઇ. ઇ. ની યાદમાં તેઓનાં મરહુમ ધણીઆણી બેગમ આવાં બાઇ ધનજીભાઇ કામાડોર અને તેઓના બેટા શેઠ સોરાબજી ધનજીભાઈ કામાડોરે સરઅવસરે વાપરવા રાવલપીંડી ખાતે આરામગાહની જગામાં બંધાવી આપેલું મકાન ખુલ્લું મેલવાની ક્રીયા રોજ ૧૦ મો માહા ૮ માને દીને થઈ હતી. લાહોરવાળા દસતુરજી નશરવાનજી કેકોબાદ મેહરજી રાણાએ જશન કરવા પછી શેઠ સોરાબજી ધનજીભાઇ કામાડોરે જણાવયું કે આગળ બંધાયલું આવુંજ મકાન ઘણું પુરાણું થવાથી એક નવું મકાન બાંધવાના કામમાં ખા૦ બા૦ નશરવાનજી જાહાંગીર બોગા તથા મારા મરહુમ માતપીતા ઉમંગથી ભાગ લેતાં હતા. તેટલાં મારા નેક પીતાજી સવરગવાસ પામયાથી મારા માતાજીએ મારા પીતાજીની નઇયતે એક મકાન સવડી તરીકે વાપરી શકાય તેવું બંધાવી આપવાનો ઠરાવ કીધો હતો, અને મેં વેલાતથી પાછા ફરવા પછી મારા માતાજીના આ વીચારને મજબુતીથી ટેકો આપયો હતો. અતરેની પારસી અંજુમને હમારી આ માગણી કબુલ રાખી તે માટે તેમજ જેઓએ આ કામમાં મદદ આપી તેઓનો ઉપકાર માનયે છીએ. આ મકાન બાંધવા પાછળ રૂ૨૪૦૦૦ નો ખરચ થયો છે. આ મકાન તેના સઘળા ફરનીચર સાથે મારા મરહુમ માતાજી બેગમ આવાબાઇ અને મારી તરફથી જરથોસતી કોમને અરપણ કરું છું. એ પછી

રાવલપીંડીની જરથોસતી અંજુમનના પ્રમુખ ખા૦ બા૦ નશરવાનજી જહાંગીરજી બોગાએ મકાન ખુલ્લું મુકાયલું જાહેર કરતાં ઘટતા બોલોમાં કામોડોર ખાનદાનનો આભાર માની શેઠ સોરાબજી ધનજીભાઇ કામાડોરને તયાના જરથોસતીઓ તરફથી એક શાલ પેહેરાવી હતી. શેઠ સોરાબજી કામાડોરે દસતુરજી નશરવાનજીને પોતાના કુટુંબ તરફથી એક શાલ પેહેરાવી હતી. બાદ ચાશની કરી મેળાવડો વીસરજન થયો હતો. અતરે જાણવું અગતનું છે કે પંજાબમાં દોખમા કોઇ નહી હોવાથી રવાનને ડાટવાની રસમ છે. તેજ પ્રમાણે રાવલપીંડીમા બી ડાટવાની રસમ છે. રાવલપીંડીમાની આરામગાહની જગા દુર મરી પહાડપર જવાના રસતાપર છે. પંજાબના આગલા વેપારી શેઠ જહાંગીરજી જસાવાળા તરફથી મળેલી ૭૬૦૭ ચોરસવાર તેમજ જાણીતા વેપારી શેઠ જામાસપજી બોગા તરફથી મળેલી ૧૨૬૨ ચોરસવાર જમીન આરામગાહ તરીકે છે. ઉપલા શેઠીયાઓના નબીરાઓની રાહબરી હેઠળ ઇ. સ. ૧૮૯૮ માં ત્યાંની અંજુમને એક મકાન સરઅવસરે વાપરવા બંધાવયું હતું પણ તે બીસમાર હાલતમાં આવવાથી કોમોડોર ખાનદાનની નવાં મકાનની ઉદાર બક્ષેશ પ્રસંગોપાત થઇ પડી છે. આરામગાહની બે બાજુએ બોહળી જગયા ખરીદી કોમોડોર અને બોગા ખાનદાનને પોતાની માલેકી હેઠળ રાખી બાગ બગીચાથી વસાવી છે. આ આરામગાહની જગા મોહોટા રસ્તા ઉપર હોવાથી ત્યાંથી ઘણાક બેલ ગાડીઓ વગેરેનો ભારી રસ્તો છે તેથી શેઠ સોરાબજીએ તે રસ્તા ઉપર પાણીનો એક અવાડો ઢોરો માટે બંધાવી આપયો છે.

ગરીબ જરથોસતીઓ માટે ચા[illegible]ઓવન બીલ્ડીંગ સોસાયટી હસતક પરેલ ખાતે વાઘેશવરીનાં દેહેરાં નજદીક ગો[illegible] શેઠ બમનજી હોરમસજી જનરલનાએ સોસાયટીને ભેટ આપેલી જમીન ઉપર[illegible]મ વરગના જરથોસતીઓ માટે બાંધવામાં આવેલી ચાલી ખુલ્લી મુકવાને એ[illegible]ટરો રોજ ૧૯ મો માહ ૮ માને દીને ચાલીવાલી જગાએ ભેગા મળયા હતા. [illegible]ાર ગાળાની છે અને તેમાં દસ ભાડુતો રહેશે. ચાલીવાળી જગયા ટેકરી ઉપર આવી[illegible]દરસતીના બાબમાં બહુ સુખાકારી ભરી છે તેમજ તે એક વીશાળ કમપાઉંડ અને આ[illegible]ટા તથા બાગ સમાન જગયા ધરાવે છે. શેઠ બમનજી જનરલનાની કીમતી ઉદાર જગયાની બક્ષેસ માટે તેમજ હમકોમના ગરીબ વરગ માટેની તેઓની ભલી લાગણી માટે ડાયરેકટરોએ સંતોશ જાહેર કરી સોસાયટીને પોતાના પરગજુ કામમાં સહાય થવા માટે ઉપકાર માનયો હતો. શેઠ બમનજીએ આસરે વીસ હજાર રૂપયાની કીમતની જગા ભેટ કીધા ઉપરાંત દસ હજારની કીંમતનો એક બંગલો તથા ૨૪૦૦૦ ની સરકારી નોટો ભેટ કીધી છે જે માટે એક અલાહેદું ત્રસટડીડ કીધું છે. ચાલી ખુલ્લી મુકાયાને દીને સવારે શેઠ બમનજીએ ચાલીના મકાનમાં પોતાની ગીરેથી ફરેસતાની પવીત્ર ક્રીયા કરાવી હતી, તેમજ મજકુર ચાલીમાં આવી વસનારાં ગરીબ ભાડુતોના પહેલા માસનાં ભાડાની રકમ આપી ગરીબ ભાડુતે પ્રતયેની પોતાની ભલી લાગણીનો વધુ પુરાવો આપયો છે. ગરીબો તરફની એ પ્રકારની દીલસોજા લાગણી શેઠ બમનજીને માટે માનભરી લેખાશે. મજકુર ચાલી ગયા મે માસથી ભાડે આપી છે. આ ચાલીના ચાર ગાલાઓને સખાવત કરનારાં ચાર કુટુંબોની ખાહેશ મુજબનું નામ આપી તે મુજબની તખતીઓ મારવાનો ઈરાદો રાખવામાં આવયો છે.

માથેરાન જીમખાનું—માથેરાન ખાતે શેઠ જાલભાઇ અરદેશર શેઠ માથેરાન પારસી જીમખાના ખોલ્લું મુકવાની ક્રીયા સર જમશેદજી જીજીભાઇ બારોનેટે એક મોટા મેળાવડા સનમુખ રોજ ૨૭ મો માહ ૮ માને દીને કરી હતી. શરૂઆતમાં ડા૦ પાવરીએ જણાયું કે આ ટેકરી ઉપર પારસી વીઝીટરોની સંખયા વધતી જવાથી એક જીમખાણાની અગત જણાઇ હતી. ૧૯૧૦ માં મરહુમ શેઠ જાલભાઇ શેઠે જીમખાના માટે રૂ૧૫૦૦૦ આપવા જણાવયા હતા. તે પછી નામદાર સરકાર પાસેથી જમીન મેલવવામાં આવયા બાદ શેઠ જાલભાઇએ પોતાની રકમ વધારી રૂ૨૭૫૦૦ આપ-

વાથી તેવણુની ઉદારતાને પરીણામે આ જીમખાનું આજે તઇયાર થયું છે. પણ દલગીરીની વાત છે કે એવણુ આ જીમખાનું હસતીમાં આવેલું જોવાને જીવા પામયા નથી. આ જીમખાણાનો વારસીક ખરચ રૂ૧૫૦૦ નો થશે. એ પછી પ્રમુખ સર જમશેદજીએ જણાવયું કે આ ખાતાની નેમ આપણી કોમનો બાંધો સુધારવાની અને આપણા સંસારી સંબંધોને વધારે મુસતકીમ બનાવવાની છે તેવાં ખાતાં સાથે સંબંધમાં આવતા મને મોટો સંતોશ ઉપજયોચ. એ પછી સર જમશેદજીએ જીમખાનું ખુલ્લું મેલી શેઠ કાવસજી જાલભાઈ શેઠની તરફથી શેઠ ફીરોઝશાહ ચીનાઇને સોનાનું એક ઘડીઆળ અને સાંકળી તથા ડા૦ મેહેલાશાહ બાવરીને સોનાના એક મેડલ ભેટ આપી હોલમાં ટાંગેલી મરહુમ શેઠ જાલભાઈની ઓઇલ પેનટીંગ તસવીર ખુલ્લી મુકી હતી. શેઠ કાવશજી જાલભાઇ શેઠે આ જીમખાના માટે થયલા વધુ ખરચના રૂ૧૨૦૦ આપી રૂ૧૫૦૦ની એક બીલીયડ ટેબલ ભેટ આપવા કબુલ્યું છે. એવીજ એ જીમખાનામાં આદર મહીનાના આદર રોજના પરબનાં દીવસે થયલા જાહેર જશનના ખરચ માટે રૂ૧૫૦ આપયા હતા.

લાહોરની નવી દરેમેહેર-લાહોર ખાતે શેઠ કુપરવાલી એક દરેમેહેર છે પણ ત્યાંના જરથોસતીઓએ પોતપોતામાં એક ફંડ ઉભું કરી એક કામચલાઉ બીજી નવી દરેમેહેર ઉભી કરી છે. એના નીભાવ માટે દર માસે ત્યાના જરથોસ્તીઓ ચોકસ રકમ આપવાને કબુલ થયા છે. આ નવી દરેમેહેર શેઠ કુપરની દરેહમેહેરની પાસે [illegible]આવેલા એક અલાહેદા બંગલા રૂપી ભાડાના મકાનમાં ઉભી કરવામાં આવી છે, અને ત્યાં કીયાકા[illegible]ં આવયાં છે. જયારે એક અલાહેદા ઓરડામાં આતશ દાદગાહ બનાવવામાં આવયું છે. [illegible] મો માહ ૯ માને દીને ખુલ્લું મુકયુ હતું જશનની ક્રીયા દસતુર નશરવાન[illegible]ુર મહેરજીરાણાએ કરી હતી. લાહોર ખાતે થોડોક વખત થયો ત્યાની શેઠ કુપ[illegible]ા જુના પંથકીને ખસડવાથી ત્યાં કેટલીક મતફેરી પડવાથી ઉપર જણાવેલી ન[illegible]ચલાઉ સ્થપાયલી છે.

પુણામાં ખુલી મેલાયલી શેઠ [illegible]ાહાદયા હાસપીટલ-પુના ખાતે સ્કોટલેંડ મીશનના યુનાઇટેડ ફ્રી ચરચની એન. એ[illegible]ડયા ઓસપીટલ ખુલ્લી મુકવાની ક્રીયા મુંબઇના નામદાર ગવરનર સર જયોરજ કલારકે તા૦ ૨૬ મી જુન માને રોજ ૧૮ મો માહા ૧૦ માને દીને કીધી હતી. ડા૦ રટર વીલીયમસને જણાવયું કે શરૂઆતમાં સ્કોટલંડના યુનાઇટેડ ફ્રી ચરચ મીશને પુનામા બુધવાર પેઠની અંદર તા૦ ૫ મી ફેબરવારી ૧૯૦૮ ના દીવસે દવાખાનું ખોલયું હતું. પણ દરદીઓની સંખયા વધવાથી ૬ અઠવાડયામાં મોટું મકાન લેવું પડયું. પાછળથી કામચલાઉ આસપીટલમાં તેન ફેરવી નાખી હતી. નવા મકાન પાછળ કુલસે ખરચ રૂ૧૬૫૦૦૦ નો થયો છે તેમાં સરકારના રૂ૫૦૦૦૦, મરહુમ સખી વજુદ શેઠ એન. એમ. વહાડયાના ત્રસટીઓના રૂ૫૦૦૦૦, જયારે રૂ૬૫૦૦ ઇંગલંડ તરફનો ફાળો છે, અને બીજાં ઘણાં નાનાં ડોનેશનો મલ્યા છે. શેઠ વાહડયા ચેરીટીઝના ત્રસટીઓએ રૂ૫૦ હજાર આપવાથી આસપીટલની સાથે તેવણનું નામ જોડયું છે. ગયા એપ્રેલ મહીનાથી બાહેરનાં દરદીઓનું કામ આ મકાનમાં ચાલુ થયું છે. છેલ્લાં ૪।। વરસમાં ૩૬૧૧૮ બહારના દરદીઓએ લાભ લીધો હતો અને ૮૭૫ દરદીઓને ત્યાં રાખવામાં આવયાં હતાં. ૧૦૭૬ દરદીઓ ઉપર વહાડકાપ કરવામાં આવી હતી. નવી આસપીટલમાં ૭૦ થી ૮૦ દરદીઓનો સમાવેશ થશે. નામદાર ગવરનરે હોસપીટલ ખુલ્લી મુકતાં એક લંબાણ ભાશણ કરયું હતું અને જણાવયું કે હું એન. એમ. વહાડયા આસપીટલ ખુલ્લી મુકાયલી જાહેર કરૂં છું અને આશા રાખું છું કે આ આસપીટલને પુરવ અને પશચીમના સુખી જોડાણની એક યાદગારી તરીકે હંમેશ જોવામાં આવશે. બાદ નામદાર ગવરનરનો આભાર માની મેલાવડો વીસરજન થયો હતો.

ઉડવાડાનું પાક આતશ બહેરામનું શમરાયલું મકાન ફરીથી ખુલ્લું મુકવાની થયલી ક્રીયા-ઉદવાડાના ઇરાનશાહ આતશબેહેરામવાળું મકાન જે મરહુમ સખી વજુદ

બાઇજી સાહેબ મોટલાંબાઇ વાડીયાની સખાવતથી લગભગ અઢાર વરસપર બંધાયલું તેને ફરીથી રીપેર કરાવી તથા એમાં ઘટતો ફેરફાર મરહુમ શેઠ નવરોજી માણેકજી વાહાડયાના ત્રસટી સાહેબોએ કરાવયો હતો. મકાન તઇયાર થવાથી તેને પાક્નવા માટે મોબેદોની ૧૧ જોડ રોજ ૮ મો માહા ૧૧ માથી રોકાઇ હતી અને તેઓએ દીવસ ૪ સુધી ક્રીયા કીધી હતી. રોજ ૧૧ માની રાત્રે ૧૨ વાગે ઇરાનશાહ પાક આતશબેહેરામના પાક આતશના કેબલાને આ આતશબેહરામની પાસે આવેલી સર દીનશાજીની દરેમેહેરમાં જ્યા રીપેર થવા અગાઉ લઇ જવામાં આવયા હતા ત્યાથી લાવી આતશબેહેરામ સાહેબનાં રીપેર થયલા નવા મકાનમાં તખતનશીન કીધા હતા. એ મકાન ખુલ્લું મુકવાની ક્રીયા રોજ ૧૨ મો માહા ૧૧ માને દીને થઇ હતી. જે વખતે સવારના દસ્તુરજી મીનોચેરજીની આગેવાની હેઠળ જશનની ક્રીયા કરવામાં આવી હતી, તેમજ એની આગળે દીવસે યાને રોજ ૧૧ માને દીને સવારે અંજુમન તરફનું જાહેર જશનબી થયું હતું. જશનની ક્રીયામાં ભાગ લેવાને મરહુમ શેઠ નવરોજી માણેકજી વાહાડયાના ત્રસ્ટી સાહેબો તેમજ નામદાર સર જમશેદજી જીજીભાઇ બારોનેટ સાહેબ બી મુંબઇથી ઉડવાડા ખાતે પધારયા હતા. સર જમશેદજી ઉડવાડા ખાતે બારોનેટ થયા પછી પેહલ વેહલા જવાથી જશનની ક્રીયા ખલાસ થવા પછે ઉડવાડાના દસ્તુરજી ખુરશેદજીએ નામદાર સર જમશેદજીને એનાયત કરવાનું માનપત્ર વાંચી સંભલાવયું હતું. એમાં સર જમશેદજીએ તથા ત્રસ્તીઓએ લીધેલી તસ્દી માટે [illegible]ર માની પહેલા સર જમશેદજી જીજીભાઇએ સથાપેલા જુદા જુદા ધરમખાતા વી[illegible] ઉપર થયલા મોટા ફેશાનો માટે આભારની લાગણી દરશાવી જણાવયું હતું [illegible]રોજી માણેકજી વાહાડીયાના તમો એક ત્રસટી છો અને હમારા ગરીબ ગામમાં [illegible]કની હાલનેબરની કેળવણી આપવાનું ખાતુ શેઠ વહાડીયાજીની બહોળી સખા[illegible]ગામમાં સથાપી આપવાની અરજ કરીયે છીએ. તેમજ મરહુમ સર દીનશાજી મા[illegible]રેલી સખાવતો વીશે તથા ઇરાનશાહના મકાનમાં સર જમશેદજી અને બીજા ત્રસટી[illegible]કામ કરાવી તેની સુંદરતામાં વધારો કરાવયો તે માટે માનપત્રમાં આભાર માનવામાં આ[illegible]હતો. પોતાને આપવામાં આવેલા માન માટે નામદાર સર જમશેદજીએ દસ્તુરજીઓનો તથા ઉદવાડા અનજુમનનો ઘટતા શબદોમાં આભાર માનતાં જણાવયું કે આજની મીજલસમાં તમારી એકદીલી જોઇ હું ઘણો ખુશી થયો છું તેમજ તમોએ તમારા ગામ માટે કેળવણી ખાતાં વીશે જે ઇસારો કરયો છે તે વીશે હું મારા ગોઠયા ત્રસટીઓ સાથે વીચાર ચલાવીશ.

થાણા ખાતેના મરહુમ શેઠ શેરીઆરજી કેખશરૂ ઇરાનીના આતશ દાદગાહને મજગામ મધે મરહુમ શેઠ ફરામજી નશરવાનજી પટેલની દરેમેહેરમાં લાવી પરઠાવયા તેનું શુકરગુજારીનું જશન રોજ આસતાદ માહા આદર કદમી દીને સવારે નવ કલાકે મજગામ ખાતેની ઉપલી દરેમેહેરમાં થયું હતું.

ડા૦ કેખશરૂ કેરશાસ્પ દાદાચાનજીનાં વડપણ હેઠળ ચાલતી ગરમી, પીશાબ તથા ચામડીનાં દરદોની હોસ્પીટલ ઉપયોગી કામ બજાવે છે. આ હોસપીટલ હીંદુસતાનમાં એકજ છે કે જેના વડા તબીબ ડા૦ દાદાચાનજીએ એ દરદો માટેનો અભયાસ તથા અનુભવ યુરોપની હોસપીટલોમાંના સ્પેશીયલીસટોના હાથ હેઠળ વરસો વેર રહીને મેળવયો છે. મુંબઇ તથા દેશાવરોના દરદીઓ ડા૦ દાદાચાનજીની સારવારનો લાભ મેળવી સાજા થયા છે. એવોમાં કેટલાંક ગુરદા, મીઠી પીશાબ, ખરપસા, વીગેરેથી ત્રીસ વરસથી વધુ મુદતથી પીડાતા હતા. આ ખાતું ગ્રાંટરોડથી ખાલી કરીને ક્રાફરડ મારકેટની સામે ખસેડવામાં આવયું છે.

ખેતાબો.

આ વરશે પારસીઓને મલેલા ખેતાબના બાબમાં શારૂં ખુશી થવાજોગ પરીનામ નીપજાવે માલમ પડેછે. નામદાર શેહેનશાહા પાંચેમાં જોરજની તાજપોશીની ક્રીયા હીંદમાં દીલ્લીખા કરવામાં આવી તે વેલાએ લોકોને મલેલા ખેતાબોમાં ત્રણ તો પારસી "સર નાઇટ" વધ્યા છે તેમાં આપણી હાઈ કોરટના એક ઝલકતા જડજ અને માનવંત ન્યાયાધીશ શેઠ દીનશા ધનજીભાઇ દાવર "સર નાઈટ"નો માનવંતો ખેતાબ મેલવવાને ઘણા લાયક ગણાયા છે, કારણકે તેઓ સાહેબ જયારથી હાઇ કોરટનાં ન્યાયાસને બીરાજયા છે ત્યારથી તેઓ ઘણા દુરઅંદેશ અને વાજબ ઈનશાફ કરનારા જણાયા છે. ઈનશાફની બારીકી અને ફેંસલાઓની બાહોશી થોડી નથી જણાઇ તેમાં અગત કરીને પારસી કોમને લગતા એક બે મુકદમા તેઓના અમલમાં એવા આવી ગયા હત કે તેની વખતે એવા નામદાર અને બુધી અમલદારને નેમાયલા જોઇને પારસી કોમ ઘણી હરખમ થઈ લાગી હતી. તેમાં જેવા કે જુદદીન કેશની વખતે તથા બાજ રોજગારના ફંડાના મુકદમ વખતે એમના ઈનસાફનું સમતોલપણું પુર બહારમાં ખીલી નીકલ્યું હતું. તેજ મુજબ બીજા બધ ઈનસાફ વખણાયા હતા. એવા નાદર ઈનસાફની સાથે તેમની દેશસેવા અને પ્રજાસ્તુતી પણ જેવ તેવી નહીં હતી. તેવા એક લાયક નર તો જાણે અત્યાર આગાઉના સર નાઇટ થવા જોઇતા હતા. પણ આ તાજપોશી ટાંકણે પણ એવાં માનને [illegible] ગણાતામાં ઘણ વાજબીજ થયું છે.

બીજા સર નાઇટ આપણા એ [illegible] ગ્રેહસ્થ, મોટા નાણાંવટી અને નામીચા વેપાર તથા દલાલ, સખાવતે બહાદુર શેઠ શા [illegible] થવા પામયા છે. જેઓ સર શાપુરજીની જાહેર કારકીરદીથી જરાબી જાણ [illegible] ક અચાનક કબુલયા વીના રેહશે નહીં કે સર શાપુરજી કાંઈ સર નાઈટના માનવં [illegible] ટ ઓછા લાયક નર નથી ગણાતા અને તેવ મોટી કલાલાના અકર્ષોનાં નામોથી [illegible] વીને લાયક ચુંટણી કરેલી ગણાઇ છે.

ત્રીજા સર નાઇટ નાગપોરના [illegible] સી શેઠેરી છે. તેઓ ઘણું કરીને ત્યાંનાજ રહીશ હોવાથી જેટકે મુંબઈમાં ઝાઝા જણાયલા નથી, પણ તેઓની કારકીરદી અને સર નાઇટના ખેતાબ મેલવવાની પુરતી લાયકાત વગર તેઓ એવું માન મેલવવા પામે એવું આપણા ધારવામાં આવતુ નથી. એઓનું નામ ખાનબહાદુર બેજનજી દાદાબાઈ મેહતા છે. જેઓ નાગપોર તરફનાજ રહીશ છે એવો નાગપુરની મેસરસ તાતા એન્ડ સન્સવાળી સેનટ્રલ ઇનડીયા એમપ્રેસ મીલના મુખ્ય મેનેજર છે. તેવો પોતાના વખત પ્રમાણે પચાસ વરસની વાતપર એલફીન્સતન ઇનસ્તીતયુતમ કેળવણી મેલવીને આગલ વધેયા હતા. તેવણ સ્થાનીક ચોપાનયાંમાં જાહેર લખાણો પણ કરતા હતા સર બેજનજીએ નાગપોરમાં મરકી તથા દુકાળ વેળા ગરીબોનાં સંકટ નીવારણ માટે ભારે મેહેનત લીધી હતી. તેવણ નાગપોરની પારસી અંજુમનના સરનશીન છે, તયાની સગડી શેઠ બેહેરામજી પેસતનજી કંત્રાકટરને ખરચે ૧૯૧૦ ના સાલમાં ખુલ્લી મેલાઈ તે માટે સર બેજનજીએ શેઠ બેહેરામજીનો આભાર અંજુમન તરફથી માનયો હતો. વળી નાગપોર ખાતે શેઠો બીલીમોરીયા ભાઇઓએ ય૦ જ૦ સાલ ૧૨૭૫ માં બંધાવેલી ધરમશાળા ખુલ્લી મેલવાની ક્રીયા સર બેજનજીને હાથે એક મોટા મેળાવડા સનમુખ થઇ હતી. તેવણને ૧૮૯૭ ના સાલમાં નામદાર સરકારે ખાન બહાદુરનો ખેતાબ આપયો હતો. તયાર પછી હાલ તેમને નાઇટહુડનો ચહડતો ખેતાબ મળયો છે તેથ લોકોમાં બેહદ ખુશાલી ઉપજી છે.

હેદરાબાદવાલા નવાબ ફરીદુનજંગ બહાદુરને સી. એસ. આઇ. યાને કમપેનીઅન ઓફ ધ સ્ટાર ઓફ ઇંડયાનો અને કલકતાની વડી ધારા સભાના મેમબર આ૦ મી૦ માણેકશા બેરામજી દાદાભાઇ રેજીસ્ત્રારને તથા લફટેનન્ટ કરનલ એદલજી પાલનજી ફ્રેન્ચમેનને અને પુણાવાલા સરદાર નવરોજી પદમજીને સી. આઈ. ઇ. યાને કમપેનીઅન ઓફ ધી ઇંડયન એમપાયરનો ખેતાબ મલ્યો છે

એડનના જાણીતા અને માનીતા વેપારી શેઠ હોરમજી કાવસજી એડનવાલાને એક નવી જાતનો ખેતાબ બક્ષયો છે, જેને તેઓ સાહેબ પોતાની લાયકાતથી તદન લાયક છે. એ ખેતાબ 'એમ વી. ઓ." યાને "મેમબર ઓફ ધી રોયલ વીકટોરીઅન ઓરડર"ને નામે ઓલખાય છે, અને તે ઘણું કરીને પારસીઓમાં પેહલવેહલોજ અપાયલો આપણી ગમ ગણાય છે. તા૦ ૫મી ફેબરવારીએ એડનના પોલીટીકલ એજંટ મેજર જનરલ સર જેમસ એ. બેલે એડનના [illegible] રેશીડનસી મા એક દરબાર ભરી શેઠ હોરમજીને મલેલા ખેતાબની નવાજેસ કરવાની કીરયા કરી હતી શેઠ હોરમજીને મલેલાં આ મોટા માન માટે ચોમેરથી મુબારકબાદીઓ અને માનપત્રો આપવામાં આવયા હતાં, તેમા મુંબઇની જરથોસતી કોમના લાભ સાચવનારી મંડળીની ગયા ફેબરવારી માસમાં મલેલી સભામાં એવણને મુબારકબાદી આપવાનો ઠરાવ કીધો હતો. લાનોલી તથા ખં[illegible]ના જરથોસતીઓની એક સભા શેઠ એડનવાળાવાલી લાનોલીની દરેહમેહરમાં તા૦ ૧૧ મી ફેબરવારીએ મલી હતી તેમાં થયલા ઠરાવ મુજબ શેઠ હોરમજીને મુબારકબાદીનું માનપત્ર આપવાને લાનોલીથી એક ડેપયુટેશન તા૦ ૧૫ મી મારચે મુંબઇના શેઠ એડનવાળાના બંગલામાં આવયું હતું. શેઠ હોરમજી એડન ખાતે હોવાથી શેઠો કેકોબાદ તથા શાવકશાહ કાવશજી એડનવાલા અને કુટંબીઓએ ડેપયુટેશનના ગ્રહસથોને આવકાર આપયા પછી માનપત્ર શેઠ હોરમજી ઉપર મોકલી આપવા જણાવયું હતું. એડનની ગોઆનીઝ કોમ તરફથી તા૦ ૨ જી જુને એક મેલાવડા કરી સુંદર રૂપાનું ફલાવર પોટ સાથે એક માનપત્ર એનાયત કીધું હતું. [illegible] રવે કોમના રહીશો તરફથી તા૦ ૩ જી જુને યાને નામદાર શેહનશાહ જયોરજની મ[illegible] દીવસે મેરવાન બંગલામાં જુદા જુદા મુબારક બાદીના માનપત્રો આપવાનો [illegible] આવયો હતો. તે વેલાએ નીચલાં માનપત્રો એનાયત કરવામાં આવયાં હતાં. [illegible] ની દેશી કોમનું માનપત્રનો જવાબ આપતાં જણાવયું કે તમો બધાઓ એકદીલી [illegible] રી તરફ બતાવતા રહેછો. તે બેનઇને મને ઘણી ઉલટ છુટેછે. દરેક કોમની ફરજ બજાવ[illegible] મારી તરફ પુરતું માન બતાવે છે તેજ મુજબ મારા ફરજંદો અને ભાઇઓ આજના દ[illegible]ઠ રાખી તેજ પગલે ચાલશે. આજની ખુશાલીના પ્રસંગે મારી તરફથી રૂ૧૦૦૦૦ ગુજરાતી સ્કુલના છોકરાઓની કેલવણી સારૂ આપવાનું જાહેર કરછુ અને વેલાતની સફરેથી પાછા ફરયા બાદ રેસીડંટ સાહેબ સાથ નકી કરી સ્કુલ બાંધવાની જગયાની માંગણી કરીશ. આ સખાવત જાહેર થતાંજ મેલાવડામાં અત્યંત ખુશાલી ફેલાઇ હતી. બીજું માનપત્ર શેઠ કાવશજી દીનશાહના સ્ટાફ તરફથી રૂપેરી નલામાં મુકી તેની સાથે કાશમીરી બનાવટનું એક ચાંદીનું ફલાવર વાઝ ભેટ આપયું હતું. ત્રીજું માનપત્ર શેઠ હોરમજીના બેશી શેઠ કુવરજી અરસકીન તરફથી ચાંદીનાં ટી સેટ સાથે એનાયત કીધું હતું. ચોથું માનપત્ર હોદેડા બંદરના દેશી વેપારીઓ તરફથી એનાયત થયું હતું. ઉપલા ચાર માનપત્રો વચાંયા પછી વખત નહી હોવાથી અંગ્રેજી તથા આરબીક માનપત્રો વાચયા વગર એનાયત કીધાં હતાં. એ ઉપરાંત શેઠ હોરમજીને શયાલ, પાઘડી, અને બીજી પેહેરામણીઓ ત્રણ ચાર જણાઓ તરફથી થઇ હતી. રાતે જરથોસતીઓ તરફથી એક ખાણાનો મેલાવડો થયો હતો. જયાં શેઠ હોરમજીની લેવાયલી સલામતીનો જવાબ આપતાં આ બનાવની ખુશાલીમાં અંજુમનનાં ફંડમાં રૂ૫૦૦૦ આપવાની કબુલાત આપી હતી. એ પછી ગુજરાતી નાટક કંપનીએ કરેલા ખેલની મોજ ચાખી મેલાવડો મોડી રાતે વીસરજન થયો હતો. શેઠ હોરમજી તથા ધણીયાણી બાઇ માણેકબાઇ તા૦ ૬ ઠી જુને મેલ સ્ટીમર મારફતે વેલાત તરફ ઉપડી ગયાં હતાં. એ વખતે સફર સફળ ઇછવા ઘણા ગ્રહસ્થો હાજર થયા હતા.

દખણના દસ્તુરજી સરદાર કેકોબાદ આદરબાદને "સમશુલ ઓલમા" બનાવયા છે.

ખાનબહાદુર તરીકે અરધો ડજન પારસી વધયા છે, અને તેટલાજ ખાનસાહેબો થયા છે. એક કરાંચીના પારસી શેઠયાને સોનાનો ચાંદ, અને રૂપાનો ચાંદ મેલવનારા બેએક ડજનથી વધુ

પારસી ગણાયા છે. તેમ બ્રાન્ઝ ચાંદ પણ કેટલાકોને મલયો છે, તથા સરટીફીકેટ ઓફ મેરીટ પણ મલી છે. એ બધાંની લંબાંણ વીગત અને તેમનાં નામ નીશાનો આ કાલેંડરમાં આગલ જતાં નામદાર શેહેનશાહની તાજપોશીની જે એક જુદીજ બીના શફે ૧૪૫ થી શફે ૧૫૦ શુધી છપાયલી છે તેમાં વાંચનારાઓનાં જોવામાં આવશે. પાછલથી કોરોનેશન ચાંદ મલેલાઓમાં:–શેઠો દાદીબા સતારાવાલા એકઝીક્યુટીવ ઈજનેર, હોરમજી ફરામજી ઉડવારીઆ, એદલજી બમનજી તાતા, ધનજીશા બમનજી કુપર, ફ્રુવરજી દારાશા, નરીમાન એચ. ડાકટર, અબકારી ઇનશપેકટરો, ભરૂચવાળા ખા૦ બા૦ આદરજી મનચેરજી દલાલ તથા શોરાબશા હોરમજી મ્યુનીશીપલ પ્રેસીડંટ, જમશેદજી નશરવાનજી ઉનવાળા, અંકલેશરવાળા, ફરદુનશા પેશતનજી બરૂ, ગોધરાવાળા અબકારી કંટરાકટર મેરવાનજી હીરજીભાઇ કોહાવાલા, રૂશતમ આર. દલાલ, મુંબઈવાલા ફીરોજ સી. શેઠના, કાવશજી જાહાંગીર, ડા૦ શોરાબ કાવશજી હોરમજી, માણેકજી હોરમજી નીકલશન, સુરતની શમાલકાજ કોરટના જડજ જાહાંગીર એદલજી મોદી, શબજડજ બેરામજી નવરોજી શંગાણા, રેલવે ઇનસપેકટર રતનજી રૂશતમજી મીરજાં, શાપુરજી દીનશા વરીઆવા, દારાબશાહ ન. મારકર, ડોસાભાઈ ફ. પંથકી, તેહમુરસપ પે. દાવર, ગુસ્તાસ્પ ન. ગઝદર, એદલજી ફ. ખંબાતા, શીમલાવાલા શેઠ દીનશાહ એમ. ફરામજી, પુણાવાળા શેઠ મેરવાનજી એદલજી દારૂવાળા તથા પેસતનજી બેમનજી, નાગપુરવાળા બેહરામજી પેસતનજી અને રૂશતમજી ફરદુનજી આલમશા વીગેરે છે.

નામદાર શેહેનશાહ જયોરજ પાં[illegible] ૮૮ માં વરસની સાલ ગ્રહોનામુબારક દીવસ હીંદુસ્તાનમાં તા૦ ૩ જી જુને પાલવામાં આ[illegible] ને ઇંગલાંડમાં તો તા૦ ૧૪ મી જુને પાલવામાં આવયો હતો તે દીને ખેતાબોનું [illegible] ામાં આવયું હતું, તેમાં પારસીઓમાં ખાનબહાદુરનો ખેતાબ ડીસાવાળા શે[illegible] ાઈ, મુંબઈના પબલીક વરકસ ડીપારટમેંટવાળા શેઠ ગુસ્તાદજી ધનજીશાહ કા[illegible] ાળા શેઠ અરદેશર ડોસાભાઈ મારકરને અને ખાનસાહેબનો ખેતાબ મુંબઈના [illegible] રીગેશન ખાતાનાં ઇનસપેકટર શેઠ કાવસજી જમશેદજી પેટીગરા, કરાંચીની જેલના [illegible] ટ શેઠ કેખશરૂ મંચેરજી કલબવાળા અને દીલ્હીના પોસ્ટ માસ્તર શેઠ નશરવાનજી મેહેરવાનજી કામા. તથા ઇમપીરીયલ સરવીસ ઓરડર 'બી' ના ખેતાબની નવાજેશ મુંબઈના ડેપયુટી એકાઉનટંટ જનરલ શેઠ ગોદરેજ દોરાબજી પદમજી ઉપર થઈ છે.

પુણાના જાંણીતા માનવંત દસતુરજી અને બીરારના માજી કમીશનર દસતુર બેહેરામજી જામાસપજી સી. આઈ. ઇ. ને નામદાર મુંબઈ સરકારે દખણના પહેલા વરગના સરદારનો ખેતાબ એનાયત કરયો છે.

શેઠ મેરવાનજી પેસતનજીને જામનગરના માહારાજા જામસાંગની વરસગાંઠના ખુશાલીમાં ફરસટ કલાસ ઓરડર આફ મેરીટનો ખેતાબ એનાયત કરવામાં આવયો હતો.

ઓધા—નેમણુક—વગેરે.

આ વરસમાં નીચે મુજબ પારસીઓની જુદી જુદી નેમણુકો થઇ છે:–શેઠ શાપુરજી બમનજી બીલીમોરીયા મુંબઈ બેંકના ઓડીટર.–સર દીનશાહ માણેકજી પીટીટ મુંબઈની મીલ ઓનરસ એસોસીએશનના પ્રમુખ.–બાઈ ધનબાઈ પી. મેહતા વડોદરાનાં અમરેલી પ્રાંતના એસીસ્ટંટ લેડી ઇનસપેકટર.—શેઠ જામાસપજી રૂશતમજી એશબરનર મુંબઈની પેપર કરંસી આફીસના ત્રેઝરર.–શેઠ કાવશજી દાદાભાઈ ફરદુનજી ફ્રીમેસનોની હોલ કમીટીના જોઈંટ સેકરેટરી.–શેઠ નવરોજી હોરમજી કુપર મુંબઈમાં જાનવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારી મંડળી અને બાઈ સાકરબાઈ દી. પીટીટવાળી જાનવરો હોસપીટલના સેકરેટરી તથા ત્રેઝરર.–શેઠ નવરોજી જાહાંગીર ગામડયા મુંબઈના પોરટ ટ્રસ્ટનાં ટ્રસટી.–શેઠ સોરાબજી કાવશજી દીનશાહ એડનના પોરટ ટ્રસટના ટ્રસટી.—શેઠ પેસતનજી બમનજી મેહતા એડનની સરકારી ટ્રેઝરીના ટ્રેઝરર તથા હેડ એકાઉનટંટ.–શેઠ જાહાંગીર હોરમજી કોઠારી કરાંચી પારસી ઇનસટીટયુટના પ્રેસીડંટ.—શેઠ ટેમુલજી રતનજી કોથાવાલા

વડોદરાના જાહેર બગીચાઓનાં સુપ્રીનટેનડંટ.–શેઠ રૂશતમજી રતનજી કોઠાવાળા કડી પ્રાંતના સુબા.—શેઠ મેરવાનજી રતનશા પારેખ પશચીમ ખાનદેશના ડેપયુટી પોલીસ સુપ્રીનટેનડંટ .—શેઠ જમશેદજી રૂશતમજી જાવરાની સટેટ કાઉનસીલના ચીફ સેકરેટરી અને વાઇસ પ્રેસીડંટ.—શેઠ ગુસતાદજી ધનજીશા કાપડીઆ સરકારના જાહેર બાંધકામ ખાતાનાં મદદનીશ સેકરેટરી.–બાઈ જરબાઇ એસ. શેઠના વડોદરા ફીમેલ ત્રેનીંગ કોલેજના હેડ મીસ્ત્રેસ.–શેઠ એન. એચ. મોદી હોંગકોંગ યુનીવરસીતી કાઉનસીલના સભાસદ.—શેઠ મેરવાનજી જમશેદજી ગજ્જર બંદર આબાસના બ્રીટીશ કોનસલ ખાતાંના વડા કલારક.–શેઠ આર. ડી. દીનશાહ એડનનાં કામચલાઉ પોરટુગીસ કાનસલ.–શેઠ નશરવાનજી બેજનજી ડમરી કાઠયાવાડના ડેપ્યુટી આસીસટંટ પોલીટીકલ એજંટ.–શેઠ જમશેદજી નવરોજી નગરવાલા સધરન ડીવીઝનના કમીશનરના એસીસટંટ.—શેઠ જે. કે. એન. કાબરાજી જાઠ સ્ટેટ અને દફલાપુર એસટેટના પોલીટીકલ એજન્ટ અને બીજાપુરના કલેકટર.—શેઠ ફીરોઝ-શાહ રતનજી કાપડીઆ સતારાના ડીસ્ત્રીકટ ડેપયુટી કલેકટર.—શેઠ કે. આર. બમનજી પશચીમ ખાનદેશનના કલેકટર.—શેઠ જમશેદજી બેજનજી વાછા મુંબઇનાં કામચલાઉ ઇનકમટેક્ષ કલેકટર.–શેઠ ટેમુરસ નવરોજી સંજાણા સુરતની સમાલકાઝ કોરટના જડજ.–શેઠ સોરાબજી ફરામજી બીલી-મોરીયા મુંબઇની સમાલકોઝ કોરટના ચોથા જડજ.—શેઠ ધનજીશાહ ડોશાભાઈ કુપર અમદાવાદ સુરત અને ભરૂચ ડીસ્ત્રીકટના ઇનસપેકટીંગ જડજ.—શેઠ કાવશાહ ખરશેદજી સુનાવાળા મહાદના સબ જડજ.—શેઠ દીનશાહ માણેકજી મેહતા [illegible] નેરના સબ જડજ.—શેઠ જહાંગીર એદલજી સંજાણા ઓરીએનટલ ત્રાનસલેતર.–ન[illegible] ફ ધી પીસ તરેકે ખા. બા. જ. રૂ. દેશાઈ, ડા૦ નાદીરશાહ હોરમસજી એ. સુ[illegible] મનચેરજી ચીચગર: એ ઉપરાંત આગલી ટીપમાં શેઠ દાદાભાઇ મેરવાનજી દે[illegible] સજી મેરવાનજી શેઠનાં નામો હતા તે આ બંને સુધારીને નીચે મુજબ દાખલ ક[illegible] દાભા મેરવાનજી દલાલ અને શેઠ કાવસજી જાલભાઈ શેઠ.–શેઠ દીનશાહ કાવશજી ફ[illegible] જસટીસ ઓફ ધી પીસ.–મુંબઇની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ ત[illegible] અરદેશર અને શેઠ હોરમજી દોરાબજી પદમજી, સુરતના ડા૦ દીનશા જીવાજી એદલબેહરામ [illegible] શેઠ પીરોશાહ રૂશતમજી વખારીઆ, કરાંચીના ખા. બા. નશરવાનજી રૂસતમજી મેહેતા, શેઠ બરજોરજી કાવશજી દુબાશ, શેઠ જમશેદજી શાપુરજી સોપારીવાળા, શેઠ ખરશેદજી બમનજી શેઠના. શેઠ અરદેશર ફરામજી કલ્યાણીવાળા, શેઠ સોરાબજી કુંવરજી પસ-તાકીઆ, શેઠ નશરવાનજી ખરશેદજી મજાયના, શેઠ સોરાબજી મનચેરજી બીલીમોરીયા, શેઠ કાવસજી હોરમસજી કાતરક, શેઠ એરચશાહ નાનાભાઇ ખરેગાટ, શેઠ માણેકજી ખરશેદજી માદન, શેઠ હોરમસજી માણેકજી ખાજુરીના અને શેઠ પેસતનજી રૂસતમજી મેહેતા.—ડા૦ પદમ અરદેશર દસતુર વાંસદાના મેડીકલ ઓફીસર.—હીંદી મેડીકલ સરવીસવાલા લફટનંટ માણેક ધનજીશાહ વહાડયા તથા લફટનંટ સોરાબ શાપુરજી વજીફદારને કેપટનની પદવીએ ચઢાવ્યા.—ડા૦ ધનજીશા હોરમજી મેહતા વડોદરાની ડફરીન હાસપીટાલના ચીફ મેડીકલ ઓફીસર.–ડા૦ ખરશેદજી બેરામજી ભાવનગરના તથા એ રાજયને લગતી રેલવેના ચીફ મેડીકલ ઓફીસર.–ખા૦ બા૦ ફરામરોજ અરદે-શર મુસ થાણાના સીવીલ સરજનને નવાપાડાની નરોતમદાસ લ્યુનેટીક આસલયમના સુપ્રીનટેનડંટ.–ડા૦ આવાંબાઇ માણેકજી મેહતા કામા હાસપીટાલના બીજા ફીઝીશીયન, ડા૦ ધનબાઇ નાનાભાઈ ખરેગાટ કરાંચીના લેડી ડફરીન હાસપીટાલના તબીબ.–ડા૦ નાદીર હોરમઝશાહ ગાંધી લંડનની સટોક ઓન ત્રેન્ટ ડીસ્ત્રીકટના મેડીકલ ઓફીસર. પબલીક વેકસીનેટર અને તનદુરસ્તી ખાતાંના મેડીકલ ઓફીસર.–ડા૦ માણેકબાઇ નશરવાનજી અરદેશર ટંકારીયા અમદાવાદની સ્ત્રી છોકરાઓની હાસપીટલના ડાકટર.–ડા૦ પીરોજબાઈ સોરાબજી કેપટન સુરતની મોરાભાઇ વીજભુખણદાસની હાસપીટલના તબીબ.–ડા૦ દોરાબશાહ એદલજી કોઠાવાળા ભરૂચના સીવીલ સરજયન.–શેઠ માણેકશા હોરમજી માણેકજી દાદાચાનજી વેલાયતની ઇનસટીટયુટ ઓફ કોમરસના ફેલો.—ડા૦ બેહરામ એસ.

હોરમસજી લંડનની રોયલ ઈનસટીટયુટ ઓફ પબલીક હેલથના ફેલો.—ડા૦ સોરાબ હોરમજી બોઇસ લંડન રોયલ ઇનસટીટયુશન ઓફ પબલીક હેલથના ફેલો.—શેઠ અરદેશર કાવસજી પટેલ વીલાયતની ઈનસટીટયુટ ઓફ મીકેનીકલ એનજીનીઅરીંગના મેમબર.—ડા૦ દીનશાહ પેસતનજી ઘડીઆળી ન્યુયોરકની કોલેજ ઓફ એનજીનીઅરીંગમાં સાયનસ એંડ ઓટો મોબીલ ઈનસ્ટ્રક્શનના ચીફ ઈનસ્ટ્રકટર તથા એકઝામીનર.—શેઠ વીકાજી ફરદુનજી તારાપોરવાળા બેરીસટર સરકારી લૉ સ્કુલના પ્રોફેસર.—ખા૦ બા૦ ફરદુનજી મનચેરજી દસ્તુર મુંબઇ યુનીવરસીટીના રેજીસ્ટ્રાર અને ખા૦ બા૦ જમશેદજી અરદશર દલાલ યુનીવરસીટીની બોરડ ઓફ એકાઉનટસના મેમબર અને આરટસના સીનડીક તરીકે શેઠ હોરમજી જાહાંગીર ભાભા, અને તબીબી ફેકલટીના સીનડીક તરીકે ડા૦ બીખાજી એદલજી ઘાસવાળા.—શેઠો દાદાભાઈ નશરવાનજી વર્ધીયા અને શેઠ ડોશાભાઈ સીમજીભાઇ મેંગુસા બીલીમોરાની જરથોસ્તી અંજુમનના ટ્રસટી.—શેઠો રૂસતમજી ટેમુલજી પટેલ, સોરાબજી મેહરજીભાઇ બીલીમોરીઆ અને મેરવાનજી હોરમસજી હકીમ, નીલગીરીની જરથોસ્તી અંજુમનના ટ્રસ્ટી તથા જોઇંટ સેક્રેટરી તરીકે શેઠ જમશેદજી અરદેશર ઉમરીગર.—શેઠ જમશેદજી સોરાબજી ડી. ફરામરોજ દેવલાલીની જરથોસતી અંજુમનના સેક્રેટરી.—એરવદ માણેકજી ખરશેદજી માદન કરાંચીની ગાડીખાતાના દરેહમેહરના સેક્રેટરી.—ઓનરેબલ શેઠ માણેકશાહ બેહેરામજી દાદાભાઈ કલકતા ખાતે મલેલી ઉદયોગ હુનરની કોનફરંસના પ્રમુખ.—સરદાર નવરોજી પદમજી પુણાની, શેઠ અરદેશર માણેકજી દેડીઆળા કુરલની શેઠ જાહાંગીર કે. આર. કામા વરસાની અને શેઠ બરજોરજી કુવરજી અવાસીયા નવસારીની મ્યુનીસીપાલીટીના પ્રમુખ.—શેઠ અરદેશર ફરદુનજી દલાલ સુરતની ડીસ્ત્રીકટ લોકલ બોરડના વાઇસ પ્રેસીડંટ.—શેઠ અરદેશર બરજોરજી સો[illegible] મદાવાદના એકઝીકયુટીવ એનજીનીયર.—શેઠ ફરામરોજ રૂસતમજી ઉનવાળા બેડા તથા પં[illegible] [illegible]ક્યુટીવ એનજીનીયર.—શેઠ ફરામરોજ રૂસતમજી માદન મદરાસ ઈલાકામાં ઈમપીરી[illegible] [illegible]માં એસીસટંટ કનઝરવેટર.—શેઠ મેરવાનજી રતનશાહ પારેખ અહમદનગર[illegible] [illegible] સુપ્રીનટેનડંટ.—શેઠ નશરવાનજી રૂસતમજી વાછા અમદાવાદની સેંટ્રલ જુ[illegible] [illegible]ટ.—શેઠ બેરામજી એદલજી વાચ્છા જલગામના પોસટલ સુપ્રીનટેનડંટ.—શેઠ કે[illegible] [illegible]લખવાળા મુંબઇ ઈલાકાની જેલોના ઈનસપેકટર જનરલના પરસનલ આસીસટંટ.—[illegible] [illegible]રોજી અંબાલા કાશમીરના મહારાજાના રીસેપસન ડીપારટમેંટના સુપ્રીનટેનડંટ.—શેઠ એન. [illegible] [illegible]ની દીલ્હીના પોસટ માસટર.—શેઠ પાલનજી દાદાભાઈ ચવના ઈંગલંડની મીકેનીકલ એનજીનેરોના ઈનસટીટયુશનના એસોસીએટ મેમબર.—શેઠ ધનજીભાઇ ટેમુલજી ડી. એનજીનીયર ઈંગલંડની રોયલ સોસાયટી ફોર ધી એનકરેજમેંટ ઓફ આરટસ, એંડ કોમરસના મેમબર.—શેઠ કાવસજી ઉકરજી વકીલ પરશીયન સટીમ નેવીગેશન કંપનીની સટીમર 'મહમદી'ના કેપટન નીમાયા છે. એવણે લંડનની શીપ માસતરની પરીક્ષા પસાર કરી દુન્યાના કોઈબી ભાગમાં કેપટન તરીકે સ્ટીમર ચલાવવાની સરટીફીકેટ મેલવી છે અને એવણ તા૦ ૨૭ આગસટ મુંબઇથી ઉપડેલી મહમદીના કેપટન તરીકે સફરે ગયા છે.—જામનગરના નામદાર મહારાજા જામસાહેબ વેલાતની સફરે જવાથી રાજયના સઘલો કારોબાર દીવાન શેઠ મેરવાનજીને સોંપવામાં આવયો હતો.

કેળવણી-પરીક્ષા-સ્કોલરશીપો વગેરે.

લંડન યુનીવરસીટીની એમ. ડી. ની પરીક્ષામાં ડાકટર મીસ ડોસીબાઈ રૂસતમજી કાવસજી પટેલ અને ડા૦ અરદેશર કોયાજી કંટ્રાકટર; અને ડા૦ અરદેશરે લંડનની ટ્રોપીકલ મેડીસીનની યાને ડી. ટી. એમ. ની પરીક્ષા પસાર કીધી હતી.—લંડનની આઈ. એમ. એસ. યાને ઇનડીયન મેડીકલ સરવીસની પરીક્ષામાં ડા૦ જામાસજી ખરશેદજી દારૂવાલા, ડા૦ હીરાજી જાહાંગીરજી માણેકજી ખરશેદજી અને ડા૦ સોરાબ ઘનજીભાઈ રતનાગર.—ઓક્ષફરડ યુનીવરસીટીની ડી. ઓ. યાને ડાકટર ઓફ ઓપથેલમીકસની પરીક્ષામાં ગીરગામ ખાતેની આંખની આસપીટલના તબીબ ડા૦ જમશેદ એન. ડગન.—લંડનની લાયસનશીયેટ ઓફ ડેનટલ સરજરી યાને એલ. ડી. એસ. ની તબીબી દંતવીદ્યાની પરીક્ષામાં મી૦ જાલ ફરામજી જીવણજી પટેલ.—કેમબ્રીજ યુનીવરસીટી તરફથી લેવાયલી પરીક્ષામાં પુરવ તરફના દેશોની ભાષામાં મી૦ એરચ જે. સોરાબજી.—ઓક્ષફરડ

યુનીવરસીટીની ઇકોનોમીકસ અને પોલીટીકલ સાયનસનાં ડીપલોમાની પરીક્ષામાં મી૦ એ. આર. વાડીયા.—ઓક્ષફરડની ડીગ્રીના ત્રાઇપોઝની પરીક્ષામાં મી૦ સયાવક્ષ ધનજીશાહ જીવાજી ચોડી.—ઇંગલંની એનજીનીયરીંગની સેવટની બી. એસ. સી. ની પરીક્ષામાં કલકતાવાળા મરહુમ શેઠ દીનશાહ બી૦ બામજીના નબીરા મી૦ સોરાબ.—લંડનની રોયલ ઇનસટીટયુટ ઓફ બ્રીટીશ આરકીટેકસની એસોસીએટશીપની પરીક્ષામાં મી૦ સોરાબ કેખશરૂ બેદવાર.—લંડનની ઇનકોરપોરેટેડ એકાઉનટંટની સોસાયટીની પરીક્ષામાં મી૦ એ. એસ. માદન.—મુંબઈ યુનીવરસીટીની બેચેલર ઓફ હાઇજીનની પરીક્ષામાં ડા૦ હીરજી દોરાબજી ગીમી અને ડા૦ દોરાબજી અરદેશર કંત્રાકટર.—મુંબઈની એમ. ડી. ની પરીક્ષામાં મી૦ શાપુરજી અરદેશર બેંકર.—મુંબઈની એમ. બી. બી. એસ. ની પરીક્ષામાં મેશરસ ફરામજી ડોશાભાઇ બાના, નરીમાન જમશેદજી ગાયેના, ફરામરોઝ રૂસતમજી હકીમ, નરીમાન શાપુરજી જોશી, મીનોચેર રતનજી પારેખ, રૂસતમજી ખરશેદજી થાણાવાળા, નરીમાન નવરોજ કુપર અને કાવશજી ખરશેદજી મહેતા.—એલ. એમ. એંડ એસ. ની યાને ડાકટરોમાં બાઈઓ ધનબાઈ નાનાભાઈ ખરેઘાટ, અને બનુબાઇ શાવકશાહ, મેશરસ શાવકશાહ સોરાબજી બેંકર, પીરોઝશાહ બાપુજી ચીનાઈ, ખરશેદ કાવસજી પટેલ, હોસંગ ધનજીશાહ દસ્તુર, સોરાબજી ફરદુનજી બીસની, કેકોબાદ રૂસતમજી પાવરી, દાદાભાઇ નવરોજી કલયાણીવાળા, શેહેરીયાર સોરાબજી દારૂવાળા, અરદેશર એરચશાહ ડાકટર, નવલ જહાંગીર ડાકટર, બમનજી ફરામજી હેમાવાળા, નશરવાનજી ફકીરજી મોગરેલીઆ, જમશેદજી બરજોરજી પટેલ, જહાંગીર રતનજી વહાડયા નશરવાનજી ફરામજી માસતર અને પીરોજશા દીનશાહ મેતીવાળા.—બીજી એલ. એમ. એંડ એસ. ની પરીક્ષામાં પસાર થયલા મી૦ [illegible] રામજી ભરૂચ એ શેઠ નશરવાનજી જહાંગીરજી વાડીઆ સકોલરશીપ મેળવી હતી.—[illegible] એસોસીએશનની એલીમેનટરી સેનીટરીની પરીક્ષામાં મેશરશ અરદાવીરાફ દી[illegible] અને ટેમુરશ દીનશાહ એદલબેહરામ.—એલ. એલ. એમ. યાને માસતર [illegible] ક્ષામાં મી૦ પેસતનજી લીમજી પારખ.—એલ એલ. બી ની પરીક્ષામાં મેશરશ [illegible] નજી આદરીયાનવાળા, રૂસતમજી અરદેશર બનાજી, પીરોઝ મેરવાનજી દાદાચાનજી, [illegible] બરજોરજી જસાવાળા, પીરોઝ ધનજીશાહ કેશાવાળા, દોરાબજી પેસતનજી મુનશી, [illegible] કેખશરૂ મુનશી, બરજોર કેખશરૂ નીકલસન, ફરેદુન સોરાબજી પટેલ, નાદીરશા ખુરશેદજી [illegible] વરી, નશરવાનજી પીરોજશા પાવરી, હોરમસજી ડી. એન. વહાડયા, દાદી નશરવાનજી દુબાસ, રૂસતમજી પેસતનજી ગાંધી, રૂસતમ ખરશેદજી જનરી, નાનાભાઇ ફરામજી મામા, પીરોઝ શાપુરજી મસાની, હોરમસજી ફરદુનજી મુલલા, માણેકશા હોશંગશાહ નાણાવટી, હોરમસજી શાપુરજી સપેનસર, હોરમસજી બરજોરજી સપેનસર, જાલેજર શાપુરજી તાડીવાળા, અને બરજોરજી સોરાબજી કાત્રક. મી૦ જીજીભાઈ બરજોરજી જસાવાળાને શેઠ મંચેરજી નવરોજી બનાજી સકોલરશીપ મળી છે.—હાઇકોરટ વકીલોની પરીક્ષામાં મી૦ નશરવાનજી કાવશજી ભેસાનીઆ અને ડીસ્ટ્રીકટ પલીડરોની પરીક્ષામાં મી૦ માણેકશાહ લીમજીભાઈ બેરગામવાલા.—લંડન યુનીવરસીટીની એલ. એલ. બી. ના પરીક્ષામાં મી૦ પીરોશાહ નશરવાનજી દારૂવાલા.—એમ. એ.ની પરીક્ષામાં ૧૧૧ ઉમેદવારોમાંથી ૬૦ ઉમેદવારો પસાર થયા હતા, તેમાં પારસીઓમાં મેશરસ માણેકશા હોસંગશા નાણાવટી, શાવકશા રૂસતમજી જરીવાળા, પેસતનજી રૂસતમજી ઉનવાળા, પીરોઝ મેરવાનજી દલાલ, માણેક અરદેશર કરંજાવાળા અને ફરોખ એરચ ભરૂચા.—બી.એસ.સી.યાને બેચેલર ઓફ સાયનસની પરીક્ષામા મેસરસ એરચશાહ જીજીભાઇ દીવેચા, હોરમઝ કેરશાસપ દાદાચાંનજી, કાવસશાહ નશરવાનજી મહેતા, કેકુ નશરવાનજી વહાડયા, ફરામરોજ નશરવાનજી મોવડાંવાલા અને રૂસતમ નવરોજી વકીલ.—ઇનટર મીડીએટ સાયનસની પરીક્ષામાં મેસરસ કેરસાસપ મંચેરજી દોરડી, ફ. ન. મવડાવાળા, અને પેસતનજી ર. વકીલ.—બી. એ.ની પરીક્ષામાં પહેલા વરગમાં મેસરસ પેશોતન સોરાબશા ડાકટર અને પેશોતન બેરામજી સંજાના, બીજા વરગમાં બાઇ માણેકબાઇ મેરવાનજી મેહેતા, તથા મેશરસ જમશેદ દીનશાહ બેદવાર, શાવકશા એદલજી ઇડાંવાળા, જમશેદ, દાદાભાઇ લામ, ધનજીશા દીનશાહ શરાફ, હીરજીભાઇ દોરાબજી વેરડન, કેખશરૂ આદરજી પંથકી શાપુરજી મંચેરજી રાજા અને પીરોજશાહ જમશેદજી પટેલ, પાસ વરગમાં બાઈઓ ગુલબાઈ જમ-

શેઠજી બહાદુરજી, બાઇમાય દા. કટેલી, પુતલીબાઇ હોરમસજી પેસીકાકા, જરબાઇ સોરાબજી શેઠના, તથા મેશરસ માણેકશાહ પીરોજશાહ લાલા, નાદરશાહ પેસતનજી મીસ્ત્રી, બરજોર શાપુરજી સંજાના, અરદેશર જમશેદજી વહાડયા, રૂસતમજી રતનશાહ વખારીયા, કેકોબાદ ફરામરોજ માદન, હીરજીભાઇ બેરામજી વોરડન, માણેક ફરામરોજ બજાં, ફરદુનજી બીખાજી બારીયા, નાદર દીનશાહ દાલાસ, સોરાબ નવરોજી દસતુર, માણેક હોમી એનજીનીયર, જમશેદજી ખરશેદજી ઇલાવયા, મંચેરજી નાનાભાઇ કાત્રક, શયાવક્ષ સોરાબજી કોટવાલ, કાવસજી પેસતનજી માદન, વીકાજી મંચેરજી મીસ્ત્રી, મંચેરશાહ બેરામજી પાલખીવાળા, બેરામજી જમશેદજી પટેલ, દોરાબજી અરદેશર પટેલ, લવજી ફરામરોજ શરાફ, એરચ અરદેશર તારાપોરવાળા, કાવસજી દોરાબજી વોરડન, બરજોર ફરામજી અચારવાળા, ગયોમરઝ હોશંગ કોટવાળ, ખરશેદજી હોરમસજી સખીદાસ, ફરામરોજ નવરોજી કલયાણવાળા, હોશંગ માણેકજી ખંબાતા, સોરાબ રૂસતમજી ખરાસ અને નાનાભાઇ માણેકજી મેહદી; ઉપલા ઉમેદવારોમાંથી મી० કેખશરૂ આદરજી પંથકીને કોબડન કલબનો ચાંદ, અને મી० પેશોતન બેરામજી સંજાનાંને પીરોજશાહ મેરવાનજી જીજીભાઇ સ્કોલરશીપ મળી હતી.—ઇનટરમીડીએટ આરટસની પરીક્ષામાં પશાર થયલા ૫૧ પારસીઓમા બાઇઓ શીરીનબાઈ ધનજીશાહ દાલાસ, મનીજેહ કેખશરૂ કામા, પીરોજ દીનશાહ સબજ્જ અને હોમાય સોરાબજી કેપટન અને મી० નરીમાન સોરાબજી પટેલને ફરામજી સોરાબજી ભાવનગરી સ્કોલરશીપ મળી હતી.—પ્રીવીયસની પરીક્ષામાં હાજર થયલા ૧૯૭૪ માંથી ૮૧૪ પસાર થયા હતા, તેમાં પસાર થયલા ૧૧૮ પારસીઓમાં નીચલી બાનુઓ હતી.—બાઇઓ સીલ્લાં આર. એચ. કામા, તેહમીના અ... દાવર, આવાંબાઈ જાહાગીરજી દોષી, મનીજેહ ફરામરોજ, શીરીન પીરોશાહ જીજીભાઈ, ... સોરાબજી કાપડયા, ગુલબાનુ ધનજીશાહ મેધોરા, ગુલબાઈ પીરોશાહ પટેલ, અને તેહ... ...લીડર.—પસાર થયલા ઉમેદવારોમાંથી બાઈ આવાંબાઇ જહાંગીરજી દોષીને લેડી રે... . બાઇ ગુલબાઈ પીરોજશા પટેલને શેઠ પેસતનજી હોરમસજી કામા સ્કોલરશ... ...લ દીનશાહ નીકલસનને શેઠ બેહરામજી નશરવાનજી કોયાજી સ્કોલરશીપ અને શીલ... . મી० ફરામરોજ દીનશાહ બરડીને બાઇ આઇમાય કે. આર. કામા સ્કોલરશીપ મળી ... ...કયુલેશનની પરીક્ષામાં હાજર થયલા ૪૦૧૯ ઉમેડવારોમાથી ૨૦૨૫ પસાર થયા હતા. તેમ... ...યલા ૨૨૯ પારસીઓમાં નીચલી બાનુઓ હતી.—બાઇઓ તેમીના ફરામરોજ બેશી, ગુ...બાઇ કાવસજી વાહડયા, ગુલચેહેર ખરશેદજી સરવેયર, હીરાંબાઇ નાનાભાઇ કાતરક, જરબાઇ બાપુજી ડાકટર, આઈમાય જહાંગીર લશકરી, એરની કામા, માણેકબાઇ કાવસજી પંથકી, મેરાં સોરાબજી હોરમસજી, સુના કાવસશાહ કાંગા, શીરીનબાઇ કાવશજી મેહેતા, જરબાઈ નવરોજજી દીવેચા, આઇમાય હોરમસજી કારડમાશતર, જાહજી રતનજી મોબેદજી, બાનુબાઈ માણેકજી વાડયા, તેમીના પેશતનજી સીનોર અને પીરોજા બેરામજી ટચકરા, પસાર થયલા ઉમેદવારોમાં મી० દારાશાહ એદીબામને શેઠ ડોશાભાઈ ફરામજી કામા સ્કોલરશીપ અને મેશરસ તેહેમુરસપ નવરોજી દસતુર તથા હકીમજી એદલજી કુમાનાને સર દીનશા માણેકજી પીટીટ (પહેલા બેરોનેટ) સ્કોલરશીપ અરધી અરધી વહેંચી આપી હતી.—સકુલ ફાઇનલની પરીક્ષામાં મેશરસ શાપુરજી બરજોરજી વલસાડા, હોરમસજી બમનજી બરડી, બીખાજી દાદાભાઇ બગવાડયા અને ફરામરોઝ રૂસતમજી સંજાણા, મલુક શેહેરીઆર ઇરાની, રૂસતમજી મેરવાનજી માસતર, દારાશાહ સોરાબજી સુરતી, નાદીરશાહ પેસતનજી તલાટી, હોરમસજી શાપુરજી તાતા, નરીમાન સોરાબજી ગોળવાળા અને બેરામજી હોરમસજી મના.—એલ. સી. ઈ. ની પરીક્ષામાં મી० ફરામરોજ શાપુરજી દલાલ.—મીકેનીકલ ઇજનેરની ફરસ્ટ કલાસની સરટીફીકેટની પરીક્ષામાં ૭, સેકન કલાસનીમાં ૨૬ અને થરડ કલાસનીમાં ૧૩ પારસીઓ પસાર થયા હતા.—હીંદુસતાની ભાષાની પરીક્ષામાં મી० એન. જે. વાહાડયા.—મી० મેહેરવાનજી ફરામજી સરવેયર (L. C. E પુના) એ જાહેર બાંધકામને લગતો પોતાનો અભયાસ ત્રણ વરસ લંડનમાં રહી પુરો કરી ફરેંચ આરકીટેકચર માટે પેરીસ રહયા હતા.—મી० કેખુશરૂ પેસતનજી સીનોરને વીલાયતમાં જીઓલાજી, મેટલરજી અને માઇનીંગનું જ્ઞાન મેલવવા ત્રણ વરસ માટે રૂ૧૨૦૦૦, ભાવનગરના માહારાજાએ આપેલા તેમને વધારે અભયાસ કરવા રૂ૪,૦૦૦ વધુ આપવાનો હુકમ નામદાર માહારાજાએ પોતાની તા० ૬ઠી એપ્રીલે પડેલી સાલગ્રેહને દીને કીધો હતો.—સેંટ જોન એમબ્યુલનસ એસોસીએશનની જુદી જુદી પરીક્ષાઓ લેવાય છે, તેમાં ચાંદ મેળવનારાઃ—મેશરસ હોમી કાવશજી ડાકટર, નવલ એદલજી બારીઆ, અને દારાબશાહ ફરામજી ખરાસ.—ફરસ્ટ એડની ૪૬ પારસી બાનુઓને અને ૫૧ ગ...શોને સરટીફીકેટ મલી હતી

ગયે વરસે બનેલા પરચુટણ જાણવાજોગ બનાવો.

જરથોસ્તીઓનાં શેહેનશાહી નવાં વરસને દીને મુંબઇ તેમજ જુદા જુદા દેશાવરો ખાતે જાહેર રમતગમતના ઘણા મેળાવડાઓ હમેશ મુજબ થયા હતા. હુબલી ખાતે કેટલાક ગ્રહસ્થો તરફથી "બઝમે જશને રૂઝે અહુરમજદ" નામની મંડળી સ્થાપી ત્યાંની અંજુમનના મોબેદ એદલજી નવરોજી ખજોતયાને રૂ. ૧૭૫ ની પરસ એનાયત કીધી હતી. કલકત્તા ખાતેબી કેટલાક એમચ્યુરોએ મુફતનો ખેલ કરવા પછી બાળકોને ગીતોનાં ઇનામો આપ્યાં હતાં. વળી કરાંચી ખાતે પારસી ઇનસટીટયુટના મેમ્બરોએ બેટ હોમનો મેળાવડો કીધો હતો તથા મેચમાં મી૦ નાદર માણેકજી ખંબાતાએ સારો દેખાવ કરવાથી એક બેટ ભેટ આપવામાં આવ્યું હતું.

કલકત્તાના એક જાણીતા વેપારી શેઠ ફરામજી મનચેરજી બુમલાએ આજ કેટલાંક વરસો થયાં એવો રવઇઓ પાડયો છે કે દર નવાં જરથોસ્તી વરસને દીનેજ પોતાનાં દફતરોનું પુજન અને વહીપુજાની શંધીશામગ્રી સાથે કરે છે. ઘેરનાં નાનાં મોટાં બાળકાંઓથી તે ઘેર ધણીઆંણી બાઇ જરબાનુ પણ એમાં શામેલ થઇને પોતાના બખતાવર હાથે એ કામ સારા સગનશહીત સરનજામ પુગાડે છે. ખરેખર જરથોસ્તી નવાં સાલે વહીપુજાની પેહલ કાઢની દરેક સાચા જરથોસ્તીને સજાવાર છે.

શેહેનશાહી જરથોસ્તીઓના ખોરદાદ [illegible] દીવસેબી પારસી વેજીટેરયન અને ટેમપરનસ સોસાયતી તરફથી કોટની શેઠ [illegible] મેહરમાં જશન તથા હમ બંદગી થઇ હતી. સાંજે ફરામજી કાવસજી ઇનસ્ટીટ [illegible] જહાંગીર જમશેદજી વીમાદલાલનાં પ્રમુખપણાં હેઠળ મેળાવડો કરી પાક પેગમબ[illegible] જરથોસ્તની સીફતમાં શેઠ ખરશેદજી રતનજી જસાવાળાએ ફારસી મોનાજાત તથા [illegible] ઝ શાપુરજી મસાનીએ વાયઝ કરવા બાદ સોસાયટી તરફથી લેવાયલી ઇનામની હરી[illegible]રીક્ષામાં પસાર થયલા વીધાર્થીઓને ઇનામો વેહેંચી આપવામાં આવ્યાં હતાં.

આગલાં વરસોમાં અત્રે ઉભી થયલી જરથોસ્તી કોનફરન્સે પોતામાં કાંઇક ફાટ પડયા છતાં એટલે મેમ્બરોનો કેટલોક ભાગ નીકળી જવા છતાં બાકીનાઓએ પોતાની મંડળીની બેઠકો ગયા અકટોબરની તા૦ ૨૧, ૨૨, અને ૨૩ મીએ કરીને કેટલાક ઠેડાવો, ભાશાણો, નેમણુંકો વીગેરે કરી હતી. વળી એ કોનફરન્સે બીજું એ કામ બજાવ્યું હતું કે નામદાર શેહેનશાહ જ્યોર્જ પાંચમાં તાજપોશીની ક્રીયા માટે હીંદમાં પધારેલા ત્યારે તે નામદારને આવકાર આપી પોતાની ખુશાલી જાહેર કરવાનો ઠેડાવ કીધેલો તેની નકલ પોતાના સરનશીન સર દીનશાહ માણેકજી પીટીટ બૅરોનૅટની મારફતે નામદાર મુંબઇના ગવરનર ઉપર મોકલી હતી, જેના જવાબમાં તે નામદારના સેક્રેટરીએ જણાવ્યું હતું કે એ ઠેડાવમાં પારસી કોમની જે અખંડ વફાદારી ભરી ભકતીભાવ દર્સાવવામાં આવ્યો છે તે માટે નામદાર ગવરનર કદરશનાશી બતલાવે છે, અને ઘટતે વખતે એ ઠેડાવ નામદાર શેહેનશાહ અને તેમનાં મોહરદાર હજુર રજુ કરવામાં આવશે. આ કોનફરનસની વીરૂદ્ધ પાર્ટીએ વળી એક જાહેર સભા ફરામજી કાવસજી ઇનસટીટયુટમાં તા૦ ૧૮ મી અકટોબરે મેળવી હતી. ત્યાં તરેહ કીસમનાં વીવેચનો થયાં હતાં.

અત્રેની રાહાનુમાએ માજદીઅશનાન સભાની ૬૦) માં વરસની ડાયમંડ જુબીલી ગઇ તા૦ ૧૦, ૧૧ અને ૧૨ મી નવેમ્બરના દીવસોએ અંજુમનના આતશબેહરામમાં મેળાવડા કરીને પાળવામાં આવી હતી, જ્યાં ઘણા બોલનારાઓએ સભાની તરફેનમાં તથા બીજાં ઘણાં વયાખયાનો કીધાં હતાં.

પુના વોલંટીયર કોરના કલર સારજંટ ખરશેદજી એફ. વકીલ, અને સારજંટ એમ. એમ. અકલેશરીયાને વીસ વરસ સુધી વોલંટીયર તરીકેની નોકરી બજાવવા માટે સરવીસ મેડલ આપ્યા હતા.

સારજંટ જમશેદજી દોરાબજી માસ્તરને વાલનટીયર તરીકેની સેવા માટે તા૦ ૯ મી એપ્રીલે વારસીક નીશાનબાજીને લગતાં ઇનામો વેંહચી આપવા માટે થયલા મેળાવડામાં જેનરલ સર આરથર બૅરેટે રૂપાંનો લોંગ સરવીસ મેડલ તથા પુણા વોલંટીયરવાલા કલર સારજંટ આર. એચ. નીમચવાળાને ચાલુ વરસ માટે બોંઝ્બે પ્રેસીડનસી બ્રાનઝ મેડલનું ઇનામ મલ્યું હતું.

ગયાં વરસની પુણાની પારસી પ્રેસીડનસી મેચ અને મુંબઇની ત્રાયનગુલર મેચમાં કરેલી સૌથી સરસ બેટીંગ માટે મી૦ સપલ એમ. ચોથયાને અને બોલીંગ માટે મી૦ જાહાંગીર એસ. વોરડનને ડા૦ પાવરીસ ક્રીકેટ સીલવર જ્યુબીલીવાળો સોનાનો અકેક ચાંદ મલ્યો હતો.

ધી કલકતા પારસી ક્રીકેટ કલબની વારસીક સભામાં કલબના ઓનરરી સેક્રેટરી શેઠ મોટાભાઇ કુવરજી ગઝદરની કલબ તરફની સેવાઓની યાદમાં એક સુંદર દરેસીંગ કેસ અને સોનાનો છેડો, તેનીસમાં સીંગલ ચેમપીયનશીપ માટે મેસરસ નવરોજી ફ. નાલ્લાદારૂ અને ફ્રામરોજ દા. તાંગરી દરેકને એકેકો રૂપાંનો બોકસ, તેનીસ-મીકસદ દબલ માટે મેસરસ ફ. દા. તાંગરી અને નશરવાન એ. મીસ્ત્રી દરેકને રૂપાની ફોટો ફ્રેમ, તથા મેસરસ જે. ગજ્જર અને એફ. એમ. સરવેઅર દરેકને એક ટે[illegible] અને ક્રીકેટમાં બેટીંગ માટે મી૦ જે. એમ. સરવેયરને તથા બોલીંગ માટે મી૦ [illegible]વાળાને દરેકને રૂપાનું અકેક કપ ભેટ આપ્યું હતું.

પારસી બારોનેટ કલબના વાઇ[illegible] કેખશરૂ લીંબુવાળાએ કલબને ભેટ આપેલા રૂપીઆ ૧૫૦૦ ની રકમના વયાજમાંથ[illegible] સભાસદોમાંથી બેટીંગની સઉથી સરસ એવરેજ મેળવનાર મી૦ દીનુ ડી. ડરાઇવરને રૂ. ૬૦ [illegible] કીંમતના સોનાના ચાંદનું ઇનામ, અને બોલીંગનું રૂ. ૩૦ નું ઇનામ મી૦ મેરવાન ડી. પારખને મલ્યું હતું.

ઇગતપુરાની બાઈ માણેકબાઇ ડોસાભાઇ ઉમરીગર ઝોરાસ્ટ્રીયન સ્કુલના માસ્તર શેઠ રૂસ્તમજી માણેકજી પીઠાંવાલાને સારી પેંટીંગ માટે એ સ્કુલના સ્થાપક શેઠ ડોસાભાઇ રૂસ્તમજી ઉમરીગરે ચાંદીનું ઘડીઆળ ભેટ આપ્યું હતું.

શેઠ એરચશાહ પેસતનજીને ગયા ફેબ્રુવારીમાં મધરાસમાં ભરાયલા આરટ એકઝીબીશનમાંથી રંગીન ચીત્ર માટે સીલવર મેડલ મળ્યો હતો.

સુરતવાળા શેઠ નશરવાનજી પાલનજી બેજનજી કોટવાલને કેલીગ્રાફીક અને ડરોઇંગ વરક માટે નવસારીના પ્રદરશનમાંથી રૂપાંનો ચાંદ તથા સરટીફીકેટ મળયાં છે.

શેઠ શાવકશાહ હોરમસજી કંત્રાકટરને યુરોપના વેસટરન ફેર એકઝીબીશનમાંથી ગ્રાંડ પ્રીનો ડીપલોમા તથા સોનાનો ચાંદ, ગલાસ ડેકોરેશન અને પેનટીંગ માટે ડીપલોમા ઓફ ઓનર અને મેડલ, પલીમથના પ્રદરશનમાંથી પેસટલ ક્રીઓનના પીકચર માટે તથા કેનેડા ગ્રેટ ઇસટરન એકઝીબીશનમાંથી પેનટીંગ અને ડીઝાઇન માટે સોનાનો ચાંદ તથાં ડીપલોમા મળ્યા હતા. તેવણે કરેલી "ગોલ્ડ લુકીંગ ગલાસ" તથા પરમેનંટ બલોટરની બે શોધખોળ માટે ગયે વરસ એડીનબરોના પ્રદરશનમાંથી ચેમપીયનશીપ મેડલ તેવણને આપવામાં આવયો હતો. તેવણની હુનરમંદીના કેટલાક નમુનાઓ લંડનના બ્રીટીશ મયુઝીયમમાં જાળવી રાખવામાં આવયા છે.

બીલીમોરાવાળા મી૦ સોરાબજી જામાસજી વરકીંગબાકશવાળાને સુખડ, અબનુસ અને હાથી દાંતના દાગીનાઓની કારીગરી માટે ઇંડો યુરોપીઅન ત્રેડીંગ સોસાયટી તરફથી લનડનની

ક્રીસટલ પેલેશમાંથી સુનાનો ચાંદ મલેઓ હતો. મુંબઇનાં પ્રદરશનમાં એવણુના નમુના શેહેનશાહ બાનુએ જાતે પસંદ કીધા હતા અને ત્યાંથી પણુ બે ચાંદ અને સરટીફીકેટ મળ્યાં હતાં. બધા મલી આજ વેર એવોએ સુનાના પાંચ, રૂપાના અગીઆર અને કાંસાના ચાર મલી વીશ ચાંદ અને શરટીફીકેટો મેળવેલાં છે.

નામદાર શેહેનશાહના રાજ્યાભીશેકના વરસમાં લંડનના ક્રીસટલ પેલેસમાં ભરાયલા ઇમપીરીયલ પ્રદરશનમાં સુરતવાળા શેઠ સોરાબજી જમસેદજી બીલીમોરીયાને હાથીદાંત અને સુખડ કામ માટે, મુંબઇવાળા મીસીસ ગુલબાઇ ડી. ઉમરીગરને હીંદી બનાવટના મરીમસાલા માટે, મુંબઇવાળા મીસીસ બી. એસ. ભીમડીવાળાને રેશમી ભરતકામ માટે, મુંબઇની ફોટો ટાઇપ કંપનીને હીંદી પીકચરો માટે સોનાના ચાંદો મલ્યા હતા.

નામદાર બાદશાહી જોડાંની મુંબઇ ખાતે થયલી પધરામણી તાંકણે મુંબઇમાં ભરાયલા જુના મુંબઇના એકઝીબીશનમાંથી મીસ નવાજબાઇ દારૂવાળાને ભરતકામવાળાં ચીત્ર માટે, શેઠ હીરજી દુબાશને હારમોનયમો માટે, અને મેસરસ ગોદરેજ એનડ બોઇસને તીજોરીઓ અને તાળાંઓ માટે, શેઠ કે. આર. વાછા સીવીલ એનજીનયરને પેટંટ તારરીટ યુરીનસ કે જેમાં પાણી મુદલ વાપરવામાં નથી આવતું તે માટે સોનાનો ચાંદ; શેઠ સોરાબજી જમશેદજી બીલીમોરીઆને લાકડાંનાં કોતરકામ માટે રૂપાંનો અને ઇનલેડ વરક માટે બીજો રૂપાંનો ચાંદ, મેસરસ જેમસ મેન્યુફેકચરીંગ કંપનીને [illegible]નીયમો માટે રૂપાંનો ચાંદ અને એનગ્રેવીંગ માટે લાયકાતની સરટીફીકેટ તથા મી[illegible]જી લીમજી પાલમકોટને લેસ માટે રૂપાંનો ચાંદ, મીસ કુમી એફ. તારાપો[illegible] ચીત્ર માટે રૂપાંનો ચાંદ, અને શેઠ જે. એસ. તારાપોરવાળાને ફોટોગ્રાફસ મા[illegible]દ, મીસીસ પીરોજા ભીમડીવાળાને ભરતકામવાળાં ચીત્રો માટે, મીસીસ આર્લ[illegible]રને ભરતકામવાળાં ચીત્રો માટે, મીસ આઇમાય રતનશાહ પટેલને "બેહેસતનું પક્ષી [illegible]કામવાળું ચીત્ર) માટે, મીસ કુમી એફ. તારાપોરવાલાને ઓઇલ પેનટીંગ માટે અને મી० એમ. એ. જોશીને પેનટીંગ માટે કાંસાનો ચાંદ મલ્યો હતો.

મુંબઇના આરટ સોસાયટીના ભરાયલા એકઝીબીશનમાંથી શેઠ એરચશાહ પેસતનજીને "એક પોરટ્રેટ રીકચ" નાં ચીત્ર માટે બલેક એંડ વાઇટમાં સોસાયટીનો રૂપાંનો ચાંદ અને શેઠ જે. એસ. તારાપોરવાળાને "બોથોડ" અને "ફ્રરસેકન" માટે ફોટોગ્રાફીમાં સોસાયટીનો રૂપાંનો ચાંદ મલ્યો હતો.

જવાર સ્ટેટના કારભારી શેઠ પી. સી. તારાપોર બારીસટર રીટાયર થતા હોવાથી, તેમના માનમાં એક મેજબાની જવાર સ્ટેટના સરદારોએ આપી હતી. તા० ૨૩ મી સપટેમબરે ત્યાંના કોશળુ વીદયાલયમાં એક મેલાવડો કરી માનપત્ર ચાંદીના દાબરામાં આપવામાં આવ્યું હતું તેમજ તા० ૨૭ મીએ રાજા સાહેબે દરબાર ભરી સરપાવ તથા એક હીરાની વીંટી એનાયત કીધી હતી.

સોલાપુરની રાજા નરસીંગ ગીરજી મીલના ઇજનેર શેઠ અરદેશર ફરામજી દુબાશ નોકરી છોડી જવાથી મીલના કામદારોએ ગયા જુલાઇ માસમાં એક મેલાવડો કરી માનપત્ર સાથ સોનાનું ઘડીયાલ અને સોનાનો છેડો ભેટ આપ્યા તેમજ પારસી દોસ્તોએ એક ખાણું બી આપ્યું હતું.

શેઠ ફરામજી કાવસજી મેહેતા "બોંબે ગેઝેટ" ના જનરલ મેનેજર તરીકેનો પોતાનો ઓધો નાદરસ્ત તબીયતને લીધે છોડી જવાથી તેવણુને એ પત્રના તથા છાપખાનાના સટાફ તરફથી માનપત્ર એનાયત કરવાનો એક મેળાવડો તા० ૨૮ મી ફેબરવારીએ એ પત્રની આફીસમાં અધીપતી મી० જી. સી. પલીનસટનના પ્રમુખપણા હેઠળ કરવામાં આવ્યો હતો.

પ્રમુખે શેઠ ફરામજીએ પોતાના ઓધા દરમયાનની મુદતમાં કરેલી ભલી સેવા અને પોતાના સ્ટાફ તરફ બતાવેલી લાગણી માટે ઘણો ઉપકાર માની એક માનપત્ર સુંદર ફ્રેમ સાથ તથા ચાંદીનું ફ્લાવર વાઝ એનાયત કીધું હતું. શેઠ ફરામજીએ પોતાને આપવામાં આવેલાં માન માટે ઉપકાર માનતાં જણાવ્યું કે ઓફીસનાં માણસોની ફીદાગીરી અને પોતાની તરફની ભલી લાગણીને લીધે પોતાનો ઓધો જયા સુધી બન્યો ત્યાં સુધી ચલાવ્યો હતો. આ પ્રસંગની યાદમાં શેઠ ફરામજીએ એ સ્ટાફના કેટલાકોને સોનેરી સાંકળીઓ, ઘડીયાલો અને છેડા તેમજ કામદાર માણસોને રૂપાંનાં બટનો, મીઠાઇના પડીકા વગેરે આપ્યાં હતાં.

હિંદુસ્તાન મીલના વીવીંગ માસતર શેઠ હોમજી પોસટવાલા નોકરી છોડી જવાથી એ મીલના કપડાંખાતાંના કામદારો તરફથી તેવણુને એક ફ્લાવરવાઝ સાથે માનપત્ર તા૦ ૨૨મી દીસેમબરે મીલના મેનેજર શેઠ કાવસજી મેહેતાએ એનાયત કીધું હતું.

સીંગર કંપનીના હીન્દના વડા એજન્ટ શેઠ નસરવાનજી માણેકજી પટેલ ૩૭ વરસની નોકરી બજાવી રીટાયરડ થવાથી એવણુના માનમાં એક મેળાવડો તા૦ ૩૦ મી દીસેમબરે કંપનીની હાફીસમાં કરી એક માનપત્ર રૂપાના દાબડામાં એક પરસ સાથ શેઠ પટેલને એનાયત કીધું હતું. એ પછી સીંગર કંપનીની હીન્દની જુદી જુદી સાખાઓ તરફથી આવેલાં પત્રો વાંચી સંભલાવયા પછી શેઠ નશરવાનજીને શાલ ઓઢાડી હતી. એવણુને વરસ દહાડે રૂ. ૧૩૫૦૦ નું પેનશન કંપની [illegible] આપવામાં આવશે.

શેઠ દીનશાહ બેરામજી ખજો[illegible] ીલના વીવીંગ માસતરનો ઓધો છોડી જવાથી તા૦ ૪ થી જુને આકોલા [illegible] મપાઉન્ડમાં એક મેલાવડો કરી માનપત્ર અને ચાંદીનો ફ્લાવરવાઝ ભેટ આપ્ય[illegible]

સુરતના સ્ટેશન માસતર શેઠ [illegible] સોરાબજી લશકરી નોકરીપરથી રીટાયરડ થવાથી એવણુના માનમાં તા૦ ૨૮ મી જુને રેલવેના કારટીંગ એજંટો તથા વેપારીઓએ એક મેલાવડો રેલવેની ગુડસ હાફીસમાં કરી સુખડના દાબરામાં માનપત્ર તથા ટી-સેટ ભેટ આપ્યો હતો. વળી શેઠ ફરામજીને કારટીંગ એજંટો મેસરસ માણેકલાલ ઇચ્છારામ અને રૂસતમજી હોરમસજી દલાલ એવો દરેકે અકેક સોનાની ચેઇન આશરે તોલા ૯ ના વજનની વેપારીઓ તથા કારટીંગ એજંટો તરફથી ભેટ આપી હતી. તેમજ મારફતીયા મેસરસ હીરાલાલ ચુનીલાલ, ચુનીલાલ ખીમચંદ અને છગનલાલ જગજીવનદાસ એવો દરેકે અકેક શયાલ ભેટ કરી હતી. તા૦ ૨૯ મી જુને શેઠ ફરામજીના માનમાં રેલવે ઇનસટીટયુટની લાયબ્રેરીમાં એ ઇનસટીટયુટ તરફથી ચાંદીના કાસકેટમાં એક માનપત્ર આપ્યું હતું, વળી સુરત સટેશનના રેલ્વે સટાફે સુનાનું ઘડીયાળ તથા એક સાંકળી રૂ. ૪૫૦ ની કીમતની તથા એક રૂપાનો ઈકસ્ટેન્ડ રૂ. ૮૫ ની કીંમતનો અને એક રેલ્વે કંટરાકટરે એક હીરાની વીંટી તથા શયાલની ભેટ કરી હતી.

અમદાવાદની વીકટોરયા ફીમેલ આસપીટલના તબીબ ડા૦ મીસ મોતીબાઇ રૂસતમજી કાપડયાને દીહલી દરબાર વખતે કયસરે-હીંદનો ચાંદ મળયો તેની ખુશાલીમાં તેવણુને અમદાવાદની જુદી જુદી કોમના આગેવાન શેહેરીઓએ એક ઇવનીંગ પારટી તા૦ ૨ જી એપ્રીલે આપી હતી. પ્રજા તરફથી સરદાર સર ચીનુભાઇ માધવલાલે મીસ મોતીબાઇને સોનાનું ઘડીયાળ અને ચાંદીનો ટી સેટ આપ્યો હતો. તેમજ જરથોસતી સ્ત્રી મંડળે મીસ મોતીબાઇને એક ઇવનીંગ પારટી તા૦ ૩ જીએ આપી સુખડનો જુએલ બોક્ષ ભેટ આપ્યો હતો.

ખંભાતના ચીફ મેડીકલ ઓફીસર ડા૦ ધનજીભાઇ મોટાભાઇ વકીલ પેનસન પર રીટાયરડ થવાથી ખંભાતની પ્રજાએ તા૦ ૨૧ મી ફેબરવારીએ એક માનપત્ર આપ્યું હતું.

ગણુદેવીની હાઇ સ્કુલના વડા શીક્ષક શેઠ જમશેદજી મનચેરજી દેશાઇ વીદાય થવાથી તા૦ ૨૮ મી જુલાઇએ વીદ્યારથીઓએ એક માનપત્ર એનાયત કીધું હતું.

અહમદનગરના મુનસફ શેઠ માણેકશાહ કેખશરૂ નાદીરશાહની બદલી બાગલકોટ થવાથી ત્યાંના જરથોસ્તીઓએ તા૦ ૨૩ મી સંપટેમબરે ખાણાનો મેલાવડો કરી ચાંદીનું કરૂએત ભેટ આપ્યું હતું. એ ઉપરાંત જુદા જુદા ગ્રહસ્થોએ મેલાવડાઓ કરી સારૂં માન આપ્યું હતું.

ભાવનગરની સામળદાસ કોલેજના હીસ્ટરી અને પોલીટીકલ ઇકોનોમીના પ્રોફેસર બરજોરજી અરદેશર એંટી ભાવનગર સ્ટેટનાં કેળવણીખાતાંમાં ૩૨ વરસની નોકરી બજાવી ફારેગ થવાથી એવણુના માનમાં તા૦ ૨૬ મી જુને રાજ્યના દીવાન મી૦ પ્રભાશંકર પટણીના પ્રમુખપણાં હેઠળ મેલાવડો કરી રૂપાનું ભુંગળું તથા ફ્રેમમાં જડેલું માનપત્ર એનાયત કીધું હતું. વળી શેઠ બરજોરજીને તેમના સ્ટાફે તા૦ ૨ જી જાનેવારીએ ટીપારટીનો એક મેળાવડો કરી સીલ્વર કપ ભેટ કીધો હતો.

ઇસ્ટરન બેંકના શરાફ મી૦ સોરાબજી નવરોજી વીકાજીને પણ બેંકના સ્ટાફ તરફનું એક ખાણું અપાયું હતું.

શેઠ મેહરજીભાઇ બી. દોતીવાલાને બેનડોરા પારસી યુનયન કલબના મેમબરોએ ખાણું આપી માનપત્ર એનાયત કીધું હતું.

અઉરંગાબાદના સુબા નબાબ બરજોર[illegible]હાદુરે ગયા ફેબરવારી માસમાં નામદાર નીઝામના મુકામ દરમ્યાન એઓની બ[illegible]શ માટે પોતા સાથ ખાણાપર ઇજન કીધું હતું અને ત્યાંથી ઉપડતી વેલા નવાબે [illegible]ગને એક સોનાનું ઘડીયાળ અને સાંકળી ભેટ આપ્યાં હતાં. ભીમજી

પુણા પાસેનાં ખડકીનાં તોપખાતાંના વ[illegible]લારક શેઠ એદલજી શાપુરજી શરાફ ચોત્રીસ વરસ સુધી સરકારની નોકરી બજાવી રીટાયરડ થવાથી તેઓનાં માનમાં એવણુના ખાતાંની ઓફીસનાં અમલદારો અને કામદારોએ તા૦ ૨૪ મી ફેબરવારીએ ચાંદીનું કપ ભેટ આપ્યું હતું.

સરકારી ગોદીના તીજોરીખાતાંના મદદનીશ શેઠ સોરાબજી કાવસજી રીટાયરડ થવાથી એવણુની હારીશના માણસોએ એક પરસ ભેટ આપી હતી.

શેઠ બરજોર એલ. બાટલીબોઇની મ્યુઝીક લાઇનની સીલવર જુબીલીની યાદમાં તા૦ ૧૬ મી જાનેવારીની રાત્રે બેનીફીટ ખેલ થયો તે વેળાએ એક પરસ એનાયત કરવામાં આવી હતી.

રંગુનની દરેહમેહરના પંથકી મોબેદ બરજોરજી ભીખાજી ઉનવાળા પોતાને વતન ઉડવાડે જવાથી તા૦ ૧૮ મી જાનેવારીએ અનજુમનના અકાબર શેઠ બી. કાવસજીનાં પ્રમુખપણાં હેઠલ એક મેલાવડો કરી મોબેદ બરજોરજીને એક શીયાલ તથા પરસ ભેટ આપી હતી.

એડનનાં કીંગ એડવરડ ધી સેવનથ ચેરીટેબલ દવાખાનાના એસીસટંટ સરજ્યન પીરોજશા પેસતનજી વલસાડાની બદલી મુંબઇ થવાથી તા૦ ૨ જી મારચે કેટરકલનના મેમબરોએ ટી-સેટ ભેટ આપ્યો હતો.

દસ્તુર નોશરવાનજી કેકોબાદજી મેહેરજી રાણા લાહોરથી પોતાને વતન જાયુકના જતા હોવાથી તા૦ ૨૧ મી મારચે ત્યાંના જરથોસ્તીઓએ એક પરસ આપી હતી.

બોંબે પોરટ ટ્રસ્ટના રેવેન્યુ ઓડીટખાતાંના વડા શેઠ નશરવાનજી સોરાબજી મારકર નોકરી પરથી રીટાયરડ થવાથી તેમના સ્ટાફે એક રૂપાંનું વાઝ ભેટ આપ્યું હતું.

દખણુના વડા દસ્તુરજી સાહેબ સરદાર શમશુલ-ઉલમા કેકોબાદ આદરબાદને તથા તેમના બુઝોરગ કાકા સરદાર દસ્તુર બેહમનજીને ભોર સંસ્થાનના માલેક, હીઝ હાઇનેસ

પંતસચીવે, પોતાના દીવાનને, તા૦ ૭ મી જુલાઇએ પુણાના દસ્તુર હોલમાં ખાસ મોકલીને ઉંચા ખેલતોની નવાજેશ કરી હતી અને ત્યાર બાદ પંતસચીવે એ બંને દસ્તુરજીઓને પોતાને ત્યાં ફુલપાનને માટે નોતરૂં કરયું હતું. વળી મુંબઇના નામદાર ગવરનર સર જયોર્જ કલારકે તા૦ ૨૩ મી જુલાઇએ સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદ તથા તેમના માનવંત કાકા સરદાર દસ્તુર બેહમનજીને તેઓના રહેવાનાં મકાન "દસ્તુર હોલ"માં વળતી મુલાકાત આપી હતી. તેમજ લેડી કલારકે દસ્તુર કેકોબાદના ધણીયાણી બાઈ સુનાબાઇને પણ ઉપલાજ મકાનમાં વળતી મુલાકાત આપી હતી.

નામદાર નીજામે પોતાના પ્રાઇવેટ તથા પોલીટીકલ સેક્રેટરી નવાબ ફરીદુન જંગ બહાદુરને એક કીમતી બગલુસ (પરો) તથા એક ટાઇપીન ભેટ આપી હતી.

શેઠ કાવસજી સોરાબજી સબાવાળા વડોદરા રેલવેમાં ૪૨ વરસ સુધી ગારડની નોકરી બજાવી રીટાયરડ થવાથી અમદાવાદમાં તા૦ ૨૫ મી આગસ્ટે ખાણાનો મેલાવડો કરી રૂપાંનો ગુલાબાસ, ફલાવર વાઝ, સોનાનો છેડો અને ઘડીયાલ રેલવે સ્ટાફ તથા જુદા જુદા ગ્રહસ્થો તરફથી ભેટ આપ્યાં હતાં.

મુંબઇના સુખડના વેપારી શેઠ સોરાબજી નવરોજજીને માઇસોરની સરકારે સુખડની ચોરીના મુકદમામાં મદદ કરવા માટે સોન[illegible] એક ઘડીયાળ ભેટ આપ્યું હતું.

ચર્ચગેટના ડેપ્યુટી સ્ટેશન માર[illegible] કેખશરૂ બેહેરામજી રીલીવીંગ સ્ટેશન માસતર નેમાયાથી સ્ટેશનના સટાફે એક [illegible]ત્રા નામદાર શેહેનશાહની છાપનો સોનાનો સીકો ભેટ આપવાનો એક મેલાવડો સ્ટે[illegible]ર મી૦ કાવસજી લશકરીનાં પ્રમુખપણાં હેઠળ કીધો હતો.

સુરતના જાણીતા લાકડાંના વેપારી અને કંટરાકટર શેઠ બેહરામજી ફરામજી વાડીયાને ત્યાં ગયા મારચ-માસમાં સુરત શેહેરમાં ઘણી ધામધુમ સાથે થયલાં લગન વખતે પારસીઓમાં લગનની ક્રીયા કેવી રીતે કરવામાં આવે છે તે જોવા તથા સમજવાની ખાએશ કલેકટરનાં બાનુ મીસીસ એનડરસનના એક બાનુ મીત્ર અને પહરોણા જેઓ તેમની સાથે કેટલોક વખતથી ઈંગ્લંડથી આવી રહેલાં હતા, તેઓએ જણાવ્યાથી લગનની આશીરવાદની ક્રીયા જોવાને કલેકટર મી૦ એનડરસન અને તેમના પહરોણા ઉપર જણાવેલા ઈંગ્રેજ બાનુ સાથે સાંજે ૭॥ કલાકે મી૦ વાડીયાને ત્યાં પધાર્યાં હતાં અને ક્રીયા તેઓએ ઘણાં ઉત્સાહ સાથે જોઇ હતી. આશીરવાદની ક્રીયા પુરી થવા પછી દસ્તુરજી રૂસ્તમજી જમશેદજીએ ઘણી છટા સાથે તેની સમજણ અને પારસીઓના લગનની ક્રીયાનો મોતેબર દરજ્જો તથા લગનથી જોડનારની ફરજો વીશે પોતાની હંમેશની છટાથી વાયજ કરી સમજાવી હતી, જેનો તે વખતે હાજર રહેલા મી૦ અરદેશર મેહેરવાનજી ગાંધીએ કલેકટર મી૦ એનડરસન અને તેમનાં બાનુ પહરોણાને અંગ્રેજીમાં સમજ આપી હતી. ક્રીયા પુરી થવા બાદ કલેકટર મી૦ એનડરસને મી૦ બેહેરામજી વાડીયાની તરફથી ભેટ કરવામાં આવેલી શાલ દસ્તુરજી રૂસ્તમજીને પેહેરાવી હતી, અને હાર તોરા લઇ તે પછી ત્યાંથી વીદાય થયા હતા.

નવસારીવાળા જાણીતા પરફ્યુમર મી૦ રૂસ્તમજી હોરમસજી બાનાએ આજ દોઢ બે વરસની વાત ઉપર મુંબઇના નામદાર ગવરનર સર જયોરજ કલારક કાઠીઆવાડની મુલાકાતે ગયા હતા ત્યાંથી પાછા ફરતાં નવસારી સ્ટેશન ઉપર ત્યાંના સરકારી ઓધેદારોએ તે નામદારને "પાનસોપારી" કરી હતી, તે વખતે પોતાની બનાવટનો સદા સુગંધી ફુલનો દડો તે નામદારને નજર કરતાં તે વખતના સુબાએ તે દડા માટે મી૦ બાનાનાં નામ સાથે ધયાન ખેંચયું હતું. તે વખતે નામદાર ગવરનરે જાણુવા માગયું કે મી૦ બાના હયાં

હાજર છે ? તેનો જવાબ હામાં મળતાં અને મી૦ બાનાને ઓળખાવતાં નામદાર ગવરનરે હસ્તે મુખડે મી૦ બાનાને શેકહેંડ કરીને તેમની બનાવટની તારીફ કરવા સાથે એવી કોઇ નવાઇ જેવી ચીજો હોય તો તે માટે યાદ આપવાને મી૦ બાનાને જણાવયું હતું. હમણા મી૦ બાનાએ બીજી નવી નવી નવાઇઓનો સંગ્રહ નામદાર ગવરનર તરફ મોકલી આપવાથી તે નામદારના ખાનગી સેક્રેટરીની સહીથી મી૦ બાનાનો ઉપકાર માનનારો તથા તે ભેટ થયલી ચીજોનો ખુશી સાથ સ્વીકાર કરનારો પત્ર મી૦ બાનાને મળયો છે. મી૦ બાના દર વરસે કાંઇ નવું નવું શોધયાજ જાય છે તે પ્રમાણે આ વરસે પારસીઓના મુકતાદ ટાંકણે ચોખે વગે વપરાશમાં આવી શકે એવાં કુદરતી ફુલો અને ઝાડોની ડાંખળીઓ તઇયાર કરી છે જેની ખુબી એ છે કે આ ફુલો વગેરેને પાણીથી ધોવાથી પણ ઝાંખા નહીં પડે એવો સોનેરી, રૂપેરી વગેરે રંગ આપીને તે વરસો સુધી પમરાટ આપતાં રહે છે. તેજ પ્રમાણે નવાં વરસોના મુબારકબાદીના બીબાંથી ઉપસાવેલી જરથોસ્ત સાહેબની છબી સાથના સદા સુગંધી કારડો પણ તેમનાં કારખાનામાં બનવા માંડયા છે.

નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાની સાલગરેહ હીંદુસ્તાનમાં તા૦ ૩ જી જુને પાલવામાં આવી હતી, તે દીને મુંબઈ તેમજ આખાં હીંદુસ્તાનમાં ઘણા જાહેર મેલાવડાઓ કરવામાં આવ્યા હતા. મુંબઇમાં એ દીને ધી યંગ મેનસ ઝોરાસ્ટરીયન એસોસીએશનની સ્થાપના કરી આલબલેસ બાગમાં ખાણાનો એક મેલાવડો એ એસોસીએશન તરફથી કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં સુકરગુ[illegible]શન કરવા બાદ સમ્સુલ-ઓલમાં દસ્તુર દારાબ પેસોતન સંજાણાએ પ્રસંગોપાત વાયઝ [illegible] રાતે હાજર રહેલાઓએ ખાણું લીધું હતું.

મુંબઇવાલા મી૦ જસાવાલા, મી૦ ભીમજી અને મી૦ પટેલ હીંદુસ્થાનની ખેતીને ગાયોની કતલથી જે નુકશાન થાય છે તે સવાલ ઇંગ્રેજી પ્રજા સનમુખ રજુ કરવા લંડન પોતાની સાથ ઓલખાણનાં ઘણાંક ભલામણ પત્રો લઈ ગયા હતા. મી૦ કેખશરૂ જમશેદજી તારાચંદ મારફતે તેવણના એક મીત્ર મીસીસ દરેકોલ્સના ઘરે એક સભા તા૦ ૨૭ મી નવેમબરે ભરવામાં આવી હતી. સભામાં ઘણાક અંગ્રેજ બાનુઓ અને ગ્રહસ્થો ઉપરાંત દેશી ગ્રહસ્થો પણ હાજર હતા. મી૦ જસાવાલા, મી૦ ભીમજી, અને મી૦ પટેલે તથા સર મંચેરજી ભાવનગરીએ ભાષણો કીધાં હતાં. પ્રમુખસ્થાને મી૦ અરનેસ્ટ બેલ બીરાજયા હતા.

મુંબઇના આરટીસટ શેઠ એમ. એફ. પીઠાંવાળાએ લંડનની ડોરે ગેલેરીમાં ભરેલાં પ્રદરશનમાં જોવા મેલેલાં ચીત્રો ત્યાં વખણાયાં હતાં તે ચીત્રોનું પ્રદરશન નામદાર લેડી કલારકે તા૦ ૧૯ મી ફેબ્રુવારીએ એલરીનસટન હાઇ સ્કુલનાં દીવાનખાનામાં ખુલ્લું મુકયું હતું. એ વખતે લેડી કલારકે શેઠ પીઠાંવાળાના હુન્નર માટે વખાણ કરી મુબારકબાદી આપી હતી.

મુંબઇની સપલાઈ એંડ ત્રાનસપોરટ (કોમીસરીઅટ) ડીપારટમેંટના હેડ કલારક શેઠ બમનજી નવરોજી ખંબાતાને એવણની ૩૦ વરસની નોકરીની પીછાણમાં મુંબઇની સરકારે " સરટીફીકેટ ઓફ મેરીટ " બક્ષી હતી. એ સરટીફીકેટ મુંબઇના કલેકટર મી૦ ઈ. એલ. સેલે તા૦ ૧૨ મી ડીસેમબરે કોરોનેશનને દીવસે બપોરે મેદાનમાં ઢંઢેરો વાંચવાના તંબુમાં મી૦ બમનજીને આપી હતી.

પોરચુગલમાં પ્રજાસ્તાક હકુમતનો પાયો નખાવાના બનાવનાં પહેલાં વરસની ખુશાલીમાં દમણ ખાતે ત્યાંના ગવરનરનાં પ્રમુખપણા હેઠળ થયલા તા૦ ૪ થી અકટોબરે મલેલા મેલાવડામાં ત્યાંની સરકારી ગુજરાતી શાળાના પ્રીનસીપલ મી૦ નવરોજી અરદેશર સોરાબજી પોસ્ટવાલાએ પોરચુગીઝ ભાશામાં એક રેસાલો છટા સાથે વાંચી સંભળાવ્યો હતો.

મુંબઇના જાણીતાં સખીવજુદ બાઇ હમાબાઇ ફરામજી પીટીટ તથા શેઠ ફરામરોઝ

હોરમસજી સોલીસીટરનાં મહેરદાર બાઇ રતનબાઇ પેરીસથી ૧૦ માઇલને છેટે આવેલાં "જુઇસી" નામનાં મથકે ભરાયલા, હવાઈ વીમાનમાં ઉડવાના મેળાવડામાં સામેલ થયાં હતાં, જ્યાંથી એક જાણીતા વીમાનીએ તેઓને પોતાની સાથે વીમાન "બાઇપ્લેન"માં લઈ ગયો હતો. ૧૮૦૦ ફીટ જેટલી મોટી ઉંચાઈએ તેઓ ઉડીયાં હતાં અને જમીન ઉપર પાછાં આવતાં હાજર રહેલાંઓએ મુબારકબાદી આપી હતી.

આપણા માનવંત અકાબર સખીવજુદ શેઠ બમનજી દીનશાહજી પીટીટ ગયા અક્ટોબર માસમાં પુણા ખાતે ઘણા બીમાર પડી ગયા હતા તે ઉપરથી તેવો સાહેબ એવી ભય ભરેલી માંદગીમાંથી સાજા થાય એવી દુવાગુજારી કેટલેક ઠેકાણે થઇ હતી. તા૦ ૬ થી અક્ટોબરે મેસર્સ ડી. એમ. પીટીટ સન્સની ઓફીસના કલાર્કોએ અત્રેના કાવસજી બેરામજી બનાજીનાં આતશબેરાંમમાં જશન કરી તનદરસ્તી ચાહી હતી. બીજું જશન તારદેવની પીટીટ મીલનાં કામદારોએ તારદેવની બાતલીવાલાની દરેમેહરમાં કીધું હતું. વળી માણેકજી પીટીટ મીલનાં હીંદુ કામદારોએ નાહાનાશંકર શેઠનાં દેહડાંમાં સત્ય નારાયણની પુંજા કરીને એવણ શેઠની તનદરસ્તી ચાહી હતી. ઉડવારાના દસ્તુર મોબેદોએ પણ ત્યાંના આતશબેરામ સાહેબમાં એવું જશન કરીને દુવા ગુજારી હતી. એ પછી શેઠ બમનજી ખોદાની ફજલથી સાજા થયા હતા અને મુંબઇ આવી રહેયા હતા. તે પછી ગયા જાનેવારી માસમાં ઉડવારે સેજદો કરવા પોતાનાં કુટંબ સહીત પધારયા હતા. ત્યાં મોબેદ બેહદીનોમાં ઘણીક ખેરાત સખાવત કરી હતી અને ગરીબોને નયાતી જમન આપ્યું હતું, અને [illegible]હચયાં હતાં. જેથી ગરીબ જરથોસ્તીઓએ એવો સાહેબના હકમાં દુવા ગુજારીને [illegible]રી ચાહીને ખુશાલી બતાવી હતી.

ભરૂચના જરથોસ્તીઓએ ગયા મુકતાદ ટાંકણે "બજમે જશને રૂજે બેહરાંમ" ની સ્થાપના કરી છે. જ્યાં જશનો, ભાશણો વીગેરે થવા લાગાં છે.

નામદાર શેહેનશાહ જયોરજે તા૦ ૪ થી મારચે સેંટ જેમસીસ પેલેસમાં ભરેલી લેવી વખતે શેઠ ફીરોઝશાહ નશરવાનજી દારૂવાળા હાજર હતા.

સીમલાની મોલટન કંપનીના મેનેજર શેઠ નશરવાન મુનસીએ પંજાબના લેફટેનંટ ગવરનર સર લુઇડેનની કારકીરદીની આખી તવારીખ એક પોસટ કારડ ઉપર લખી એ નામદારને ભેટ મોકલવાથી એ નામદારે ખુશી થઇ તેવણનો ઉપકાર માનનારો પત્ર લખીયો હતો.

કલકતાની સરકારી ધારાસભામાં ઓ. મી૦ બાશુ નામના એક બાબુ મેમબર કંઇ એવું બીલ પસાર કરાવા માંગતા હતા કે હરેક કોઇ ગ્નાતવાલા ગમે તેમ એકેકની સાથે લગન કરી શકે. આ બીલ તરફ નાપસંદગી બતલાવાને પારસી કોમે એક જાહેર સભા તા૦ ૨૩ મી નવેમબરે મેલવી હતી તેમ તે બીલ નાપાસ કરવાને એક મોતેબર અરજી પણ કરવામાં આવી હતી. બીજી ઘણી તરફથી એવાં એક બીલની સાંબે થવામાં આવ્યાથી તે તેના ઘટતા ફેંજે પુગું હતું એટલે રદ થયું હતું.

આંબોલી તરફ મરહુમ વાડીઆજી નશરવાનજી જાંહાગીરજીની એક મોટી ૧૭૮૩૦૩ ચોરસ વારની જાગીર આવેલી છે તે મરહુમ વાડીઆજીના ટરસટીઓએ પોતાના તાબામાં લઇને ત્યાં ગરીબ જરથોસતીઓ માટે સંસ્થાન વસાવવાની રજા હાઇ કોરટ પાસે માંગેલી તે પરવાનગી મલી ચુકી છે.

છેલ્લી આખાં હિંદુસતાનની વસતીની ગણત્રી કરવામાં આવી હતી તે વેળા મુંબઇની ગણત્રી કહાડવામાં સેનસસ ઓફીસરને પોતાની રાજીખુશીથી કશો પણ બદલો મેળવવા વના જેઓએ કીમતી મદદ આપી હતી તેમને સનદો એનાયત કરવાનો એક મેળાવડો તા૦ ૯ મી જાનેવારીએ મુંબઇના ટાઉન હોલ મધે નામદાર ગવરનર સર જયોરજ કલારકના પ્રમુખપણા

હેઠળ કરવામાં આવ્યો હતો. નામદાર ગવરનરે સનદો વહેંચી આપી હતી અને સનદ મેળવનારા દરેક ગ્રહસથને સનદ આપતી વેળા તે નામદારે શેકહેંડ કરી ઉપકાર માન્યો હતો. સનદ મેળવનારાઓમાં નીચલા પારસીઓ હતા :—મેશરસ એસ. એલ. રાણીના, જમશેદજી ફરામજી કાતરક, એ. જે. કાબરા, ડા૦ એમ. ડી. ભરૂચા, મેસરસ જે. આર. શેઠના, અરદેશર કેકોબાદ મોદી, માણેકશાહ એચ. નીકલસન, જેહાંગીર મેહેતા, મેહેરહોમજી, સોરાબ મામા, એસ. એફ. દારાં, જેહાંગીર ઇરાની, જેહાંગીર પેસતનજી ઇનસપેકટર, અરદેશર વલસાડા, વગેરે.

મેવાવાલાની અગીઆરીને નામે એક જુની દરેમેહર ભીડીબજારમાં આવેલી છે, પણ ત્યાં પારસી વસતી ઘટી જવાથી નકામી જેવી થઇ પડવાથી તે ત્યાંથી ખસેડી પરેલ તરફ લઇ જવાની રજા તેના ટરસ્ટીઓએ હાઇ કોરટથી માંગવાથી એવો હોકમ થયો છે કે પરેલ અને કોનાટ રોડ તરફ એક જગો રૂ. ૨૩૦૦૦) ની ખરીદી રૂ. ૨૫૦૦૦) માં નવું મકાંન બાંધી કૌરયા પાછલ રૂ. ૫૦૦) ખરચી રૂ. ૭૦૦ નું રાચરચીલું કરવું અને અગીઆરીનું નામ તેના અસલ ધણી તરીકે "બમનજી મેરવાનજી મેવાવાલાની દરેમેહેર" કરી રાખવું.

મુંબઇની પોલીસનાં ડીટેકટીવ ખાતાંના ઇનસપેકટર શેઠ કાવસજી જમશેદજી પેટીગરાને નામદાર શહેનશાહની સાલગ્રેહની ખુશાલીમાં બક્ષવામાં આવેલા ખાનસાહેબના ખેતાબની સનદ એનાયત કરવાની ક્રીયા તા૦ ૨૩ [illegible] ઓગસ્ટે સાંજે પોલીસ કમીશનર મી૦ એડવર્ડસે વડી પોલીસ ઓફીસમાં મેળાવડા સનસ[illegible]વી હતી. સનદ એનાયત કરતાં કમીશનર મી૦ એડવરડસે ખા૦ સા૦ પેટીગરાની સેવાની તારીફ કરતાં જણાવ્યું કે નવ વરસની ટુંક કારકીર્દીમાં અને તેમાં ખાસ કરી છેલ્લાં ચાર વરસમાં રાજયદ્વારી કામોમાં તમોએ જે કીમતી સેવા બજાવી છે તેની કદર સરકાર પુરેપુરી બુજે છે. સરકારે તમારાં એ કામની કદર બુજવાની ઇધાની તરીકે ખાનસાહેબના ખેતાબની નવાજેશ કરી છે, જેની સનદ તમોને એનાયત કરતા મને ભારે ખુશાલી ઉતપન થાય છે. અને હું ઉમેદ રાખું છું કે એ માન ભોગવવાને તમો ઘણાં વરસ જીવો અને ભવીષમાં વધુ ચઢતાં માનને લાયક થાવો અને તમોને જે માન મળયું છે તે આખાં ખાતાંને મળેલું ગણું છું. ખા૦ સા૦ પેટીગરાએ સનદ સ્વીકારતાં કમીશનરનો ઉપકાર માની જણાવ્યું કે મને મળેલાં માન માટે હું તમારો તેમજ મારા વડા મી૦ વીંનસેંટનો ઉપકાર માનુંછું કે જેઓની મહેરબાની વગર હું એ માન મેળવવા પામી શકતે નહીં તેમજ નામદાર સરકારનો પણ હું ઉપકારી થયો છું.

હીંદના માહાન નર શેઠ દાદાભાઇ નવરોજજીની ૮૮ માં વરસની જયંતી દર વરસશના રાબેતા મુજબ તા૦ ૪ થી સપટેમબરે બજાવવામાં આવી હતી. હીંદી બાનુઓનું ડેપીઉટેશન વેશાવે શેઠ દાદાભાઇને મલવા ગયું હતું. ત્યાં તથા પાછલા પોહરે બાંનુઓની મલેલી મીજલશમાં શેઠ દાદાભાઇનાં બાબમાં તહરે ક્રીશમનાં વીવેચનો થયાં હતાં. શેઠ દાદાભાઈએ પોતાના જવાબમાં હીંદ દેશને "આશા" રાખી સારૂં બંધન મેલવવાની સુચના કરી હતી. ૮૮) વરસની બુજરોગીએ પોંહચેલા શેઠ દાદાભાઇની ઉમરદરાજી એથી જીઆદા થાવો એવું આપણે અતરે ઈચ્છીશું.

નામદાર ગવરનર સર જયોરજ કલારકે લેડી કલારક સહીત તા૦ ૭ મી મારચે સાંજે અંદેરી મારકેટ ખુલ્લી મેળવાની ક્રીયા કરવા આગમજ શેઠ દાદાભાઇ નવરોજીના વેસાવે ખાતેના રેહેવાના મકાનમાં શેઠ દાદાભાઇની મુલાકાત લીધી હતી જે વેળાએ તે નામદારોને

શેઠ દાદાભાઇ સાથે લગભગ એક કલાક સુધી ખુશ ગુફતેગો ચાલી હતી. અને બંને પક્ષને અરસપરસના મેલાપથી મોટો સંતોશ ઉપજ્યો હતો. સર જયોરજ કલારકે શેઠ દાદાભાઇની તંદરોસ્તી બાબે ઘણી કાળજીપુરવક ખેરઆફયત પુછી હતી અને તેવણુને ભેટવા આવી તક મળી તે માટે ઘણી ખુશાલી દેખાડી હતી. બાદ ચાહ લઇ તે નામદારો શેકહેંડ કરી વીદાય થયા હતા.

નારગોલમાં પારસી એશોશીએશન ઉભી થઇ છે. તેનુ કામકાજ મનપતીજ ચાલે છે. હરેક કંઇ વરવાંધા ઘેરમેલે પતાવત કરવાથી લોકોને ઘણો ફાયદો થાય છે.

નામદાર સર જમશેદજી જીજીભાઇ બેરોનેટને પોતાના મજગામ કેસલમાં રેહતાં કેટલીક અગવડ હાલમાં સોસવી પડે છે, તેથી તે મેહલ વેચી નાંખીને બીજા એક લાખ ઉમેરીને વાલકેશવર તરફ એક બીજું મકાંન લેવાની પરવાંનગી નામદાર સરકાર પાસે માંગેલી, પણુ અસલ ટરસ્ટની શરત મુજબ તે મળી શકે નહી, એવો સરકારથી જવાબ મલ્યો છે.

આપણા જાણીતા સખીવજુદ શેહેરી મરહુમ શેઠ જમશેદજી નશરવાનજી તાતાનું બાવલું જે બોરીબંદર આગલ મ્યુનીસીપાલ ઑફીસની સામેની જગાએ ઉભું કરવામાં આવ્યું છે તે ખુલ્લું મેલવાની ક્રીયા તા૦ ૧૧ મી એપ્રીલે નામદાર ગવરનર સર જયોર્જ કલાર્કે એક વગવાળા અને દબદબાભર્યાં મેળાવડા સમક્ષ કરી હતી. શરૂઆતમાં ધી જમશેદજી એન. તાતા મેમોરીયલની જનરલ કમીટીના ઑનરરી સેક્રેટરી શેઠ દીનશાહ એદલજી વાછાએ રીપોર્ટ રજુ કરતાં જણાવ્યું કે ૧૯૦૪ ની મેની તા૦ ૧૯ મી [illegible] ઠ જમશેદજી તાતા મરણુ પામવાથી તા૦ ૨૭ મી માર્ચ ૧૯૦૫ ને દીને તાઉન હૉલ [illegible] .ળેલી સભામાં થયલા ઠરાવ મુજબ એક ફંડ ઉભું કરવામાં આવ્યું હતું. એમાં ભરાયલા કુલે રૂ. ૭૪૩૬૩ માંથી બાકી વધેલી રકમ રૂ. ૪૬૨૪૩ માંથી તા૦ ૯ મી આગસ્ટ ૧૯૦૬ ને દીને નાણા ભરનારાઓની મળેલી સભામા થયલા ઠરાવ મુજબ મરહુમ શેઠ જમશેદજીનું એક બાવલું વેલાતથી ૩૦૦૦ પાઉન્ડના ખરચે તૈયાર કરાવવામાં આવ્યું છે. એ પછી ઑનરેબલ સર ફીરોઝશાહ મેહેતાએ કેટલુંક વીવેચન કરી નામદાર ગવરનરને બાહાવલું ખુલ્લું મેળવાની અરજ કરી હતી. નામદાર ગવરનરે પ્રસંગને અનુસરતું લંબાનથી વીવેચન કરી શેઠ જમશેદજીનું બાવલું ખુલ્લું મેલાયલું જાહેર કીધું હતું.

વડોદરાના માજી દીવાન શેઠ કેરસાસજી રૂસ્તમજી દાદાચાનજી ૧૯૦૯ ની પેહેલી મારચે રીટાયર થવાથી એમની યાદગારી માટે થયલા ફંડની સીલકમાંથી ગયા ફેબરવારીમાં વડોદરાની દીવાન કચેરીમાં અને ચીફ જસ્ટીસની કોરટમાં શેઠ કેરસાસપજીની અકેકી ઓઇલ પેનટીંગ સબીઓ મુકવામાં આવી હતી.

નવસારીની અંજુમનના મરહુમ બીજા અકાબર દેસાઈ પેસ્તનજી ખુરશેદજીની યાદગારી રાખવા માટે ત્યાંની અંજુમને ભેગાં કરેલાં ફંડમાંથી એવણુની એક ઓઇલ પેંટીંગ સબી રોજ ૮ મે માહા ૬ઠા ને દીને નવસારીના આતશ બેહરામમાં મુકી હતી.

મરહુમ શેઠ મનચેરજી બરજોરજી દેશાઇ જેવણુ નવસારીનાં લક્ષમણુ હોલના સેકરેટરી હતા તેવણુની સબી એ હોલમાં તા૦ ૭ મી મારચે નવસારીના સુબા મી૦ માણેકલાલ સાકરલાલ દેસાઇએ ખુલ્લી મુકી હતી.

હાંગકાંગની અનજુમનના ત્રસ્ટીઓ મરહુમ સર હોરમજી નવરોજી મોદી અને મરહુમ શેઠ બમનજી લીમજીભાઇ બાટલીવાલાની ઓઇલ પેનટ સબીઓ ગયા ફેબરવારીમાં હાંગ-કાંગના અનજુમનના બંગલામાં ખુલ્લી મુકાઇ હતી.

મરહુમ શેઠ બેરામજી એચ. જે. રૂસતમજીની સબી કરાંચીની ઝોરાસ્ટરીયન કલબમાં ખા૦ બા૦ નશરવાનજી રૂસ્તમજી મેહેતાએ તા૦ ૧૬ મી એપ્રીલે ખુલ્લી મુકી હતી.

ખેરગામમાં અગીયારી, દખમુ વગેરે બંધાવી આપનાર મરહુમ બાઇ મોટીબાઈ બમનજી મુલ્લાંની સબી ખેરગામની દરેહમેહરમાં તા૦ ૨૬ મી આગસ્ટે ખુલ્લી મુકાઇ હતી.

નીચલા જરથોસ્તીઓએ જુદાં જુદાં પેટંટો મેલવ્યાં છે. શેઠ શાપુરજી મેહરવાનજી વાહાડયાએ કોઇ પણ સંચા સાથે જોડતાં પોતાની મેળે પંખો ચાલવા લાગે એવી કરામત માટે, શેઠ જહાંગીર સોરાબજી બનાજીએ ઇલેકટ્રીક ડાયનેમો, ઓલટરનેટર અને કરંટ ડીસ્ત્રીબ્યુટીંગ સીસટમમાં સુધારા કરવા માટે.

પાલીતાણાવાળા પ્રીનસ વીજયસીંગજી સામતસીંગજીએ દર વરસ વોટર પોલો મેચ રમાડવા માટે આપેલાં ચાંદીનાં શીલ્ડને લગતી પહેલી મેચ તા૦ ૧૨ મી દીસેમબરે એક-બેના મેસરસ ગોળવાળા બ્રધરસના વીકટોરયા સવીમીંગ બાથમાં સવારના ૮ કલાકે એક મેલાવડા સનમુખ એકબે બાથના યુરોપીયન ટીમ અને મેસરસ ગોળવાળા બ્રધરસના પારસી ટીમ વચ્ચે રમાઇ હતી. એ મેચ કાયદા પ્રમાણે ૧૪ મીનીટ ચાલુ રહી હતી. યુરોપીયન ટીમમાં કેટલાક ઘણા સારા તરનારાઓ હોવા છતાં એ મેચમાં યુરોપીયન ટીમ એક બી 'ગોલ' કરી શકયો હતો નહી, જ્યારે મેસરસ ગોળવાળા બ્રધરસના પારસી ટીમે ૧૪ મીનીટમાં ૧૨ 'ગોલ' કરીને આખાં હીંદુસ્તાનમાં રેકોરડ કરયો હતો, કારણ કે આજ સુધી હીંદુસ્તાનની કોઇબી વોટરપોલો મેચમાં કોઇબી ટીમે બાર ગોલ કરી નથી. મેસરસ ગોળવાળા બ્રધરસના પારસી ટીમને આજ સુધી કોઇએ બી વોટરપોલો મેચમાં હરાવયો નથી અને તેઓની આ રેકોરડ ફતેહથી એ ટીમની કીરતીમાં બેશક વધારો થયો છે. પારસીઓને મગરૂર કરનારું એ પરીણામ બાથના માલેકો મેસરસ દાદી અને ફરામરોજ સી. ગોળવાળાની નમુનેદાર ટ્રેનીંગને આભારી છે. તેઓ તરફથી બાથમાં અપાતી તરવાના હુનરની તાલીમનો એ ઉપરથીજ કાંઇક ખયાલ કરી શકાશે. હાજર રહેલાઓએ રીફ્રેશમેન્ટ લીધા પછી મેલાવડો વીસરજન થયો હતો.

વોટર પોલો મેચમાં ફતેહમંદ નીવડનાર ટીમને ઉપલું વીજયસીંગજી સામતસીંગજી શીલ્ડ એક વરસ પોતાના કબજામાં રાખવાનો હક રહેશે. એ ઉપરાંત મુંબઇના જાણીતા વેપારી શેઠ એમ. એમ. બાટલીવાલાએ આશરે રૂ. ૨૦૦ નું એક ચાંદીનું કપ મેસરસ ગોળવાળા બ્રધરસને એવી શરતે ભેટ આપયું છે કે ટીમ રેસમાં જે ટીમ લાગટ ત્રણ વરસ સુધી જીતે તેને એ કપ ભેટ આપવું.

પુસ્તકોની પોંહચ—હમારા અભીપરાય અરથે મલેલાં નીચલાં પુસતકોની પોંહચ માન સાથ સવીકારીએ છીએ :—

"તવારીખે ખાનદાને દસતુર જામાસપઆશા."—લખનાર દસ્તુર અરદેશર ખુરશેદજી જામાસપઆશા.—તવારીખો તો ઘણી બી હોય, પણ એની ખુબી ઓરજ છે. બશો તરણશો વરસની લાંબી મુદતની હકાયત શમાયલી છે. દશતુર જામાસપઆશાનાં મોટાં મજકુર કુટુંબમાં થઇ ગયલા નામાકીત નરોનાં જનમ ચરીત્ર વાંચવા બેસીએ તો અંદરથી તહરે કીસમની વીગતો અને દાશતાનો મલી આવે છે. રચનારે ખરેજ ઘણી અઠાગ મેહનત લીધેલી લાગે છે અને પોતાનાં વડીલોનાં કુટુંબને એવી રીતે આશકારા કીધું છે કે તેની યાદગારી જમાના સુધી રહી જવાની.

"છાલોપાલો-મરીમશાલો"—પ્રગટ કરનાર સુરતના જાંણીતા દવા વેચનાર **મેસરસ દી. પી. માંડન કુંપની.**—ખરેજ ઉપીઓગી પુસતક છે. ઘરગતુ કામમાં ઘણું આવી શકે. તરેહવાર દરદોના નુશકા બતલાવામાં આવેઆ છે. આ અંક બીજા ભાગનો છે પણ એવાં નુશકાનાં પુસતકો ઘણું કરીને છુટા ભાગને બદલે અખંડજ જોઇએ, કેમકે જુદા જુદા

બાગોમાં દરદો વેંહચાઇ જવાથી બધા શામતા ભાગ વગર કેટલીક અગવડ ખમવી પડે તેવું થયું છે. આગલા વખતમાં ઘરડી બાઇબાવરીઓ કામ પડતાં એવા ઘેરગતુ નુશકાથીજ કામ લેતાં તેથી ગરગાંમડે અને બીજે ઠેકાણે તે ઘણું ફાયદાકારક જણાતાં હતા. તેવા આ ખાસ ઉપાયોની શગવડ કરી આપવાથી મેશરસ માંડન કંપનીને ઘણું શાબાશી ભરેલું કેહવાય છે.

"મુંબઈ નગરીનાં જરથોસતી ધરમાદાખાતાંઓની ટીપ"—રચનાર મી૰ ફરેદુન કે. દાદાચાનજી બી. એ., એલ. એલ. બી., સોલીસીટર જેવા મોટા વીદવાન ગ્રહસથે ઘણી મેહનતે રચેલું આ દલદાર પુસતક છે. ધરમખાતાંનાં મકાનોની એવી તો જાણવાજોગ વીગતો શમાયલી છે કે દરેક જરથોસતીએ જાણવી જોઇએ, પણ લોકોમાં એવાંની કદર બુજવાનો ઉમંગ કયાં છે? નામની રૂ. ૦। ની કીમત હતી પણ હાલમાં મુફત આપી દેવા કાઢેઆં છે. જેવોને જોઇએ તેઓએ બે આના પોશટેજ વીગેરેના ખરચના મોકલીને મુંબઇ વરતમાન છાપાખાનાંમાંથી મંગાવી લેવી.

"ઝોરાસટરીયન પરપેચયુલ કેલેંડર."—કારીગરીનો અછો નમુનો છે. પારસી રોજ, માહ, સાલ અને અંગરેજી તારીખવાર સાથનું આ ફાંકડું કેલેંડર બટનથી ફેરવવાનું જાથુક વેર ચાલે તેવું છે. એના બનાવનાર અતરેના એક ઘણા પુરાણા સુખડના વેપારી બુજરોગ ગ્રહસથ શેઠ દાદાભાઇ મોટાભાઇ છે, જેવો લાંબી મુદતનાં વાહડીઆજીનાં આતશ બેરાંમની શાંખે પોતાનું જાથુકતું મડક કરી રહેલ છે. આવાં એક ઉપીઓગી સરસ કેલેંડરની બનાવતને માટે તેવણુને ખરેખર માન ઘટે છે. જે ભીંતે તંગાય તેમ વલી ટેબલ પર બેઠક કરીને મુકાય તેવું બેવરૂં કામ લાગે તેમ છે.

મેસરસ ફરેદુન બરજોરવાળી કાગળોપરનું ભીતે ટાંગવાનું કેલેંડર બી લોકોને ઠીક ઉપયોગી થઇ લાગે છે.

બીજા કેટલાંક માહવારી તથા ધરમનાં ફંડોના હીશાબના ચોપડી ચોપાન્યાં મલ્યાં છે, જે લંબાણ અને અશુરૂ થવાથી વધુ વીશતારવા જેવું નથી.

આ વરસમાં થયલાં જાણીતાં પારસી મરણો.

શેઠ હોરમસજી નાનાભાઇ દીસાવાલા અથવા કરંજીયા ૬૭ વરસની વયે રોજ ૨ જે માહ ૧ લાને દીને કેમ્પ દીસામાં મરણ પામ્યા હતા. એવણ દીસા કેમ્પમાંની મેસરસ નાનાભાઇ કાનજી એન્ડ સન્સની પેઢીના ભાગીયા હતા. એ પેઢી સરકાર દરબારમાં હજી ઘણો મોટો લાગવગ ધરાવે છે. ૭૫ વરસની વાતપર મેસરસ નાનાભાઇ કાનજીના બંધાવેલા ૪૦ બંગલાઓ હજી હસતી ભોગવે છે. મરહુમ શેઠ હોરમસજીને છેલ્લાં માન વખતે પાલણપોરના નવાબ પોતાના રસાલા સહીત હાજર હતા.

કલીકટના જાણીતા પારસી અને કાનાનોરની જેલના માજી જેલર શેઠ માણેકજી ડોસાભાઇ ૬૮ વરસની વયે મરણ પામ્યા હતા. મરનારની લાશ તા૰ ૨૪ મી સપટેમબર સને ૧૯૧૧ ને દીને કલીકટના માનાનચીરા તલાવમાંથી મલી આવી હતી, જે ઉપરથી જણાય છે કે મરહુમે આપઘાત કીધો હશે. મરહુમ આગળ કાનાનોરની મોટી સેંત્રલ જેલના જેલર હતા, કે જે ઓધો ફકત ગોરાઓનેજ આપવામાં આવતો હતો. પણ મી૰ માણેકજીના કદાવર શરીર અને અદભુત શકતીને લીધે એ ઓધો એવણુને મલયો હતો. જેલમાં અપાતી ખોરાકી વીશે બંધવાઓમાં ઉશકેરણી ચાલુ થઇ હતી તેથી ત્યાંના લગભગ બારસો કેદીઓએ હુલડ મચાવયું હતું. તે વેળા મી૰ માણેકજીએ એકલે હાથે મોટી બલતવારીથી લડીને પોતીકી

તેમજ તુરંગના વડા યુરોપીયન સુપરીન્ટેન્ડંટનો જાન બચાવ્યો હતો. મરહુમની એવી બહાદુરીની પીછાનમાં એવણના પગારમાં વધારો કરી મદરાસની સરકારે વખાણ કીધાં હતાં. મરહુમ શરીરે છ ફીટ કરતાં ઉંચા હતા. ફીલ્ડ મારશલ લોરડ રોબરટસ તે વખતે મદરાસ ઇલાકાના લશકરના વડા હોવાથી કાનાનોરના લશકરની તપાસ લેવા આવ્યા હતા. તપાસ પુરી થયા પછી તેવણ પસાર થતા હતા જ્યાં મી૦ માણેકજી પોતાનાં ઘર નજદીક ઉભા હતા. એવણનો દમામદાર દેખાવ જોઇને લોરડ રોબરટસ જેવો બ્રીટીશ લડવઇયો છક થઇ ગયો અને આગલી પાછલી કશીબી ઓળખાણ નહીં છતાં એવણ સાથ વાતચીત કરવા લાગ્યા અને એવણ સાથ સેકહેનડ કરીને રૂખસદ લીધી. મરહુમ દેશીઓમાં તેમજ યુરોપીયનોમાં એકસરખા માનીતા હતા. ૧૯૦૫ માં એવણ બેંગલોર સેહેલ કરવા ગયા હતા. ત્યાં લશકરી અમલદારોએ પોતીકા વડા મેજર જનરલનાં માનમાં એક ખાણું આપ્યું હતું. એ પ્રસંગે એક હીંદી તરીકે ખાણુંપર પધારવાનું માન એકલા મી૦ માણેકજીને મળયું હતું. મરહુમ એક અથંગ મુક્કાબાજ તેમજ કસરતબાજ હતા અને મોતની છેલ્લી ઘડી સુધી ભલા જવાનયાને ફેંકી દે એવું કઉવત ધરાવતા હતા. મરહુમ એક ફ્રીમેશન પણ હતા.

દેવલાલીના જુના રહીશ શેઠ શાપુરજી ખરશેદજી કંત્રાકટર રોજ ૩૦ મો માહા ૧ લાને દીને દેવલાલી ખાતે મરણ પામ્યા હતા. મરહુમ દેવલાલીના જાણીતા રહીશ હતા અને ત્યાં બાંધવામાં આવેલા બહાદુરજી સેનીટેરીયમને લગતા બંગલાઓ તથા દખમા વખતે મરહુમે ઘણી સારી મદદ કરી હતી. વળી સેનેટેરીયમમાં વસતાં દરદીઓને પોતાની મદદ આપી તેઓને દવાદારૂ વગેરે જોઇતી ચીજો માટે કાલજી રાખતા હતા. દેવલાલીની પારસી અંજુમનના તેવણ એક ટ્રસ્તી હતા. મરનાર મરણની ચાર પાંચ દીવસ આગલ મુંબઇમાં આવ્યા હતા. દેવલાલી ખાતે લોહી ફરતું બંધ પડવાથી તેઓનું મરણ નીપજ્યું હતું. દેવલાલી ખાતે તા૦ ૨૧ મી અકટોબરે ત્યાંની અંજુમનના સરનશીન શેઠ જાહાંગીર બેરામજી મરઝબાનના પ્રમુખપણા હેઠળ મળેલી સભામાં મરહુમનું નામ ભણતરમાં લેવા અને એવણનાં મરણની નોંધ દફતરમાં લઇ તેની નકલ મરહુમનાં કુટંબીઓ પર મોકલવાનો ઠરાવ થયો હતો.

શેઠ ડોસાભાઇ દાદાભાઈ વોરાવજીર ૬૩ વરસની ઉમરે રોજ ૪ થો માહા ૨ જાને દીને મરણ પામ્યા હતા. તેવણ જવાન વયે વડોદરા રેલ્વેની નોકરીમાં નાના પગારે જોડાયા હતા. રફતે રફતે વધી વીરમગામના સ્ટેશન માસ્તર થયા હતા જ્યાંથી તેમને આશરે વીસ વરસ ઉપર ગ્રાંટરોડ જેવાં પહેલી પંક્તીના સ્ટેશનનો ચારજ મળયો હતો અને એ ઓધા ઉપર તેવણે યુરોપીયન તેમજ દેશી ઉતારૂઓને એકસરખો સંતોષ આપ્યો હતો. એવણને વારંવાર ઉમરની હદ પુરી થવા છતાં નોકરી ઉપર ચાલુ રાખી તેમની બાહોશી અને અનુભવનો લાભ રેલ્વે સત્તાવાળાઓએ લીધો હતો. તેવણ જયારે નોકરીમાંથી ફારેગ થયા ત્યારે તેમને એ રેલવેના ઓધેદારો તથા નોકરો ઉપરાંત શેહેરના જુદી જુદી કોમોના જાણીતા ગ્રહસ્થોએ તેમને એક પરસ તથા માનપત્રની ભેટ આપી હતી. તેવણ અત્રેની વડોદરા રેલ્વેની ઓરાસ્ત્રીયન એસોસીએશનના લાંબા વખત વેર એક કારોબારી હતા અને તેનાં કામકાજમાં ઉલટભરયો ભાગ લેતા હતા. તેવણની ગયા ઓગસ્ટ માસમાં એજ એસોસીએશનના એક ટ્રસ્તી તરીકે નેમણુંક થઇ હતી.

વડોદરા રાજ્યના માજી વડા તબીબ ડા૦ માણેકજી મંચેરજી ગીમી ૬૦ વરસની વયે રોજ ૮ મો માહા ૨ જાને દીને હક થયા હતા. એવણે ૧૮૭૦ માં મેત્રાકયુલેશનની પરીક્ષા પસાર કરી અત્રેની ગ્રાંટ મેડીકલ કોલેજમાં જોડાયા હતા. એવણે ૧૮૭૪ માં અત્રેની યુની-

વરસીટીની પહેલી એલ. એમ. ની પરીક્ષા પસાર કીધી હતી અને ૧૮૭૯ માં એલ. એમ. ની સનદ મેળવી હતી. એ પછી એવણુ વડોદરા રાજ્યની તબીબી નોકરીમાં જોડાયા હતા. સને ૧૮૯૧ માં એવણુને વડોદરા રાજ્યના કામચલાઉ ચીફ મેડીકલ ઓફીસર તરીકે નેમ્યા હતા. એવણુ ડફરીન હોસ્પીટલના વડા તેમજ વડોદરાની જેલના પણુ વડા તબીબ હતા. વડોદરા રાજ્યની લાંબી વફાદાર નોકરી બજાવી તેવણુ થોડુંક ઉપર રીટાયર થયા હતા. મરહુમે પોતાની આખી જીંદગી કુવારાપણુંમાંજ ગુજારી હતી.

શેઠ સોરાબજી જમશેદજી દેસાઇ કવેતા ખાતે રોજ ૨૯ મો માહા ૧ લાને દીને મરણુ પામ્યા હતા. મરહુમ સપલાઇ એંડ ત્રાનસપોરટ કોરમાંથી ૧૯૦૫ માં ડીવીઝનલ ડીસબરસીંગ ઓફીસમાં જોડાયા હતા અને સુપરવાઇઝરનો ઓધો સરસ રીતે બજાવયો હતો. દીલ્હી કોરોનેશન દરબારને લગતાં નાણું સંબંધી તેમજ બીજા હીસાબને લગતાં કામ ઉપર તેવણુને દીલ્હી ખાતે મોકલવામાં અવયા હતા. તેવણુની બદલી કરાંચી ખાતેથી ૧૯૦૯ ના મે મહીનામાં કવેટાની ડીવીઝનલ એકાઉંટ ઓફીસમાં થઇ હતી. ચોથી (કવેટા) ડીવીઝનના ડીવીઝનલ ડીસબરસીંગ ઓફીસર મી૦ જે. આર. એચ. સકોટે મી૦ સોરાબજીના ખેદકારક મરણુ માટે દલગીરી દેખાડી તેવણુનાં વીધવા માટે દીલસોજીની લાગણી જાહેર કરી હતી.

શેઠ જ. ન. પીટીટ ઇનસટીટયુટના વડા લાઇબરેરીઅન શેઠ નવરોજી ઉકરજી ખંબાતા ૭૧ વરસની વયે રોજ ૧૨ મો માહા રજ્ઞાને દીને મરણુ પામયા હતા. આ પુસ્તકખાતું અસલ ફોરટ ઇમપરૂવમેંટ લાઇબરેરીને નામે ઓળખાતું હતું ત્યારથી યાને છેક ૧૮૬૪ થી તેના લાઇબરેરીઅન તરીકે જોડાયા હતા. મરહુમ [illegible] ૮ માસની વાત પર નબળાઇને લીધે તેવણુ બીછાને પડયા હતા, છતાં મજકુર ખાતાંના સતાવાળાઓએ તેમની લાંબી નોકરીની પીછાન તરીકે છ માસનો આખો પગાર આપયો હતો અને દોઢ વરસ સુધી માંદગીના સબબે અરધો પગાર આપવાની મંજુરી આપી હતી.

બાઇ પુતલીબાઇ જાહાંગીર બેરામજી મરઝબાન ૨૪ વરસની વયે રોજ ૨૨ મો માહા ૧ લા ને દીને મરણુ પામ્યાં હતાં. મરહુમ બાઇ અતરેના જાણીતા જામે જમશેદના માલેક શેઠ જાહાંગીરજીનાં સઉથી નાનાં બેટી થતાં હતાં. શેઠ જાહાંગીરના એક સપુત બેટા રૂસતમનાં મરણુથી તેનાં દુખી માતપીતાનો ગમ હજી તો રૂઝાવા પામ્યો નથી તેટલામાં એ બંને ભલાં ધણી ધણીયાણી અને તેમનાં આખાં કુટુંબ ઉપર તેમની લાડકી પુતળીનાં અકાળ મરણુથી જે જબુન ફટકો લાગયો છે તે સહન કરવાને તેમને ખુદા સબુરી આપે. મરનાર બાઇ પુતળીબાઇ, મરઝબાન ખાનદાનમાં જેમ નામે તેમ દેખાવે એક પુતળુંજ હતી અને એ બાનુ ઘણાં ભલાં સાલેસ અને ખુબીવંતાં હતાં. થોડા દીવસની તાપની બયબીત બીમારીથી હજારો ઉમેદો ભરેલી એ બાઇને જાલમ મોહોતે સીતાબી કરી છે. મરહુમનાં અકાળ મરણુ માટે દેવલાલીમાં વસતા જરથોસ્તીઓની શેઠ રૂસ્તમ કે. આર. કામાનાં સરનશીનપણાં હેઠળ મળેલી સભામાં એક દીલાસાપત્ર શેઠ જહાંગીર મરઝબાન ઉપર મોકલી આપવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

શેઠ જીવણુજી બરજોરજી ધડીયાલી ૬૬ વરસની વયે રોજ ૧૫ મો માહા ૨ જા ને દીને કરાંચી ખાતે મરણુ પામ્યા હતા. મરનાર સુરતના રહેવાસી હતા અને મુંબઇથી વોતરબરી વોચ કંપનીના એજંટ તરીકે આશરે ૨૬ વરસની વાત ઉપર કરાંચી જઇ ધડીઆળીનો ધંધો કરતા હતા. કરાંચી દખમાની જગયા કાંપથી ત્રણુ માઇલ દુર ટેકરીપર છે ત્યાં ઝાડપાન ઉગાડી બગીચો બનાવવાનું ને તેની દેખરેખ રાખવાનું કામ મરનારે છેક

છેલ્લી ઘડી સુધી બજાવ્યું હતું. વળી બહારગામ રવાનો થતાં હતાં ત્યાં નસેસાલારો વગેરે માણસો મોકલવાનું કામ ઘણી ખંતથી મરનાર કરતા હતા અને બીજી રીતે મરનાર ઘણા ઉપયોગી હતા. મરહુમે કરાંચીના દોખમાનાં કંપાઉંડની દીવાલ મરહુમ શેઠ કાવશજી બેરામજી કલેકટર સાથ બંધાવી આપી હતી. એવણ કરાંચીની બઝમના ઓનરરી સેકરેટરી તથા ત્યાંની પારસી પંચાયતના ત્રસ્ટી હતા. મરનારનાં ઉઠમણાં વખતે એવી સુચના થઇ હતી કે ઉગરાણાંથી મરહુમની બાજ કરવી તથા એવોનું નામ ભણતરમાં લેવું પણ એઉ સુચના કવખતની ધારીને અમલમાં નહી મેલી હતી.

દસ્તુર જમશેદજી મનચેરજી દસ્તુર ૫૧ વરસની વયે રોજ ૨ જો માહા ૩ જા ને દીને અમદાવાદ ખાતે મરણ પામ્યા હતા. મરહુમ ઘણા ભલા અને લાયકીવાળા દસ્તુર હતા અને છાતીપરથી લોહી પડવાથી એકાએક આ ફાની દુન્યામાંથી વાસો ઉઠાવી ગયા છે. આસરે પંદર વરસ ઉપર મરહુમ પોતાના પીતાની જગાએ અમદાવાદ ગયા હતા. દસ્તુર જમશેદજી દયાળુ, ઉદાર અને નેક ખવાસના હોવાથી એકલા પારસી કોમમાંજ પ્રીય થઇ પડયા હતા નહીં પણ હિંદુ મુસલમાનો પણ તેમને માન આપતા હતા. કોઇનું પણ કામ કરી આપવામાં તેઓ સદા તઇયાર હતા અને એવા પરગજુ અને ઉદાર દીલના હતા. શું ગરીબ કે તવંગર સઉને ત્યાં કામ પડવે હાજર રેહતા અને ખરાં જીગરથી મેહનત લઇ તેમનું કામ સરનજામ ઉતારતા હતા. મરહુમની પાયદસ્ત વેળાએ તેવણને છેવટનું માન આપવાને લોકોની એક મોટી સંખ્યા ભેગી મળી હતી.

શેઠ નસરવાનજી મંચેરજી દેસાઈ અમરદાદ મહીનામાં મરણ પામ્યા હતા. મરહુમ એક જુના ચુસત થીઓસોફીસત હતા અને સચાઇ, પ્રમાણીકપણું, સાદાઇ તથા ઉદયોગથી જેઓના સમાગમમાં આવતા હતા તેઓ ઉપર સારો છાપ નાખતા હતા. થીઓસોફીકલ ચોપડીઓના મરહુમે ગુજરાતીમાં તરજુમાઓ કરયા હતા, અને ઈંગ્રેજી તેમજ ગુજરાતી ભાશામાં વારંવાર લખાણો કરતા હતા. નવસારી મધે તેઓએ ધરમની બાબદો ઉપર જાહેર ભાશણો આપયાં હતાં. મરહુમ નવસારીના જાણીતા દેશાઇ ખાનદાનના એક નબીરા હતા અને એક ખરી ધારમીક જીંદગી ગુજારતા હતા.

મરહુમ શેઠ હોરમસજી દાદાભાઇ મુલ્લાં ૩૫ વરસની વયે રોજ ૩ જો માહા ૩ જાને દીને સુરત મધે ગુજરયા હતા. ૧૮૯૧ માં તેવણે મેત્રીક્યુલેશન પરીક્ષા પસાર કરી એલફીન્સટન કોલેજમાં જોડાઇ ૧૮૯૬ માં બી. એ. ની પરીક્ષા ઈંગ્રેજી અને ફારસી ભાશાઓ પોતાની પસંદગીની બાબદ લઇ પસાર કીધી હતી અને ત્યાર બાદ અત્રેની ન્યુ હાઇ સ્કુલમાં તેવણ એક શીક્ષક તરીકે રહયા હતા. મરનાર પેહલાં બહુ સારી તંદરોસતી તથા મજબુત બાંધો ધરાવતા હતા. તેવણ છેક ખંડાલા પારસી ધરમશાળાથી લાનોલી સુધી ચાલતા આવી લાનોલીના પાહાડની ટોંચપેર ચહડી પાછાં ખંડાલા સુધી ચાલતા જઇ શકતા એટલું અંગબળ ધરાવતા હતા. પણ પાછળથી છેલ્લાં ત્રણ ચાર વરસ થયા તેમની તબીયત અતીશય લહડી હતી અને તેવણ ખહીના બુરા રોગના ભોગ થયા હતા અને તેજ બીમારીએ તેમનું અકાળ મરણ આણયું છે.

શેઠ દોરાબજી ખરસેદજી અવાસીઆ (હાજી માસ્તર) રોજ ૧૦ મો માહ ૩ જાને દીને પુણા ખાતે હરદય બંધ થવાથી મરણ પામ્યા હતા. મરહુમ પહેલાં સરકારી કેંપ સ્કુલમાં એસીસ્ટંટ શીક્ષક હતા, ત્યાર પછી મુંબઇ બેંકની પુણાની સાખાના મદદનીશ રહયા હતા. ત્યાં વધતાં વધતાં થોડાંક વરસ થયાં વડા શરાફનો ઓધો ભોગવતા હતા. મરણને દીવસે સાંજ સુધી ઓફીસમાં બરોબર પોતાની ફરજો હંમેશ મુજબ બજાવી હતી.

રાત્રે સાડા આઠ સુધી પુણાના પારસી જીમખાનામાં તેવણુ હતા, અને ઘેર આવીને જમીને સુતા તે બીચારા હંમેશના સુતા. એવણુ પુના પારસી જીમખાનાના જુના મેમબર હતા અને પોતાની જુવાનીમાં એક સારા ક્રીકેટર હતા. મરહુમના માનમાં સર દીનશાહ માણેકજી પીટીટ પારસી જીમખાના બંધ રાખ્યું હતું. મરહુમ પુણાના પારસી જીમખાનાના સભાસદ હોવાથી તા૦ ૨૫ મી નવેમબરે મળેલી સભામાં મરહુમનાં મરણ માટે દલગીરી દેખાડનારો ઠરાવ પસાર કરી મરહુમનાં કુટંબ ઉપર દીલાસા પત્ર મોકલવાનો તથા જીમખાના સાથ યાદગારી જાળવી રાખવાના ઠરાવો થયા હતા.

નવી ઓલફ્રેડ નાટક મંડળીના એક જુના અને કસાયલા ખેલાડી શેઠ એદલજી બેરામજી ચીચગર ૫૭ વરસની વયે રોજ ૧૭ મો માહા ૬ ઠા ને દીને નવસારી ખાતે મરણ પામ્યા હતા. બચપણથી એવણે નાટકી ધંધો અખત્યાર કરયો હતો અને કલકતા મધે એલફીન્સટન કલબમાં ઘણાં વરસ ગુજારયા પછી નવી ઓલફ્રેડ નાટક મંડળીમાં ઘણાં વરસો સુધી તેવણે કામ બજાવ્યું હતું. મરનાર ઘણા સારા ખ્યાલ, લાવણી વગેરે ઓરીજીનલ આઇડીયાઝ સાથે જોડી શકતા હતા અને રમુજી એકટર તરીકે મરનારે નામ કહાડયું હતું.

ડા૦ મેરવાનજી જમશેદજી હકીમ ૫૧ વરસની વયે રોજ ૧૨ મો માહા ૬ ઠા ને દીને મરણ પામ્યા હતા. એવણુ સુરતના એક જાણીતા શોલા ડાકટરનાં કુટંબના નબીરા થતા હતા. જાતે ઘણુાજ ભલા, મીલનશાર અને લાયકીવાલા હતા. પોતાની જાતી ખુબીથી ધંધામાં મોટી નામના મેલવી હતી. અંગરેજી ડાકટરમાં પાશ થવા સાથે દેશી વઇદાંનો ઉપચાર કરતા રહેવાથી બેઠી ઘરાકી મેલવવા પામેઆ હતા. તેવણુ સુરતવાળા પ્રખ્યાત સોરાબજી હકીમ જવણુ 'સોહલા ડાકટરને' નામે જાણીતા હતા તેમના દીકરાના દીકરા થતા હતા. આ સોરાબજી જમશેદજી વઇદ ૬૫ વરસની વયે ૧૮૫૨ નાં સાલની તા૦ ૨૬ મી આગસ્ટને દીને ગુજરી ગયા હતા. તેવણુ સુરતમાં એક જાણીતા હકીમ હતા. સુરત મધે અસલ ૧૩ મી કેવલરી પલટણના તબીબ શેઠ માણેકજી રૂસતમજી ભોગી હતા તેમની સાથે એમને ઘણી મીત્રાચારી હોવાથી ઈંગ્રેજી દવાદારૂની પણ થોડીક માહીતી તેવણે મેળવી હતી. શેઠ સોરાબજી જેમની પહેલાં દારૂની દુકાન હતી તેવણુ સેવા નામના એક વઇદ જે 'સેવો ડાકટર' તરીકે જણાયલો હતો તેની પાસ હકીમું શીખ્યા હતા અને એક દેશી વઇદ ગુજરી ગયા તેની ચોપડી તેવણે વેચાતી લઇ હકીમાનો અભ્યાસ વધારયો હતો. આ શેઠ સોરાબજીના બે બેટા શેઠો જમશેદજી અને દોરાબજી હતા, જેમના મધેના શેઠ જમશેદજીના મરહુમ ડા૦ મેરવાનજી નાના (બીજા બેટા) હતા. એવોના બીજા ભાઇ ડાકટર એરચશા હકીમે પણ મુંબઇમાં પોતાના ધંધાની મોટી નામના મેલવી છે. અને તેથી તેમની જાબજા તારીફ થાય છે. એ બેઉ નામચીન ભાઇઓએ પોતાના મરહુમ બાવા ભલા ને સદગુણી હકીમજી જમશેદજીના હાથ તલે દેશી દવાના ગુણો પણ સંપાદન કરેલા હોવાથી એવો અતરે વધારે જાંણીતા અને માનીતા થયા છે. મુંબઇના પાંડે ખાનદાનના એક ગ્રહસ્થ બીમાર હોવાથી તેમને સાજા કરવા માટે સુરતથી ડા૦ મેરવાનજીના પીતા શેઠ જમશેદજી સોરાબજી હકીમને પેહલવેહલા મુંબઇ બોલાવવામાં આવ્યા હતા. શેઠ જમશેદજીએ અત્રે દેશી હકીમું ચલાવવા માંડયું. તેવણુને હાથ ચુનાની હકીમાને લગતી ફારસી કેતાબો લાગી હતી તે તેવણુ જાતે વાંચી હકીમું કરતા અને તે કામમાં દવા પણુ પોતાને હાથેજ કોઇ પણ કમપાઉંડરની મદદ વીના આપતા. તેમનું પાયધોણી તથા ગનબાવાના કુવાની નજદીકનું તથા ધોબીતલાવપરનું દવાખાનું ઘણાં વરસ વેર ચાલુ હતું. મરહુમ ડા૦ મેરવાનજીએ અત્રેની મેત્રીકયુલેશનની પરીક્ષા ૧૮૮૨ નાં સાલની

આખેરીએ પસાર કરી ગ્રાંટ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરી ૧૮૮૫ ના સાલની આખેરીએ પહેલી એલ. એમ. એન્ડ એસ. અને ૧૮૮૭ ની આખેરીએ સેવટની એલ. એમ. એન્ડ એસ. પસાર કરી હતી, અને ત્યાર બાદ અત્રે ધોબીતળાવપર એક તબીબ તરીકે ધંધો ચલાવવા માંડયો અને તેમાં સસતી દવાઓ આપી મોટી ઘરાકી થોડુંકમાં મેળવી. તેવણ છેલ્લાં પાંચ વરસમાં અનેક વાર ભયભીત માંદગીમાંથી ઉઠયા હતા અને છેલ્લાં જલંદરનાં દરદથી મહીનાઓ વેર પીડાઇ નહી દેશી કે નહી અંગ્રેજી વઇદાંથી સાજા થયા. છેલ્લા કેટલાક માસ તેવણ બાહોશ ઇંગ્રેજ તબીબોની સારવાર હેઠળ પણ હતા પણ જીંદગીએ તેમને યારી આપી નહી. તેવણે આજ ૨૮ વરસ ઉપર અત્રેના ગીરગામ સવીમીંગ બાથમાં તરવાની કસરત કીધી હતી. તેવણ અત્રે બોહોળી ઘરાકી મેળવી મોટી દોલત મુકી ગયા છે.

પુનાવાળા શેઠ ડોસાભાઇ કાવસજી સાંગા રોજ ૪ થો માહા ૫ મા ને દીને પુના ખાતે હક થયા હતા. મરહુમ મુંબઇની મીલીટરી એકાઉંટ આફીસમાં નોકરીએ રહયા હતા. એ આફીસ ૧૮૬૪ માં પુને લઇ જવામાં આવી ત્યારે મરહુમ પોતાનાં કુટુંબ સાથે પુને જઇ વસયા હતા. ૧૮૭૭ માં એવણની આગેવાની હેઠળ બઝમે રૂઝે બેહરામની મંડળી સ્થાપાઇ હતી, અને એના મરહુમ ખજાનચી હતા. એવણે પુણા ખાતે કેલવણીનાં કામમાં સારી મદદ આપી હતી.

શેઠ રતન ડી. તાતાના સેક્રેટરી મી૦ બેજનજી ફરદુનજી માડન પોતાના ૨૫ વરસની ઉમરના ધણીઆણી બાઇ દીનબાઇ તે મી૦ શાપુરજી ભીખાજી ધાભરનાં બેટી સાથે અતરેથી પેરીસ જવા ઉપડયા હતા તે દરમયાન બાઇ દીનબાઇને સટીમરમાં મરડાની સખત બીમારી લાગુ પડી અને એ બાઇ સવેઝ આગળ આવતાં તા૦ ૨ જી ડીસેમબરે હારટ બંધ પડવાથી ભર દરીયે મરણ પામયાં હતાં. ઇજીપટ આવવાની થોડા કલાક અગાઉ તેવણનું મરણ નીપજયું હતું. મી૦ માડન, મી૦ તાતા તરફથી જાપાનમાં કામકાજ કરતા હોવાથી તેઓ જાપાનીસ રઇયત છે એમ જણાવી, ઇજીપશીયન સતાવાળાઓએ મરનાર બાઇની લાશને ઇજીપટમાં ડાટવા દેવા સામે વાંધો ઉઠાવયો. પણ શેઠ રતન તાતાએ કહયું કે હું ફ્રેંચ રઇયત છું અને મી૦ માડન મારા સેક્રેટરી છે તેથી ડાટવા દેવાની ગોઠવણ કરી આપો. તે પછી બીજો વાંધો નીકળયો કે મુંબઇ તરફથી આવેલા છો, ઇંગ્રેજ પાસે જાવો. આખરે મી૦ તાતાના લાગવગથી ફ્રેંચ એમ્બેસેડર પાસેથી ઇજીપટમાં મરનાર બાઇ દીનબાઇને ડાટવાની જગયા મેળવીને સટીમર ઉપરથી મરનારના ધણી અને શેઠ તાતાએ રવાનને ઉતારીને અવલમંજલ પહોંચાડયું હતું.

ખાનસાહેબ પેસતનજી પાલનજી ભેદવાર ૮૫ વરસની ઉમરે રોજ ૨૦ મો માહા ૩ જા ને દીને મરણ પામ્યા હતા. તેવોએ કરાંચીમાં નજદીક ૫૦ વરસ કહાડયાં હતાં. એવણ કરાંચીની પેપર કરનસી આફીસમાં હેડ કેશીયર હતા અને આશરે ૪૦ વરસ વેર નોકરી બજાવી તેવણ ૨૩ વરસ ઉપર પેનશન ઉપર રીટાયરડ થયા હતા અને તયારથી મુંબઇ આવી પોતાનાં કુટુંબ સાથ વસવાટ કીધો હતો. એવણ કરાંચીની પારસી વીરબાઈજી સ્કુલની કારોબાર મંડળીના એક અધીકારી તથા ત્યાંની કાંપની અગીયારીના અને શેઠ એદલજી દીનશાહના અંજુમનનાં દોખમા ફંડના એક ત્રસ્ટી હતા. કરાંચીમાં અંજુમનના ઉઘરાટથી બંધાયલાં દોખમાંની પરથવાની કીયા તા૦ ૬ ઠી જુન ૧૮૭૫ ને દીને થઇ હતી તેનાં ફંડમાં મરહુમે સારી રકમ ભરી હતી. ૧૮૭૭ માં કરાંચીની ડીસ્ત્રીકટ પારસી મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે મરહુમ નેમાયા હતા. તા૦ ૨૪ મી મે ૧૮૯૧ ને દીને માહારાણી વીકટોરીયાની સાલગ્રેહના પ્રસંગે નામદાર સરકારે તેમને ખાન સાહેબનો ખેતાબ આપયો હતો. તેવણ ઘણા પહરેજગાર હતા અને પોતાની ચાર પેહેડી મુકી ગયા છે.

બીલીમોરાના એક આગેવાન પારસી શેહેરી શેઠ દાદાભાઇ ધનજીભાઇ ગબબા ૬૬ વરસની વયે રોજ ૨૫ મે માહા ૩ જા ને દીને બીલીમોરા ખાતે મરણ પામ્યા હતા. એવણે નવસારી પ્રાંતનો આબકારી ઇજારો ભાગીદારીમાં ચલાવ્યો હતો તેમજ તરેહવાર ચીજોના વેપારમાં જીપલાવયું હતું. દોલતમંદ છતાં તેવણ સાદા હતા, અને ધરમ ઉપર મજબુત યકીન રાખતા હતા. બીલીમોરા ખાતે શેઠ નવરોજજી જમશેદજી વહાડયાજીએ સને ૧૮૨૮ માં એક દરેહમેહેર પરથાવી હતી પણ ત્યાંની પારસી વસતી વધી જવાથી એક આતશ આદરાન સાહેબની જરૂર જણાવાથી સને ૧૮૯૯ માં એક ફંડ ઉભું કરવામાં આવયું, અને અંજુમન તરફથી ખરીદ કરવામાં આવેલી જમીન ઉપર શેઠ દાદાભાઇ ધનજીભાઇ ગબબા અને તેવણના પીતરાઇ ભાઈ શેઠ સોરાબજી શાપુરજી ગબબાએ એ આતશ આદરાન બંધાવી આપ્યું હતું. એને તખતનશીન કરવાની ક્રીયા તા૦ ૨૩ મી મે ૧૮૯૯ ને દીવસે કરવામાં આવી હતી. એ મકાનની ઇમારત બાંધવાનો ખરચ રૂ. ૨૦ હજારનો થયો હતો તથા સામન, ફરનીચર વગેરે પાછળ રૂ. ૩૦૦૦ થી વધુ રકમ ખરચાઈ હતી. એ ક્રીયાના દીવસે એ શેઠીયાઓએ ૧૦૦૦ માણસોને ખાણું આપયું હતું. વળી ૧૯૦૫ માં શેઠ વહાડયાજીવાળી દરેહમેહેર બીસમાર હાલતમાં આવવાથી તેની એવો સાહેબોએ મરામત કરાવી હતી. એ ઉપરાંત પોતાને તથા ધણીઆણીના નામના બીલીમોરા, ગણદેવી અને નવસારીની સર જમશેદજીની સ્કુલોમાં શીખતા ઉપલા ધોરણમાંથી પહેલે નંબરે પાસ થનારા છોકરા છોકરીને સીલવર ચાંદ આપવાની તેમજ મીઠાઇ વેંચવાની ગોઠવણ કરેલી છે. બીલીમોરાની અંગ્રેજી સ્કુલમાં ઉપલું ધોરણ કાઢવામાં થતા ખરચનો નીંમ્ફાળો આપવા રૂ. ૭૫૦૦ પોતાનાં વીલમાં આપવાનું કહી ગયા છે જે તેમના ઉઠમણાની ક્રીયામાં જાહેર થઇ છે. બીલીમોરાના ધરમખાતાંના ફંડના મેનેજર તરીકે પણ ત્યાંની જરથોસ્તી અંજુમનની કીમતી સેવા બજાવી હતી. માજી સર સુબા દીવાન બહાદુર સમરથ સાહેબ પણ એક વાર તેમની ખબર લેવા તેમને ઘેર પધારયા હતા. મરહુમનું નામ ત્યાંની તમામ બંદગી વેળાએ લેવાનું નવસારીના વડા દસતુરજી સાહેબે ફરમાન કીધું છે. મરહુમની પાયદસ્તની ક્રીયામાં નવસારી, વલસાડ, ગણદેવી, બીલીમોરા સ્થળોના ઘણાં લોકોએ ભાગ લીધો હતો. બીલીમોરાની પારસી અંજુમનની શેઠ બરજોરજી નશરવાનજી મેગુસીના પ્રમુખપણા હેઠળ તા૦ ૧૧ મી જાનેવારીને દીને મળેલી સભામાં મરહુમનું નામ બીલી-મોરાના ભણતરોમાં લેવાનો અને અંજુમનના દફતરમાં નોંધ લેવાનો ઠરાવ થયો હતો.

શેઠ અરદેશર કુવરજી મીઠાઇવાળા ૪૬ વરસની વયે રોજ ૧૬ મે માહા ૪ થાને દીને આંતરડાંના સોજાનાં દરદથી મરણ પામ્યા હતા. મરહુમ નવસારીના વતની હતા અને ત્યાંની સર કાવસજી જાહાંગીર મદરેસામાં કેળવણી લીધી હતી. એવો વરતમાનપત્રોમાં લખાણ કરતા હતા અને જરથોસ્તી ધરમનો અભ્યાસ સારો કીધો હતો.

બાઇ સુનાબાઇ તે આપણી તાપુના જાણીતા શીલપશાસ્ત્રી શેઠ દીનશાહ દોરાબજી મીસ્ત્રીનાં ધણીયાણી ૭૬ વરસની ઉંમરે રોજ ૨ જો માહા ૪ થાને દીને મરણ પામ્યાં હતાં. મરનાર જુના વીચારનાં ધરમી બાઇ હતાં. એવણે ઉદવાડામાં પોતાના બેટા ફરેદુનની યાદ-ગારીમાં મુશાફરોને ઉતરવા તથા ત્યાંના જરથોસ્તીઓને સરઅવસરે ઉપયોગ સારૂ ફરેદુન બાગ નામે એક મકાન તથા એક નશાખાનું બંધાવી આપયું હતું. સુરતમાં રૂસ્તમપરામાં ૧૯૦૯ માં એક દરેહમહેર બંધાવી હતી તેમજ ગોપીપરામાં સ્કુલ સારૂ એક મકાન બંધાવી આપયું હતું.

મુંબઇની પોલીસના માજી ઇન્સપેક્ટર તથા અત્રેની જાનવરો ઉપર ઘાતકીપણું અટકાવ-નારી મંડળીના તથા બેડી સાકરબાઇ આસપીટલના સેક્રેટરી શેઠ માણેકશાહ ધનજીશાહ ડાકટર

૬૯ વરસની વયે રોજ ૨૦ મો માહા ૪ ઠાને દીને મરણ પામ્યા હતા. મરહુમ પ્રથમ અત્રેની પોલીસમાં જોડાયા હતા અને પોતાની નોકરીનો મોટો ભાગ તેવણે વડોદરા રેલવેની પોલીસમાં કહાડયો હતો. ૧૮૭૩ માં એવણ અત્રેની પહેલવહેલી દેશી ફ્રીમેસોનીક લોજ રાઇઝીંગ સ્ટારમાં દાખલ થયા હતા. મરહુમ દેશી ગાયનના ઘણા શોખીન હતા અને ૧૮૭૦ માં અત્રે ગાયન ઉતેજક મંડળી સ્થાપવામાં આવી હતી તેની પહેલી કારોબાર મંડળીના સભાસદ હતા. એવણે અત્રે થયલા કેટલાંક દેશી ગાયનોના જાહેર જલસાઓમાં પણ ભાગ લીધો હતો. ૧૮૯૨ માં એવણ ઈંગ્લંડની મુસાફરીએ ગયા હતા જે વેળા તેવણે હિન્દુસ્તાનમાં દેશી ગાયન એ બાબદ ઉપર એક ભાશણ ત્યાં આપ્યું હતું. વડોદરા રેલવે મધેની પોલીસ ઇન્સપેક્ટરની નોકરી ઉપરથી તેવણ આશરે ૧૫ વરસની વાતપર પેનશન ઉપર રીટાયર થયા હતા. ૧૯૦૩ માં એવણ અત્રેની જાનવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારી મંડળીના સેક્રેટરી નેમાયા હતા. તા૦ ૯ મી માર્ચ ૧૯૦૫ ને દીને એવણ સુલેહના અમલદાર નેમાયા હતા. બરોડા રેલવે ઝોરાસ્ત્રીયન એસોસીએશનની કારોબારી મંડળીના એવણ એક સભાસદ હતા.

શેઠ સોરાબજી કાવસજી ડાકટર (જી. બી. વી. સી.) ૫૨ વરસની વયે રોજ ૨૩ મો માહા ૪ થાને દીને ખડીના બુરા રોગથી મરણ પામ્યા હતા. એવણ જુના જરનાલીસત હતા અને પોતાની જરનાલીસત તરીકેની કારકીરદી આશરે પાંત્રીશ વરસની વાટ ઉપર પ્રગટ થયલાં "ગુલઅફસાન" નામનાં ચોપાનયાંથી શરૂ કીધી હતી. એવણના અધીપતી-પણા હેઠલ "રીપન રીપોરટર" નામનું ગુજરાતી રોજીંદુ સાંજનું વરતમાનપત્ર બહાર પડયું હતું. એવણે પહેલાં મેડીકલ કોલેજમાં વઈદાનો અભયાશ કરયો હતો અને પાછળથી જાનવરી વઈદાનો અભીયાશ કરી ડીપલોમાં મેળવયો હતો. "હુનરનો અરક" નામની ચોપડી મરનારે બહાર પાડી હતી. રંગુનમાં એવણે મયુનીસીપાલીતી હસતક ઓધો ભોગવયો હતો. મુંબઇમાં પ્રગટ થતાં અખબારે સોદાગરના મદદનીશ અધીપતી તરીકે તેવણે કેટલાંક વરસ નોકરી બજાવ્યા પછી સીંગાપોર ખાતે ઇંગ્રેજી વરતમાનપત્રના સટાફમાં તેવણ જોડાયા હતા, ત્યાંથી મુંબઈમાં આવ્યા પછી એવણે કાંઇક વેપાર કરવા માંડયો હતો.

શેઠ પેસતનજી દારાજી મીરજાં તે ભાવનગરના જાણીતા રહીશ ૭૨ વરસની વયે રોજ ૧૩ મો માહા ૫ મા ને દીને ભાવનગર ખાતે મરણ પામ્યા હતા. એવણ બાહોશ એન-જીનીયર હોવા ઉપરાંત દરેક કામમાં આગેવાની ભરયો ભાગ લેતા હતા. ભાવનગરના પારસીઓની આરામગાહ જે ઘણી સારી હાલત ધરાવે છે તે મરનારની ભારે જેહમતને આભારી છે. એ જગામાં પોતાના ખરચે મરહુમે મોટો સુધારો કીધો છે. મરનાર પોતાની ગીરોના મોટા ખરચે લગભગ પોણોસો કબર તઇયાર કરવાની અણી ઉપર હતા જે કામ હવે અધુરૂં રહયું છે. તે મરનારની ખાહેશ મુજબ મરનારની પુંજીમાંથી કરવામાં આવનાર છે. મરહુમનાં મરણની દીલગીરી દરશાવનારો એક દીલાસાપત્ર મરનારના કુટુંબો પર ભાવનગરની અંજુમને મોકલાવ્યો હતો તેમજ મરનારે છેવટ સુધી અનજુમન માટે જે જીવતોડ મહેનત, જાતીભોગે અને ખરચે કીધી હતી તેની નોંધ લીધી હતી.

શેઠ જમશેદજી પાલનજી કાપડયા ૭૫ વરસની વયે રોજ ૨૧ મો માહા ૬ ઠાને દીને મરણ પામ્યા હતા. એવણે અત્રેની એલફીન્સટન ઇનસ્ટીટયુટ મધે કેળવણી લઇ વેલાત ખાતે વેપાર અરથે ગયા હતા અને ત્યાં લોકરક્ષો શેઠ દાદાભાઇ નવરોજજીના વરસો વેર એક ભાગ્યા હતા. નવા મ્યુનીસીપલ કાયદામાં કર ભરનારાઓને પોતાના પ્રતીનીધી મોકલવાનો હક આપ્યો ત્યારથી મુંબઇ મ્યુનીસીપાલીટીના કાઉનસીલર તરીકે મરનાર ચુંટી કહડાતા હતા

અને કોરપોરેશનમાં મરનારે હિંમત તથા સ્વતંત્રપણે લડત ચલાવી હતી. એવણુ અત્રેની મુલ્લાંફીરોઝ મદરેસાની કારોબાર મંડળીના આગલ સભાસદ હતા, તેમજ યુરોપના જરતોસ્તીઓનાં ધર્મના ફંડની કારોબાર મંડળીના મેમ્બર ૧૮૬૪ માં નેમાયા હતા. એમનાં માતાજીનાં ૧૮૬૫ માં નીપજેલાં મરણુ વેલા તેમનાં પુણ્ય માટે રૂ. ૧૦૦૦ આપ્યા કે એનાં વ્યાજમાંથી અત્રેની એલેકઝાનડરા સ્કુલમાં બાનુ વીદયારથી ઇંગ્રેજીમાં એક સરસ રેસાલો લખે તેને ઇનામ આપવું. ઇરાન મધે ૧૮૬૯ માં દુકાલ પડયો તે વેળા અત્રેના જરતોસ્તીઓની સભા તા૦ ૩ જી જુન ૧૮૭૧ ને દીને ઇરાન દેશમાં રહેનાર ગરીબ જરતોસ્તીઓની હાલત સુધારનારી મંડળી તરફથી બોલાવવામાં આવી હતી. એ વેળાએ મરનારે એક ચુસ્ત જરથોસ્તી બચ્ચાને છાજતો ભાગ લીધો હતો. એવણુ યુનીવરસીટીના એક જુના ફેલો હતા અને એમને યુનીવરસીટીના એક પરીક્ષક તરીકેનું માન છેક એમ. એ. ની પરીક્ષા સુધી અનેક વાર મલયું હતું. છેલ્લાં કેટલાંક વરસ થયાં મરહુમ વેલાતના દારૂના વેપારીઓની એજનસી ચલાવતા હતા. તે પછી મરનારે એકાંત જીંદગી ગુજારવાનું પસંદ કીધું હતું. એમની યાદદાસ્ત શકતી ઘણીજ તીક્ષ્ણ હતી અને તેથીજ અસલી ઇરાની સાહીત્ય તથા તવારીખના ખેતરમાં લાંબા કાળ સુધી મરનાર મશગુલ રહી અસલી ગ્રીક તથા રોમન લખનારાઓ કદીમ ઇરાનીઓને જે ગેરઇનસાફ કરી ગયા છે તે બતાવી આપી પારસીઓની અસલ સલતનતના વાંચવાજોગ હેવાલો બાહાર પાડતા હતા. શેઠ જમશેદજીએ ૧૮૬૮ માં તવારીખે કદીમ ઇરાનના પુસ્તકનો ગુજરાતીમાં તરજુમો તેમજ મલુકે તવાયફે જરથોસ્તીઆન તથા સીહાપોસ કાફર નામનાં પુસ્તકો બાહાર પાડયાં હતાં. હાલમાં મરનારે "તારીખે ઝુહુરો ઝવાલે દવલતે પારસીયાન"ના બન્ને ભાગનાં ચાર પુસ્તકો છપાવ્યાં છે. ઇરાની તવારીખનાં સાહીત્યનો શોખ છેક છેવટ સુધી છોડયો હતો નહી. મરનાર મોહડાં ઉપર તડને ફડ બોલનાર, સ્વતંત્ર અને હિંમતવાન શેહેરી હતા. ફારસી ભાષાનું તેમનું જ્ઞાન ઘણું વખાણુવા જોગ હતું. તા૦ ૧૧ મી એપ્રીલે મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનની મલેલી સભામાં શેઠ દીનશાહ એદલજી વાછાની દરખાસ્ત ઉપરથી મરહુમના મરણુ માટે દલગીરી દેખાડનારો ઠરાવ મરહુમનાં કુટુંબ ઉપર મોકલવા માટે પસાર કરવામાં આવ્યો હતો.

મરહુમ શેઠ દાદાભાઇ અરદેશર પારખ મુંબઇમાં ૫૨ વરસની ઉમરે રોજ ૨૭ મો માહા ૬ ઠા ને દીને મરણુ પામ્યા હતા. મરનારની સુરતથી જલગામ (ખાનદેશ) ડીવીઝનના પોસ્ટલ સુપ્રીનટેન્ડન્ટ તરીકે બદલી થઇ હતી અને છેલ્લે ત્રીજી ગ્રેડના સુપ્રીનટેન્ડન્ટ દાખલ રૂ. ૩૪૦ ના પગાર ઉપર હતા. મરનાર પહેલ વહેલા પોસ્ટલ ઇનસપેકટર દાખલ પોસ્ટખાતાંમાં જોડાયા હતા અને જુદે જુદે ઠેકાણે ઇનસપેકટર અને તે પછી સુપ્રીનટેન્ડન્ટ તરીકે સારી નોકરી બજાવી હતી. સુરત ડીવીઝનના પોસ્ટલ સુપ્રીનટેનડન્ટ તરીકે તેઓ એ શહેરમાં ઘણો વખત રહયા હતા, અને ડીપાર્ટમેનટમાં એક મેહેનતુ, રાંક અને પ્રમાણીક અમલદાર દાખલ તેઓ જણાયા હતા.

મરહુમ શેઠ ખરશેદજી એદલજી સંજાના મુંબઇમાં ૪૦ વરસની વયે રોજ ૫ મો માહા ૭ માને દીને મરણુ પામ્યા હતા. એવણુ ૧૮૮૬ માં મેટ્રીકયુલેશન પરીક્ષા પસાર કરી પુનાની દખણુ કોલેજમાં જોડાયા હતા. મરહુમે ૧૮૯૦ માં બી. એ. બીજા વરગમાં ઇંગ્રેજી અને ફારસી ભાશાઓના ગરૂપમાં પસાર કરી હતી. એવણે પુનાની દખણુ કોલેજમાં કેળવણી લઇ ત્યાંજ પાછળથી એક ફેલો તરીકે નેમાયા હતા. ૧૮૯૨ માં એક પુસતક (ગણીતનું) રચી પ્રગટ કીધું હતું. ૧૮૯૯ માં એવણે પહેલી એલ. એલ. બી. માં રોમનલોમાં કીનલોક ફોરબસને નામનો સોનાનો ચાંદ તથા ઇનામ મેળવયું હતું અને ૧૯૦૧ માં એલ. એલ. બી. ની

પરીક્ષા પહેલા વરગમાં પહેલા આવી એક હીંદુ ગ્રહસથ સાથ ભાગમાં આરનોલડ સકોલરશીપ તથા જડજ સપેનસર પ્રાઇઝ મેળવયું હતું. ૧૯૦૫ માં બીરાર પ્રાંતમાં પારસી લગન તલાકને લગતો બ્રીટીશ સરકારનો કાયદો લાગુ પાડી મધય પ્રાંતોના ચીફ કમીશનરે બીરારની પારસી મેત્રીમોનયલ કોરટના ડેલીગેટ નેમયા હતા.

ડા૦ હીરજી જાહાંગીર દાદીશેઠ ૪૭ વરસની વયે રોજ ૧ લો માહા ૫ માને દીને મરણ પામ્યા હતા. એવણુ ૧૮૮૩ માં મેત્રીક થઇ મેડીકલ કોલેજમાંથી ૧૮૮૭ માં એલ. એમ.ની પરીક્ષામાં પસાર થયા હતા. એવણુ વૈદાનો અભીયાસ કરતા હતા ત્યારે એક દરદીનાં શરીરમાં લોહી આપવાની જરૂર જણાવાથી પ્રોફેસરે પોતાના ચેલાઓને પુછતાં મરહુમે પોતાનું લોહી આપીને પેલા દરદીની જીંદગી લંબાવવાથી એવણુની ઘણીજ વખાણ થઇ હતી. એવણે ૧૮૯૩ માં વેલાત જઇ એલ. આર. સી. પી., એલ. આર. સી. એસ. નો ઉપસોમાં મેલવી કાનનાં દરદનો ખાસ અભીયાસ કીધો હતો, અને કાન, ગળાંનાં દરદો વીષે એક ચોપડી પ્રગટ કીધી હતી. ૧૮૯૪ માં ગ્રેટ બ્રીટનની ડરેમોટોલોજીકલ સોસાયટીના મેમબર નેમાયા હતા. મુંબઇમાં કાન ગળાંના ખાસ ડાકટર તરીકે દવાખાના ખોલી તેમાં સારી નામના મેલવી હતી. ૧૮૯૬ માં મરહુમને બ્રીટીશ લેરીનગોલોજીકલ એંડ રાઇનોલોજીકલ એસોસીએશનના ફેલો નેમયા હતા. એવણે ૧૮૯૯ માં બેહરા કાન માટે સાંભળી શકાય એવી ભુંગળી બનાવી પેટંટ મેળવયું હતું. મરનારને ન્યુસપેપરોમાં લખવાનો શોખ હતો, અને અવારનવાર કાનના દરદોપર અને બીજા કેટલાક સવાલો પર લખાણ કરતા હતા. એવણુ ચુસ્ત ફ્રીમેશન હતા.

મરહુમ શેઠ રૂસ્તમજી ખરશેદજી કુપર ઇજનેર ૭૬ વરસની વયે રોજ ૧૪ મો માહા ૫ મા ને દીને મરણ પામ્યા હતા. એવણે ૧૮૫૭ માં વેસ્ટ સ્કોલરશીપ મેળવી હતી. ત્યાર બાદ વેલાત જઇ ૧૫ વરસ વેર રહયા હતા અને ત્યાં કીંગસ કોલેજમાં ઇજનેરી વીદયાનો અભીયાસ કરી વેલાયતમાં ધંધો કરવા લાગા હતા. ત્યાંની અંદર આંઉંડ રેલવે બંધાઇ તેમાં એવણે એક ઉપરી દાખલ કામ કીધું હતું. અતરે પાછા ફરવા પછી એવણુ ધરાંગધરાની દરબારમાં એક વરસ ઇજનેર તરીકે રહયા પછી અમદાવાદ મધે મયુનીસીપલ સેક્રેટરી નેમાયા હતા. તયાર પછી એવણે મુંબઇ આવી આશરે ૪૦ વરસ ઉપર ધંધો કરવા માંડયો. જે અરસામાં કોલાબાની ઓરીયેનટલ મીલ, પારસી ઓરફનેજ વગેરે ઇમારતો બાંધવામાં એવણુ ઇજનેર હતા. છેલ્લાં પાંચ વરસ થયાં વરૂધ વયને લીધે ધંધામાંથી રીટાયર થયા હતા.

મરહુમ શેઠ મોટાભાઈ ભીખાજી કંત્રાકટર ૭૩ વરસની વયે વાંદરા ખાતે રોજ ૧૭ મો માહા ૪ થા ને દીને મરણુ પામ્યા હતા. એવણુ આબુ તરફ લાંબો વખતવેર રહ્યા હતા અને ત્યાં કંત્રાકટો લેતા હતા. આબુ રોડ ઉપર એક દોખમું, સગડી તથા નાહાનખાનુ અને તેને ફરતી દીવાલ વગેરે મરહુમે રૂપ્યા ત્રણ હજારને ખરચે બંધાવ્યું હતું જે રોજ ૨ લો માહા ૭ મો ૧૨૫૮ ને દીને પોતાનાં મરહુમ ફુઇ બેહસતનશીન બાઇ રતનબાઈ કુવરજી કારાભાઇને નામે ઇજાવયું. આ માટે આબુની જરથોસ્તી અંજુમન તરફનું માનપત્ર તથા સ્યાલ તેમજ આબુ રોડના જરથોસ્તીઓ તરફથી બીજું માનપત્ર અને સ્યાલ એવણુને એનાયત કરવામાં આપ્યું હતું. એક કુવો પોતાના બેહસતનશીન માતાજી બાઇ હીરાંબાઇને નામે બંધાવી આપ્યો હતો. એ દીને એવણે ખાણું બી આપ્યું હતું. એવણે બારેક વરસની વાત ઉપર પાલઘડ વગેરેની મોટી જમીનો લઇ ખેતીવાડીની એક કંપની ઉભી કરી હતી. પણુ તે બરાબર ચાલી નહી હતી.

શેઠ કાવસજી કામાજી ભરૂચા ૭૧ વરસની વયે રોજ ૨૪ મો માહા ૪ કાને દીને મુંબઇમાં મરણ પામ્યા હતા. મરહુમનો જનમ ભરૂચમાં ૧૮૪૦ માં મારચમાં થયો હતો. એવણના પીતા એમને ૧૦ વરસની નાની વયના મુકી મરણ પામવાથી એવણ વહાણમાં બેસી મુંબઇ આવયા અને મરહુમ શેઠ હોરમસજી તેમુલજી ભરૂચાની પહેડી પર નાના પગારે નોકરીએ રહયા. ચાર પાંચ વરસ બાદ પોતાના શેઠના ગુજરવાથી તેવણનાજ ત્રસટી મરહુમ શેઠ નવરોજજી ફરદુનજીએ પોતાને ત્યાં એમને મેનેજર તરીકે રાખયા. એવણ એક વીશવાસુ કારભારી તરીકે ૪૦ વરસ વેર રહયા. ૧૮૬૯ મા ઇસટ ઇંડયા એસોસીએશન સથાપવામાં આવી તેનું પણ એવણે કામ કીધું હતું. વળી મરહુમ શેઠ નવરોજજી ફરદુનજી સાથ મરનાર કેટલોક વખત વેર હીંદુસતાનની મુસાફરીએ ગયા હતા. ૧૮૮૫ માં પોતાના શેઠ નવરોજજી ગુજરવા પછી તેવણ તેજ દીનથી રીટાયર થયા અને આજ ૨૬ વરસ થયાં એકાંત જીંદગી ગુજારતા હતા.

બાઇ હમાબાઇજી બેહરામજી દસતુર જામાસપઆસાનાં ૮૫ વરસની વયે રોજ ૨૪ મો માહા ૪ થા ને દીને સીકનદરાબાદ ખાતે મરણ પામ્યાં હતાં. એવણ પુણાવાલા શમશુલ ઓલમા સરદાર દસતુર કેકોબાદ આદરબાદ તથા સીકંદરાબાદવાળા દસતુર ખુરશેદજી બેહરામજીનાં માતુશ્રી તથા મહુવાલા દસ્તુરજી ખુરશેદજી જમશેદજી જામાસપઆસાનાનાં બેન થતાં હતાં. એવણનું ઉઠમણું નવસારીમાં પણ મરનારના પોતા મરહુમ દસતુર જમશેદજી રૂસતમજીનાં ઘર આગળ થયું હતું. તે ઉપરાંત પાછલી રાતનાં ઉઠમણાની તથા બીજી ઘટતી ક્રીયાઓ પણ કરવામાં આવી હતી. મરનાર બાઇ બહુ અશરાફ, ધરમી તથા પરહેજગાર હતાં. એવણના જમાનામાં સ્ત્રીઓને કેળવણી આપવાનો રેવાજ ન હતો, પણ પોતાના જમાનાને છાજતી કેળવણી પામેલાં તથા અવસતાઇ ભણતરો ભણવામાં કુશલ હતાં.

શેઠ રૂસતમજી ખરશેદજી બામજી ૬૫ વરસની વયે રોજ ૨૮ મો માહા ૪ થા ને દીને નવસારી ખાતે મરણ પામ્યા હતા. પ્રથમ એવણે નવસારીમાં છુટક ફરુટ, તરકારી વગેરે વેચતાં પોતાના જુદા ધંધો વધારીને ખેતર પાદર અને જમીનોના માલેક થયા અને પોતાનું કામ બોહોળું વધારી નજદીક એક લાખની દોલત મુકી ગયા છે. મરહુમ પોતાને ત્યાં સરઅવસરે નયાતનાં ખાણાં અને ઘેરઘેર ભોણાં મોકલવામાં તથા લોકોને મીઠાઈ જમાડવામાં મોજ માનતા હતા. એવણના બેટાનાં લગન પ્રસંગે બઇરાં માટીડાની મીઠાઇની નયાત જમાડી હતી અને જેઓથી મીઠાઇ નહીં ખવાય તેઓને તેમજ જેઓની મરજી હોય તેઓને મીઠાઈનાં પોટલાં ઘેર બાંધી લઇ જવા કહેતા હતા. એવણે રોજ ૨૭ માહા ૭ ૧૨૮૦ ને દીને પોતાનાં ધણીઆણી બાઇ આવાંબાઇ સાથે પોતાના જીંદેરવાનનું ઉઠમણું નવસારીની વડી દરેહમેહેરમાં કીધું તથા બીજે દીને ચેહારેમ અને ધમબારનું નયાતનું બપોરે જમન કીધું જેમાં નવસારી ઉપરાંત તેની આસપાસનાં ગામોના જરથોસતીઓને નોતરીયા હતા. એજ મુજબ દર વરસે અયાથરેમ ધમબારને ટાંકણે જશન અને જમણ કરાવવાની વસીહત કીધેલી છે. જેના ખરચ માટે પોતાની જમીનનો ચોકસ ભાગ ધરમ ખાતે કહાડયો છે. નવસારીમાં ગાયકવાડ સરકાર તરફથી ચલાવવામાં આવતી કનયા અને છોકરાઓની ફરજયાત સકુલ જે એવણના પોતાના મકાનમાં ચાલે છે તેનાં બાળકોને ઇનામના મેળાવડા અને બીજા પ્રસંગો ઉપર મરહુમ તરફથી ઇનામો અને મીઠાઇઓનું વેંહચાણ કરવામાં આવતું હતું.

નવસારીના રહીશ મરહુમ મી૦ હોરમસજી એદલજી કોટવાલ, જેમણે વાંસડા રાજ્યમાં પોતાની જીંદગી ગુજારવા દરમયાન એકસો ઉપર વાઘ મારવાની જાહેર કીર્તી મેળવી હતી,

તેમના એકપુરા બેટા શેઠ એદલજી હોરમજી કોટવાલ મુંબઇ મધે ૬૦ વરસની વયે રોજ ૨૫ મો માહા ૭ મા ને દીને મરણ પામ્યા હતા. મરનારે બચપણમાં પોતાના પીતાજી જોડે વાંસડા સંસ્થાનમાં રહીને દારૂની દુકાન ચલાવ્યા પછી એજ સંસ્થાનના જંગલોમાં પોતાના પીતાના મદદગાર તરીકે કામ કરયું હતું. તે પછી આજ ઘણાં વરસથી મુંબઈ જઇ પોતાનાં મરણ સુધી વીલાયતી દવા વગેરે વેચવાના ધંધામાં પડીને સારી નામના મેલવી હતી. મુંબઇ મધે "એદલજી બ્રધરસ" નાં નામથી જુમા મસ્જીદ સામે જે દુકાન આજે પણ ચાલુ છે તેના મુખ્ય માલક શેઠ એદલજી હતા. મરનારે પોતાના ઘણાજ મળતાવડા સ્વભાવ અને મીઠાશભરેલી બોલીથી પોતાની આસપાસ મોટું મીત્ર મંડળ ભેગું કરયું હતું.

શેઠ નવરોજી રતનજી તારાપોરવાલા અથવા વીકાજી ૮૫ વરસની વયે રોજ ૨૧ મો માહા ૭ માને દીને મરણ પામ્યા હતા. મરહુમે એલફીનસટન ઇનસટીટયુટમાં કેલવણી લઇ રૂપાનાં ચાંદનું ઇનામ મેલવ્યું હતું. ૧૮૬૧ માં મુંબઇની વોલટીયર કોરમાં યુરોપ્યનો સાથે પારસીઓને દાખલ કીધા હતા તેમાં મરહુમ બી એક હતા. અરધી સદી ઉપર એવણ અત્રેની એશીયાટીક બેંકમાં નોકરીએ રહયા હતા અને ત્યાર પછી પાંચેક વરસે એવણે આગ્રા બેંક લીમીટેડ કંપની થઇ તેમાં ૩૭ વરસ વેર હેડ શરાફનો વીશવાસુ ઓધો ભોગવ્યો હતો, અને ૧૯૦૦ માં રીટાયર થયા હતા. ૧૮૯૪ માં મી૦ દા. એ. તારાપોરવાળા પાસે "તારાપોરવાળા વીકાજી મહેરજીના ખાનદાનની તવારીખ" લખાવી પ્રગટ કરી હતી.

ખા૦ બા૦ દારાશાહ રતનજી ચીચગાર ૭૨ વરસની વયે રોજ ૩ જે માહા ૭ માને દીને મરણ પામ્યા હતા. એવો અતરેના એક જાણીતા ગ્રહસ્થ હતા, અને ઘણા જાહેર કામોની આગેવાની કરતા હતા. એવણ રાસ્ત ગોફતાર તથા કેયસરે હીન્દમાં લખાણ કરતા હતા, તેમજ ૧૮૬૬ થી સ્ત્રીબોધ ચોપાન્યાના અધીપતી હતા. ૧૮૭૨ થી શીપીંગ એજન્ટ તરીકે અતરે ધંધો કરતા હતા. ૧૮૫૮ માં સ્થાપાયલી કસરતશાળાના કારોબારી તરીકે મરનારની નેમણુક થઇ હતી અને એ ખાતાંનાં ૧૮૭૬ થી ૧૮૮૩ સુધી સેક્રેટરી હતા. ૧૮૬૩ માં દેશી છોકરીઓને અંગ્રેજી કેળવણી આપવા માટે સ્થાપાયલી સ્કુલની કારોબાર મંડલીમાં મરહુમને નેમ્યા હતા. મરહુમ એક ચુસત ફ્રીમેસન હતા, અને એ પંથને ઘણી કીમતી મદદ આપી હતી. જુદી જુદી લોડજોના એવણને મેમબર ચુંટી કાઢવામાં આવ્યા હતા. તા૦ ૨૦ મી મારચ ૧૮૮૬ ને દીને મરહુમને અત્રેના ફ્રીમેસન પંથની કીમતી અને લાંબી સેવાને માટે સોનાનું ઘડીઆળ, સાંકળી તથા રૂપાંનો ટી સેટ ભેટ આપ્યાં હતાં, તથા ૧૯૦૦ ના ફેબ્રુવારીમાં આખા હીંદુસ્તાનનાં મેનસન બીરાદરોએ એક આલબમ ભેટ આપ્યું હતું. તેમજ મેદાનમાં બંધાયલાં નવાં ફ્રીમેસન હોલ માટે રૂ. ૯૦ હજારની રકમ ભેગી કરવા તથા બીજી એ પંથ તરફની ફીદાગીરી માટે, તેમનું એક બસટ ઈંગલંડથી મંગાવીને એ મકાનમાં તા૦ ૧ લી ડીસેમબર ૧૯૦૪ ને દીને મુંબઈના ગવરનર લોરડ લેમીંગટને ખુલ્લું મેલ્યું હતું. જ્ઞાન પ્રસારક મંડળીના ૧૮૭૪ થી ખજાનચી હતા અને એ મંડળી તરફથી ભાષણો કરતા હતા. ૧૮૮૭ માં મરહુમને સુલેહના અમલદાર નેમયા હતા અને ૧૮૮૯ થી મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનનાં મેમબર તરીકે સુલેહના અમલદારો તરફથી ચુંટી કહાડતા હતા. ૧૮૯૬ માં મરહુમ અતરેની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ નેમાયા હતા. ૧૮૯૮ માં પ્રો. હાફકીનવાળી મરકીના અટકાવની રસી મુકાવવા વીશે તેવણે બીજાઓ જોડે મુંબઇના જુદા જુદા લતાઓ ઉપર ભાશણો કરી સમજ આપી હતી. ૧૮૯૯ ના નવાં વરસને દીને તેમને ખાન બહાદુરનો ખેતાબ મળયો હતો. તા૦ ૧૫ મી

ડીસેમબર ૧૮૯૮ ને દીને તેમને મુંબઇની જોઈંટ સ્કુલ્સ કમીટીના એક અધીકારી, અને ફેબરવારી ૧૯૦૦ માં મુંબઇની યુનીવરસીટીના એક ફેલો નેમયા હતા. દેશી ખલાસીઓને બ્રીટીશ બારકસો પર નોકરીએ રાખવાના સવાલની તપાસ કરવાને લંડનમાં બોર્ડ ઓફ ટ્રેડની પારલામેંટની કમીટી હજુર તેમની હીમાયતમાં ખાસ સાક્ષી આપવાને સરકારને ખરચે મરનારને ૧૯૦૨ નાં જુલાઈ માસમાં લંડન મોકલવામાં આવ્યા હતા, જ્યાં તેઓએ બે દીવસ સુધી દાખલા દલીલો સાથની સાક્ષી આપી હતી. તા૦ ૧૧ મી ફેબરવારી ૧૯૦૪ માં એવણને મુંબઇની ધારા બાંધનારી સભાના મેમબર અને એજ સાલના મે માસમાં મુંબઇના આનરરી માજીસ્ત્રેટ નેમ્યા હતા. રાહનુમાય સભાના કારોબારમાં મરનાર ઉલટ બતાવતા હતા અને તેના ખજાનચી હતા. તે પછી તેવણ એ મંડળના પ્રમુખ તરીકે ૧૯૦૯ ના સાલમાં ચુંટી કહડાયા હતા. વળી જુદી જુદી યાદગારીના ફંડોના સેક્રેટરી તથા પારસી જીમખાનાના એક સ્થાપક હતા અને તેના પ્રથમ આનરરી સેક્રેટરી પણ હતા. તેવણ અત્રેનાં લેખક મંડળના એક કારોબારી અને પાછળથી પ્રમુખ હતા તથા જરથોસ્તી કોનફરન્સના એક કારોબારી હતા. મરહુમના માનમાં મુંબઇની શીપીંગ આફીસ, પીપલસ ફ્રી રીડીંગ રૂમ એંડ લાઇબ્રેરી તથા નવસારીની સર કાવશજી હાઇ સ્કુલ, તાતા કન્યાશાળા વગેરે બંધ રાખવામાં આવ્યાં હતાં. તા૦ ૧૧ મી એપ્રીલે મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનની મલેલી સભામાં ઓનરેબલ સર ફીરોઝશાહ મેરવાનજી મેહતાની દરખાસ્ત ઉપરથી મરહુમનાં મરણ માટે દલગીરી દેખાડનારો ઠરાવ મરહુમના કુટુંબ ઉપર મોકલવા માટે પસાર કરવામાં આવ્યો હતો. એ ઉપરાંત મુંબઇના ફ્રીમેશન હોલમાં મુંબઇની સ્કોટીશ કોનસ્ટીટયુશનના મેસનોએ તા૦ ૨૬ મી એપ્રીલે મરહુમ ખા. બા. દારાશાહની કરવામાં આવેલી મરણક્રીયા વખતે મોટી સંખ્યામાં હાજરી આપી હતી. હીંદની સ્કોટીશ ફ્રીમેશનરીના વડા ઓ૦ મી૦ જસ્ટીસ બીમન પ્રમુખપદે બીરાજયા હતા અને તેવણે એક સુભાખીત વાઅઝ કરતાં મરહુમની ૪૬ વરસની ભારે સેવાની અતી નોંધદાયક વખાણ કરી હતી. મરહુમે પાસ્ટ ગ્રાંટ માસ્તર ડેપ્યુટી તથા સેક્રેટરી તરીકે ૪૦ વરસ ઓધા ભોગવ્યા હતા. મરનારની નોંધ લઈ દીલાસાનો એક ઠરાવ કરવામાં આવ્યો હતો.

શેઠ દાદાભાઇ જમશેદજી આલપાઇવાળા તે અત્રેની સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇન્સ્ટીટયુશનના બાહોશ અને લાયકીવાળા માજી શીક્ષક ૬૨ વરસની વયે રોજ ૩ જે માહા ૮ માને દીને હક થયા હતા. મરહુમનો જન્મ સુરત શેહેરમાં ૧૮૪૯માં થયો હતો. એવણે ૧૮૬૭ માં મેટ્રીકયુલેશનની, ૧૮૬૯માં એફ. ઇ. એ. ની અને ૧૮૭૩માં બી. એ. ની પરીક્ષા પસાર કીધી હતી અને બી. એ. માં તેમની ભાશા લેટીન હતી. અર્થ-વીદયા, એનાલીટીકલ જ્યોમેત્રી તથા ડીનેમાકસ અને હાઇડ્રો સ્ટેટીકસ તેમની ખાસ બાબદો હોવાથી, મેથમેટીકસમાં તેવણ ઘણા સતા સમાન ગણાતા હતા. પુનાની દખણ કોલેજમાંથી તેવણે કેળવણી લીધી હતી. શરૂઆતમાં તેવણે ગણદેવીની હાઇ સ્કુલમાં હેડ માસ્તર તરીકે કામ કર્યું હતું જે પછી તેવણે મુંબઇની સર જમશેદજી જીજીભાઇની કોટની નીશાળના અંગ્રેજી છઠ્ઠા ધોરણના શીક્ષક તરીકે ૩૫ વરસ સુધી કામ બજાવી ગઇ તા૦ ૩૧ મી ડીસેમબરથી રીટાયર થયા હતા. મરહુમ ઘણા રાંક સ્વભાવના તેમજ મલતાવડા હોવાથી સરવેનો ચાહ જીતી લીધો હતો.

શેઠ સોરાબજી રતનજી માસ્તર ડેપ્યુટી કલેકતર ૫૫ વરસની વયે રોજ ૪ થે માહા ૮ માં ને દીને હક થયા હતા. તેવણનો જન્મ તા૦ ૨૪મી આગસ્ટ ૧૮૫૬ ને દીને થયો હતો. ૧૮૭૨

માં એવણે મેત્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી એલફીનસ્ટન કાલેજમાં જોડાઇ ૧૮૭૫ માં એફ. ઇ. એ.ની અને ૧૮૭૭ માં બી. એ.ની પરીક્ષા પસાર કીધી હતી, અને તે પછી તેવણ સરકારી નોકરીમાં જોડાયા હતા. શરૂઆતમાં તેવણે અમદાવાદ જીલ્લામાં કેળવણી ખાતાંમાં તથા ભરૂચ, અમદાવાદ, ખેડા અને સુરત જીલ્લાઓમાં મેહેસુલી ખાતાંઓમાં ઓધા ભોગવ્યા હતા. ૧૮૮૨ માં એવણે ત્રીજા વર્ગના મેજીસ્ટ્રેટની પરીક્ષા પસાર કીધી હતી અને એજ વરસના સપટેમબરમાં ભરૂચ જીલાના ત્રીજા વર્ગના મેજીસ્ટ્રેટ અને ૧૮૮૪ માં ખેડાના બીજા વર્ગના મેજીસ્ટ્રેટ નેમાયા હતા. પોતાના ઓધાની રૂયે તેવણ જુદા જુદા તાલુકાઓની લોકલ તથા મ્યુનીસીપલ બોરડોમાં નેમાતા રહયા હતા. એવણ ૧૮૯૮ થી સુરતના અને ૧૯૦૪ થી ભરૂચના ૬ઠી ગ્રેડના ડીસ્ત્રીકટ ડેપ્યુટી કલેકટર નેમાયા હતા. ૧૯૦૪ થી એવણ પાંચમી ગ્રેડમાં નેમાયા હતા. ૧૯૦૫ માં પંચમહાલના ડેપ્યુટી કલેકટર અને ૧૯૦૬ માં સુરતના સીટી માજીસેટ તથા ૧૯૧૦ માં બેલગામના પાંચમી ગ્રેડના હઝુર ડેપ્યુટી કલેકટર નેમાયા હતા અને ૧૯૧૨ ની એપ્રેલે તેવણ એજ ઓધા ઉપરથી પેનશન ઉપર રીટાયર થયા હતા.

મરહુમ ડા૦ કાવસજી મોટાભાઇ બાટલીવાલા અથવા મોગરેલ્યઃ ૫૧ વરસની વયે રોજ ૧૦ મો માહા ૧૦ માં દીને મરણ પામ્યા હતા. એવણે ૧૮૭૮ માં મેત્રીકયુલેશનની, ૧૮૮૧ માં એલ. એમ. અને ૧૮૮૩ માં એલ. એમ. એંડ એસ. ની પરીક્ષાઓ પસાર કરી તબીબી ધંધો ચલાવવા માંડયો હતો. એવણ જોકે તબીબ હતા, તોપણ પોતે એક દારૂવાળામાં ખપવાને કદી શરમાતા નહી. [illegible]રગામ રોડ ઉપર તેવણ વરસો સુધી દારૂની દુકાન ચલાવતા હતા અને તે દુકાન ઉપર જાતે નીયમીત રીતે હર સાંજે બેસી દેખરેખ રાખતા. તેવણ દેશી દારૂવાળાઓના લાભ સાચવવામાં મદદ કરતા હતા. મરહુમે ગયા વરસની પારસી પંચાયતના ત્રસ્ટીઓ માટેની પહેલી ચુંટણી વેળા ભારે ઉલટ લઇ ચોકકસ ઉમેદવારોને મદદ કીધી હતી અને પોતે પણ ડી. વીભાગની કમીટી માટેની ચુંટણી કરનાર તરીકેની પોતાની ઉમેદવારી બહાર પાડી હતી જેમાં તેવણ ફતેહ પામયા હતા. તેવણ સારા બાંધાના અને લોહીયાર દીસતા હતા. તેવણ જીંદગીની આખેરી સુધી કુંવારા હતા.

શેઠ ફીરોઝશા કેરસાસપજી દાદાચાનજી ૪૦ વરસની વયે રોજ ૧૧ મો માહા ૧૦ મા ને દીને મરણ પામ્યા હતા. એવો વડોદરાના માજી દીવાન ખા૦ બા૦ કેરશાસપજી રૂશતમજી દાદાચાનજીના બેટા હતા. મરનારે વડોદરા મધે કેળવણી લઇ ૧૮૮૫ માં મેત્રીકની પરીક્ષા પસાર કીધી. ૧૮૮૮ માં બી. એ. થયા હતા. ત્યાર પછી એવણ વધુ અભ્યાસ માટે વેલાત ગયા હતા. સને ૧૮૯૪ ના સપટેમબરમાં એવણે લંડન મધે લેવાયલી ઇંડીયન સીવીલ સરવીસની પરીક્ષા પસાર કરી સાથે સાથે કાયદાની ટરમ ભરી ૧૮૯૫ માં બેરીસ્ટર થયા હતા. તયાર બાદ તેવણ હિંદુસ્તાન પાછા ફરયા અને મધરાસ ઇલાકામાં મદદનીશ કલેકટર દાખલ તેવણીની થોડુંકમાં નેમણુંક થઇ અને ૧૮૯૮ના મારચમાં મધરાસ ઇલાકાના મદુરા જીલ્લાના એસીસટંટ કલેકટર નેમ્યા હતા. આશરે ત્રણ વરસની વાત ઉપર ગનતુર જીલ્લામાં હુલ્લડ થયું હતું તે વેળા એવણ પોતાની ફરજ બજાવવામાં પાછાત પડયા, એવો તેવણ ઉપર આરોપ મેલવામાં આવ્યો હતો જે વીશેની તપાસ ચાલી હતી, જે માટે તેવણના ગમે તેટલા મજબુત બચાવ છતાં તેમને ઓધા ઉપરથી નીચે ઉતારવા માગયું જેથી સનદી નોકરીમાંથી એવણે રાજીનામું આપ્યું હતું પણ એવણે વેલાત જઇ લડત ચલાવવાથી હીંદી વજીરે તેમને પેનશન આપવાનો હુકમ કીધો હતો. મરહુમ મી૦ પી. કેરશાસપ આપણા વતન ઇરાનની આગલી તવારીખની પુર માહીતી ધરાવતા હતા. મરનારે "Studies in Persian

History" નામનું ૧૯૦૫ માં એક નાનું પુસ્તક અંગ્રેજીમાં છપાવી બહાર પાડયું હતું. છેલ્લાં બે વરસ ઇંગલંડ ગયા હતા તે દરમ્યાન મરનાર ત્યાંથી ઇરાન જઇ આવ્યા હતા અને ઇંગલંડમાં ઇરાન તરફ પારસીઓની ઉલટ વધારવાને કોશેશ કરતા તેજ માફક અત્રેના પારસીઓને પોતાના અસલ વતન જઇ ત્યાં ધંધો રોજગાર મેળવવાને ઉપદેશ કરતાં. તેવણે ચાલુ સાલની શરૂઆતમાં અત્રે આવ્યા બાદ પોતે બેરીસ્ટર તરીકે ધંધો ચલાવવાને શરૂઆત કરી હતી અને તે પ્રત્યે અત્રેની કોરટોમાં હાજરી પણ આપી હતી. મરહુમ કુંવારાજ હતા અને તેમનું મરણ માથે લોહી ચહડી જવાથી અને લકવાએ ગલબો કીધાથી ત્રણ દીવસની ટુંક માંદગીમાં નીપજયું હતું.

શેઠ રતનજી જમશેદજી પારખ ૫૫ વરસની વએ રોજ ૨૨ મો માહા ૮ મા ને દીને સીકંદરાબાદ ખાતે મરણ પામ્યા હતા. સીકંદરાબાદનાં જરથોસતીઓમાં તથા બીજી કોમોમાં પોતાના ઉમદા સ્વભાવના સબબે સારી ઇજત મેળવી હતી. એવણ નીજામ રેલવેના રીફ્રેશમેંટ રૂમોના છેલ્લાં ૧૨ વરસથી કંત્રાકટર હતા. મરહુમને સેવટે આઇટસ ડીઝીઝ થયું અને એવણના મરણથી સીકંદરાબાદની ટુંક જરથોસતી વસતીએ એક ધરમચુસત શેઠયો ખોયો છે જયારે વેપારી આલમે એક સાહાસીક, વેપારી બચો ગુમાવયો. મરહુમને સેવટનું માન આપવા ધણા જરથોસતી બાનુઓ તથા ગ્રહસ્થો હાજર હતા.

શેઠ દોરાબજી ધનજીભાઇ તલાતી ૭૩ વરસની વએ રોજ ૧૦ મો માહા ૫ માને દીને જોહાનસબરગમાં મરણ પામ્યા હતા. એવણ ૧૮૮૧ માં દરબન ગયા હતા, અને ૧૮૮૪ માં ત્રાનસવાલ ખાતે ધંધાનું મંડાણ કરયું. એક વખતે એવણ ત્રાનસવાલમાં ૧૬ હોટેલો ચલાવતા હતા. ડેલાગોઆબે લાઇન ઉપર બે હોટેલો અને સ્ટોરસ હતા, જયાં પ્રેસીડંટ ક્રૂગર તથા મોટા મોટા બોઅર જનરલોની તેવણે મેહમાનદારી કરી હતી. અને છેલ્લી બોઅર લડાઇ દરમયાન જોહાનસબરગમાં રેહવાની એવણને ખાસ પરવાનગી મલી હતી. તેવણ ત્યાંનાં લોકોમાં બહુજ માનીતા હતા. ૧૮૮૪ માં મી૦ ઇ. પી. મેથરસે, કોમાટી નદીના કીનારા ઉપરના શેઠ દોરાબજીના સ્ટોરની જે મુલાકાત લીધી હતી તેનો હેવાલ તેવણે "ગોલ્ડન સાઉથ આફ્રીકા" નામનાં પોતાના પુસતકમાં આપયો હતો. ઘણે વરસે શેઠ દોરાબજી જોહાનસબરગમાં મી૦ મેથરસ આગળ ગયા અને એશીયાટીકોને લગતા જોહાનસબરગના કાયદામાંથી પોતાને મુકત કરાવવાની મી૦ મેથરસને અરજ કીધી. મી૦ મેથરસે સતાવાળાઓને ખુશીથી જણાવયું કે પારસી દોરાબજી એક આબરૂદાર વેપારી હતા. મરહુમે દક્ષીણ આફરીકાના સુધારા વધારામાં ધણો ભાગ બજાવ્યો હતો. અને સોનાનાં ખાણોવાળા જીલ્લાને તેની હાલની પંકતીએ લાવવામાં બીજાઓ જોડે એવણે પણ સારો હીસો આપયો હતો.

ઇરાની ખુશરૂ બીન મહેર એલાહબાદી "વકીલ ઉલ શેખરાય" ૬૩ વરસની વએ ગયા અંગ્રેજી મે માસમાં ઇરાંન તરફ (તા૦ ૨૧ મી જમાદીઉલ આખેરને દીને) ખઝવીન શેહેર આગળ શેઠ અરબાબ જમશીદની માલેકીના એક ગામમાં ગુજરયા હતા. તેમનું મરણ અકસમાતીક રીતે ઉંચાઇએથી નીચે પડવાથી નીપજ્યું હતું. મરહુમે ઇરાન મધે યઝ્દ તરફ પડતર પડેલી જમીનમાં નહેરનું પાણી જારી કરી તેને અબાદ બનાવી ગામ વસાવી તે ગામોને પારસીનાં નામ આપયા. એ રીતે પોતાના દીકરા અને બાપના નામથી બેહરામઆબાદ અને મહેરઆબાદ એવણે વસાવયાં હતાં. તેમજ નેહરોબી ખોદાવી હતી. એવા એવા લોક ઉપયોગી ધણા કામો કરી જરથોસ્તીઓ તેમજ મુસલમાનોને પોતાથી બનતી મદદ આપતા હતા. મરહુમ મી૦ ખુશરૂને ૨૬ વરસ સુધી

આઠ નવ ગામના ઝાબેત મેહેસુલ ઉઘરાવનાર કલેકટર) તરીકે ઇરાનની સરકારે નેમયા હતા. જે તરફ પારસીઓની વસતી હતી તે તરફ તેવણે પગાર વગર એ કામ કરવાની બાઠ બીડી અને એવણે જ્યાં સુધી ખુશીથી ઓઘો છોડયો નહીં તયાં સુધી તેપર ચાલુ રાખ્યા. તેવણે નવ વરસ થયાં ઉપલો ઓઘો છોડયો હતો. તેવણે પોતાના જાત ભાઇઓના ઉપર મેહેસુલ ઉઘરાવવામાં સખતાઇ ન પડે તેથી તે કામ પોતે ઉપાડી લીધું હતું. આશરે ૨૮ વરસ ઉપર શાહ નાશરૂદીનના છોકરાનો છોકરો શાહજાદો જલાલ ઉદ દઉલા જે વરસોવેર યઝદનો હાકેમ હતો તેમણે ઇસફહાનથી ત્યાં ઓઘો લેવા આવતા પહેલા મરહુમ ખુશરૂના મકાનમાં મુલાકાત લઇ માન આપયું હતું, ત્યાર પછી અનેક વખત શાહજાદાએ તેમને ઘેર મેહેમાન તરીકે ઉતારો લીધો હતો. પા સદી ઉપર શાહજાદા જલાલ ઉદ દઉલાની સીફારસપરથીજ વડા વઝીર (અઅઝમે) યઝદથી મરનાર ખુશરૂને બોલાવી બીટરૂટ રોપવા તથા ખાંડના કારખાના કહાડવા માટે તેહેરાનમાં રોકવા માગયા પણ એવણે તે ના પાડી તોબી તે વીશે પોતાની બનતી મદદ આપી તેથી તેમને ખલઅત બક્ષી રઇયતના વકીલનો ખેતાબ (વકીલ ઉલ રોખરાય) આપીને પોતાના વતન રવાના કીધા, એજ માફક શાહજાદા જલાલ ઉદ દઉલાએ જયારે યઝદમાં ૨૦ વરસ હકુમત ભોગવી તે દરમ્યાન મરહુમને અનેક વખત ખલઅત બક્ષી માન આપ્યું હતું.

શેઠ મનચેરશાહ ફરામજી આરીયા ધામન ખાતે રોજ ૬ ઠો માહા ૯ માને દીને મરણ પામ્યા હતા. મરહુમ મરીનલાઇનસ આગલની સોદાવાટરવાલાની અગીયારી નજદીકના જાણીતા તાલીમખાનાંના માલેક શેઠ ફરામજી આરીયાના બેટા થતા હતા. મી૦ મંચેરશાહ પોતાના પીતાની માફક તાલીમ અને પતાખાજીમાં એક્કા હતા અને તે ઉપરાંત પોતાના વીમાના ધંધામાં ઘણા આગળ વધ્યા હતા. તેવણ પોતાના ધંધા અર્થે ધામણગામ ગયા હતા, જ્યાં સખત ગરમીને લીધે માથે લોહી ચઢવાથી તેમનું એકાએક મરણ નીપજ્યું હતું. મરહુમનાં મરણ માટે એવણના કુટંબ ઉપર દીલાસા પત્ર મોકલવાનો ઠરાવ મુંબઇની થીયોસોફીકલ સોસાયટીની તા૦ ૨૦ મી મેને દીને શેઠ જહાંગીર જમશેદજી વીમાદલાલના પ્રમુખપણા હેઠળ મળેલી સભામાં પસાર કરવામાં આવ્યો હતો.

ડા૦ નવરોજજી બેહેરામજી દારાબશેઠ ૪૬ વરસની વયે રોજ ૬ ઠો માહ ૯ માને દીને મરણ પામ્યા હતા. મરહુમ ડા૦ નવરોજજીએ ૧૮૮૨ માં મેટ્રીકયુલેશનની પરીક્ષા અને ૧૮૯૬ માં બી. એલ. એમ. ની પરીક્ષા તથા પહેલી એલ. એમ. એંડ એસ. ની પરીક્ષા સાથે સાથે પસાર કરી હતી. એવણ ત્યાર પછી વધુ તબીબી અભ્યાસ માટે વીલાયત ગયા હતા અને ૧૮૯૨ માં એવણે ત્યાંની એલ. આર. સી. પી. એંડ એસ. વગેરે પરીક્ષા પસાર કરી હતી. ૧૮૯૮ નાં ફેબરવારી માસમાં ડા૦ નવરોજજી લંડન મધે બેકટીરીઓલોજી તથા સેનીટરી સાયન્સનો વધુ અભ્યાસ કરી પબલીક હેલ્થનો ડીપલોમાં મેળવી અત્રે આવ્યા હતા. ૧૮૯૮ ના ડીસેમબરમાં તેમને બેંગલોર મધે તબીબી ઓઘો મળયો હતો, અને તેવણ ત્યાંજ વસતા હતા. બેંગલોર મધે લેડી કરઝન આસ્પીટલને લગતું ઓરતો તથા બાળકો માટેનું એક દવાખાનું તેમના પીતા ડા૦ બેહેરામજીએ પોતાનાં ધણીઆણી બાઇ આવાંબાઇનાં નામથી બાંધવાને રૂ. ૫૦૦૦ સરકારમાં આપ્યા હતા. તે દવાખાનું ત્યાં ૧૯૦૪ માં ખુલ્લું મેલવામાં આવ્યું હતું. મરહુમ ડા૦ નવરોજજી દારાબશેઠનું મરણ મધરાસ ખાતે નીપજ્યું હતું. એવણ છેલ્લા બેંગલોર મ્યુનીસીપાલીટીના હેલ્થ ઓફીસરના ઓધા ઉપર હતા અને તબીયતના સુધારા અર્થે રજાપર ગયા હતા, તે દરમયાન મરણ પામ્યા હતા. એવણ થોડુંકપર જરમની મધે આંખના સપેશીએલીસટની સલાહ લેવા ગયા હતા.

મરહુમ શેઠ પેશતનજી જીવણજી મીસતરી તથા કંત્રાકટર ૮૪ વરસની વયે રોજ ૨૨ મો માહ ૯ માને દીને મરણ પામ્યા હતા. એવણ ઇસટ ઇંડીયા કંપનીના વખતમાં મનવારો બાંધવાના કામમાં ૧૫ વરસની નાની વયે શેઠ જહાંગીરજી વહાડયાના હાથ તળે નોકરીએ રહ્યા, બાદ મનવાર ઉપર સફર કરી આવ્યા હતા. એવણ પોતાની મનવાર સાથ મીસ્ત્રી તરીકે ૧૮૫૪ માં બરમાની લડાઇપર અને ૧૮૫૭ માં ઇરાનની લડાઇપર ગયા હતા. તે વેળા એવણે બજાવેલી સેવાઓ માટે સરકાર તરફથી ચાંદ મળયા હતા. ૧૮૬૩ માં અત્રેથી નેવી કાઢી નાખવાથી એવણ ૨૧ વરસ વેર સરકારી નોકરી બજાવી પેનશન ઉપર રીટાયર થઇ કંત્રાકટરનો ધંધો ચલાવવા લાગ્યા અને મુંબઇમાં લગભગ ૨૦ અને દેશાવરમાં ૪ મીલો બાંધી હતી. ઘણા વરસપર કોટમાં મોટા નવરોજજી વહાડયાજીનાં ઘરમાં લાગેલી આગમાં ધસી જઇ શેઠ વહાડયાના બે બેટાઓને બચાવ્યા હતા. વળી બરમાહમાં સ્ટીમર મથુસાને થયલી હોનારત વેળા એવણે દરીયામાં કુદી પડી કેટલાક જાનો બચાવયા હતા. મરહુમના સસરા શેઠ બેહેરામજી પેસતનજી પટેલના પુનસારૂં રૂ. ૧૦૦૦ ખરચી ઇગતપુરી મધે ૧૮૮૫ માં મરહુમે પોતાનાં ધણીઆણી બાઇ ખરશેદબાઇ સાથે એક સગડી બંધાવી આપી છે.

શેઠ ફરામજી ગુસતાદજી દલાલ ૭૨ વરસની વયે રોજ ૨૯ મો માહ ૯ માને દીને મરણ પામયા હતા. ૧૮૬૮ માં ઉભી થયલી વીકટોરીયા નાટક મંડળીના માલેકોમાં બીજાઓ જોડે મરહુમ બી એક હતા. એ નાટક મંડળીએ ઘણા સારા નાટકો કીધા હતા. ૧૮૫૮ માં જરથોસ્તી બાળકોની તનદરોસ્તીમાં વધારે સંભાળ કરવા તેમજ તેમને બદનની કસરત આપવા ચંદનવાડી મધે એક કસરતશાળા સ્થાપવામાં આવી હતી, તેનાં ફંડના લાભ માટે મરહુમ મી૦ કેખશરૂ નવરોજજી કાબરાજીએ બે રમુજી નાટકો કરાવ્યા હતા, તેમાં ભાગ લેનારાઓમાં બીજાઓ સાથ એવણ પણ હતા. મરહુમે ૧૮૭૦ થી શેર દલાલનો ધંધો કરવા માંડયો હતો. તેવણ દલાલ મંડળમાં સરવેથી મોટી ઉમરના તથા ઘણા લાયકીવાળા અને મીલનસાર સ્વભાવના હોવાથી સારૂં માન મેળવતા હતા. મરનાર આગળ ગાયન ઉતેજન મંડળી જે તેના જુના કસાયલા તથા આબરૂદાર ધંધાદારી ગ્રહસ્થોએ ભાગીદારીમાં ઉભી કરી લાંબો વખત નીભાવી હતી તેમાં એક આગેવાન ભાંગ્યા અને સારા એકટર હતા. મરનારનાં માનમાં શેર બજાર આખો દીવસ બંધ રાખવામાં આવ્યું હતું.

ડા૦ પેસતનજી નવરોજી પાવરી ૭૩ વરસની વયે રોજ ૨૧ મો માહ ૯ માને દીને મરણ પામ્યા હતા. ૧૮૬૧ માં અતરેની ગ્રાંટ મેડીકલ કોલેજમાંથી ડાકટરની પરીક્ષામાં પસાર થયા હતા. ૧૮૭૮ માં એવણ લોડજ રાઇઝીંગ સનમાં જોડાયા હતા. મરહુમે જામે જમશેદ મધે પોતાના તરફથી લખાયલી બાબદનો સંગ્રહ કરી તેનું "આતશની બુલંદી, એટલે બાહેરનો આતશ તથા ભીતરનો આતમા આતશ વચેનો અતલગનો સંબંધ" નામનું એક ગુજરાતી પુસ્તક ૧૮૮૬ માં અને તરવાનાં હુનરને લગતું ચોપાન્યું ૧૮૮૮ માં તથા "દુ:ખ નીવારણ" ને નામની ઇંગ્રેજી તથા દેશી વઇદાંને લગતી ચોપડી અને "કરણીનો કાયદો" નામની થીયોસોફીને લગતી ચોપડીઓ પ્રગટ કીધી હતી. એવણે જરથોશતી લગનોની મોતેબરી જાળવનારી મંડળી તરફથી તા૦ ૬ ઠી ડીસેમબર ૧૮૯૩ ને દીને "પઇસાની પઠણ કરીને પરણનારાઓની વાંધા ભરેલી ચાલ" વીશે એક ભાષાણ તેમજ જરથોસતી ધરમ તથા ક્રીયા ઉપર એતેકાદ વધરાવનારી મંડળી તરફથી પાંચ ભાશણો આપ્યાં હતાં. મરહુમ માંડવીપરના ખોજા સાજનભાઇ મેહેરઅલીવાળાં ધરમનાં દવાખાનાના છેલ્લાં ૪૦ વરસ વેર તબીબ હતા અને કોટના શેઠ રતનસી મુળજીવાળાં ધરમનાં દવાખાનાંના ૨૦ વરસ સુધી તબીબ રહી, ગયે વરસ જઇફીને લીધે ઓધો છોડયો હતો.

જાણીતા વીકાજી અને પેસતનજી મેહેરજીના ખાનદાનના નબીરા શેઠ દીનશાહજી જીવણજી પેસતનજી મેહેરજી ૭૩ વરસની વયે રોજ ૧૪ મે માહા ૯ માને દીને હેદરાબાદ ખાતે મરણ પામ્યા હતા. એવણ પોતાની જવાનીમાં નામદાર નીઝામની નોકરીમાં જોડાયા હતા અને ૩૩ વરસની ઉમરે દુવમ તાલુકદારનો ઓધો ભોગવતા હતા અને અંગ્રેજી, ફારસી તથા અરેબી ભાષાનું સારૂં ગ્નાન ધરાવતા હતા. આસરે ૪૦ વરસની વાતપર એવણને ભેજાંની બીમારી લાગુ પડવાથી બોલી શકતા નહીં હતા. એવણની લાંબી નોકરી અને પેસતનજી મેહેરજીના ખાનદાનની બીના ધ્યાનમાં લઇ નામદાર નીઝામના તે વેળાના વડા પ્રધાન સર સાલારઝંગે એવણને રૂ. ૨૦૦ નું પેનસન આપતું કરયું હતું.

અતરેના જાણીતા શેહેરી અને શ્રીમંત વેપારી શેઠ બમનજી એદલજી કાશીનાથ ૬૪ વરસની વયે રોજ ૨૧ મે માહ ૯ માને દીને નેપીયનસી રોડના પોતાના બંગલામાં મરણ પામ્યા હતા. એવણ સ્ટીમરો ઉપર દુબાશનો ધંધો કરતા હતા અને આપ બળથી વધ્યા હતા. ઓસ્ત્રીયન લોયડ સ્ટીમ નેવીગેશન કંપની તથા બીજી સ્ટીમર કંપનીઓના તેવણ કંત્રાકટર હતા. એવણના માનમાં ઓસ્ત્રીયન લોયડ કંપનીની હાઊીશ બંધ રાખવામાં આવી હતી. તેવણે એ ધંધામાં મોટી દોલત મેલવી તેમાંનો એક ભાગ મીલકતોમાં રોકયો હતો જેમાં તેવણનાં નસીબે સારી યારી આપી હતી. મરનાર ઘણા હીમતવાન હતા. તેનો દાખલો એ કે તા૦ ૨૪ મી નવેમબર ૧૮૭૫ ને દીને સવારના વાંદરેથી એક પારસી રવાનનો સચકાર દોખમે ચડાવી કેટલાક પારસીઓ ચાર પાંચ સીગરામમાં બેસી એક હારમાં ચલાવી કોટમાં પાછા ફરતા હતા તેવામાં ડંકન રોડને રસતેથી જગજીવન કીકા સ્ત્રીટ આગળ મુંબઇના નામદાર ગવરનરના માજી પ્રાઇવેટ સેક્રેટરી તથા પછવાડેથી થયલા અંડર સેક્રેટરી મી૦ ડબલ્યુ. લીવારનરે રસતો સાંકડો હોવાથી સામેથી આવતી એક ગાડી સાથે પોતાની ડોગ કારટનું ચાક અથડવાથી ચીરડાઇ જઇ ઉપલી પાયદસતથી આવતી શીગરામોમાંની એકના હાંકનારને ચાબુક મારયો. આ ઉપરથી તે શીગરામોમાં બેઠેલા પારસીઓ અને મી૦ લીવારનર વચ્ચે મારામારી થઇ ને કેટલાક પારસીઓએ મી૦ લીવારનરને લાકડી તથા છત્રીઓનો માર મારયો. મી૦ લીવારનરે આથી તે પાયદસત સાથે ગયલા ૧૬ પારસીઓને પોતાને માર મારવાનાં વાંકસર કોટની પોલીસ કોરટમાં મી૦ કુપર માજીસ્ત્રેટ હજુર ઉભા કીધા હતા જે મુકદમો છ દીવસ ચાલ્યો હતો અને તે દરમ્યાન ૧૩ જણાઓને માજીસ્ત્રેટે છોડી મેલ્યા હતા તથા બાકીના ત્રણ જણાઓમાંથી ઉપલા શેઠો બહમનજી એદલજી કાસીનાથ અને નશરવાનજી કાવશજી દુબાશને અકેક માસ તથા નાનાભાઇ એદલજી દુબાશને ચાર માસનાં કેદખાનાની સજા તા૦ ૧૩ મી ડીસેમબર ૧૮૭૫ ને દીને કીધી હતી. એ વેળાએ માજીસ્ત્રેટે જણાવ્યું કે "જોકે મી૦ લીવારનર ચાબુક મારવામાં વાજબી ન હતા અને તેટલા માટે તેણે દલગીર થવું જોઇએ છે તોપણ જેવી રીતનો હુમલો તેની ઉપર કરવામાં આવ્યો છે તેમ કરવું ન હતું." શેઠ બહમનજી પોતાના ધંધાની રૂએ પરદેશીઓના સમાગમમાં આવવાથી ફરેંચ ભાશા બોલવાનો સારો માહાવરો ધરાવતા હતા. તેવણ પોતાના ધંધાના વધારા માટે અનેક વાર યુરોપની મુસાફરીએ ગયા હતા. એવણે ઉડવાડા ખાતે જરથોસતીઓને ઉતારાનાં બંગલા બાંધેલા છે. તે ઉપરાંત ત્યાં જરથોસતીઓ સારૂ સેનેટરીયમ બંધાવવાનો મરનારનો ઇરાદો હતો. જેની જગા વીગેરેની તૈયારી થઇ ચુકેલી છે. મરહુમની ચાર દીવસની ઉઠમણા સુધીની ક્રીયા ઉડવાડા ખાતે કરવામાં આવી હતી.

ખા૦ બા૦ અરદેશર એદલજી તાતા ૬૯ વરસની વયે રોજ ૮ મે માહા ૯ માને દીને મરણ પામ્યા હતા. એવણ ૩૭ વરસ વેર નામદાર સરકારની નોકરી બાહોશીથી બજાવી

૧૯૦૫ માં પેનશન ઉપર રીટાયર થયા હતા. ૧૮૯૫ માં શેરસતાના વખતમાં છેક બુશાયર વેર રૂની ખરીદી માટે ગયા હતા. ૧૮૯૮ માં એવણ સરકારી કેમીસરીયટમાં બીજા વરગના ઇન્સપેકટર નેમાવાથી એ વેળા જે ચઢાઈ એબીસીનીયા જતી હતી તે સાથ એવણ ગયા હતા. એબીસીનીઆથી તેમને બરબેરા વગેરે મથકોએ ખાસ ડયુટી ઉપર જાનવરો ખરીદવા માટે નેમ્યા હતા. આ કામમાં તેવણને સંતોશ આપવાથી એવણ પહેલા વરગના ઇનસપેકટર નેમાયા હતા. એમને ખાસ કામ માટે જુલા બોલાવી મગદલાની રાણી તથા તેના બેટા પ્રીન્સ ઓલમો કાનસલો કેમેરીન અને રેસીન તથા બીજા જેમને આગલા રાજા થીઓડોર તરફથી કેદ પકડવામાં આવ્યા હતા, તેમને મરહુમ શેઠ અરદેશરના ચારજમાં સોંપ્યા હતા. બીજા કેટલાક નીમક ખાતાંમાં કામ કરયું હતું. ૧૯૦૬ માં એવણને ખાન બહાદુરનો ખેતાબ મલ્યો હતો. મરહુમે નીમક ખાતાંની તેમજ અફીમણની દાણચોરી પકડવામાં ઘણીજ હોશીયારી બતાવી હતી.

શેઠ કાવશજી જમશેદજી કાપડયા માસ્તર ૫૫ વરસની વયે રોજ ૧૫ મો માહ ૮ માને દીને મરણ પામ્યા હતા. મરહુમે જુદી જુદી વખતે ચાર ચાર સ્કુલો કહાડી ચલાવી હતી, તેમાં કેટલાકો સાથે ભાગમાં આલફ્રેડ હાઈ સ્કુલ અને મજગામ હાઈ સ્કુલ ચલાવી હતી, તે પછી ભાગમાં બોમબે હાઇ સ્કુલ અને છેલ્લે શેઠ કાવસજીએ "રીપન હાઇ સ્કુલ" કહાડી જે બે દાયકા સુધી ચાલી હતી અને તેમાં ખોટ જવાથી દશેક વરસ ઉપર બંધ કરી એવણ રીટાયર થયા હતા અને કોટની દાદીશેઠની અગીયારીમાં બેસી બંદગી કરવામાં મુખ્ય વખત કહાડતા હતા.

ડા૦ ધનજીશાહ રૂશતમજી તાતા ૪૮ વરસની વયે રોજ ૧૭ મો માહ ૧૦ માને દીને મરણ પામ્યા હતા. ૧૮૮૯ માં છેવટની તબીબી પરીક્ષા મરહુમે પસાર કરવા પછી તબીબી ધંધો કરવા લાગયા હતા. એવણ હીપનોટીઝમ મારફતે પણ દરદો સાજા કરવાનો હુનર જાણતા હતા. તેવણ કેટલાક વરસ અત્રેની મયુનીસીપાલીટીના વઇદક ખાતાંમાં તબીબ તરીકે રહયા હતા. ત્યાર બાદ તેવણની આંખની રોશની ઝાંખી પડતી ગઈ હતી. એવણ દારૂના એક કટ્ટા વેરી હતા અને અત્રેની ટેમપરંસ એસોસીએશનના કામમાં ઉલટમંદ ભાગ લેતા તથા તેના તેવણ એક અધીકારી હતા. મરહુમે અત્રે અનેક ભાશણો આપયાં હતાં. જાનેવારી ૧૮૯૭ ના લંડનના 'ધી આબકારી' નામના ચોપાનીયાં મધે તેમની તસવીર તથા હેવાલ પ્રગટ થયો હતો. મરહુમ ડાકટર ઈંગ્રેજી ગાયનનો બહુ શોખ ધરાવતા હતા અને અનેક મોટા ધરમાદા કોનસરટમાં પોતાની મદદ ગાનાર તરીકે આપતા જયાં તેમનો મોટો (બેઝ) અવાજ વખાણ પામતો હતો.

શેઠ રૂશતમજી દાદાભાઈ કલ્યાણીવાળા ૮૫ વરસની વયે રોજ ૧ લો માહ ૧૦ માને દીને કલ્યાણીમાં મરણ પામ્યા હતા. એવણ છેલ્લા ચાર દાહેકાવેર કમનસીબે આંખે અપંગ રહયા હતા. મરનાર પોતાની જવાનીમાં ઉરન, પનવેલ, કલ્યાણી, ભીવંડી, થાણા વગેરે મથકોના આબકારી કંત્રાકટ ધરાવતા તથા તે સાથ ચોખાનો વેપાર મોટા પાયા ઉપર કરતા હતા. મરહુમ શેઠ રૂસતમજીના એકપુરા બેટા શેઠ નવરોજજીએ અજમેર મધે સરઅવસરે કીયા કામ માટે તથા મોબેદોને રહેવા માટે મકાન બંધાવવા માંડયું હતું. તેટલાં તેવણ પંદર વરસ ઉપર કોલેરાના દુશ્ટ રોગથી મરણ પામ્યાથી એમના બાવા મરહુમ શેઠ રૂસતમજીએ પોતાના બેટાના પુનય માટે તે મકાનમાં દાદગાહને પોતાને ખરચે પરથાવી પોતાની પુંજીમાંથી તેના સુખડ કાઠીનો ખરચ કરતા હતા અને તે હવે પછી પોતાના પઉત્ર શેઠ કુંવરજી નવરોજજીને ચાલુ રાખવાને ફરમાવી ગયા છે. મજકુર દરેહમેહેરનું મકાન મરહુમ

શેઠ નવરોજજીએ પોતાની કંપનીના મરહુમ શેઠ ફ્રરામજી નવરોજજી બાન્નાજી કલીયાણી-વાળાના પુણને માટે બંધાવી આપયું હતું. એ દરેહમેહેર તા૦ ૨૧ મી જુલાઈ ૧૮૯૮ ને દીને પરથાવવામાં આવી હતી જે વેળા તે મધે પવીત્ર આતશના કેબલાને તખતનશીન કરવાની ક્રીયા મરહુમ દસતુર હોશંગ જામાસપે કરી હતી. ઉપલો આતશ દાદગાહનો કેબલો મરહુમ શેઠ નવરોજી રૂસતમજીના પુન માટે તેમના મરહુમ પીતાજી રૂસતમજીએ તખતનશીન કરાવયો હતો.

શેઠ ખરશેદજી આદરજી અડગરા અથવા સ્ટેશન માસ્તર ૬૮ વરસની વયે રોજ ૩ જે માહા ૧૦ માને દીને મરણ પામ્યા હતા. એવણુ ૧૮૬૫ માં બરોડા રેલ્વેની ત્રાફીક મેને-જરની આફીસમાં મદદનીશ તરીકે નોકરીએ જોડાયા હતા. ત્યાંથી ૧૮૬૮ માં ચરનીરોડના, ૧૮૬૯ માં મરીનલાઈનસના, ૧૮૭૧ માં ચરચગેટના, ૧૮૭૩ માં કોલાબાના સ્ટેશન માસ્તર નેમાયા હતા, અને પાછળથી ૧૮૭૪ માં ચરચગેટ સટેશનપર નેમણુક કરવામાં આવી હતી. જે સટેશનપર ૩૨ વરસ ચાલુ રહયા હતા. એવણે ઉતારૂ પ્રજા તેમજ રેલ્વે કંપનીને પોતાની સભ્યતા, લાયકી તથા ઇમાનદારીથી પુર સંતોશ આપ્યો હતો. બબે વેળા રેલવેવાળાઓએ તેમની બદલી કરવા માંગી ત્યારે ઉતારૂ પ્રજાએ તે સામે અરજી કરી તેમને ચરચગેટના સ્ટેશનપર કાયમ કરવાને આગ્રહ કરયો હતો. મરહુમ નોકરીપરથી રીટાયરડ થયા ત્યારે તેમની લાંબી સેવાની ઘટતી કદરનાસી કરવા માટે તેમને એક પરસ આપવા માટે એક ફંડ ઉભું કરવામાં આવ્યું હતું. એ ફંડમાંથી તેમને પરસ તથા ફલાવરવાઝો ભેટ આપવાનો મેળાવડો તા૦ ૨૭ ડીસેમબર ૧૯૦૬ ના દીવસે શેઠ ત્રીભોવનદાસ મંગળદાસના બંગલામાં ખા૦ બા૦ મનચેરજી કાવસજી મરઝબાનનાં પ્રમુખપણાં હેઠળ કરવામાં આવયો હતો. એ બરોડા રેલવેના જનરલ ત્રાફીક મેનેજર મી૦ ક્રોમલીએ મરહુમની સેવાનાં વખાણુ કીધાં હતાં. એ ફંડમાં એકંદર રૂ. ૪૫૪૨ ભરાયા હતા. વળી રેલવે કંપનીએ પણ મરનારની કદર બુજી તેમને છ મહીનાના પગારની બક્ષેશ આપી હતી. ૧૯૦૭ ની તા૦ ૨૭ મી જાનેવારીએ બરોડા રેલવેના જુદાં જુદાં સટેશનોના સટાફે શેઠ ખરશેદજીને આપાબાગ મધે ખાણું આપ્યું હતું.

સુરતના વતની શેઠ ધનજીશાહ દાદાભાઈ વહાડીયા ૬૮ વરસની વયે રોજ ૨૭ મો માહ ૯ મા ને દીને સહવારે એકાએક સુરતમાં મરણ પામ્યા હતા. મરનાર શેઠ ધનજીશાહ આગળ રજપુતાનામાં સરકારી નોકરી ઉપર હતા. તેમને દર માસે રૂ. ૨૯ નું પેનશન મળતું હતું. મરનારને વીસ વરસ ઉપર સુરતની પારસી પંચાયતની આફીસમાં તે વેળાના સરનશીન મરહુમ ડાકટર બેહેરામજી પેસતનજીએ નોકરી ઉપર મેહેતાજી તરીકે રાખ્યા હતા. પ્રેકટીકલ મેન તરીકે પોતાના ઈંગ્રેજી, હીસાબી, પત્રવહેવાર વગેરે ઉમદા ગ્નાન અને કામ કરવાની ઉલટ અને બાહોશીથી મરનારે પોતાના ઉપરી મેનેજર સાહેબોનો સારો વીશવાસ ને વીચાર મેળવ્યો હતો. મરહુમનાં ઉઠમણાની ક્રીરીયા સુરતની પંચાયતની ધરમશાળામાં થયા પછી દસતુરજી સાહેબ રૂસતમજી જમશેદજીએ મરનાર શેઠ ધનજીશાહની કામ કરવાની બાહોશી, ઈંગ્રેજી, હીસાબી, કોરટ દરબાર વગેરે સારા ગ્નાનની, ધરમખાતાંને કરેલા ફાયદા માટે વખાણુ કરી મરનારના રૂહની શાંતી માંગીને પંચાયતના મેનેજર સાહેબો તરફનો સુચીપત્ર વાંચી સંભળાવીઓ કે મરનારે પંચાયતના મેહેતાજી તરીકે ૨૦ વરસ સુધી કાળજી પુરવક સખત નોકરી કરેલી હતી. પંચાયતની બોરડના સરનશીન ખા૦ બા૦ બર-જોરજી નશરવાનજી વકીલે મરનારનાં પુન માટે તેમનાં ચાહરમને દીવસે સુરત પારસી ઓરફનેજના છોકરાઓને રૂ. ૪૦ ના ખરચે બે વખત જમાડયા હતા અને દર વરસે મરનારની બાજને દીવસે સદરહુ છોકરાઓને ફંડમાંથી જમાડવાનો ઈરાદો જાહેર કરયો હતો. સુરતની પંચાયતના મેનેજર સાહેબોએ મરનારનાં પુન માટે રૂ. ૨૦૧ નસેસાલારનાં ફંડમાં

તથા સુરત પારસી ઓરફનેજના સખી સ્થાપક શેઠ રૂસતમજી મીનોચેરજી કુકાએ ઓરફનેજનાં ફંડમાં રૂ. ૨૦૧ મરનારનાં પુન માટે ભરયા હતા.

મરહુમ શેઠ માણેકજી નવરોજજી દારૂવાળા ૬૮ વરસની વયે રોજ ૨૪ મો માહા ૧૦ માને દીને મરણ પામ્યા હતા. મરનાર એક ગરીબ સથીતીમાંથી આગળ વધી આપબળથી દારૂના ધંધામાં પાંચ પઇસા મેળવયા હતા. દુકાળ સમયે કાઠીયાવાડી દુકાળયાંઓને તેમજ સેંકડો પારસી ગરીબ વીધવાઓને અનાજ વસ્ત્રની મદદ કરતા હતા. તેમજ ગરીબ છોકરીઓને પરણાવી પણ આપતા હતા. નવસારી કે જ્યાં એમનો જનમ થયો હતો ત્યાં તથા બીજા ગામોમાં પણ ગરીબ પારસીઓને અનાજ તથા વસ્ત્રની મદદ જીંદગીની છેવટ સુધી પુગાડતા હતા. રાનકુવા મોજે ઓલીમોરામાં જંગલોમાંથી આવતાં ગાયઢોરો પાણી વીના ટવળતાં હતાં તેઓ માટે મરનારે એક હવાડો બંધાવી આપી તેને નીભાવતા હતા. મરનારને હકીમાનું ગ્નાન હોવાથી કોલેરાના ઉપદરવ વેળાએ ઘણા ગરીબ માણસોના જીવ બચાવયા હતા. મરનારની પાયદસત વેળાએ ચીરાબજારના કેટલાક હીંદુ મુસલમાન દુકાનદારોએ પોતાની દુકાનો બંધ કરી માનની લાગણી દેખાડી હતી.

મુંબઇના જાણીતા અને નામાંકીત પરોપકારી ગ્રહસ્થ તથા જાહેર લેખક શેઠ બેરામજી મેરવાનજી મલબારી, ૫૯ વરસની વયે રોજ ૨ જો માહા ૧૧ માને દીને હરદય બંધ પડી જવાથી સીમલામાં ગુજરયા હતા. એવણ એ દીને સાંજે પુર તંદરોસ્ત હતા, અને ખાણું લીધા પછી રાતના ૧૦ વાગતે અચાનુચ મરણ પામ્યા હતા. તેવણનાં મરણથી સીમલામાં સઘળે ઉદાસી ફેલાઇ હતી. મેસરસ ફ્રામજીની કંપનીનાં વડપણ હેઠળ સીમલાના પારસીઓની નાની સંખ્યાએ એવણની પાયદસત સંબંધી ગોઠવણો કરી હતી. સીમલામાં દોખમું નહી હોવાથી બટાગામની નજદીક પારસી કબ્બસતાન છે ત્યાં બીજે દીને પાયદસત ક્રીયા થઇ હતી. એ ક્રીયામાં નામદાર વાઇસરાય તેમજ વડી ધારાસભાના સભાસદોએ હાજરી આપી હતી. શરૂઆતમાં બોથવેલ લોજમાં ક્રીયા કરવામાં આવી હતી. સીમલા ખાતે વસતા પારસી ગ્રહસથો મી૦ એચ. ફરામજીની સાથે લાશ ઉંચકી ચાલ્યા હતા, અને કેટલીક પારસી બાનુંઓ પણ રીકશાઓમાં બેસીને પાયદસ્ત પાછળ ગયાં હતાં. પાયદસ્તમાં ભાગ લેનારાઓમાં નીચલાં મુખ્ય હતાં.-સર લુઈ અને લેડી ડેન, આ૦ મી૦ અલી ઇમામ, આ૦ મી૦ મેકલેગન, રાજા સર હરનનસીંહ, પંડીત મદન મોહન માલવી, આ૦ સરદાર સુંદરસીંહ, સરદાર જોગેંદરાસીંહ વગેરે. નામદાર વાઇસરાય તરફથી સર ડુબોલે અને વડા સેનાપતી તરફથી કેપટન હેનડરસન એ. ડી. સી. પાછળ ચાલતા હતા. સીમેટરીમાં છેલ્લી ક્રીયા મેસરસ ખરશેદજી કોટવાલ અને જસાવાળાએ કરી હતી. મરહુમના મીત્રો અને વખાણનારાઓ તરફથી અસંખ્ય ફુલોના સુંદર હારો મુકવામાં આવ્યા હતા. તેમાંથી મુખ્યતવે કરીને નામદાર વાઇસરાય અને લેડી હારડીંગ, ગવાલીઅર અને બીકાનેરના મહારાજા તેમજ બીજા સરદારોએ સુંદર હારો મોકલાવ્યા હતા. મરહુમની લાશ લઇ જવાને ક્રાઇસટ ચરચવાળાઓએ ગાડી વાપરવા આપવાથી ત્યાંના પારસીઓએ એક ઉઘરાણું કરી રૂ. ૫૧ એ ચરચના ફંડમાં આપ્યા હતા. એવણનાં મરણને માટે ખેદ દરશાવનારા અને દીલાસાના અસંખ્ય તારોના સંદેશા મલ્યા છે. નામદાર શેહેનશાહ અને શેહેનશાહબાનુંએ નામદાર વાઇસરાય ઉપર તારનો સંદેહસો મોકલી પોતાનો ખેદ જાહેર કરી કુટુંબ તરફ દીલસોજીની લાગણી દેખાડી હતી તેમજ નામદાર વાઇસરાય લોરડ હારડીંગે એક લંબાણ પત્ર લખીને મરહુમ લોકહીતકારીક નરની કારકીર્દીના અને દેશની તેઓએ બજાવેલી સેવાના ભારે વખાણ કરયાં છે તેમજ મરહુમનાં કુટુંબ તરફ દીલાસો જાહેર કરયો છે. વળી મરહુમના મરણ માટે તા૦ ૧૨ મી જુલાઇએ મળેલી મુંબઇ

યુનીવરસીટીની સેનેટની સભામાં દલગીરી બતાવવામાં આવી હતી. તેમજ મુંબઇની પીપલસ ફ્રી રીડીંગ રૂમ અને લાયબ્રેરી મરહુમના માનમાં બંધ રાખી હતી. મરહુમનું ઉઠમણું મુંબઇમાં, વાંદરા ખાતે તથા સીમલામાં તેમજ વડોદરાની શેઠ શીરવઇવાળી ધરમશાળામાંબી થયું હતું. મરહુમ શેઠ બેરામજીનો જનમ વડોદરામાં થયો હતો અને એવણુની બે વરસની વયે પીતાજી ગુજરવાથી એવણુના માતાજી સાથ સુરત ગયા હતા. મરહુમે પોતાની બચપણીનો વખત ઘણો ગરીબાઇમાં કાઢયો હતો. એવણે ૧૮૭૨ માં મેત્રીકની પરીક્ષા પસાર કીધી હતી. મરહુમે ગુજરાતી ભાષામાં સારી કવીતાઓ લખી હતી એટલુંજ નહીં પણ ઈંગ્રેજી ભાષામાં પણ એઓએ પુષ્કળ કવીતાઓ લખી છે, જે કવીતાઓ પણ સારી પ્રસંશા પામી છે. ઈંગ્રેજી ભાષા ઉપર તેઓએ સારો કાબુ મેળવ્યો હતો. નીતી વીનોદ, વીલસન વીરહની ગુજરાતી કવીતાની ચોપડીઓ અને અંગ્રેજીમાં Indian Muse in English Garb નામની કવીતાની ચોપડી તથા સરોદે ઇતેફાક નામનું તથા ગુજરાત અને ગુજરાતીસ નામનું પુસ્તક તેમજ બીજા ઘણાં પુસતકો છપાવી પ્રગટ કીધાં હતાં. ૧૮૭૯ થી ઇનડયન સપેકટેટર નામના અઠવાડીક અંગ્રેજી વરતમાન પત્રના એવણુ માલેક થયા હતા, અને એ પત્ર મરહુમે પોતાના મરણ સુધી ઘણી બાહોશી તેમજ ચાલાકીથી ચલાવ્યું હતું. આજે પણ એ પત્રના મધ્યમસરના ઝમકદાર લખાણો ઘણા વખણાય છે. ૧૮૮૩ માં શેઠ દાદાભાઇ નવરોજી સાથ વોઇસ ઓફ ઈંડિયા નામે માસીક ચોપાન્યું પ્રગટ કરવા માડયું હતું જે પાછલથી અઠવાડીક થઇ ઇનડયન સપેકટેટર સાથ જોડાઇ ગયું હતું તેમજ ૧૯૦૧ થી મરહુમે ઇસ્ટ એંડ વેસ્ટ નામનું માસીક પ્રવરતાવવા માડયું હતું જે હજી ચાલુ છે. આ દેશમાં વાઈસરોય તરીકે લોર્ડ રીપને જે ભલાં કામો કર્યાં હતાં તેને મદદ કરવામાં એવણુનો આગેવાન હાથ હતો અને ત્યારથી આ દેશના સતાવાળામાં મરહુમનું નામ સારી રીતે જાણીતું થયું હતું. ૧૮૮૭ માં મરહુમ મુંબઇની યુનીવરસીટીના ફેલો અને સુલેહના અમલદાર નેમાયા હતા અને ૧૯૦૦ માં કયસરે હીંન્દનો સોનાનો ચાંદ દુકાળ વેળાએ બજાવેલી તથા બીજી જાહેર સેવાઓ માટે મલ્યો હતો. વળી મરહુમને મુંબઇના ગવરનર લોર્ડ રેએ શેરીફનો ઓધો આપવા માગયો હતો અને પાછલથી વાઇસરાય લોરડ કરઝને સર નાઇટનો ખેતાબ આપવા માગયો હતો પણ મરહુમે એ બંને લેવાની ના પાડી હતી. ૧૮૯૨ થી ૧૮૯૭ સુધીનાં પાંચ વરસમાં મરનાર ચાર વખત ઈંગલંડની મુલાકાતે ગયા હતા. મરહુમે સીમલા તરફ જવાના રસ્તા ઉપર ધરમપોર ખાતે ખઈના દરદીઓ માટે એક સેનીટેરીયમ મોટા પાયા ઉપર સ્થાપવા માટે ભારે જેહેમત ખેંચી છે. વળી દેશી બાનુઓને ઉદયોગી તથા ઉપ્યોગી બનાવવા માટે અત્રે તેવણુની આગેવાની તથા કારસાજીથી "સેવા સદન" સ્થાપવામાં આવ્યું છે. મરહુમે ૧૮૮૮ માં સુરતની સર જમશેદજીવાળી છોકરીઓની સ્કુલને રૂ. ૫૦૦ અને ત્યાંની મીસન સ્કુલને રૂ. ૫૦૦, અત્રેની વીકટોરીયા જુબીલી ટેકનીકલ ઇનસટીટયુટના સંબંધની રીપન ટેક્ષટાઇ સ્કુલને રૂ. ૧૫૦૦, અને ગ્રાંટ મેડીકલ કાલેજને રૂ. ૫૦૦ તથા આબુ ખાતેની લારેન્સ સ્કુલને રૂ. ૬૦૦ ઇનામો આપવા માટે આપ્યા હતા.

ડા૦ જહાંબક્ષ રૂસતમજી થાણેવાળા ઘોડેસવારીના અકસમાતનો ભોગ થઇ પડી રોજ ૬ ઠો માહા ૧૧ માને દીને ૪૪ વરસની વયે મરણ પામ્યા હતા. એવણુ ફરવા નીકળેલા ત્યારે ઘોડો એકાએક ચોંકી નાહસવા લાગ્યો, અને ડાકટર જેહાંબક્ષ ઘોડા ઉપરથી રસ્તાપર પટકાઇ પડવાથી તેવણુનું માથું ફાટી ગયું, અને તરત મરણ પામ્યા હતા. મરહુમ ફોરટ હાઇ સ્કુલમાંથી મેત્રીક થઇ મુંબઇની ગ્રાંડ મેડીકલ કાલેજમાં જોડાયા હતા જ્યાં એવણે હેરીસ સ્કોલરશીપ મેળવી હતી તેમજ ૧૮૯૧ માં એલ. એમ. એન્ડ એસ. ની તબીબી ડીગ્રી મેલવી ચારલસ

મોરહેડ પ્રાઇઝ તથા સર જમશેદજીવાળો સોનાનો ચાંદ જીતી ગયા હતા. કેટલોક વખત સુધી મુંબઇમાં તબીબ તરીકે પ્રેકટીસ કરવા પછી તેવણે વાંકાનેર, રાજકોટ અને પોરબંદરના દેશી રાજ્યોમાં વડા તબીબી અમલદાર તરીકે નોકરી બજાવી હતી, અને આશરે બાર વરસપર મુંબઇ પાછા ફરી મેસરસ એન. એન. વાહડયા એન્ડ સન્સની મીલોનાં દવાખાનાના તબીબ તરીકે પોતાના મરણની છેલ્લી ઘડી સુધી નોકરી બજાવી હતી.

બરમાના એક જાણીતા બેરીસ્ટર શેઠ જમશેદજી ફરામજી કેખશરૂ બનાજી પ્રોમ ખાતે કોલેરાના કાતીલ રોગનો ભોગ થઇ પડી ૩૭ વરસની જવાન વયે રોજ ૫ મો માહા ૧૧ માને દીને મરણ પામયા હતા. મરહુમે વીલસન કોલેજમાં કેળવણી લઇ ૧૯૦૩ માં વેલાત જઇ ૧૯૦૬ માં બેરીસ્ટરની પરીક્ષા પસાર કીધી હતી. મરનાર ૭ વરસની વાત ઉપર મુંબઇથી બરમાહ ગયા હતા અને બેરીસ્ટર તરીકે પ્રેકટીસ કરવા લાગયા હતા.

સુરતના નાનપરાના રહેનાર શેઠ નશરવાનજી ખરશેદજી સાહેર ૪૮ વરસની વયે પાઠ પાઠાંની બીમારીમાં રોજ ૧૮ ગો માહા ૧૧ માને દીને સુરત ખાતે મરણ પામયા હતા. મરનાર સુરતમાં કનફેકશનર, હોટલકીપર અને એસટેટવાળા તરીકે જાણીતા હતા. મુંબઇના ધોબીતળાવ ઉપર તેમની બેકરીની બ્રાંચ છે. મરનાર પોતાનાં બે છોકરાઓ નામે માણેકશાહ તથા જહાંગીરશાહનાં મરણ પછી ખરેખરાં સખાવતનાં કામો જેવા કે કુવાઓ, પાણીના હવાડા, ગરીબોમાં અનાજ કપડાં વગેરેની મદદ આપવામાં જાણીતા થયા હતા. મરનાર પોતાની પાછળ એક ભાઇ નામે મી૦ અરદેશર ખરશેદજી તેલાટને મુંબઇના આરયન ફાઉન-ડરીવાળા તથા બે છોકરી અને એક છોકરો તથા સારી મીલકત મેલી ગયા છે.

મરહુમ શેઠ ફરામરોજ શાપુરજી માદન તથા દલાલ ૨૪ વરસની વયે રોજ ૧૫ મો માહ ૧૧ માંને દીને મરણ પામ્યા હતા. એવણ ૧૯૦૩ માં મેત્રીક થઇ ફરેંચ ભાશામા સરવેથી ચહડતી મારક મેળવવા માટે સરકલ લીડરેર બીબલીઓથેક દીનશાહ પીટીટનું ઇનામ મેળવયું હતું. એવણે સેંટ ઝેવીઅરસ કોલેજમાં જોડાઇ ૧૯૦૪ માં પી. ઈ. થઇ તવારીખ માટેનું ક્રાયર બોકલ પ્રાઇઝ મેળવ્યું હતું અને ૧૯૦૭ માં બી. એ. થઇ પાછું ફરેંચ ભાષામાં ઉપલું સર દીનશાહ પીટીટને નામનું ઇનામ મેળવ્યું હતું. ૧૯૦૮ માં પુનાની સાયનસ કોલેજમાં જોડાઇ ત્રણ વરસ સકોલરશીપ મેલવી ૧૯૦૯ માં બીજી સીવીલ એન-જીનીયરીંગની પરીક્ષામાં બીજા આવ્યા હતા અને ૧૯૧૧ માં એ કોલેજના ફેલો નેમાયા હતા. ગયા ડીસેમ્બર માસમાંજ ત્યાંની છેવટની એલ. સી. ઈ. પરીક્ષા પસાર કરી અત્રે બરોડા રેલવે મધે નોકરીએ લાગ્યા હતા તેટલાં તેવણ થોડાજ માસમાં ગુજરી ગયા હતા.

મરહુમ શેઠ અરદેશર દોરાબજી તારાપોરવાળા ૬૯ વરસની વયે રોજ ૨૨ મો માહા ૧૧ મા ને દીને મુંબઇમાં મરણ પામ્યા હતા. મરનાર એક અનુભવી, અને દુરઅંદેશ ગ્રહસ્થ હતા. મરનારના પીતાનાં મરણ પછી મરહુમને તારાપોરની અનજુમને પોતાના એક ત્રસટી તરીકે એકમતે ચુંટી કાઢયા હતા, જે ઓધો મરહુમે પોતાની હઇયાતી સુધી ભોગવ્યો હતો. તારાપોરની અનજુમનને લગતા કેટલાક બીકટ સવાલો મરહુમની દુરઅંદેશીથી આસાન પાર ઉતરવા પામ્યા હતા. એવણે પોતાની જવાનીનો મોટો ભાગ આબકારી કંત્રાકટો લેવામાં ગુજારયો હતો. જેમાં તેમની કંપનીને પાછળથી કેટલીક ખોટ ખમવી પડી હતી. તે પછી તેવણ મુંબઇ જઇ વસ્યા હતા અને મ્યુનીસીપલ કંત્રાકટનાં કામોમાં પડયા હતા, જેમાંથી મરહુમે પાછલી જીંદગીમાં સારી પુંજી મેળવી હતી. એમના મરણથી તારાપોર કસબાએ એક દીલસોજ દોસ્ત, એક સાચો અને ખાલેસ દીલનો ખેરખાહ તથા એક આગેવાન અકાબર ખોહયો છે.

મરહુમ શેઠ બમનજી ભીખાજી કુપર અથવા મેહેરજીના ૬૬ વરસની વયે રોજ ૧૮ મો માહા ૧૧ મા ને દીને મરણ પામ્યા હતા. મરહુમે પોરટ ત્રસ્ટની ત્રાફીક સુપ્રીંટેન્ડેન્ટની ઓફીસમાં નોકરી કીધી હતી પણ પોતાની તબીયત નાદરૂસ્ત રહેવાથી લાંબા વખત થયા પોરટ ત્રસ્ટનું ઇનવેલીડ પેનશન મેલવી પોતાના બાવાની ઇસ્ટેટોના કામકાજમાં પડયા હતા. એવણુ જરથોસતી ધરમ અને ક્રીયા ઉપર એતેકાદ વંધરાવનારી મંડળીના ખજાનચી તથા ખેતવાડીના જરથોસ્તી અનજુમનના ફંડોના ૧૯૦૧ થી ત્રસ્ટી નેમાયા હતા. ખેતવાડીના મરહુમ કાવસજી શરાફના ધરમખાતાં હસ્તકના હોરમજ બાગના મેનેજીંગ ત્રસ્ટી હતા અને એવણુની દેખરેખ હેઠળ એ બાગના કમ્પાઉન્ડમાં એક ધરમની ચાલી બંધાઇ છે. એવણ પોતાના બાપીકા ભાઠા ગામને લગતાં કામોમાં ઉલતથી ભાગ લેતા હતા.

મઉના દસ્તુરજી સાહેબ ખુરશેદજી જમશેદજી જામાસ્પઆશા ૮૧ વરસની વયે રોજ ૧૫ મો માહા ૧૧ મા ને દીને મઉ ખાતે મરણ પામ્યા હતા. મરહુમનો જનમ નવસારીમાં ૧૮૩૧ ની તા૦ ૨૬ મી નવેમબરે થયો હતો. મરહુમે પોતાના પીતાના હાથ હેઠળ યોજદાથ્રેગીરીની તાલીમ લેવા સાથ જંદ, પેહેલવી, ફારસી અને સંસકરતનો અભ્યાસ કરયો હતો. નવસારીની વડી દરેમેહેરમાં કેટલાક વરસ સુધી યોજદાથ્રેગીરીનું કામ કીધા પછી ૧૮૫૭ માં પુણે જઇ ત્યાંની મરહુમ શેઠ સોહરાબજી પટેલની દરેમેહરમાં નીરંગદીન અને વરશગો મરાતબ કરવાની ક્રીયા એવણે મરહુમ દસતુર નોશેરવાનજી જામાસ્પજીનાં ઉપરીપણાં હેઠલ કરી હતી અને એજ દરેમેહરમાં દસતુરજીના હાથ હેઠળ યોજદાથ્રેગીરીનું કામ એ દાહેકા સુધી ચલાવ્યું હતું. મુંબઇની સર જમશેદજી જીજીભાઇ મદરેસામાં મરહુમે જંદ અને પેહેલવી ભાશાઓનો અભ્યાસ આગળ વધારયો હતો. તા૦ ૧૪ મી ડીસેમબર ૧૮૬૩ ને દીને ડાકટર હોગ અને સરદાર દસતુર હોશંગજી જામાસપજી જરથોસતી ધરમના પુરાણા પુસ્તકોની શોધખોલ કરવા ગુજરાતની મુસાફરીએ નીકલ્યા હતા ત્યારે એવણુને પોતાના મદદગાર તરીકે સાથે લીધા હતા. મરહુમે આશીરવાદનો તરજુમો તથા ૧૮૭૧ માં ફેહરસતની કેતાબ છપાવી હતી તેમજ વંદીદાદ, મોનાજાતો વગેરેના ફારસી કવીતામાં ગુજરાતી તરજુમા કીધા હતા. તા૦ ૩૧ મી મે ૧૮૭૫ ને દીને એવણુના બાવાજીનાં ઉઠમણાની મીજલસમાં નવસારીની અંજુમને એવણુને તેવણુની જગાએ ત્રીજી ખુરસીના દસતુર ઠેરવ્યા હતા. મરહુમ ૧૮૭૭ માં મઉના દસ્તુર નેમાયા હતા, અને તે ઓધો પોતાની હયાતી સુધી ચલાવ્યો હતો. ૧૮૮૪ માં રતલામના રાજા સર રણજીતસીંગને આપણા ધરમની માહીતી મેળવવાની ખાહેશ થવાથી મરહુમને બોલાવી ધરમને લગતી કેટલીક બાબદો જાણી હતી. તેમજ ધારના રાજા સર આનંદરાઓને પારસી ધરમની કેટલીક ક્રીયાઓ હીંદુ ધરમના ક્રીયાકામોના મુકાબલા સાથ કરી દેખડાવી હતી અને બીજે દીને પોતાને મુકામે બોલાવી એ દસતુરજીને શાલ અને બીજી કેટલીક કીમતી ભેટો આપી હતી. સતારા, જાલના, ઇગતપુરી, મઉ, ઇંદોર, અજમેર, આબુ અને નીમચ વગેરે ઠેકાણે દરેમેહેરો તથા દુખમાઓ પરથવાની ક્રીયા પોતે કરી હતી તથા પોતાની દેખરેખ હેઠળ કરાવી હતી. મઉની ઝોરાસ્ત્રીયન સ્કુલની મેનેજીંગ કમીટીના એવણુ મેમબર હતા. મરહુમની થયલી ઉઠમણાની ક્રીયા વખતે મરહુમનું નામ ભણતરમાં દેવાનો ઠરાવ થયો હતો. મઉના દસ્તુર તરીકે મરહુમની જગાએ દસ્તુર નોશીરવાન તે પુણાવાલા સમસુલઓલમા સરદાર દસ્તુર કેકોબાદના બેટાને નેમ્યા હતા. જેવણુ હાલ મુંબઇમાં કોલેજનો અભ્યાસ કરે છે જે પુરો થતાં એવણુ પોતાનો ઓધો લેવા ત્યાં પધારશે.

મરહુમ શેઠ એરચજી એદલજી માદન ૫૬ વરસની વયે રોજ ૨ જો માહા ૧૨ માને દીને મરણ પામ્યા હતા. મરહુમનો જનમ તા૦ ૨૦ મી સપટેમબર ૧૮૫૬ ને દીને થયો

૫૪–પુણા–કાંપ...	સર જમશેદજી જીજીભાઈ (પેહલા) બારોનેટ	૩	૩	૧૨૧૪	,,
૫૫–પુણા ...	...કદમી અને શેહનશાહી અંજુમનને ખરચે...	૩	૩	૧૨૬૩	કદમી.
૫૬–બડનેરા ...	અંજુમનને ખરચે	૬	૪	૧૨૫૮	શેનશાહી.
૫૭–બારડોલી...	નવસારીવાલા એદલજી નવરોજી મેહેતા ...	૯	૪	૧૨૫૫	,,

ઠેકાણું.	કોણે પરડેલાં યાને બંધાવેલાં.	રોજ.	માહ.	ય. સને	શે. કે ક.
૫૮—બીલીમોરા...	દાદાભાઇ ધનજીભાઇ અને શોરાબજી શાપુરજીએ બાંધેલી—અનજુમનને ખરચે ચાલતી (૩૫)	૯	૯	૧૨૫૮	શેનશાહી.
૫૯—બેલગામ ...	પેસતનજી ખરશેદજી બાઇસ	૨૪	૩	૧૨૬૧	,,
૬૦—ભગવાગામ..	જમશેદજી સોરાબજી ભગવાગર... ...	૩	૯	૧૨૨૮	,,
૬૧—ભરૂચ.....	જુની અગીઆરી	.....	.....	.....	,,
૬૨ ,, ...	હોરમજી એરાંમજી વખારીઆની નશ્રેતે ...	૨૭	૬	૧૨૫૨	,,
૬૩ ,, કોટ ..	હોમાજી દારાબજી(હોમાવરાની દરેમેહેર) (૩૬)	૩	૫	૧૧૨૯	,,
૬૪ ,, પ્રાસવાર.	હીરાંબાઇ તે નવ૦ કા૦ નારયલવાલાની વી૦(૩૭)	૯	૯	૧૨૦૦	,,
૬૫ ,, કોટ...	સોરાબજી ધનજીભાઇ ખંબાતા... ...	૨૪	૧	૧૨૨૭	,,
૬૬ ,, બહારકોટ...	દસતુર કાંમદીનજી ફરદુનજી.. ...	......		૧૧૪૭	,,
૬૭ ,, ,,	રૂસતમજી માણે૦ હીરાવરાના, સુરતવાલા (૩૮)	.....		૧૦૯૬	,,
૬૮—બાહાંગામ ..	વીરજીભાઇ બમનજી સુરતવાલા (૩૯) ...	૧૭	૬	૧૧૭૩	,,
૬૯—ભાવનગર...	દોરાબજી શાપુરજી ઉમરીગરના વારસો ...	૨૮	૮	૧૨૬૦	,,
૭૦—ભેશાંન	દાદાભાઇ તથા મનચે૦ પેસતનજી વાડીઆ (૪૦)	૧૧	૫	૧૨૧૫	,,
૭૧—મઉ	અંજુમનને ખરચે (૪૧)	૯	૬	૧૨૧૫	,,
૭૨—મંદરોઇ ...	અંજુમનના ઉઘરાટથી—શેઠ માં૦ ન૦ પીટીટ..	૧૨	૪	૧૨૨૯	,,
૭૩—મધરાસ......	ફીરોઝ મનચેરજી કલબવાળાએ પોતાના મરહુમ બેટા જાલના પુણ માટે...	૨૯	૧૧	૧૨૭૫	,,
૭૪—મહુવા......	અંજુમનને ખરચે (૪૨)	૯	૪	૧૨૨૭	,,
૭૫—મેષીરભાત...	(ગંદેવીની પાસે) અંજુમનનાં ખરચે ...	૫	૪	૧૨૫૩	,,
૭૬—માંડવી......	અંજુમનને ખરચે	૩	૯	૧૨૪૩	,,
૭૭—રાજકોટ ...	અંજુમનનાં ખરચથી	૩	૯	૧૨૪૪	,,
૭૮—રંગુન... ...	બેજનજી કાવશજી ખંબાતા (૪૩) ...	....		૧૨૩૬	,,
૭૯—રાંદેર	દારાશાહ દોરાબજી રાંદેલીઆ (૪૪) ...	૧૭	૯	૧૨૦૩	,,
૮૦—લાનોલી ...	કાવશજી દીનશાહ એડનવાલા	૨૨	૯	૧૨૫૮	,,
૮૧—લાહોર.......	અરદેસર બેહેરામજી લીંબુવાલા—કુપર ...	૧૭	૧૧	૧૨૬૨	,,
૮૨—બ્યારાગામ...	બાઇ દીનબાઇ નસરવાનજી પીટીટ ...	૬	૩	૧૨૬૫	,,
૮૩—વરોડરા ...	ધનબાઇ તે દાદાભાઇ ભીમજી ઉમરીગરની ધ૦(૪૫)	૭	૫	૧૨૧૫	,,
૮૪ ,, ...	એરાંમજી નશરવાનજી શીરવાઇ (દાદગાં)(૪૬)	૨૦	૨	૧૨૩૮	,,
૮૫—વલસાડ ...	નવરોજી પેશુતનજી કાપડીઆ (દાદગાં) ...	૨૬	૪	૧૨૪૯	,,
૮૬ ,, ...	મોટાભાઇ શાપુરજી	૧૬	૯	૧૨૧૯	,,
૮૭ ,, ...	હોરમજી ભીખાજી ચીનાઇ (દાદગાં) ...	.....	....	૧૧૮૯	,,
૮૮—વેશુ	એડનવાલા માણેકજી રતનજી પટેલ ...	૩	૯	૧૨૫૮	,,
૮૯—સરોડા......	ખ.પ. પારખ તથા ત્યાંનાં એક વતની મલીને (૪૭) ...	...		૧૨૩૩	,,
૯૦—સુગનપોર...	નવરોજી જમશેદજી વાડીઆ (૪૮) ...	૧૭	૨	૧૨૧૯	,,
૯૧—સુનગર વ્યારા...	અનજુમનને ખરચે	...	...	૧૨૩૧	,,
૯૨—સુમારી ...	હોમીયાર પાહલણ (૪૯)	...	...	૧૦૪૦	,,
૯૩—સુમારી ...	દાદાભાઇ તથા કાવસજી પાલનજી ચકના ...	૨૭	૭	૧૨૫૬	,,
૯૪—સુરત કેલાની વખાર...	અનજુમનને ખરચે	૩	૮	૧૨૦૮	,,

ઠેકાણું.	કોણે પરઠેલાં યાને બંધાવેલાં.	રોજ.	માહા.	ય. સને	શો. કે ક.
૯૫–સુરત ગોપીપરે...	જાંગીર નશરવાંનજી વાડીઆ (દાદગાં)...	૧	૭	૧૨૧૦	શેનશાહી.
૯૬ „ ગોપીપરે...	દોરાબજી નશરવાનજી મીસતરી (દાદગાં)(૫૦)	૨૯	૧૦	૧૨૩૫	„
૯૭ „ નાનપરે...	એદલજી તથા રતનજી બેરાંમજી બીશની(૫૧)	૧૭	૪	૧૨૦૭	„
૯૮ „ „	આ૦ જમશેદજી માંણેકજી ઉનવાલા (દાદગાં)	૧	૧૨	૧૨૩૮	„
૯૯ „ „	કાવસજી જમશેદજી માકીદલાલ	૧૭	૯	૧૨૧૪	કદમી.
૧૦૦ „ „	માણેકજી નવરોજી વાડીઆ (૫૨) ...	૧૫	૯	૧૨૦૬	શેનશાહી.
૧૦૧ „ માછલીપીટ...	અનજુમનને ખરચે–"બાગે પારશા" ...	૧૭	૬	૧૨૬૫	„
૧૦૨ „ રૂસ્તમપરે...	પેશતનજી નસરવાંનજી બાટલીવાલા(૫૩)...	૨૨	૧૨	૧૨૧૯	„
૧૦૩ „ „	સર જમશેદજી જીજીભાઇ (પેહલા) ...	૧૭	૨	૧૨૨૪	„
૧૦૪ „ „	દેશાઇ મનચેરજી ખુરશેદજી (૫૪) ...	૨૦	૧૨	૧૧૭૫	„
૧૦૫ „ „	રૂશતમજી અસપંદીઆરજી આરીટનવાલા (૫૫)	૧૭	૪	૧૧૯૨	„
૧૦૬ „ બકરકોટ....	ગોટીનાં ખાંનદાંનવાલાઓએ બાંધેલું (૫૬)	૧	૭	૧૧૬૫	„
૧૦૭ „ શૈયદપુરે...	દાદા. અને મનચેરજી પેસ્તનજી વાડીઆ (૫૭)	૨	૧૦	૧૨૧૩	„
૧૦૮ „ „	મુંબઇના વાહાડીઆજીવાલાઓએ સ્થાપેલી(૫૮)	૯	૪	૧૨૫૮	„
૧૦૯ „ બીબીનીવાડી...	અનજુમનને ખરચે. (૫૯)...	....			„
૧૧૦–સતારા ...	અનજુમનને ખરચે (૬૦) ...	....			„
૧૧૧–સોલાપુર...	વીકાજી તથા પેશતનજી મેહરજી (૬૧) ...	૯	૫	૧૨૧૩	„
૧૧૨–હાંસોત ...	બાઈ ભીખાઇજી તે સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટનાં બેટીનાં પુનને માટે ...	૨૬	૧૧	૧૨૬૮	„

(૧) આ આતશબેહેરામનું મકાન પુરાણું થવાથી દેશાઇ કાવશજી એરચજી તે ગોંડલના કારભારીએ ફરીથી રોજ ૧લો માહા ૧૦ મો શેહેનશાહી સને ૧૨૬૦ યજદેજરદીને દીને સમરાવી આપયું છે.

(૨) આ દરેમેહેર પેહલી યઝદેઝરદી સને ૧૧૬૦ માં શેઠ માણેકજી દોરાબજી સરાફે ચોપાટી મધે પોતાની વાડીમાં બંધાવેલી હતી, તાંહાંથી યઝદેઝરદી સને ૧૧૮૬ માં તેમના બેટાએ કોટમાં લાવી પરઠેલી છે. તે મકાનભી પુરાણું થવાથી આ દરેમેહેરનાં મુતવલીઓ શેઠ સરાફનાં વારેશોએ રોજ ૨૬ મો માહ ૨ જો સને ૧૨૬૪ ને દીને થાને આ દરેમેહેરની ૭૮ માં વરશની શાલગરેહને દીને ફરીથી નવેસરથી મકાન બંધાવ્યું છે.

(૩) આ પુરાતમ દરેહેમેહરનુ મકાન જુનું થવાથી શેઠ હોરમજજી રતનજી માણેકજી બનાજીની આગેવાની હેઠલ બનાજી કુટંબના કેટલાક સાહેબોએ પોત પોતામાં ફંડ ઉભું કરી નવેસરથી બંધાવીને તેમાં રોજ ૨૦ મો માહા ૭ મો શેહેનશાહી સને ૧૨૧૪ યઝદેજરદીને દીને જુના આદરાન સાહેબને પાછા તખ્તનશીન કીધા હતા.

(૪) આ દરેમેહેર પુરાંણી થવાંથી મરહુમ શેઠ માણેકજી નવરોજી શેઠનાના મુતવલી શેઠ જાલભાઈ અરદેશર શેઠનાએ રૂપીઆ એક લાખ ખરચી ઈરાનની અસલી ઢપપર રોજ ૨૦ મો માહા ૨ જો યઝદેઝરદી ૧૨૬૧ ને દીને.નવેસરથી બાંધી હતી.

(૫) આ દરેમેહેરનું મકાન પુરાણું થવાથી રોજ ૧૦ મો માહા ૮ મો સને ૧૨૬૪ ને દીને શેઠ પેસતનજી મેરવાંનજી મોદીવાલાએ પોતાની મરહુમ બેટી પીરોજબાઈનાં પુણ માટે નવેશરથી બાંધી આપીઉં છે.

(૬) આ દરેમેહેર આગળ યઝદેજરદી સને ૧૧૮૨ માં એરવદ દોરાબજી હોરમજી રાંનજીએ બંધાવી હતી.

(૭) એ દરેમેહેરની પાસે આવેલી મરહુમ શેઠ રૂશતમજી સોરાબજી ભરૂચા તથા ઈડાવાલાની જુની દરેમેહેરનું મકાન તેના વારશોએ એ વાહાડયાજીવાલી દરેમેહેરની સાથે જોડી નાખીને વાપરવા માટે ધરમ ખાતે આપી દીધાથી એ પુરાણું મકાન મરહુમ ઓનરેબલ શેઠ નવરોજી નશરવાનજી વાહાડયા સી. આઈ. ઈ. એ નવેસરથી બંધાવીને રોજ ૮ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૬૮ ને દીને ઈજાવ્યું હતું.

(૮) એ મકાન એકસો વરસનું પુરાણું થવાથી, યઝદેજરદી સને ૧૨૬૬ ના રોજ ૧૭ મો માહા ૨ જો શેનશાહી–(જે દીને એ આતશ આદરીયાન પરઠીયાને બરોબર ૨૦૧ મું વરસ ઉગયું હતું તે) ને દીને એ મકાનનાં વારસોએ તે ફરીથી નવું બંધાવીને તેમાં આતશ આદરીયાન પરઠયા હતા. એ મકાન બંધાતાં સુધી તેમાનો કેબલો શેઠ હોરમજી વાહાડયાજીવાળાં આતશબેહેરામમાં એક વરસ વેર લઈ જઈ રાખયો હતો.

(૯) આ ભીંડીબજાર મધેની મરહુમ શેઠ મેરવાંનજી માણેકજી પટેલની દરેમેહરનું મકાન પુરાણું થઈ જવાથી યઝદેજરદી સને ૧૨૪૭ માં રોજ ૧૭ મો માહા ૯ મો શેનશાહીને દીને શેઠ નશરવાંનજી માણેકજી પીટીટે પોતાના ધણીઆણી બાઇ દીનબાઈ તે આ દરેમેહરના અસલ બંધાવનાર મરહુમ શેઠ મેરવાંનજી પટેલના બેટીના બેટીને નામે રૂ ૨૫૦૦૦) ખરચીને નવા પાયાથી વધુ કુશાદે બાંધી આપીયું હતું. અને રૂ ૩૦૦૦) એ મકાનની મરાંમતને સારૂ અનામત રાખયા છે.

(૧૦) આ દરેહેમેહર મજગામમા નવાબના તલાવ આગળ મરહુમ શેઠ નાનાભાઈ જમશેદજી સપલાની નઈમતે તા૦ ૪ થી મે ૧૮૬૭ યાને યઝદેજરદી સને ૧૨૩૬ ના રોજ ૧૪ મો માહા ૮ માં ને દીને મરહુમ શેઠ નાનાભાઈના બેહેન મરહુમ બાઈ રતનબાઈ તે સર કાવશજી જાહાંગીરજી રેડીમનીનાં ધણીઆણીની પુંજીમાંથી બાંધવામાં આવી હતી. પાછળથી એનો સરવે વહીવટ ઈ૦ સ૦ ૧૮૭૭ માં સર કાવસજી જાંહાગીરજી રેડીમની નાઈટ, સી. એસ. આઈ. એ

પોતાને સબાઈન થઇ તેના નીભાવ માટે બંદોબસ્ત કરનાર હતા, તેટલા મરણ પામવાથી એ દરેમેહેરના ચાલુ ખરચ માટે સર કાવસજીના એક્ઝીક્યુટરોએ મરહુમની પુંજીમાંથી રૂ. ૨૩૦૦૦ નું તા૦ ૯ મી અકતોબર ૧૮૮૦ ને દીને તરજાવીજ કરી તે મરહુમના બેટા સર જહાંગીર કાવસજી જહાંગીરને તરસટી તરીકે સોંપ્યું હતું. આ દરેહમેહરનું મકાન મુંબઇના પોરટ ટ્રસટે સરકારનીક કામ સારૂ સને ૧૨૭૫ માં ખરીદી લીધુ તેમજ એ સતાના બીજા મકાનો બી લઈ લેવાથી ત્યાંથી ચોડે દુર મજગામમાજ મતારપાખડી તરફ શેઠ પેસતનજી નશરવાનજી ગોદીવાળાએ ભેટ આપેલી જગાપર સર જહાંગીર કાવશજી જહાંગીર રેડીમની બારોનેટે બંધાવી આપેલાં નવાં મકાનમાં બેહસતનશીન સર કાવશજી જહાંગીરની જન્મા વરસની બાજને દીવસે યાને રોજ ૩ જો માહા ૧૧ મો સને ૧૨૭૭ યજદેઝરદીને દીને જુના આદરીઆન સાહેબના ફરી કેબલાને પાછા તખતનશીન કરવામાં આવ્યા હતા. આ નવું મકાન બધાયું તેટલા બે વરસ સુધી રેડીમનીવાલા આતશઆદરીઆનના કેબલાને મજગામની શેઠ ફરામજી ન૦ પટેલની દરેહમેહરમાં રાખવામાં આવ્યા હતા.

(૧૧) આ સોડાવાટરવાળાની દરેમેહેરની સાલગરેહ એક વરસમાં બેવાર પડે છે. તેનો ખુલાસો એમ છે કે પ્રથમમાં એ દરેહમેહેર અરદીબેહેસત મહીનો ને જમીયાદ રોજે દાદગાહના કેબલા સાથે યઝદેજરદી સને ૧૨૪૪ માં સથાપેલી હતી. તે પછી યજદેઝરદી સને ૧૨૫૪ નાં ફરવરદીન મહીનો ને ફરવરદીન રોજે એ દરેહમેહેરમાં દાદગાહના કેબલા સાથે આતશ આદરાન સાહેબને સથાપવામાં આવયા હતા.

(૧૨) આ માહીમની દાદગાહની દરેમેહેર શેઠ મનચેરજી બમનજી કુપરે રોજ શેહરેવર માહ અરદીબેહસ્ત, અંગરેજી સાલ ૧૮૬૬ ઇસ્વીને દીને બાઈ સાહેબ મોટલાંબાઇનાં ભારેના બંગલામાં સ્થાપી હતી. એ પછી સુમારે ત્રણ વરસ બાદ શેઠ એદલજી ફરાતમજી સુનાવાલાએ દરેમેહરને પોતાનાં બંગલામાં લઈ જઈ તેનો બધો ખરચ પોતે કરતા હતા. તે પછી ઇસવી સને ૧૮૮૮માં રોજ ૧૧ મો માહ ૪ ઠાને દીવસથી ઉપલી દરેમેહરનાં પંથકી એરવદ શાપુરજી જમશેદજી દાજી જેઓ ૧૮૬૬ થી એ દરેમેહરનાં પંથકી હતા તેઓએ પોતે નવું મકાન બંધાવી તેમાં ઉપલા દાદગાહને લઈ જઈને રાખેલા છે અને એવાએ ૧૮૮૬ થી એ દરેહમેહરનો ચાલુ ખરચ પોતાના મરણ સુધી કીધો હતો. એવો રોજ ૨૧ મો માહા ૪ થો સને ૧૨૮૦ ને દીને ગુજરી જવાથી અને એવણે પોતાની હઈયાતીમાં એ અગીઆરીના ચાલુ નીભાવ તથા ખરચ માટે દાદરના સ્ટેશન આગળની ઈસ્ટેટ લગભગ મહીને રૂપયા બસોનું ભારૂં ઉપજાવેચ તે ટ્રસ્ટ કરી તે માટે ટ્રસ્ટીઓ નેમી તેઓને આપી ગયા છે, જેઓ એ ટ્રસ્ટમાં આપેલી ઈસ્ટેટમાંથી એ દરેમેહરનો ચાલુ ખરચ વગેરે કરશે.

(૧૩) એ દરેમેહર પેહેલી યઝદેજરદી સને ૧૧૯૧ માં મોટા આગળ માઉંટ રોડ ઉપર બાંધેલી હતી પણ ત્યાંથી ખસેડી [illegible] રોજ ૧૭ મો માહા ૭ મો શેહેનશાહી સને ૧૨૭૦ ને દીને એના મુતવલીઓએ ફરીથી નવેસરથી મોટો ખરચ કરીને બંધાવી છે.

(૧૪) આ અંકલેશ્વરની અગીઆરીનું અસલ મકાન યઝદેજરદી સને ૯૧૯માં શેઠ નરશંગ ધમપાલે બંધાવયું હતું. જે પછી યઝદેજરદી સને ૧૨૧૭માં શેઠ મેહેરવાનજી હોરમજી ફરેજરે તે ફરીથી બંધાવી આપયું હતું. અને તે પાછુ બીસમાર થવાથી તે તોડી પડાવી બીજુ નવું મકાન, મરહુમ બાઈ સાહેબ દીનબાઇ નશારવાનજી પીટીટે પોતાની હયાતીમાં પોતાના બેહેસતનશીન જમાઈ શેઠ ફરામજી દીનશાજી પીટીટના પુણ માટે બંધાવાનું શરૂ કીધું હતું પણ તેટલામાં બાઈ દીનબાઈનું મરણ નીપજવાથી તેવણના બેટી બાઈ આવાંબાઈ ફરામજી પીટીટે પુરૂં કરી આપીને રોજ ૨૭ મો માહ ૨ જો યઝદેજરદી સને ૧૨૬૯માં જાહેર વપડાશ માટે ખુલ્લું મેલયું છે. આ દરેહમેહરની ચાલુ નીભાવણી માટે વારસીક રૂ૨૦૦ બાઈ આવાંબાઈ પીટીટ આપતા હતા. પણ બાઈ આવાંબાઈના મરણ પછે તે માટેની કશી જોગવાઈ અંકલેશ્વર અંજુમન ધરાવતી નહી હોવાથી એ આદરાનના ખરચ માટે સને ૧૨૭૯ થી ભરૂચના શેઠો ડુંગાજી કુંટુંબીઓ તરફથી રૂ૧૨૫ અને શેઠો મેરવાનજી અને હોરમસજી મંચેરજી કામાએ સથાપેલા ફંડમાંથી રૂ૭૫ દર સાલ આપવાનો બંદોબસ્ત થયો છે.

(૧૫) એ દરેમેહર સને ૧૨૪૬ થી અમદાવાદની અનજુમનને અસતકથી ચાલતી હતી. પણ તે પુરાંણી થઈ ગયાથી અમદાવાદવાળા શેઠો નવરોજી અને જાંગીરજી પેશતનજી વકીલે નવેશરથી રૂ ૨૦૯૭૫) ને ખરચે કુશાદે બાંધીને રોજ ૨૭ મો માહા ૭ મો શેહનશાહી સને ૧૨૫૩ ને દીને ફરીથી ઇજાવી હતી.

(૧૬) આ અમરોલીની દરેહમેહેર પહેલવહેલી ઘણા વરસો અગાઉ મોબેદ દાદા હોરજી વરીઆવાએ દાદગાહની સ્થાપેલી હતી. તે પછી એજ દાદગાહવાલાં ઘરમાં ઈસ્વી સને ૧૮૦૩ ની તા૦ ૨૪ મી નવેમબરે યાને યઝદેજરદી ૧૧૭૩ ના રોજ ૧૭ મો માહ ૨ જાને દીને મુંબઇવાલા શેઠ હોરમસજી બમનજી વાડીઆએ આદરીયાનની પરથાવી હતી, એ પછી એ આદરીયાન સુરતના આતશબેહેરામમાં લઈ જવામાં આવયા હતા. ત્યારબાદ ઇ. સ. ૧૮૩૪ યાને યઝદેજરદી ૧૨૦૪ માં એ જુના મકાનની પેહેલીવાર મરામત કરી ફરીથી દાદગાહ એજ વાહાડયાજીએ સ્થાપ્યા હતા. એ મકાન પુરાણું થવાથી શેઠ વાહાડીઆજીના સાહેબજાદાઓએ તા૦ ૩૦ મી અકટોબર ૧૮૩૭ યાને રોજ ૧ લો માહ ૨ જો ય. સને ૧૨૦૭ ને દીને બીજીવારની મરાત કરાવી અસલના દાદગાહ પરથાવ્યા હતા. તે છેક ઈ. સ. ૧૮૯૩ યાને ય. સને ૧૨૬૩ સુધી દરેહમેહેર તરીકે ચાલુ વપરાસમાં હતી. એ જુની દરેહમેહેરના મકાન સામે બીજી જગા ઉપર અમરોલીવાલા શેઠ કાનજીભાઈ હોરાબજી મીઠાઈવાલાએ દરેહમેહેર માટે એક નવું મકાન બંધાવી તે ઇજાવી તેમાં રોજ ૭ મો માહ ૪ થો ય. સને ૧૨૬૩ માં આદરયાન પરથાવી ખુલ્લું મુકયું હતું. એ દીનથી જુની દરેમેહરના દાદગાહ આ નવી દરેહમેહેરમાં લાવવામાં આવ્યા હતા. એ વખતથી એ જુની દરેહમેહેરનું મકાન પડત પડી રહયું હતું તે પછી શેઠ નવરોજી કાવસજી વાડીઆવાલાએ એ જુની દરેહમેહેરના મકાનને સમરાવી આપવાથી એ જુની દરેહમેહેરનું મકાન રોજ ૨૧ મો માહ ૧૧ મો સને ૧૨૮૦ ને દીને પારસીઓના ઉતારા માટે ધરમશાળા તરીકે ખુલ્લું મુકવામાં આવ્યું છે.

(૧૭) આ ઇનડોરની શેઠ ભમગરાવાલી દરેહમેહરનું મકાન પેહલા ફકત પરમકીથા કરવા સારૂ શેઠ હોરમજી માણેકજી ભમગરાએ પોતાના ધણીઆણી મરહુમ બાઈ નવાજબાઈના પુણ માટે રોજ ૧૦ મો માહા ૮ મો સને ૧૨૪૮ ને ને બાંધી આપી ખુલ્લુ મેલ્યુ હતું. પાછલથી શેઠ હોરમજીએ પોતાના બાવા મરહુમ શેઠ માકારાહ રૂસતમજી ભમગરાની નઈયતે એ મકાનમાં સને ૧૨૫૧ ના રોજ ૨૬ મો માહા ૯ માને દીને આતશદાદગાહને પરઠીને તખતનશીન કરવામાં આવ્યા હતા. એ દરેહમેહર જ્યારથી બાંધવામાં આવી છે ત્યારથી એનો ચાલુ ખરચ ઈનડોરની જરથોસતી અનજુમન તરફથી કરવામાં આવે છે.

(૧૮) એ દરેમેહર પેહલાં સને ૧૦૯૧ માં આ૦ કાવશજી ખરશેદજી કામદીન એરાવવાળાએ બંધાવેલી હતી તે બીજી વાર સને ૧૧૧૦ માં સુરતવાલા શેઠ મેરવાંનજી હોરમજી ફરેજરે બંધાવેલી હતી, તે પાછી ત્રીજીવાર મુંબઈવાલા શેઠ જમશેદજી બરજોરજી મીસતરીએ રોજ ૭ મો માહા ૪ થો શેહેનશાહી સને ૧૨૩૯ યઝદેજરદીને દીને ફરીથી કુશાદેથી બંધાવી છે.

(૧૯) આ દરેમેહર પુરાંણી થવાથી મરહુમ દસતુરજી નોશરવાંનજી જા૦ જામાસપઆસાનાના મુતવલી દસ્તુર બેહરામજી જામાસપજી જામાસપઆસાનાએ રોજ ૨૪ મો માહા ૨ જો સને ૧૨૬૧ ને દીને નવેસરથી બાંધી છે.

(૨૦) એ દરેહમેહર ખા. બા. પેસ્તનજી સોરાબજી ભુજવાલાએ પોતાના મરહુમ પીતાજીના પુણ માટે લગભગ અગીયાર હજાર રૂપીયા ખરચીને બંધાવી આપી હતી. એ દરેહમેહર ઈજાયા આગમચ ત્યાંના માહારાજા રાવ શ્રી ખેંગારજી શવાઈ બાહાદુરને દેખાડવામાં આવી હતી. તે પછી પારસી રીત મુજબ ઈજીને પરઠવામાં આવનાર હતી—તેટલાં એ દરેહમેહરના બંધાવનાર ખા. બા. પેસતનજી ગુજરી જવાથી મરહુમના માસીસાને દીને પહેલાં પરઠવા ધારયું હતું તેથી એ અગીયારીની તખતી ઉપર રોજ ૨૩ મો માહા ૧૦ મો યઝદેજરદી સને ૧૨૭૩ લખેલા છે. પણ કાંઈક ઢીલ થવાથી એ દીને દરેહમેહર પરથાવામાં નહી આવી હતી તે પાછલથી મરહુમની વરસીને દીને યાને રોજ ૨૩ મો માહા ૯ મો સને ૧૨૭૪ ને દીને પરથીને ખુલ્લી મેલવામાં આવી હતી.

(૨૧) આ દરેહમેહર અસલ મરહુમ શેઠ ડોશાભાઈ મેરવાનજી વાહાડયાની યાદગારી માટે એવોના ખેશીઆએ બાંધી હતી તેમાં એક નવો ગુમબજ બાંધવા તથા તેમાં સુધારો વધારો કરવા અને મોબેદોના રહેવાના મકાનમાં રીપેર કરવા માટે યજદેજરદી સને ૧૨૭૩ માં નજદીક રૂ. ૬૦૦૦નું એક ફંડ ભેગુ કરી તેમાથી એ દરેહમેહરનો સઘળો રીપેર ખરચ કરવામાં આવયો હતો. મજકુર દરેહમેહરમાં જ્યાં અસલ આતશ દાદગાહ હતા ત્યાં કરાંચીવાલા સખી શેઠ કાવશજી હોરમસજી કાતરકે પોતાના મરહુમ ધણીઆણી બાઈ શુનાબાઇની નઈયતે, પોતા તરફથી મોટો ખરચ કરી, રોજ ૯ મો માહા ૯ મો યજદેજરદી સને ૧૨૭૨ ને દીને, યાને એ આદરીયાન સાહેબની ૩૫ માં વરસની સાલગરહને દીવસે, આતશ આદરીયાન સાહેબ પરઠાવેઆ છે. એ આદરીયાન પરઠયા પછીનો કાઠી સુખડ, તેલ વગેરેનો જે વધુ ખરચ થાય તેને માટે એજ શેઠે બીજા વધુ રૂ ૩૦૦૦ એવી શરતે આપીયા છે કે એ રકમના વ્યાંજમાંથી એ ખરચ કરવો. એ અગીઆરીને, બીજો ચાલુ ખરચતો જયારથી એ અગીયારી પરથાઈ છે ત્યારથી અંજુમન તરફથી કરવામાં આવે છે.

(૨૨) આ દરેમેહર અસલ રોજ ૯ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૧૮ માં શેઠ હીરજીભાઇ જમશેદજી બેહેરાનાએ પોતે બાંધેલી હતી પણ તે બીસમાર હાલતમાં આવેઆથી ય૦ સને ૧૨૪૪ માં તેમનાં વીધવા બાઈ મેરબાઈએ નવેસરથી બાંધી આપીછે. એ દરેહમેહરનું જુનું મકાન બીશમાર હાલતમાં આવવાથી કરાંચીના રહીશ શેઠ ફરામજી બેરામજી કલેકટરે લગભગ રૂપ્યા ત્રણહજારને ખરચે ફરીથી સમરાવી આપ્યું હતું તેમજ એ દરેહમેહર માટે કાઠી ખરીદવા રૂપ્યા ત્રણ હજાર વ્યાજ વાપરવાની સરતે આપ્યા હતા. નવું મકાન તઈયાર થવાથી એ દરેહમેહરની સાલગ્રહને દીવસે યાને રોજ ૯ મો માહ ૮ મો ય૦ સને ૧૨૭૮ ને દીને જશનની ક્રીયા કરી અસલના આતશ આદરાનને ફરીથી તખતનશીન કીધા હતા.

(૨૩) કલીયાંણી મધે અસલ એક ઘણી પુરાંણી દરેમેહર હતી, પણ તે બીશમાર હાલતમાં આવેઆથી મુંબઈવાલા શેઠ એદલજી બેરાંમજી મોદીએ યઝદેજરદી સને ૧૧૫૮ માં તે ફરીથી બંધાવી હતી. તે દરેમેહરમાં આતશઆદરાન નહી હોવાથી કલીઆંણીવાલા શેઠો ભીખાજી જીજીભાઇ શેઠના, ડોસાભાઈ હોરમજી ભીમડીવાલા, ફરદુનજી મેરવાંનજી શરાફ અને હોરમજી માંણેકજી ભીમડીવાલાએ પોતાને ખરચે એ જુની દરેહમેહરમાં ઘટતો ફેરફાર કરી રોજ ૧૭ મો માહા ૨ જો સને ૧૨૫૦ ને દીને આદરીઆન સાહેબ પરઠાવયા છે, અને તેના ચાલુ ખરચ સારૂ રૂ ૭૦૦૦) હલાયદા કહાડયા છે.

(૨૪) આ કવેતાવાલી પુરાંણી અગીઆરીને માટે હેવું છે કે એ માતર દરેહમેહરનું મકાનજ હતું પણ તે દરેહમેહર ઈજાવામાં આવેલી નહી હોવાથી છેક યજદેજરદી સને ૧૨૭૫ માં રોજ ૨૭ મો માહા ૩ જાને દીને કવેતાવાલા જાણીતા શેઠીયા ખા૦ બા૦ બરજોરજી દોરાબજી પટેલ સી. આઈ. ઈ. ને ખરચે ઈજાવીને ખુલ્લી મેલવામાં આવી છે.

(૨૫) એ દરેમેહરનું અસલ મકાન ઘણા વરસપર કોઈ સખી જરથોશતીએ બંધાવેલું કેહવાય છે તે પછી સને ૧૨૩૮માં શેઠ એદલજી રતનજી વ્યાજખોરાઆએ મકાન પાછું બંધાવી આપ્યું હતું. તે મકાન બીસમાર હાલતમાં આવવાથી જરથોશતી અનજુમનમાં જાહેર ઉઘરાણું કરી આશરે રૂ૯૦૦૦ માંથી એ મકાન રોજ ૩ જો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૬૯ ને દીને આતશ દાદગાહ સ્થાપીને નવેશરથી બાંધવામાં આવ્યું હતું. પણ પાછલથી આદરીઆન સ્થાપવા માટે શેઠ કુવરજી કાવશજી તવરીઆએ પોતાના મરહુમ પુત્ર ડાકટર હોરમજીના પુણ માટે રૂ૧૦૦૦૦) દશ હજારની રકમ આપીને ફરીથી નવેસરથી એ મકાનમાં આદરીયાન સ્થાપીને રોજ ૯ મો માહા ૧૦ મો ૧૨૭૦ ને દીને ઈજાવીને ખુલ્લુ મેલ્યુ હતું.

(૨૬) એ મકાન પુરાંણુ થવાથી મુંબઈવાલા શાખીવન્દુદ બાઈ દીનબાઈ નસરવાંનજી પીટીટે પોતાના મરહુમ બેટા શેઠ જમશેદજી નશરવાંનજી પીટીટનાં પુણને માટે રોજ ૩ જો માહા ૧૦ મો શેહનશાહી ૧૨૬૪ ને દીને ફરીથી બંધાવી આપ્યુછે.

(૨૭) આ દરેમેહર અસલ ય૦ સને ૧૧૫૦ ની આગમચ દાદગાની બનાવેલી હતી. તથાં નવેસરથી આતશ આદરાંનના દરેમેહર શેઠ રૂસતમજી કાવશજી પટેલે પોતાના બાવા મરહુમ શેઠ કાવશજી રૂશતમજી પટેલની નઈઅતે બધાવીને રોજ ૯ મો માહા ૭ મો શેહનશાહી સને ૧૧૯૮ યઝદેજરદીને દીને પરઠાવી છે.

(૨૮) દખણ હેદરાબાદ તરફ શેઠ જીવાજી તથા પેશતનજી મેહેરજીની કેટલીક દરેમેહેરો બાંધેલી છે. તેમાંની એક આગ્રે બાલાપીરનજીકની દરેમેહર બંધાયલી હતી, પણ હાલ તે મોજુદ નથી એમ કેહવાય છે.

(૨૯) આ દમણની બાઈ રતનબાઈ કામાવાળો દરેમેહરનું મકાન ઘણું બીસમાર થઈ જવાથી તે દરેમેહર યઝદેજરદી સને ૧૨૭૬ માં તયાંથી સદનતર કાઢી નાખવામાં આવેલી જણાયછે. એ વીગેની લંબાન વીગત યઝદેજરદી સને ૧૨૭૭ના કેલેનડરમાં દમણની વીગતમાં પાણે ૧૪૯ માં છાપેલી છે.

(૩૦) આ કુમસની દરેહમેહરનું જુનું મકાન ઘણું બીસમાર હાલતમાં આવવાથી મરહુમ શેઠ પાલનજી રતનજી કંત્રાકટરના પુણ માટે મરહુમના દીકરા શેઠ મનચેરજી પાલનજી કંત્રાકટરે તથા મરહુમના ઘણીઆણી બાઇ બાઈઆઈ પાલનજીએ લગભગ રૂપીયા ૧૨૦૦૦ ના ખરચે ફરીથી નવું મકાન બંધાવી આપ્યું હતું. નવું મકાન ઈજી ખુલ્લું મેલવાની ક્રીયા રોજ ૧૯ મો માહા ૧૨ મો ય૦ સને ૧૨૭૮ ને દીને કરી તેમાં અસલના આતશ દાદગાહના કેબલાને પાછા તખતનશીન કરવામાં આવ્યા હતા.

(૩૧) આ દરેહમેહેરનું પહેલવેહેલું મકાન ફકત અમથુ ક્રીયા કામ માટે યજદેઝરદી સને ૫૫૧ માં નવસારી ખાતે જરથોસતીઓએ જઈ રહયા પછી પરથવામાં આવ્યું હતું. તયાર બાદ મરહુમ બાઈ સાહેબ માહલણબાઈ બેહેદીન બેહેરામજીએ પોતાનું એક ઘર આપી તેમાં વધારો કરયો હતો. પણ વસતીના વધવાથી બંને મકાનો નાનાં પડવાને લીધે મરહુમ દેશાઇજી મીનોચેહરજી ખુરશેદજીએ તેમાં મોટો વધારો કરી એ જુનાં મકાનોની સાથે પોતાનાં ખરચથી નવું મકાન રોજ ૧ લો માહા ૫ મો સને ૧૧૬૪ ને દીને બંધાવી અમથુ ક્રીયા કામ માટે ખુલ્લું મેલ્યું હતું. એ પછી બાઇ મોટલાંબાઈ જાહાંગીર વાડીઆએ પોતાના મરહુમ બાવા શેઠ જાહાંગીરજી નોશરવાનજી વાહાડયાના પુણ માટે લગભગ રૂપ્યા વીસ હજારને ખરચે એ જુની દરેહમેહરને લગતું બાજુમાં બીજુ નવું મકાન બંધાવી રોજ ૨૬મો માહા ૮મો સને ૧૨૨૦ યઝદેજરદી તા૦ ૨૫ મી મે ૧૮૫૧ ને દીને પરઠાવ્યું હતું. વળી એ દરેહમેહરને લગતું બીજુ જુનું મકાન પાછુ નબલી હાલતમાં આવવાથી દેશાઈ કાવશજી એરચજી ગોંડલવાલાએ લગભગ રૂપ્યા સાત હજારનો ખરચ કરી નવેસરથી એ મકાન બંધાવી આપ્યું હતું. તથા એમાં એવણનાં ધણીઆણી બાઇ મોતીબાઈએ આતશ દાદગાહ પરઠાવી આતશ રોશન રાખવા સારૂ રૂ. ૪૦૦૦ આપ્યા હતા. આ દેશાઈ કાવસજીવાલુ નવું બંધાયલું મકાન તથા એમાં પરઠેલો આતશ દાદગાહનો કેબલો ખુલ્લો મેલવાની ક્રીયા યઝદેજરદી સને ૧૨૭૬ ના રોજ ૧૭ મો માહા ૧૨ માને દીને કરવામાં આવી હતી. મરહુમ બાઈ મોટલાબાઈ વાહાડયાજીએ બંધાવેલા મકાનનો કેટલોક ભાગ બીસમાર થવાથી તેમાં કેટલોક ફેરફાર અને મરામત મરહુમ બાઈના દીકરા મરહુમ શેઠ નવરોજી માણેકજી વાહડયા સી. આઇ. ઈ. એ લગભગ રૂપ્યા ૧૫૦૦ ને ખરચે કરાવ્યો હતો. તેને ઈજીને રોજ ૧૨ મો માહા ૧૨ મો ય૦ સને ૧૨૭૮ યાને મરહુમ શેઠ નવરોજીની પહેલા મહીનાની બાજને દીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

(૩૨) એ દરેમેહેર જે નવસારીના આતશબેહેરામની સામે આવેલી છે તેમાં પેહેલે આતશદાદગાં હતા પણ એ પછી રોજ ૨૦ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૬૮ યજદેજરદીને દીને જરથોસ્તી અનજુમનના ઉગરાતથી રૂપ્યા ચોતરીશ હજારને આશરેનું ફંડ કરીને એ મકાન નવેસરથી બાંધીને તેમાં આતશ આદરાન તખતનશીન કરવામાં આવ્યા છે.

(૩૩) આ નારગોલની દરેમેહરનું અશલ મકાંન મુંબઈવાલા શેઠ દાદાભાઈ નશરવાંનજી મોદીનું એકસો વરસ અગાઉ બંધાવેલુ હતું, પણ તેનો રોજ માહા શને મલતો નથી. એમાં આતશનો કેબલો નહી હતો, પણ અમથાં ઘરમના મકાંનમાં મોબેદો રહાને કીરયા કાંમ કરતા, તેવોનો ગુજારો શેઠ દાદાભાઈનાં બેટી બાઈ શુનાબાઇ દાદાભાઈ વાડીઆ આપે છે. તેજ મકાંનમાં પાછલથી રોજ ૧૧ મો માહા ૧૦ મો સને ૧૨૫૧ યજદેજરદીમાં શેઠ માણેકજી રૂશતમજી અને ભાઈઓએ પોતાનાં મરહુમ માતાજી બાઇ માંણેકબાઈનાં પુણને માટે દાદગાં પરઠયાં છે. અને તેની બોય દેવાનો, કાઠો તેલ વીગરેનો ખરચ એજ ભાઇઓ ફંડ ઉભુ કરીને તેમાંથી પુરો પાડે છે.

(૩૪) આ દરેમેહરમાં પેહલે આતશદાદગાં હતાં, તે પછી પાછળથી રોજ ૨૦ મો માહા ૯ મો શેહેનશાહી શને ૧૨૧૨ ને દીને આતશઆદરાન પરઠેઆ હતા, પણ તે દરેમેહર બીસમાર હાલતમાં આવવાથી પુણેવાલા મરહુમ દશ-તુરજી સહેબ જામાશપજી એદલજી જામાસ્પઆશાનાના શાહેબજાદાઓએ રોજ ૨૦ મો માહા ૯ મો શને ૧૨૪૬ ને દીને ફરીથી નવેસરથી બાંધીને સ્થાપી છે.

(૩૫) બીલીમોરામાં રોજ ૨૦ મો માહા ૧૦ મો યજદેજરદી સને ૧૧૯૭ યાને તા૦ ૧૮ મી જુલાઇ ૧૮૨૮ ને દીને મુંબઇવાલા શેઠ નવરોજી જમશેદજી વાહાડયાજીએ આતશ દાદગાંની એક દરેમેહેર બંધાવેલી છે. પણ બીલીમોરામાં એક આતશ આદરીયાનની જરૂર જણાવવાથી બીલીમોરાવાલા શેઠો દાદાભાઈ ધનજીભાઇ અને સોરાબજી શાપુરજીએ રૂ.૧૯૭૯૦નો ખરચ કરી એ જુની દરેમેહરની પાસે બીજું એક નવું મકાન બંધાવી તેમાં આતશ આદરીયાન રોજ ૯ મો, માહ ૯ મો સને ૧૨૬૮ ને દીને પરથ્યાં છે. એનો ચાલુ ખરચ અનજુમનને અશાતકથી થાય છે પણ તેનાં નીભાવ ખરચ સાર રૂ૭૦૦૦) મજકુર શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા શોરાબજી શાપુરજીએ આપ્યાંછે; તેનાં વેઆજમાંથી આદરીઆંન શાહે-બને બોએ દેવાનું, શુખડ તથા બતી તથા સમારકાંમ તથા સાલગરેહને દીવશે જશન બાજ એવોની તરફથી કરવા જણાવ્યું છે. એ મુજબ મકાન બાંધવાનો, અનામત મેલેલી રકમનો તથા બીજો પરચુટણ ખરચ મલીને એ નવી દરેમેહરપર રૂ. ૩૦૦૦૦) તીશ હજારનો ખરચ કીધેલો જણાય છે. વળી અશલની પેલી દાદગાંવાલી શેઠ નવરોજી જમશેદજી વાહાડયાજીની દરેમેહરનું મકાનબી પુરાણું થવાથી તે એકવાર આમલ અનજુમને સમારયું હતું તે પાછું એજ શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા શોરાબજી શાપુરજી ગબાએ ફરીથી સમારી આપીને રોજ ૨૨ મો માહા ૧૨ મો યજદેજરદી સને ૧૨૭૭ ને દીને જશન કરી ખુલ્લું મેલયું છે.

(૩૬) એ દરેમેહર પુરાણી થવાથી નવેસરથી બંધાવીને એ દરેમેહરના મુતવલીઓ શેઠો દીનશાહ ફરદુનજી અને બાઈઓએ રોજ ૨૧ મો માહા ૨ જો સને ૧૨૬૭ યઝદેજરદીને દીને ખુલી મેલી છે.

(૩૭) આ દરેમેહર રોજ ૨૩ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૬૫ ને દીને ફરીથી એજ શેઠ શાપુરજી સોરાબજી નારીએલવાલાનાં વારસોએ, મોટા ખરચે નવેસરથી બંધાવી છે.

(૩૮) એ દરેમેહરનું મકાન પુરાણું થવાથી ભરૂચના જાણીતાં ડુંગાજીના ખાનદાનવાલાઓએ શેઠ પેસતનજી અસલાજી ડુંગાજીને નામે રોજ ૧૦ મો માહા ૮ મો સને ૧૨૭૨ ને દીને રૂ૧૫૦૦૦) ના ખરચે ફરીથી બંધાવી છે અને તેના નીભાવ ફંડને માટે બીજા રૂ૧૫૦૦૦) અલાયેદા કાઢી તરરાટી નેમેઆ છે. એજ ડુંગાજી ખાનદાનવાલા આ દરેહ-મેહરનો ચાલુ ખરચ યઝદેજરદી સને ૧૨૪૨ થી કરતા આવયા છે. બાઇ આવાંબાઈ ખરશેદજી મં. કામાજી કાપડયાએ એ દરેહમેહરના ટ્રસ્ટીઓને, દરેહમેહરની સામેનું પોતાનું મકાન બાળવાની કાઠી ભરવા માટે ૧૨૭૯ ના ફરવરદીન મહીનામાં ભેટ આપ્યું હતું.

(૩૯) એ દરેમેહર અસલ ૧૧૭૩ નાં રોજ ૧૭ મો માહા ૬ ઠાને દીને શુરતવાલા શેઠ વીરજીભાઈ બમનજીએ દાદગાહની બાંધેલી હતી. એ દરેમહેરનું મકાન પુરાણું થવાથી નવેસરથી ફરીને શેઠો શોરાબજી તથા નવરોજી ફરામજી ધામત તથા બીજાઓએ બંધાવી આપ્યું હતું અને તેમાં આતશ આદરાન સાહેબને પરઠાવી તખતનશીન કરી એ આદરીઆનની શાલગરેહને દીને ય૦ સને ૧૨૩૧ માં પાછી ખુલ્લી મેલી હતી.

(૪૦) આ લેસાણુની દરેહમેહર શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેસતનજી વાહાડયાએ પોતાના બંધેવી મરહુમ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાની નઈઅતે પહેલવેહેલી પરથાવી હતી. એ દરેમેહર જુની થવાથી તથા વસતીથી દુર હોવાથી પારસી વસતીની નજદીકમાં બીજી જગા ઉપર બીજા લોકોના ઉગરાણાથી અને એજ વાહાડયા સાહેબોની મદદથી મરહુમ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાના વીધવા બાઈ બચુબાઇએ પોતાની મરહુમ દીકરી બાઈ ગુલબાઈની યાદગારીમાં નવેસરથી બંધાવી પોતાના ખાવંદ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાની નઈઅતે રોજ ૨૦ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૪૬ યઝદેજરદીને દીને પરઠાવી હતી.

(૪૧) આ દરેમેહર ફરીથી રોજ ૯ મો માહા ૬ ઠો સને ૧૨૨૮ ને દીને અનજુમનનાં ઉઘરાણથી સમારી હતી પણ તે પાછી વળી તરીજીવાર સમારીને તેનું જશન રોજ ૧૯ મો માહા ૧૨ મો સને ૧૨૫૨ યઝદેજરદીને દીને કરવામાં આવયું હતું.

(૪૨) આ મહુવાની દરેહમેહરનું મકાન બીસમાર હાલતમાં આવવાથી અંદેરીવાલા શેઠ અરદેશર ભીખાજી પટેલે પોતાના ધણીયાણી મરહુમ બાઈ રતનબાઈના પુણ માટે જુના મકાનની પાસેજ એક નવું મકાન બંધાવી આપી તેમાં જુના આતશ દાદગાહના કેબલાને પરઠાવી ખુલ્લું મુકવાની કીરીયા રોજ ૧૭ મો માહ ૨ જો સને ૧૨૮૦ને દીને કરી હતી. એ દરેહમેહરનો નીભાવ તથા મરામતનો ખરચ ત્યાંની અનજુમન કરશે. જ્યારે જુના મકાનને શેઠ અરદેશરે દરૂસ્ત કરાવી આપવાથી એ જુનું મકાન મોબેદોના રહેવા માટે વાપરવામાં આવે છે.

(૪૩) રંગુનની અસલ શેઠ બેજનજી કાવશજી ખંબાતાની બાંધેલી દરેમેહરનું મકાન પુરાણું થવાથી તથા નાહાનું પડવાથી શેઠો શાપુરજી અને બમનજી કાવશજી કપતાંને રૂ૩૫૦૦૦) ને ખરચે નવેસરથી બાંધી આપીને રોજ ૧૧ મો માહા ૧૨ મો સને ૧૨૭૩ યજદેજરદી એટલે કદીમ રોજ ખોરદાદશાલ સને ૧૨૭૪ ને દીને પરથાવેલ છે.

(૪૪) આ દરેમેહરને ફરીથી રોજ ૨૯ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૬૫ ને દીને એજ શેઠ દારાશાહના ધણીઆણી બાઈ પીરોજબાઈએ સમારીને ઇજાવા છે, અને તેના ચાલુ ખરચ માટે પણ ગોઠવણ કરી છે.

(૪૫) આ ઉમરીગરવાલી દરેહમેહર તથા તેની પાસેનું મોબેદોના રહેથાનનું અનજુમનનું મકાન ઘણી બીસમાર હાલતમાં આવવાથી વડોદરાના રહીસ શેઠ મનચેરજી પેસતનજી પટેલે પોતાને ખરચે નવું મકાન બંધાવી રોજ ૨૦ મો માહ ૯ મો સને ૧૨૭૭ ને દીને ખુલ્લું મેલ્યું હતું.

(૪૬, વડોદરામાં શેઠ સીરવાઈ વાળી ધરમશાલામાં એક ઓરડામાં જુદી દરેહમેહર કરવામાં આવી છે. એ બેઉ જગો રોજ ૯ મો માહા ૯ મો સને ૧૨૩૭ યઝદેજરદીને દીને તઈયાર થયાં હતાં પણ એ બંનને રોજ ૨૦ મો માહા ૨ જો સને ૧૨૩૮ ને દીને ઇજાદ ખુલ્લાં મેલાયાં હતાં. એની મરામત માટે રૂ ૨૦૦૦ શેઠ બેરામજીએ કાઢયા હતા, તેમાં એવણે રોજ ૧૫ મો માહા ૫ મો સને ૧૨૩૯ યઝદેજરદીને દીને મુંબઈ મધે મજગામમાં પોતાના બંગલામાં દરેહમેહર પરથાવી તે દીને બીજા રૂ. ૩૦૦૦ ઉમેરી રૂપ્યા પાંચ હજાર કરી તેનું વ્યાજ કેટલાક વરસો સુધી વડોદરા ખાતે ખરચ કરવા મોકલાવ્યું હતું, પણ તે પછી શેઠ બેરામજી તથા એ દરેહમેહર અને ધરમશાલાના વહીવટ કરનારાઓ વચે વાંધો પડવાથી તેનો મુકદમો ચાર પાંચ વરસ ત્યાની કોરટમાં ચાલ્યા બાદ કોરટે તેનો લગતો વહીવટ કરનારા ત્યાના ગ્રહસ્થોને નેમી તેઓને રૂપ્યા વગેરે સ્વાધીન કરવાનો હુકમ કીધો હતો. પણ એ મકાનોના નીભાવના રૂપ્યા વહીવટ કરનારાઓ પાસે નહીં હોવાથી તેઓમાના શેઠ દાદાભાઈ શાપુરજીએ સને ૧૮૯૨ થી ૧૯૦૬ સુધી પોતાની ગીરેથી ખરચ કરી એ મકાનોનો નીભાવ કીધો હતો. એ પછી બધું સાંમાધાન થવાથી શેઠ બેરામજીએ તા૦ ૩૦ મી ડીસેમબર ૧૯૦૬ ને દીને એ બેઉ મકાનોના નીભાવ માટે રૂ. ૮૦૦૦ મુંબઈની પારસી પંચાએતના ટ્રસ્ટીઓને આપયા હતા કે તેનું વ્યાજ વડોદરાની કારોબારી કમીટી ઉપર મોકલવું અને તેમાથી એને લગતો યોગ્ય ખરચ કરવો. ઉપર મુજબ નક્કી થવા પછી એ અગીઆરી તથા ધરમશાલાની સાલગ્રહ રોજ ૨૦ મો માહા ૨ જો સને ૧૨૭૭ ય૦ ને દીને પડી તે વખતે શેઠ બેરામજી તરફથી જશનની કીયા કરાવ્યા પછી, એ બેઉ મકાનો જાહેર વપરાશ માટે પાછાં ખુલ્લાં મેલવામાં આવ્યાં છે મજગામવાળી દરેહમેહર ત્યાથી કાઢી નાખવામાં આવી છે.

(૪૭) સરોડા ગામમાં યજદેજરદી સને ૧૨૩૨ના સાલમાં મુંબઈવાલા શેઠ ખરશેદજી ફરદુનજી પારખે એક દરેહમેહરનું મકાન બંધાવી આપ્યું હતું અને ત્યાં માત્ર ધરમનું ક્રીયા કામ થતું હતું પણ દાદગાહ કે આદરીઆન પરઠાવેલાં નહીં હતાં, તે પછી એમ અન્યું કે–ડિમરા ગામમાં રોજ ૨૩ મો માહા ૯ મો યજદેજરદી સને ૧૧૮૫ માં શેઠ બમનજી શેરાબજી કપાવાલાને નામની અને તેમના બેશી શેઠ ફરામજી નાનાભાઈ ઉમરીગરે મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઈનાં ધરમખાતાંનાં તરશટીઓને પાછલથી આપેલી એક રકમનાં ઉપજતાં વ્યાજનાં ખરચમાંથી ચાલતી એક આદરીયાનની દરેહમેહર હતી. પણ ત્યાં જરથોસ્તી વસ્તી ઘટી જવાથી તે ઉપયોગમાં આવતી નહીં હતી. તેથી તે આદરીઆન ત્યાંથી ઉઠાવી લઈને સુરતમાં આછલી પીઠની વાહડયા ફલ્યાવાલી અગયારીમાં લાવી રાખવામાં આવ્યા હતાં. જેનો ચાલુ ખરચ ઉપર કહયું તેમ મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈના ધરમખાતાંના તરસ્તીઓ તરફથી કરવામાં આવેછે. એ જગોપરબી આદરીયાનની જરૂર નહીં જણાવાથી તરસ્તીઓ એ આદરીયાનને કોઇ લાયક જગા ઉપર ગોઠવવાની તજવીજમાં હતા. તેવોને ઉપલાં સરોડા ગામવાલાં દરેહમેહરની આમથાં મકાનની ખબર પડી કે ત્યાં એક આદરીયાનની જરૂર છે તે ઉપરથી અથોરનાનોના ગામે ગામના હદના હક ઉપરથી ઉડવાડેના અંધ્યારૂની એક જોડ શરોડાની અગીયારીમાં બોલાવીને તેવોની મારફતે રોજ ૪ થો શરેહવર માહા ૧૦ મો દેહને દીને જશન કરયું હતું તે પછે રોજ ૩૦ મો માહા ૩ જો સને ૧૨૭૬ યજદેજરદીને દીને પેલાં અસલ ઉમરીગાંમનાં આદરાંનનાં કેબલાને નવેશરથી પરઠીને શરોડાની દરેમેહર ખુલી મેલી છે.

(૪૮) અસલ લવજી નશરવાનજી વાહડીઆએ બાંધેલી હતી.

(૪૯) એ દરેહમેહર જુની થયાથી કેટલીક મુદતે ફરીથી સુરતવાલા શેઠ જમશેદજી શેરાબજી હોડીવાલાએ બંધાવી હતી તે પછી વળી મુંબઈવાલા શેઠ કુંવરજી માણેકજી મુકાદમે રોજ ૧ લો માહા ૮ મો શને ૧૧૯૧ માં આદરાન પરઠીને બંધાવી હતી. તે રેતીમાં પુરાઇ જવાથી તેવણના વારેસ શેઠ રૂશતમજી શાપુરજી મુકાદમે રોજ ૨૦ મો માહા ૪ થો સને ૧૨૩૮માં પાછી બીજી જગાપર બાંધીને આતસ આદરાન પરઠેઆં છે.

(૫૦) મુંબઈવાલા મરહુમ શેઠ દોરાબજી નશરવાનજી મીસતરીએ પેહલાં માત્ર ધરમ ક્રીયા માટે એક મકાન બંધાવ્યું હતું—તે વખતે ઈમારા મુકાવેલા નહી તથા દાદગાહ પરઠાવેલા નહી હોવાથી અને એ મકાન બીસમાર હાલતમાં આવવાથી મરહુમના બેટા શેઠ દીનશાહજીએ રૂપ્યા દશ હજારનો ખરચ કરી નવેસરથી એક નવું મકાન બંધાવી તેને ઈજી તેમાં આતશ દાદગાહ પરઠવાની ક્રીયા તથા ઉપરના અરધા ભાગમાં સ્થાપવામાં આવેલી ધી દીનશાહ દોરાબજી મીસતરી લાઇબરેરી અને રીડીંગ રૂમ ખુલ્લા મેલવાની ક્રીયા રોજ ૨૧ મો માહા ૨ જો ય૦ સને ૧૨૭૯ને દીને કરવામાં આવી હતી.

(૫૧) આ સુરતની શેઠ બીશાનીવાલી દરેહમેહર બીશમાર હાલતમાં આવવાથી એ મકાનની ઉપજના વધારામાંથી તથા તેના એક મુતવલી શેઠ ફરામરોજ બેહરામજી બીશાનીએ પોતાની તરફના વધુ નાણા ઉમેરી લગભગ રૂપીઆ પંદર હજારના ખરચે નવું મકાન બંધાવી આપ્યું હતું. તે તઈયાર થવાથી તેમાં એ દરેહમેહરની ૭૦ માં વરસની સાલગ્રહને દીને યાને રોજ ૧૭ મો માહા ૪ થો ૧૨૭૭ ને દીને આતશઆદરીયાનના ત્રુરી કેબલાને પાછા તખતનશીન કરવામાં આવ્યા હતા.

(૫૨) એ દરેમેહર અસલમાં જમશેદજી જાઈઆ નામના એક સુરતના પારસીએ પાલીઆ ફલીઆમાં બાંધેલી હતી જેને માટે તેણે પોતાને તાહાં ફરજંદ આવે તો તે બાંધવાની માનતા કરેલી હતી તેથી તે બંધાઈ હતી. તે બીશમાર થયાથી મુંબઇવાલા શેઠ માણેકજી નવરોજી વાડીઆજીએ તથા ભાઈએ પોતાના બાવાજીના પુણને સારૂં બાંધી છે.

(૫૩) એ દરેમેહર અસલ પાલનજી હોમાજી શેઠની બાંધેલી હતી તે સુરતની શને ૧૧૯૧ યજદેજરદીની મોટી આગમાં બલી જવાથી ઉમરેવાલા શેઠો મેહેરજીભાઈ પટેલ તથા રતનજી છીબરાજી શુરતવાલાએ રોજ ૨૨ મો માહા ૧૨ મો શને ૧૧૯૨ માં બાંધી હતી તેબી પુરાંણી થવાથી મુંબઈવાલા શેઠ પેશતનજી નશરવાંનજી બાટલીવાલાએ બંધાવીછે.

(૫૪) નવશારી ખાતે અશલ કોઈ કોઈવાર બહારથી પીંડારાઓ નીકલી આવી દરોરો પાડતા હતા, ત્યારે તાંહાંની વશતી સુરત તરફ નીકલી જતી હતી–તેવી વખતે જરથોશતી ધરમ કીરીઆ કરવા ખાતર સુરતના રૂશતમપુરામાં નવશારીના મરહુમ દેશાઈ ખુરશેદજી ટેમુલજીએ ઇ. સ. ૧૭૭૬ માં એ જગોએ પેહલાં તો અમથા ધરમનાં કામ માટે બે તરણ ઓઘાલા મુકાવ્યા હતા પણ તે પછી એ દેશાઈ ખુરશેદજીના બેટા દેશાઈ મનચેરજી ખુરશેદજીએ આ દરેમેહર બાંધી હતી. તે પુરાંણી થવાથી મુંબઈવાલા મરહુમ શેઠ એદલજી દાદાભાઈ શુખીઆના છોકરાઓએ રોજ ૭ મો માહા ૨ જો સને ૧૨૩૩ને દીને નવેશરથી બંધાવી હતી. એની સાથે વળી તેઓએ એક ધરમશાલા પણ બાંધી છે. એ મકાનનાં પાછલા ભાગપર એક ઓટલો અને તેની ઉંચી દેવાલ તથાંનાં દશતુર દારાબજી ખરશેદજી દારાબજી પાલણનાએ બાંધીછે. એ દરેહમેહરનું મકાન બીશમાર હાલતમાં આવવાથી શેઠ કેકોબાદ હોરમજી રાવે પોતાનાં મરહુમ બાવા એરવદ હોરમજી તથા મરહુમ માતાજી બાઈ માણેકબાઈનાં પુણમાટે લગભગ રૂપ્યા ૧૫૦૦૦ ને ખરચે બંધાવી આપેલું નવું મકાન ઈજાવી ખુલ્લું મેલવાની ક્રીયા રોજ ૨૧ મો માહા ૯ મો સને ૧૨૭૭ ને દીને કરવા પછી વળી શેઠ કેકોબાદ રાવે પોતાના મરહુમ માતા બાઈ માણેકબાઈના પુણ માટે મરહુમની બાજને દીને યાને રોજ ૩ જો માહા ૧૨ મો સને ૧૨૭૭ ન દીને એ દરેહમેહરમાં આતશદાદગાહ તખતનશીન કરાવી પાંચે ગેહમાં બોય દેવાનું શરૂ કરાવ્યું હતું.

(૫૫) એ દરેમેહર આગલ શેઠ શાપુરજી બચાભાઈ દોટીવાલાની બાંધેલી હતી પણ તે શને ૧૧૯૧ યજદેજરદીમાં સુરત ખાતે લાગેલી મોટી આગમાં બલી ગયાથી તેમનાં આ બેશીએ પાછી બાંધી છે. આ દરેમેહર પાછી બીસમાર હાલતમાં આવી પડવાથી મુંબઈવાસી બાઈસાહેબ દીનબાઈ તે મરહુમ શેઠ નશરવાંનજી માણેકજી પીટીટના વીધવાએ પોતાના મરહુમ બેટા શેઠ જમશેદજીના પુણ માટે તે નવેસરથી બંધાવી તેને ઈજવાની ક્રીયા રોજ ૩ જો માહ ૭મો શેહેનશાહી સને ૧૨૬૨ ને દીને કરવામાં આવી હતી.

(૫૬) આ આદરીઆન ઘણું પુરાણું છે; તેના અસલ બાંધનારનું નામ જણાતું નથી પણ તે ગોતીના આદરીઆનને નામે ઓળખાય છે. હાલ સુધી તેના મકાનની મરામત જુદા જુદા શખી ગ્રહસ્થોએ કેટલીકવાર કીધી છે.

(૫૭) એ દરેમેહરને ફરીથી શેઠ જીવણજી જમાશજી મીશતરી-શુમારીવાલાએ યજદેજરદી સને ૧૨૬૭ માં રોજ ૯ મો માહા ૯ મા ને દીને રૂ૧૫૦૦૦) ખરચીને નવેસરથી બંધાવી-વધારી આપી છે.

(૫૮) મુંબઈનાં શેઠ હોરમજી વાહાડીઆજીવાલાં આતશબેહેરામનાં મુતવલીઆને નવસારીના ભગર સાથના મોબેદ વચ્ચે મીનાકેશો થવાથી વાહાડીઆજીવાલાઓએ પોતાને લગતા નવસારીના મોબેદોની સગવડ કાજે એક નવી દરેહમેહર નવસારીમાં બાંધી હતી-પણ નવસારીનાં ભગરીઆ મોબેદોએ ગાયકવાડીમાં ફરીઆદ માંડીને તે દરેમેહર તાંહાંથી ઉઠાવ જ્યાનો હોકમ મેલવવાથી-વાહડીઆજીવાલાઓએ તે દરેમેહરનાં આતશને સુરત ખાતે બરશનુમવાલા મોબેદો શાથે પવીતરાઈથી લઈ જાઈને તાંહાંના શેઠ દાદાભાઈ મોદીવાલાં આતશબેહેરામનાં મકાનમાં બાંધેલી એક હલાયદી દરેમેહરના ગુંબજમાં યજદેજરદી સને ૧૨૬૯ નાં જમશેદી નોરોજને દીને પરઠયા છે.

(૫૯) સુરતમાં બીબીની વાડી આગલ એટલે શેનશાહી આતશબેરાંમની નજદીક શુમારે દોઢસો વરસની પુરાણી દરેમેહર અનજુમનની બાંધેલી છે, તેનો ચોકસ દાહાડો વાર મલતો નથી. એ દરેમેહર અસલ એક મોબેદ ખુરશેદ કાવશાને અશતેક હોવાથી માત્ર ખશીની અગીઆરી તરીકે ઓળખાતી હતી. વચમાં મુંબઈનાં કેટલાક પરમારથી જરથોશતીઓના મદદથી એક ફંડ ઉભુ કરી તેમાં રૂ. ૨૨૦૦) ભરાયા છે, તેમાંથી જેમ તેમ એનો વહીવટ હાલમાં મોબેદ દાદાભાઈ રશતી મજીખશીના બીજા ટરશટીઓની સાથે મલીને ચલાવે છે. હેના ફંડમાં બીજા જોઈતાં નાણાંની મદદને સારૂ સખી જર થોશતીઆને અરજ કરવામાં આવે છે.

(૬૦) આ સતારાની દાદગાહની દરેહમેહરનું મકાન ઘણુંજ પુરાણુ થવાથી ઈ. સને ૧૮૯૨માં સરકાર તરફથી જમીનનો કડકો મુફત મેલવી તથા નવું મકાન સતારાની અંજુમને બાંધવાનો ઠરાવ કીધો હતો પણ ફંડ પુરતું નહીં હોવાથી તેમ થઈ શકયું નહીં, તેટલા સખી વજુદ બાઈ નવાજબાઈ દીનશાહજી ખાને પોતાને ખરચે એક નવું મકાન બંધાવી આપી તેના નીભાવ વગેરે માટે સારી રકમ આપી છે. એ મકાન ઈજાવી રોજ ૨૩ મો માહા ૧૦ મો સને ૧૨૮૦ ને દીને ખુલ્લું મુકી તેમાં આતશ દાદગાહ પરથવામાં આવયા છે.

(૬૧) આ દરેમેહેર અસલમાં યજદેજરદી શને ૧૨૧૩ નાં રોજ ૯ મો માહા ૫ મો શેહેનશાહીને દીને શેઠો વીકાજી તથા પેશતનજી મેહેરજી તથા અનજુમન મલીને બંધાવેલી હતી તે બીશમાર હાલતમાં આવેઆથી યજદેજરદી સને ૧૨૪૮ માં રોજ ૯ મો માહા ૧૨ મો શેહેનશાહીને દીને અનજુમનને ખરચે નવેસરથી બાંધી છે.

જરથોસ્તીઓએ બંધાવેલાં દુખમાંઓ—દર વરસના કાલેનડરમાં છપાયા મુજબ મુંબઇના ૭ અને દેશાવરોના ૯૪ મલી ૧૦૧ દુખમાઓ છે.

જરથોસ્તીઓએ બંધાવેલી ધરમશાળા—દર વરસના કાલેનડરમાં છપાયા મુજબ મુંબઇની ૮ અને દેશાવરોની ૭૩ મલી ૮૧ ધરમશાળા છે.

જરથોસ્તીઓનાં જાહેર વપડાસનાં મકાનો—દર વરસના કાલેનડરમાં છપાયા મુજબ મુંબઇના ૧૫ અને દેશાવરોના ૪૭ મલી ૬૨ છે.

જરથોસ્તીઓએ સ્થાપેલાં પુસ્તકખાંના—દર વરસના કાલેનડરમાં છપાયા મુજબ મુંબઈના ૧૨ અને દેશાવરોના ૧૭ મલી ૨૯ છે.

જરથોસ્તીઓએ સ્થાપેલાં ધરમના દવાખાના—દર વરસના કાલેનડરમાં છપાયા મુજબ મુંબઇના ૩૧ અને દેશાવરોના ૫૬ મલી ૮૭ છે.

જરથોસ્તીઓએ સ્થાપેલાં ધરમનાં કેલવણીખાતાં—દર વરસના કાલેનડરમાં છપાયા મુજબ મુંબઇના ૨૧ અને દેશાવરોના ૫૮ મલી ૭૯ છે.

જરથોસ્તીઓએ સ્થાપેલાં ધરમના ફંડો—દર વરસનાં કાલેનડરમાં છપાયા મુજબ મુંબઇના તથા દેશાવરોના મલી ૩૫ ધરમના ફંડો છે.

*દર વરશે ઉપલી સાત બાબહોના લીસટ છપાય છે; પણ આ વરશે બીજી અગતયની બાબદનોં સમાસ કરવો પડવાથી ફકટ તેની નોંધ આપી છે.

જરથોસ્તીઓને નામદાર સરકારથી મલેલા ખેતાબ.

સર-નાઈટ; બારોનેટ,—સ્ટાર ઓફ ઈન્ડીઆના કમ્પેનીઅન—શેઠ જમશેદજી જીજીભાઈને તેમની મોટી સખાવતને માટે પેહેલ વેહેલાં ઈ૦ સ૦ ૧૮૪૨ ની તા૦ ૨ જી મારચે એટલે પારસીઓનો રોજ ૫ મો માહ ૬ ઠો સને ૧૨૧૧ યઝદેજરદીને વાર બુધને દીને "સર નાઈટ" નો ખેતાબ મલ્યો હતો. એ ખેતાબની પાદશાહી મોહોર સાથની શનદ ઈંગલંડથી તે વેળાના મુંબઈના ગવરનર ઓનરેબલ જોરજ વીલીઅમ એનડરશન ઉપર આવી હતી. તે સર જમશેદજીને આપવા માટે રોજ ૨૯ મો માહ ૮ મો સને ૧૨૧૧ યઝદેજરદી, તા૦ ૨૫ મી મે ૧૮૪૨ ને દીને મુંબઈના પરેલના સરકારી મેહેલમાં રાતે એક મેલાવડો કરવામાં આવ્યો હતો. અંગ્રેજ સરકારથી જેઓને "સર નાઈટ" નો ખેતાબ બક્ષવામાં આવે છે, તે ગૃહસ્થની હઈઆતી સુધીજ હોય છે; પણ તે પછી જનાબેઆલી માહારાણી વીકટોરીઆએ સર જમશેદજીની મોટી લખો રૂપીઆની સખાવત વીગેરેની બીજી માહાભારત ખુબીની યાદગારી વંશપરંપરા ચાલુ રાખવાના શુભ હેતુથી તેમને રોજ ૨ જો માહ ૯ મો સને ૧૨૨૬ યઝદેજરદી, તા૦ ૨૪ મી મેએ ૧૮૫૭ ની નામદાર માહારાણી વીકટોરીઆની શાલગરેહને દીને "બારોનેટ" નો નામીચો ખેતાબ બખશયો હતો, તેની શનદ એજ વરસના રોજ ૧૬ મો માહ ૧૧ મો સને ૧૨૨૬ યઝદેજરદી, તા૦ ૬ ઠી આગસ્ટ સને ૧૮૫૭ ને વાર ગરેહને દીને વેલાતની વેસત મીનીસટરમાંથી બાહાર પડી હતી-તેમાં જણાવ્યું હતું કે એ ખેતાબ વંશપરંપરા ચાલુ રેહશે; એટલે કે દરેક બારોનેટના વડા બેટાને "સર જમશેદજી જીજીભાઈ બારોનેટ" ના નામથી એ ખેતાબ વાપરવામાં આવશે. એ મુબારક ખેતાબના મોભાની જાળવણી સારુ મરહુમ સર જમશેદજી જીજીભાઈ (પેહેલા) બારોનેટે રૂ. ૨૫,૦૦,૦૦૦) પચીસ લાખ રૂપીઆની સરકારી લોન સરકારમાં અનામત મુકી છે કે જેનું દર સાલનું વ્યાજ સદરહુ ખેતાબ ધરાવનારને મલે છે. એવો સાહેબને "ફ્રીડમ ઓફ ધી સીટી ઓફ લંડનનું" માન રોજ ૨૧ મો માહ ૭ મો સને ૧૨૨૪ યઝદેજરદી, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૫૫ ઇસ્વી ને દીને મલ્યું હતું. સર જમશેદજી જીજીભાઈ (પેહેલા) બારોનેટ જેમનો જન્મ નવસારીમાં રોજ ૬ ઠો માહ ૧૦ મો સને ૧૧૫૨ યઝદેજરદી, તા૦ ૧૫ મી જુલાઈ સને ૧૭૮૩ ઇસ્વીને વાર મંગલને દીને થયો હતો, તેઓ સાહેબ ૭૬ વરસની ઉમરે, રોજ ૨૨ મો માહ ૭ મો સને ૧૨૨૮ યઝદેજરદી, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૫૯ ઇસ્વીને વાર ગુરૂને દીને હક થવાથી, એ ખેતાબો તેઓના પેહેલા પુત્ર શેઠ ખરશેદજી જમશેદજીને મલ્યા હતા. જેઓ (બીજા) સર જમશેદજી જીજીભાઈ બારોનેટ તરીકે ઓલખાતા હતા. વળી એવો સાહેબને ઇસવી સને ૧૮૭૧ માં યાને ૧૨૪૦ યઝદેજરદીના સાલમાં "કમ્પેનીયન ઓફ ધી સ્ટાર ઓફ ઈંડીયા" નો ખેતાબ નામદાર માહારાણીએ આપ્યો હતો. (બીજા) સર જમશેદજી જીજીભાઈ બારોનેટ સી. એસ. આઈ. નો જન્મ રોજ ૩ જો માહ ૧ લો સને ૧૧૮૧ યઝદેજરદી, તા૦ ૯ મી અકટોબર ૧૮૧૧ ઇસ્વીને દીને થયો હતો. તેઓ ૬૬ વરસની ઉમરે રોજ ૨૫ મો માહ ૧૦ મો સને ૧૨૪૬ યઝદેજરદી, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૭૭ ને દીને પુણા ખાતે ગુજરયાથી તેઓના વડા પુત્ર શેઠ માણેકજી ખરશેદજી, "સર જમશેદજી જીજીભાઈ (ત્રીજા) બારોનેટ" તરીકે ગણાયા હતા. વળી એવણને નામદાર માહારાણીની સાલગરેહની ખુશાલીમાં, સી. એસ. આઈ. યાને "કમ્પેનીઅન ઓફ ધી સ્ટાર ઓફ ઇંડીઆ" નો ખેતાબ રોજ ૧૯ મો માહ ૮ મો સને ૧૨૫૩ યઝદેજરદી, તા૦ ૪ થી મે સને ૧૮૮૪ ને દીને મલ્યો હતો. એવણનો જન્મ રોજ ૮ મો માહ ૬ ઠો સને ૧૨૨૦ યઝદેજરદી, તા૦ ૩ જી મારચ સને ૧૮૫૧ ઇસ્વીને દીને થયો હતો, તેઓ ૪૭ વરષની ઉંમરે રોજ ૬ ઠો માહ ૧૧ મો શેહેનશાહી સને ૧૨૬૭ યઝદેજરદી, તા૦ ૧૭ મી જુલાઈ સને ૧૮૯૮ ને દીને ગુજરવાથી, અને તેવણના એક પુરા બેટા શેઠ ખરશેદજી ૧૫ વરસની ભર જવાન વયે સને ૧૮૯૩ ના જુલાઈ માસની ૨૮ મી તારીખે ગુજરી ગએલા હોવાથી, અને

ત્રીજા બારોનેટ સર જમશેદજીને પેટે બીજો કોઇ હઇઆત વારસ ન હોવાથી તેવણુના ભાઇ શેઠ કાવસજી ખરશેદજી જમશેદજી, જેઓનો જનમ રોજ ૫ મો માહા ૩ જો શેહેનશાહી સને ૧૨૨૨ યઝદેજરદી, તા૦ ૨૯ મી નવેમબર ૧૮૫૨ ઇસિવીને વાર સોમને દીને થયો હતો, તેવણુ "સર જમશેદજી જીજીભાઈ (ચોથા) બારોનેટ" તરીકે ગણાયા હતા. એવણુને નામદાર સરકાર તરફથી સને ૧૯૦૦ ના સાલમાં મુંબઈના શેરીફ નેમવામાં આવ્યા હતા, અને એવણુ ૧૦ વરસ સુધી બારોનેટશીપ ભોગવી ૫૫ાા વરસની વયે મુંબઈમાં રોજ ૮ મો માહા ૧૦ મો શેહેનશાહી સને ૧૨૭૭ યઝદેજરદી, તા૦ ૧૭ મી જુન સને ૧૯૦૮ ઈસવી ને વાર બુધને દીને બેહેસતનશીન થવાથી એવણુના એક પુરા વડા બેટા શેઠ રૂશતમજી જમશેદજી જીજીભાઈ જેવણુનો જનમ રોજ ૧૮ મો માહા ૬ ઠો શેહેનશાહી સને ૧૨૪૭ યઝદેજરદી, તા૦ ૬ ઠી મારચ સને ૧૮૭૮ ઈસિવી ને વાર બુધને દીને થયો હતો, તેવણુ પોતાની ત્રીસ વરસની ઉમરે "સર જમશેદજી જીજીભાઈ (પાંચમાં) બેરોનેટ" તરીકે હમણુા ગણાય છે.

સર–નાઇટ; બારોનેટ,—શેઠ દીનશાહજી માણેકજી પીટીટને તેમની મોટી લખો રૂપીઆની સખાવત તથા બીજાં ખુબીવંતા કામોને લીધે રોજ ૨ જો માહા ૬ ઠો સને ૧૨૫૬ યઝદેજરદી, તા૦ ૧૬ મી ફેબરવારી સને ૧૮૮૭ ને દીને "સર નાઇટ" નો નામીચો ખેતાબ આપણી અંગ્રેજ સરકાર તરફથી મલ્યો હતો. નામદાર શેહેનશાહબાનું વીકટોરીઆએ પોતાના તખતપર બીરાજવાને પચાસ વરસ પુરાં કીધાં તેની ખુશાલીમાં "જુબીલી" ને નામનો એક તેહવાર આખાં હીંદુસ્થાનમાં ઉપલી તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૮૭ ને દીને મોટી ધામધુમથી પાલવામાં આવયો હતો. તે દીને નામદાર શેહેનશાહબાનુએ આપેલા ખેતાબોનું લીસ્ટ જે કલકતાની વડી સરકારના સરકારી ગેઝેટમાં છાપી પ્રગટ કરવામાં આવ્યું હતું, તેમાં સર દીનશાહજી માણેકજી પીટીટને આ માનવંતો ખેતાબ બક્ષવાનું જાહેરનામું પ્રગટ થયું હતું. આ બનાવથી આખી પારસી કોમમાં અને મુંબઈની તમામ વસ્તીમાં મોટી ખુશાલી પથરાઈ હતી, અને ચોમેરથી સર દીનશાજીને માન–પાન ખાનાં–પીનાં અને એદરેસો આપવામાં આવ્યા હતા. એ પછી સને ૧૮૯૦ ના સાલમાં નામદાર કયસરે હીંદની તરફથી એવણુ સાહેબને "બારોનેટ" નો નામીચો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો, જેની પેહેલવેહલી ખબર મુંબઈના નામદાર ગવરનર લારડ રેએ–શાકરબાઇવાલી જનાવરોની હાસપીટલમાં જાનવરોનાં વઇદાંને લગતી શોધ ખોલ કરવાને માટેની "લેબોરેટરી," ખુલી મેલતી વેલાએ તા૦ ૧૮ મી મારચ સને ૧૮૯૦ ને દીને પોતાનાં ભાષાંણુમાં જાહેર કરી હતી. તે પછી ઈંગલંડથી આવેલા આ ખેતાબનાં "લેટરસ પેટંટ" મુંબઈ સરકારના જુડીસીયલ તથા ધારા ખાતાના માજી મદદનીશ સેકરેટરી મરહુમ મી૦ મેહેરવાનજી નસરવાનજી વાહડયા રોજ ૨૮ મો માહા ૨ જો સને ૧૨૬૦ યઝદેજરદી, તા૦ ૧૩ મી નવેમ્બર સને ૧૮૯૦ ઇસ્વી ને દીને સર દીનશાહજીના વાલકેશ્વર ખાતેના પીટીટ હાલમાં જઇને એવો સાહેબને પોંહચાડી આવ્યા હતા. એ ખેતાબની જાલવણીને માટે એવો સાહેબે બી પચીસ લાખની મોટી રકમના પાંચ ટકાનાં મ્યુનીસીપલ બોન્ડો સરકારમાં અનામત મેલ્યા છે કે જેનું વ્યાજ દર "બારોનેટ" વારસને મલ્યું જશે. નામદાર સર દીનશાહજી જેમનો જનમ રોજ ૩૦ મો માહા ૯ મો સને ૧૧૯૨ યઝદેજરદી, તા૦ ૩૦ મી જુન સને ૧૮૨૩ ઈસ્વી ને દીને થયો હતો, એવો સાહેબ ૭૭ વરસ ને ૧૧ માસની ઉમર ભોગવીને રોજ ૨૩ મો દેપદીન માહ ૮ મો આવાં સને ૧૨૭૦ યઝદેજરદી, તા૦ ૫ મી મે ૧૯૦૧ ને રવીવારે બેહશતનશીન થયા હતા. એવણુની જગોપર એવણુની પાછલ બારોનેટશીપપર આવવાનું એવોનાં માંગવાથી નામદાર સરકારે (એમના પેહલા વડા બેટા શેઠ કાવશજી આગલથી ગુજરી ગયલા હોવાથી) એમના બીજા બેટા શેઠ ફરામજી દીનશાજી પીટીટને અને તેમના મરદ વારેશોને માટે કાયદામાં નક્કી કરી આપયું હતું; પણુ શેઠ ફરામજી નામદાર સર દીનશાહજીની હઇયાતીમાંજ ગુજરી જયાથી તેમના એક પુરા બેટા શેઠ જીજીભાઈ ફરામજી પીટીટ જેમનો જનમ રોજ ૨૦ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૨૪૨ યઝદેજરદી, તા૦ ૭ મી જુન સને ૧૮૭૩ ઇસ્વી ને દીને થયો હતો તેવો હાલમાં "સર દીનશાજી માણેકજી પીટીટ બીજા બેરોનેટ", તરીકે ગાદીએ આવ્યા છે.

સર-નાઈટ; બારોનેટ,—શેઠ જાહાંગીર કાવસજી જાહાંગીર રેડીમની તે આપણી ટાપુના
એક મોટા મરહુમ સખી શેઠયા સર કાવસજી જાહાંગીરનાં દત પુતરે ઈંગલંડમાં ઈમ્પીરીયલ ઈનસ્ટી-
ટયુટમાં બે લાખ રૂપીઆની મોટી મદદ કરી હતી તથા બીજી કેટલીક સખાવતો કરી હતી. એવો
સાહેબને સને ૧૮૯૫ ની તા૦ ૩૦ મી જુને યાને રોજ ૧૮ મો માહા ૧૦ મો સને ૧૨૬૪ યઝદેજરદી
ને વાર રવીને દીને વેલાતની નામદાર સરકાર તરફથી "સર નાઈટ" ના નામીચા ખેતાબની
એનાયત થઈ હતી. એ ખેતાબ ઈંગલાંડમાં ખુદ મરહુમ મોહારાણી વિક્ટોરયાના બખતાવર હાથેજ
એવો સાહેબને અરપન કરવામાં આવ્યો હતો. એ પછી એવો શેઠની ચાલુ રહેલી મોટી બોહોલી
સખાવતો માટે નામદાર બખતાવર શેહેનશાહ એડવરડ ૭ માંની ૬૮ માં વરસની શાલગ્રહના શુભ દીને
યાને તા૦ ૨૬ મી જુન સને ૧૯૦૮ ઈસ્વી, રોજ ૧૭ મો માહા ૧૦ મો સને ૧૨૭૭ યઝદેજરદી
ને વાર શુક્રને દીને શાલગ્રહની ખુશાલીમાં વેલાત ખાતે ઉમરાવો અને બીજાઓના ખેતાબોનું લીસ્ટ
જે વેલાતના ગવરમેન્ટ ગેઝટમાં છાપી પ્રગટ કરવામાં આવે છે (જેનો ટેલીગ્રામ અતરે તેજ દીવસે
આવ્યો હતો) તેમાં સર જાહાંગીર કાવશજીને બારોનેટનો માનવંત ખેતાબ એનાયત કરવાનું જાહેર
કરવામાં આવ્યું હતું. એની સનદ મુંબઈના નામદાર ગવરનર સર જયોરજ સીડનહેમ કલારકે
મુંબઈના સેક્રેટરીયટના કાઉનસીલ હાલમાં રોજ ૩૦ મો માહા ૫ મો સને ૧૨૭૮, તા૦ ૯ મી
ફેબરવારી સને ૧૯૦૯ ને દીને ભરેલી લેવીમાં સર કાવશજી જાહાંગીરને એનાયત કીધી હતી.
આ બારોનેટના બખતાવર ખેતાબની જાલવની સારુ એવો શેઠેબી રૂપયા ૨૫,૦૦,૦૦૦ ની
નાદર રકમ સરકારમાં અનામત મેલી છે જેનું વ્યાજ દર બારોનેટ વારસને હમેશા મલ્યું જશે.
તે એવી રીતે કે રૂપીઆ પંદર લાખની મીલકતો જે નામદાર સરકારને આપેલી છે કે જેની ઉપજ
રૂપયા ૫૦,૦૦૦ થશે, તે રકમ નામદાર હીંન્દી વજીર તરફથી કાયમને માટે સાલયાણા દાખલ દર
વરસે મલતી રહે, એવી ગોઠવણ કરવામાં આવી છે. આ ઉપરાંત રૂપ્યા દશ લાખના હીંન્દી સરકારની
પ્રોમીશરી લોનો, મુંબઈની મ્યુનીસીપાલ કારપોરેશનના તથા મુંબઈ પોરટ ટ્રસ્ટના અને મુંબ-
ઈના સીટી ટ્રસ્ટનાં બાંનડો આપવામાં આવ્યા છે, જેની રૂ. ૪૦,૦૦૦ ની વધુ વારસીક ઉપજ થશે.
વલી મુંબઈમા આવેલાં રેડીમની હાઉસના બે બંગલા ૨૦,૦૦૦ વાર જગા સાથે આપ્યાં છે જેમાનું
ફોરટ મેનસન હાઉસ જે ચર્ચગેટ સ્ટ્રીટમાં આવેલું છે. જે આજે એક સદી ઉપર પેહેલ વેહેલું ચર્ચગેટ
સ્ટ્રીટમાં બંધાયું હતું અને તેનું ભાડુ ઉપજે છે, અને તે રેડીમણી ખાનદાનમાં આજે આઠ નત્ર પેઢ-
ઢાથી ઉતરી આવેલું છે. એનું બધું મલીને રૂપયા એક લાખની આવકનું જાડુકનું ટ્રસ્ટ છે. હવે પછી
જે સર કાવશજી જાગીરનુ નામ ધારણ કરે તેનેજ આ આવક મલી શકે એવો બંદોબસ્ત કરીઓ છે.
હાલ તરત રૂપયા પચીસ લાખ ટ્રસ્ટમાં મુકીઆ છે. પણ કોઈબી વારસ હવે પછી રૂપયા પચાસ
લાખ વેરનો ટ્રસ્ટમાં વધારો કરી શકશે. સર જાહાંગીર કાવશજી જાહાંગીરે પોતાને બારોનેટનો ખેતાબ
મલ્યા પછી પોતાનું નામ ફેરવી "કાવશજી જાહાંગીર" રાખ્યું છે. એવો સાહેબનો જનમ
રોજ ૧૬ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૨૨૨ યઝદેજરદી, તા૦ ૮ મી જુન સને ૧૮૫૩
ઈસ્વી ને વાર બુધને દીને થયો હતો.

સર નાઈટ,—મુંબઈના સખાવતી શેઠ કાવશજી જાહાંગીરજી રેડીમની, જેવોનો જનમ રોજ
૨૧ મો માહા ૮ મો સને ૧૧૮૧ યઝદેજરદી, તા૦ ૨૪ મી મે સને ૧૮૧૨ ઈસ્વીને દીને થયો હતો.
તેઓ સાહેબ ૬૭ વરસની ઉમરે રોજ ૩ જો માહા ૧૧ મો શેહેનશાહી સને ૧૨૪૭ યઝદેજરદી,
તા૦ ૧૯ મી જુલાઈ સને ૧૮૭૮ ઇસ્વીને દીને હક થયા હતા; તેવોએ પોતાનો ધરમી દશત ચોમેર
ફેલાવી સઘલી કોમમાં વીખીઆતી મેલવી હતી, તેવણને ઇસવી સને ૧૮૬૯ નાં જુન માસમાં સી.
એસ. આઇ. યાને "કમ્પેનીઅન ઓફ ધી સ્ટાર ઓફ ઈનડીઆ" નો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો.
જે પછી એ શેઠની એવી કોશેશો વધારે જારી રેહેવાથી શેઠ કાવશજીને "સર નાઈટ" નો નામીચો
ખેતાબ સને ૧૮૭૨ ના સાલમાં નામદાર સરકાર તરફથી આપવામાં આવ્યો હતો.

સર નાઈટ,—શેઠ મનચેરજી મેરવાનજી ભાવનગરી સી. આઈ. ઇ. ને નામદાર શેહેન-
શાહબાનુંની ડાયમંડ જુબીલાને ટાંકણે યાને તા૦ ૨૨ મી જુન ૧૮૯૭ ને દીને "નાઈટ કમાંનડર
ઓફ ધી ઈંડીયન એમ્પાયર" નો નામીચો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો.

સર નાઈટ,—ઓનરેબલ શેઠ પીરોજશાહ મેરવાનજી મેહેતા બારીસ્ટર સી. આઈ. ઇ.—
જેઓ મુંબઈમાં પ્રજાનાં એક અછા આગેવાનનો હરહમેશ ભાગ બજાવતા હતા—તેઓને નામદાર
બ્રીટીશ સરકારે તા૦ ૨૪ મી જુન ૧૯૦૪ ને દીને નામવર શેહેનશાહ એડવરડ સાતમાંની શાલ

ગરેહને દીને અપાયલા ખેતાબોમાં "કે. સી. આઇ. ઇ." યાને "નાઈટ કમાંનડર ઓફ ધી ઈંડિયન એમ્પાયર" નો માનવંતો ખેતાબ બખશયો હતો.

સર નાઇટ,—અવ્વરેના જાણીતા શેહેરી અને સખાવતે મહશુર નામીચા શેઠીયા શેઠ દોરાબજી જમશેદજી તાતાને તા૦ ૧લી જાનેવારી સને ૧૯૧૦ ઇસ્વી યાને આપણી રાજ કરતી કોમના નવા વારસની ખુસાલીમાં સર નાઈટનો નામીચો ખેતાબ નામદાર સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો હતો.

સર નાઇટ,—હોંગકોંગના જાણીતા શેહેરી અને વેપારી શેઠ હોરમસજી નવરોજી મોદીને આપણી ઈંગલંડની બ્રીટીશ સરકાર તરફથી સર નાઈટનો ખેતાબ તા૦ ૧૬ મી મારચ સને ૧૯૧૦ ને દીને યાને રોજ ૫ મો માહા ૭ મો શેહેનશાહી સને ૧૨૭૯ યઝદેજરદી ને બુધને દીવસે એનાયત કરવામાં આવ્યો હતો. શેઠ હોરમસજીએ નામદાર પ્રીંનસેસ ઓફ વેલ્સનું બાવલું હોંગકોંગમાં ૧૯૦૯ ના નવેમબર માસમાં બેટ કીધું હતું. તેમજ એવો સાહેબે ચીનમાં નાતજાતના તફાવત વગર લખોની સખાવત કીધી છે, જેમાં હોગકોંગમાં એવણની સઉથી મોટી સખાવતોમાં હોંગકોંગ યુનીવરસીટી અને સેલર્સ હોમ છે. એ યુનીવરસીટી બાંધવા માટે લગભગ ૩ લાખ ડાલર સર હોરમસજીએ આપ્યા હતા આ યુનીવરસીટીની બીલડીંગનો પાયો નાંખવાની ક્રીયા તા૦ ૧૬ ગી મારચ ૧૯૧૦ ને દીને હોંગકોંગના નામદાર ગવરનર સર ફ્રેડરીક લુગાડે કીધી હતી. એ વખતે નામદાર ગવરનરે જાહેર કીધું હતું કે નામદાર શેહેનશાહ સાતમાં એડવરડે યુનીવરસીટી તરફ પોતાની પસંદગી દેખાડી એ નામદારે એજ દીને તારનો સંદેસો મોકલીને શેઠ મોદીને સર નાઈટનો નામીચો ખેતાબ એનાયત કીધો છે. સર હોરમજી મોદી જેવોનો જનમ રોજ ૧૩ મો માહા ૧ લો શેહેનશાહી સને ૧૨૦૮ યઝદેજરદી, તા૦ ૧૨ મી અકટોબર સને ૧૮૩૮ ઇસ્વીને વાર સુકર ને દીને થયો હતો, એવો સાહેબ ૭૨ વરસની ઉમરે રોજ ૭ મો માહ ૧૦ મો સને ૧૨૮૦ યઝદેજરદી, તા૦ ૧૬ મી જુન ૧૯૧૧ ને શુકરવારે બેહસ્તનશીન થયા હતા.

સર નાઇટ,—મુંબઈના જાણીતા શેહેરી તથા મોટા શેર દલાલ શેઠ શાપુરજી બરજોરજી ભરૂચાની બોહલી સખાવતો અને ગરીબોના એક બેરખા તરીકે એ શેઠે આપેલી કીમતી મદદ તેમજ સરકારના આબરૂ ઇઝત પામેલા સાચ્ચા સલાહદાર અને પ્રજામાં તથા વેપારી વર્ગોમાં પ્રખ્યાત નાણાશાસ્ત્રી તરીકે એવણે સારી કીરતી મેલવવી હતી. શેઠ શાપુરજીને સને ૧૯૧૧ ના સાલના મુંબઈના માનવંત શેરીફ઼ બી નેમ્યા પછી એવો શેઠને સર નાઈટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાની તા૦ ૧૨ મી ડીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહા ૪ થો સને ૧૨૮૧ યઝદેજરદી ને દીને દીલ્હી ખાતે થયલી યાદગાર રાજ્યભીષેક યાને કોરોનેશનની ક્રીયા વખતે ભરાયલી દરબારમાં નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાં તરફથી બક્ષવામાં આવ્યો હતો.

સર નાઈટ,—મુંબઈની હાઇ કોર્ટના માનવંત જડજ ઓનરેબલ શેઠ દીનશાહ ધનજીભાઈ દાવરની કાબેલ્યત, તથા એક ફતેહમંદ જડજ તરીકેની તેમની ઝળકતી કારકીરદી, જાણીતી છે. એવો સાહેબે પારસી કોમને લગતા અગતયના સવાલોમાં ભાગ લઇ કીમતી સહલા આપવા ઉપરાંત પોતાના ઓધ્ધાની ફરજ નામદાર સરકાર અને પ્રજાના સંતોષ વચ્ચે બજાવી હતી એવો શેઠને સર નાઈટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાની તા૦ ૧૨ મી દીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહ ૪ થો સને ૧૨૮૧ યઝદેજરદી ને દીને દીહલી ખાતે થયલી યાદગાર રાજ્યભીષેક યાને કોરોનેશનની ક્રીયા વખતે ભરાયલી દરબારમાં નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાં તરફથી બક્ષવામાં આવ્યો હતો.

સર નાઈટ,—નાગપુરવાલા ખા૦ બા૦ બેજનજી દાદાભાઇ મેહતાએ નાગપોર, બીરાર અને મધ્ય પ્રાંતોમાં મીલ ઉદ્યોગ તથા હુનરની ખીળવણીના જાહેર કામોમાં આગેવાન ભાગ બજવી તેમજ દુકાળ તથા મરકીના વખતમાં સરકારની તથા જાહેર પ્રજાની સેવા બજાવી હતી. એવો શેઠને સર નાઈટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાની તા૦ ૧૨ મી ડીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહા ૪ થો સને ૧૨૮૧ યઝદેજરદી ને દીને દીલ્લી ખાતે થયલી યાદગાર રાજ્યભીષેક યાને કોરોનેશનની ક્રીયા વખતે ભરાયલી દરબારમાં નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાં તરફથી બક્ષવામાં આવ્યો હતો.

સી. એસ. આઇ. યાને કમ્પેનીઅન ઑફ ધી સ્ટાર ઑફ ઇંડીયા.

શેઠ બેરામજી જીજીભાઈ—(મરહુમ) ૧૮૭૬.
શેઠ ડોસાભાઇ ફરામજી કામા—(મરહુમ) ૧૮૭૭.
હેદરાબાદવાળા નવાબ ફરીદુન જંગ બાહાદુર—૧૯૧૧.

સી. આઈ. ઈ. યાને કમ્પેનીઅન ઑફ ધી ઇંડીયન એમપાયર.

દસ્તુરજી બમનજી જામસપજી પુણેવાલા—બીરારના માજી આ૦ કમીશનર, ૧૮૭૯.
ઓનરેબલ શેઠ સોરાબજી શાપુરજી બંગાલી—(મરહુમ) ૧૮૮૧.
ખા૦ બા૦ પેસતનજી જાહાંગીર—ગુજરાતના માજી તાલુકદારી સેટલમેંટ કમીશનર,૧૮૮૩.
શેઠ નવરોજી ફરદુનજી—(મરહુમ) ૧૮૮૪.
સર મનચેરજી મેરવાનજી ભાવનગરી—૧૮૮૬.
શેઠ પેશતનજી હોરમજી કામાજી—(મરહુમ)૧૮૮૭.
શેઠ મેહેરજી કુંવરજી તારાપોરવાલા—કોલાપોરના માજી દીવાન—(મરહુમ) ૧૮૮૮.
ઓનરેબલ શેઠ નવરોજી નશરવાનજી વાહડીઆ—(મરહુમ) ૧૮૮૯.
ખાન બાહાદુર મનચેરજી કાવશજી મરઝબાન—૧૮૯૧.
શેઠ નવરોજી માણેકજી વાહડીયા—(મરહુમ) ૧૮૯૩.
ઓનરેબલ સર ફીરોજશાહ મેરવાનજી મેહેતા—૧૮૯૪.
શેઠ કાવસજી દીનશાહ એડનવાલા—(મરહુમ) ૧૮૯૪.
ઓનરેબલ ખાનબાહાદુર નવરોજી પેસતનજી વકીલ—અમદાવાદવાલા, ૧૮૯૭.
શેઠ રૂસતમજી ધનજીભાઇ મેહેતા—કલકતાવાલા, ૧૮૯૭.
ખાનબાહાદુર મનચેરજી રૂસતમજી ધોલુ—એડનના માજી રેજીસ્ત્રાર, ૧૮૯૭.
ખાનબાહાદુર ખરશેદજી રૂસતમજી થાણેવાલા—રતલામના દીવાન—(મરહુમ) ૧૮૯૯.
નવાબ ખાનબાહાદુર ધનજીભાઇ ફકીરજી કામાદોર—રાવલપીંડીવાલા, (મરહુમ) ૧૮૯૯.
શેઠ એદલજી દીનશાહ—કરાંચીવાલા, ૧૮૯૯.
ખા૦ બા૦ ફરદુનજી કુવરજી તારાપોરવાલા—અમદાવાદના માજી સરકારી એક્‌ઝી૦એન૦, ૧૯૦૧.
શેઠ હીરજીભાઇ માણેકજી રૂસતમજી બનાજી—કલકતાના માજી શેરીફ—(મરહુમ) ૧૯૦૩.
શેઠ ફરદુનજી જમશેદજી—હૈદરાબાદના વડા પ્રધાનના ખાનગી સેક્રેટરી, ૧૯૦૩.
ખાનબાહાદુર બરજોરજી દોરાબજી પટેલ—કવેટાવાલા, ૧૯૦૪. (મરહુમ) ૧૯૦૬.
ખા૦ બા૦ સરદાર શમશુલ-ઓલમાં દસ્તુર હોશંગજી જા૦ જામાસ્પઆશાના—પુણાવાલા—
શેઠ માણેકશાહ બેરામજી દાદાભાઇ રેજીસ્ત્રાર—નાગપુરવાલા, ૧૯૧૧.
લેફટનંટ કરનલ એદલજી પાલનજી ફ્રેંચમેન—૧૯૧૧.
સરદાર નવરોજી પદમજી—પુણાવાળા, ૧૯૧૧.

સમશુલ ઓલમાઓ.

દસ્તુર પેશોતનજી બેહેરામજી સંજાણા—(મરહુમ) ૧૮૮૫.
ખાનબાહદુર દસ્તુર હોશંગજી જામાસપજી જામાસપઆશાના—(મરહુમ) ૧૮૯૦.
એરવદ જીવણજી જમશેદજી મોદી—૧૮૯૩.
દસ્તુર દારાબ પેશોતન સંજાણા—૧૮૯૯.
સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદ નોશેરવાન—(પુણા) ૧૯૧૧.

નામદાર બ્રીટીશ સરકાર તરફથી મલેલો "નવાબ" નો ખેતાબ.

ખા૦ બા૦ ધનજીભાઇ ફકીરજી કામાડોર, સી. આઈ. ઈ. રાવલપીંડીવાલા, (મરહુમ) ૧૯૧૦.

કયેસરે હિન્દનાં ચાંદ.

નામદાર મહારાણી વીક્ટોરીયાની સને ૧૯૦૦ ના વરસની શાલગરેહના દીવસથી એટલે તા૦ ૨૪ મી મે થી "કયસરે હિન્દ" નામના નવા ખેતાબનાં સોના-રૂપાના ચાંદો આપતા કીધાં છે—તે નીચલા જરથોસ્તીઓને મલ્યા છે:—

સોનાનો ચાંદ મેલવનારાઓ.

શેઠ બેરામજી મેરવાનજી મલબારી—૧૯૦૦.
નવાબ ખા૦ બા૦ ધનજીભાઇ ફકીરજી કામાદોર, સી. આઈ. ઈ.-રાવલપીંડીવાલા,(મરહુમ)૧૯૦૧.

શેઠ એદલજી દોરાબજી તલાતી—૧૯૦૪.
ઓનરેબલ ડા૦ ટેમુલજી ભીખાજી નરીમાન—૧૯૦૯.
ખા૦ બા૦ અરદેશર દીનશાહજી ચીનાઇ—મધ્ય પ્રાંતવાલા, ૧૯૧૧.
શેઠ જાહાંગીર હોરમજી કોઠારી—કરાંચીવાળા, ૧૯૧૧.

રૂપાનો ચાંદ મેલવનારાઓ.

લેફ્ટનંટ કરનલ કેખશરૂ સોરાબજી નરીમાન—સુરતના માજી સીવીલ સરજન, (મ) ૧૯૦૦.
ડા૦ ડોશાભાઈ અરદેશર ચોકશી—બેંગલોરના મરકી ખાતાના માજી વડા તબીબી અમલદાર, (મરહુમ) ૧૯૦૦.
ખા૦ બા૦ ફરદુનજી કુવરજી તારાપોરવાલા, સી. આઇ. ઈ.—અમદાવાદના માજી સરકારી [એકઝીકયુતીવ એનજીનીઅર, ૧૯૦૦.
શેઠ બમનજી મનચેરજી—બીલાસપોરના દુકાલ નીવારણ અમલદાર—૧૯૦૦.
ખાનબાહદુર બરજોરજી દોરાબજી પટેલ, સી. આઇ. ઇ.—કવેતાવાલા, ૧૯૦૧.
ખાન બાહદુર અરદેશર ડોશાભાઈ મારકર—કવેતાવાલાને દીલ્હી દરબારનો ચાંદ—૧૯૦૨.
શેઠ રૂસતમજી ફરદુનજી—આંકોલાના ડેપ્યુટી કમીશનર, ૧૯૦૧.
ખા૦ બા૦ માણેકજી ખરશેદજી નરીમાન—મુંબઇની સેક્રેટરીયટના મદદનીસ સેક્રેટરી—૧૯૦૨.
શેઠ નાદીરશાહ નવરોજી ખજુરી—પંજાબની કાંગ્રાવેલીવાલા, ૧૯૦૬.
ડા૦ મોટીબાઈ રૂસતમજી કાપડયા—અમદાવાદવાળા, ૧૯૧૧.

નાઈટ આફ ધી ઓરડર ઑફ ટોરીશ એન્ડ એશપાડા.

(પોરચુગલ સરકાર તરફથી)

શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇ—(મરહુમ) ૧૮૬૪.

ધી કમાનડર ઓફ ધી રોયલ મીલીટરી ઓરડર ઓફ આવર લેડી ઓફ કનસેપશન ઓફ વીલા વીકોઝા.

(પોરચુગલ સરકાર તરફથી).

શેઠ દોરાબજી દીનશાહ એડનવાળા—(મરહુમ) ૧૮૯૨.
શેઠ હોરમજી કાવસજી એડનવાળા—૧૮૯૨.

ધી નાઈટ ઓફ ધી મીલીટરી ઓરડર ઓફ આવર લેડી ઓફ કનશેપશન ઓફ વીલા વીકોઝા.

(પોરચુગલ સરકાર તરફથી)

શેઠ સોરાબજી માણેકજી દમણવાલા—(મરહુમ) ૧૮૯૮.

શીવેલીઅર ડી આનામ નામનો ફ્રેંચ "નાઈટ"નો ખેતાબ.

(ફ્રેંચ સરકાર તરફથી)

સર હોરમજી નવરોજી મોદી—ચીનના વેપારી, (મરહુમ) ૧૮૯૨.

સવાલીએ ડ લોરડ રવાયાલ ડ કામેબ્રાજ નામનો ફ્રેંચ "નાઈટ" નો ખેતાબ.

શેઠ જમશેદજી સોરાબજી શેઠના—૧૮૯૮.

આફીસર ડી. એકેડમીનો ફ્રેંચ સરકારનો ખેતાબ (ડીપલોમાં.)

સમસુલ ઓલમાં એરવદ જીવણજી જમશેદજી મોદી
શેઠ મરજબાન મનચેરજી કાવસજી મરજબાન.
શેઠ જમશેદજી સોરાબજી શેઠના.
શેઠ જાહાંગીર નવરોજી શાપરકીપર.
શેઠ ખરશેદજી માણેકજી સરાફ.
શેઠ એરચજી રૂશતમજી શંદ્દીયાર.
શેઠ મેરવાનજી રતનશાહ પારખ.

આરડર ઓફ ધી બ્રીલયંટ સ્ટાર ઓફ જંજીબાર અથવા હામોડીઆનો ખેતાબ.

(જંગબારના નામદાર સુલતાન તરફથી)

ડાકટર પેસતનજી ભીખાજી નરીમાન—જંગબારના સરકારી તબીબ, ૧૮૯૨.
શેઠ બમનજી માણેકજી દારૂખાનાવાળા—જંગબારના જાહેર બાંધકામ ખાતાના ડીરેકટર, ૧૮૮૧.
શેઠ શોરાબજી માણેકજી દારૂખાનાવાળા—શેતીટરી ખાતાના ઉપરી તથા સુપરીનટેનડીંગ [એનજીનીઅર, ૧૮૯૨.
શેઠ ખરશેદજી કાવસજી રેજીસ્ટ્રાર—૧૮૫૧.

સઇદીયાનો ખેતાબ—જંગબારના નામદાર સુલતાને આપેલો.
ડા૦ પેસતનજી બીખાજી નરીમાન—૧૯૦૫.

સેકરેટ ટ્રેજર તથા ક્રીનકેસોનો ખેતાબ—જેપાનની સરકારે આપેલો.
શેઠ જમશેદજી નશરવાનજી તાતા—(મરહુમ)
શેઠ રતનજી દાદાભાઇ તાતા.

કેવેલીયર ઓફ ધી ઓરડર ઓફ ધી ક્રાઉન ઓફ ઇટાલી
(ઇટાલીની સરકાર તરફથી)
ખાન બાહાદુર ડાકટર નશરવાનજી હોરમસજી ચોકસી—૧૮૯૯.

"શીરો-ખુરશેદ" યાને સીંહ અને ખોરશેદ નામનો ફારસી ખેતાબ.
(ઇરાનના નામદાર શાહ તરફથી.)
સર દીનશાહજી માણેકજી પીટીટ, બારોનેટ—(મરહુમ)
સર મનચેરજી મેરવાનજી ભાવનગરી—(લંડન) ૧૯૦૦.

નવાબ બહાદુરનો ખેતાબ—નામદાર નીઝામ સરકારે આપેલો.
શેઠ ફરામજી જમશેદજી મુનસીને નવાબ ફરામરઝ જંગ બહાદુર.

વડા વજીરના ખાનગી સેકરેટરી તેમજ પોલીટીકલ સેકરેટરી શેઠ ફરદુનજી જમશેદજી વાછા સી. આઈ. ઇ. ને નવાબ ફરેદુન જંગ બહાદુર—૧૯૦૬.

ઇનદુર ડીસટ્રીકટના અવલ તાલુકદાર શેઠ બરજોરજી જમશેદજી વાછાને નવાબ બરજોર જંગ બહાદુર—૧૯૦૬.

મેદક ડીસટ્રીકટના અવલ તાલુકદાર શેઠ શેરાબજી જમશેદજી ચીનાઇને નવાબ સોરાબ જંગ બહાદુર—૧૯૦૬.

તાઝીમી સરદારનો ખેતાબ—બીકાનેરના મહારાજાએ આપેલો.
શેઠ આર. ડી. કુપર-માહારાજાના પ્રાઇવેટ સેકરેટરી—૧૯૦૬.

"ખાન બહાદુર"નો ખેતાબ મળેલા જરથોસ્તીઓ.

શેઠ અરદેશર એદલજી તાતા.
શેઠ અરદેશર ડોશાભાઇ મારકર-કવેતાના વેપારી અને આ૦ માજીસ્ત્રેટ.
શેઠ અરદેશર દીનશાહ ચીનાઈ.
શેઠ અરદેશર દોરાબજી, રજપુતાણાની સુપરીનટેનડીંગ એનજીનીઅરીંગ હારીસવાલા.
શેઠ અરદેશર દોરાબજી દવીયરવાલા-(દેહતું-ઉમરગામ.)
શેઠ આદરજી મનચેરજી દલાલ-(ભરૂચ.)
શેઠ એદલજી બીખાજી કુમાના
શેઠ કાવશજી જમશેદજી લાલકાકા, પોસ્ટખાતાવાલા.
શેઠ ખરશેદજી નશરવાનજી કંત્રાકટર.
શેઠ ગુસતાદજી ધનજીશાહ કાપડયા
શેઠ જમશેદજી અરદેશર દલાલ.
શેઠ જમશેદજી રૂસતમજી દેશાઈ-કમીશરી ખેતવાલા-(પુણા.)
શેઠ ડોશાભાઇ પેસતનજી-(સુરત.)
શેઠ દાદાભાઈ દીનશાહ-(ખેડા.)
શેઠ દાદાભાઈ નશરવાનજી નાણાવટી.
શેઠ દીનશાહ ડોશાભાઇ ખંભાતા-મુંબઈના કમીશનર જનરલના વડા મદદનીશ.
શેઠ ધનજીશાહ એદલજી.
ડાકટર નવરોજી કાવશજી કલીયાણીવાલા.
શેઠ નવરોજી પેસતજી વકીલ-(અમદાવાદ.)
શેઠ નશરવાનજી જાહાંગીર ઓગા-(રાવલપીંડી)
શેઠ નશરવાનજી રૂશતમજી મહેતા-(કરાંચી)
શેઠ નશરવાનજી શેહેરીઆરજી જીનવાલા-(ભરૂચ.)
ડા૦ નશરવાનજી હોરમસજી ચોકશી.
ડા૦ પાલનજી હોરમસજી દાદાચાનજી.

શેઠ પાલનજી આદરજી મીસતરી—(કરાંચી.)
શેઠ પેસતનજી રૂશતમજી મહેતા.
શેઠ ફરદુનજી મનચેરજી દસ્તુર
શેઠ ફરામજી અરદેશર અહમદનગરવાલા.
શેઠ ફરામજી કાવશજી—આબકારી ઇનશપેક્ટર.
શેઠ ફરામજી દીનશાહ કામદીન.
શેઠ ફરામરોજ અરદેશર ફરામજી મુસ.
શેઠ ફરામજી નશરવાનજી સંતોક—આબુના વેપારી
શેઠ બરજોરજી નશરવાનજી વકીલ—(સુરત.)
શેઠ બરજોરજી દોરાબજી પટેલ, સી. આઈ. ઇ.—
કવેટાના વેપારી.
શેઠ બમનજી એદલજી મોદી.
શેઠ બમનજી દોરાબજી પટેલ.
સર બેજનજી દાદાભાઈ—નાગપોરની શેઠ તાતા—
વાલી એમપરેસ મીલના મેનેજર.
શેઠ બેજનજી મેરવાનજી—(રાજકોટ)
શેઠ બેરામજી દાદાભાઇ-રીટાયરડમુંબઇના રેજીસ્ત્રાર
શેઠ મનચેરજી કાવસજી મરઝબાન, સી. આઈ. ઈ.
શેઠ મનચેરજી રૂસતમજી ધોલું, સી. આઇ. ઈ.
શેઠ માણેકજી ખરશેદજી નરીમાન—મુંબઇની
સેક્રેટેરીયટના મદદનીશ સેક્રેટરી.
શેઠ માણેકજી નાનાભાઇ—(ડીસા)
શેઠ માણેકજી પાલનજી પોહ—(સુરત)
શેઠ માણેકજી મેરવાનજી મુલ્લા—(બાલાઘાટ)
શેઠ માણેકશાહ રતનજી દસ્તુર (ભંડારા)
શેઠ મેહેર હોસંગ દસ્તુર—(પુણા.)
શેઠ રતનજી બેજનજી કેમીસરીએટવાલા.
ડાૅ રતનજી રૂસ્તમજી દાદીના.
ડાૅ રૂસતમજી જમશેદજી કાપડયા.
શેઠ રૂશતમજી જાહાંગીરજી વકીલ—(અમદાવાદ)
શેઠ રૂશતમ બમનશાહ વકીલ.
શેઠ શાપુરજી એદલજી ચીનાઇ—(દખન હેદરાબાદ)
શેઠ શાવકશાહ કાવશજી દાવર—(પુણા.)
શેઠ હોરમસજી આદરજી પટેલ.
શેઠ હોરમસજી માણેકજી બીમરડીવાલા.

જરથોસ્તી "જસતીસ ઓફ ધી પીસ" યાને શુલેહના અમલદારો.

અરદેશર જમશેદજી ઉમરીગર
અરદેશર જમશેદજી બીલીમોરીયા
અરદેશર દાદાભાઈ મોદી, ડાકટર
અરદેશર પેસતનજી કામા, ડાકટર
અરદેશર ફરામજી વકીલ
ઉકરજી કાવસજી ઉમરીગર
કાવસજી એદલજી દાદાચાનજી
કાવશજી જાલભાઈ શેઠ
સર કાવશજી જાહાંગીર રેડીમની બારોનેટ
કાવશજી જાહાંગીર રેડીમની
કાવશજી દાદાભાઈ દુબાસ
કાવશજી પેસતનજી ડાકટર
કાવશજી બેજનજી શેઠના
કાવશજી હોરમશજી ડાકટર
દસ્તુર કેખશરૂ જામાસ્પજી મીનોચેરજી
જામાસ્પ આશાના [હોમજી
કેખશરૂ માણેકજી બરજોરજી મીનોચેર
કેરસાસપજી રૂસતમજી દાદાચાનજી
લેફટેનંટ કરનલ કે. એ. દલાલ
લેફટેનંટ કરનલ કે. એચ. મીસતરી
ખરશેદજી નવરોજી વાહાડયા
ખરશેદજી મનચેરજી બનાજી
ખરશેદજી માણેકજી ખરશેદજી
જમશેદજી અરદેશર હો. વાહાડયા
જમશેદજી ખરશેદજી જમશેદજી જીજીભ
સર જમશેદજી જીજીભાઇ બારોનેટ (પાંચમાં
જમશેદજી જીવણજી ગઝદર
જમશેદજી માણેકજી ફરામજી પટેલ
"જમશેદજી રૂશતમજી દેશાઈ
જાહાંગીર એદલજી દાવર
જાહાંગીર ડોસાભાઈ ફરામજી
જાહાંગીર બમનજી પીટીટ
જાહાંગીર બેરામજી મરઝબાન
જાહાંગીર રતનજી દુબાશ
જાહાંગીર રૂશતમજી પટેલ [લમાં
જીવણજી જમશેદજી મોદી, શમસુલ ઓ
જીજીભાઈ પેસતનજી નીકલસન, ડાકટર
ટેમુલજી ભીખાજી નરીમાન, ડાકટર
ડોસાભાઈ કે. પટેલ, ડાકટર
ડોસાભાઈ નશરવાનજી વાહાડયા
દાદાભાઈ નશરવાનજી કેરાંવાલા
દાદીબા મેરવાનજી દલાલ
દાદી નશરવાનજી દાદી
દસ્તુર દારાબ પેશુતનજી સંજાણા સ.
દીનશાહ એદલજી વાછા [એ.
દીનશાહ દોરાબજી મીસ્ત્રી
સર દીનશાહ ધનજીભાઈ દાવર
દીનશાહ બમનજી માસ્તર, ડાકટર
સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટ
સર દોરાબ જમશેદજી તાતા (બીજા)
ધનજીભાઇ બમનજી પીટીટ
નવરોજી જાહાંગીર ગામડયા
નવરોજી પેશતનજી હોરમજી કામા
નવરોજી માણેકજી દુમસીઆ
નવરોજી સોરાબજી બંગાલી
નશરવાનજી નવરોજી વાહાડયા
નશરવાનજી મેરવાનજી પટેલ
નશરવાનજી સોરાબજી જમશેદજી જીજી.
નશરવાનજી હોરમજી આકસી, ડાકટર
"નાદીરશાહ હોરમજી એદલજી સુખીયા,
નાનાભાઈ અરદેશર ફરામજી મુસ [ડાકટર
નાનાભાઈ નવરોજી કાત્રક, ડાકટર
નાનાભાઈ હોરમજી મુસ
પીરોજશાહ બમનજી જીજીભાઈ દાદાભાઇ
સર પીરોજશાહ મેરવાનજી મેહતા, સી.
પેશતનજી નશરવાનજી વાડીયા [આઈ. ઈ.
ફરદુનજી એ. ખરશેદજી ફરદુનજી
ફરદુનજી જમશેદજી પારખ
ફરદુનજી નશરવાનજી બોશાની, ડાકટર
ફરદુનજી મનચેરજી દસ્તુર
ફરદુનજી મેરવાનજી બનાજી
ફરદુનજી સોરાબજી તાલીયારખાન
ફરામજી એદલજી દાવર, ડાકટર
ફરામજી દોરાબજી ફરામજી પાંડે
ફરામજી શાપુરજી, ડાકટર

ફ્રામરોઝ રૂશતમજી જોશી
ફીરોઝ ખરશેદજી શેઠના
ફીરોઝશાહ બી. આર. મોદી
બમનજી દીનશાહ પીટીટ
બરજોરજી સોરાબજી શરાફ, ડાકટર
બેજનજી દાદાભાઈ કાપડયા, ડાકટર
બેરામજી દાદાભાઈ રેજીસટરાર
બેરામજી દોરાબજી બનાજી
બેરામજી નવરોજી ગામડીયા
બેરામજી નશરવાનજી શીરવઈ
બેરામજી મેરવાનજી મલબારી
બેરામજી રૂસતમજી બેરામજી જીજીભાઈ
ભીખાજી એદલજી ધાસવાલા, ડાકટર
મનચેરજી કાવશજી મરઝબાન, સી. આઈ.
મનચેરજી બેહરામજી કોલાહ, ડાકટર [ઇ.
મનચેરજી રૂસતમજી ધાલુ, સી. આઈ. ઇ.
માણેકજી ખરશેદજી નરીમાન
માણેકશાહ ધનજીશાહ ડાકટર
મેરવાનજી પેસતનજી ખરેગાત

મેરવાનજી મનચેરજી કામા
રતનશાહ એરચશાહ કોહીઆર
રતનશાહ ટેમુલજી નરીમાન, ડાકટર
રતનજી જમશેદજી તાતા
રતનજી રૂશતમજી દાદીના
રૂસતમજી અરદેશર સ્પેનસર
રૂશતમ ડી. એન. વાડીયા
રૂશતમજી ધનજીભાઈ શેઠના
રૂશતમજી નાનાભાઈ રાણીના, ડાકટર
રૂશતમજી બેરામજી જીજીભાઈ
રૂસતમ પેસતનજી મસાની
રૂશતમ બમનશાહ વકીલ
*રૂશતમ મનચેરજી સીચગર
રૂસતમજી સોરાબજી પાકિજાળા
લીમજી નવરોજી બનાજી
શાપુરજી જીવાજી વાછા
સર શાપુરજી બરજોરજી ભરૂચા
શાવકશાહ રતનજી બમનજી દુબાસ
શાવકશાહ સોરાબજી બાટલીવાલા, ડાકટર

સોરાબજી એદલજી વારડન
સોરાબજી કાવશજી હોરમજી ડાકટર
સોરાબ ખરશેદજી નરીમાન, ડાકટર
સોરાબજી દાદાભાઈ દુબાશ
સોરાબજી ફરામજી બોલીમોરીઆ
સોરાબજી ફરામજી બેંકર
સોરાબજી બમનજી માસતર
સોરાબજી એમ. રતનાગર
સોરાબજી લીમજી પાંડે
હોરમસજી અરદેસર વાહડયા
હોરમસજી એદલજી આલબલેસ
હોરમસજી દાદાભાઈ વકીલ
હોરમસજી દોરાબજી પદમજી
હોરમસજી બમનજી જીજીભાઈ
હોરમસજી મનચેરજી કામા
હોરમસજી માણેકજી ભીમરડીવાલા
હોરમસજી માણેકજી માસીના, ડાકટર
હોરમસજી લીમજીભાઈ બાટલીવાલા
હોરમસજી સોરાબજી (કમુના)

* આવી નીસાનીવાલા ગયે વરસે નવા મુલેહના અમલદાર ઠરેલા સમજવા.

જરથોસ્તી શેરીફો.

શેઠ કાવશજી હોરમજી ડાકટર, ૧૮૯૪.
શેઠ ખરશેદજી ફરદુનજી પારખ, ૧૮૭૭ (મ.)
સર જમશેદજી જીજી૦બારોનેટ(ચોથા),૧૯૦૦(મ)
શેઠ ડોસાભાઈ ફરામજી કરાકા, ૧૮૭૨ (મ.)
સર દીનશાજી માણેકજી પીટીટ, ૧૮૮૭ (મ.)

શેઠ બમનજી હોરમજી વાડીઆ, ૧૮૫૯ (મ.)
ખા. બા. મનચેરજી કાવશજી મઝબાન, ૧૯૦૬.
શેઠ માણેકજી ખરશેદજી, ૧૮૫૬ તથા ૧૮૬૩ (મ)
શેઠ શોરાબજી શાપુરજી બંગાલી, ૧૮૮૧ (મ.)
સર શાપુરજી બરજોરજી ભરૂચા ૧૯૧૧.

શેઠ માણેકજી રૂશતમજી બનાજી—કલકતાના શેરીફ—૧૮૭૩ (મ.)
શેઠ રૂશતમજી ધનજીભાઈ મેહેતા—કલકતાના શેરીફ—૧૮૯૩.
શેઠ હીરજીભાઈ માણેકજી રૂશતમજી બનાજી—કલકતાના શેરીફ—૧૯૦૨. (મ.)
શેઠ કાવશજી એદલજી પાંડે—મદરાસના શેરીફ—૧૮૯૪.

મુંબઈની યુનીવરસીટીના જરથોસ્તી "ફેલો."

નામદાર સરકારે સને ૧૯૦૪ ના વરસથી નવા યુનીવરસીટી એક્ટ મુજબ બધી ગ્નાતનાં ૮૦) એંસી ફેલો પોતાની તરફથી નેમેલા તેમાંનાં પારસી ફેલોના નામઃ—

આદરજી મેરવાનજી મસાની
એદલજી દોરાબજી તલાતી
ખા૦ બા૦ ખરશેદજી નશરવાનજી કંટરા-કટર
જમશેદજી અરદેશર દલાલ
જાલભાઈ દોરાબજી ભરડા
જીવણજી જમશેદજી મોદી, સ. એ.

આ૦ ડા૦ ટેમુલજી ભીખાજી નરીમાન
દીનશાહ ફરદુનજી મુલ્લાં
નશરવાનજી ફકીરજી સરવેયર, ડાકટર
નાનાભાઈ અરદેશર મુશ
ઓ૦ સર પીરોજશાહ મેરવાનજી મેહેતા, કે. સી. આઈ. ઈ.

પેસતનજી અરદેશર વાડયા
ફરદુનજી મનચેરજી દસ્તુર
રૂશતમજી ધનજીભાઈ શેઠના
સોરાબ ખરશેદજી નરીમાન, ડાકટર
હોરમજી જાહાંગીર ભાભા

ઉપલા શાથનાં બધી ગ્નાતવાલા ૮૦) ફેલો તથા ગ્રેજુએટો તથા ફેકલતીઓએ મલીને ચુંટી કાઢેલા બીજા ર૦) વીસ ફેલોમાંનાં પારસી ફેલોઃ—

કાવશજી એદલજી દાદાચાનજી
નાનાભાઈ નશરવાનજી સાહેર

ફરદુનજી કુવરજી તારાપોરવાલા
ભીખાજી એદલજી ધાસવાલા, ડાકટર

પરોફેશર મનચેરજી કાવશજી કાંગા
રૂસતમ ના૦ ર૦ રાનીના, ડાકટર

* આવી નીશાનીવાલા ગયે વરસે નવા ઠરેલા સમજવા.

જરથોસ્તી કાઉનશીલરો.

ઇસ્વી સને ૧૯૧૦ ના સાલથી આપણી નામદાર અંગ્રેજ સરકારે પોતાની પ્રજાના લોકોને નવા વધુ હકો બક્ષી કાઉનસીલના મેમબરોની સંખ્યાબી વધારી છે, તેની રૂએ મુંબઇની નવી ધારાસભામાં યાને નામદાર ગવરનરની મુંબઇની લેજીસલેટીવ કાઉનસીલના જરથોસ્તી કાઉનસીલરો નેમવામાં આવ્યા હતા—તેઓમાં:—

ઓનરેબલ સર ફીરોશાહ મેરવાનજી મેહતા, સી. આઇ. ઈ. (મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશન તરફના પ્રતીનીધી) ૧૯૧૦
,, ડા૦ ટેમુલજી ભીખાજી નરીમાંન (સરકાર તરફના પ્રતીનીધી) ૧૯૧૦.
,, સરદાર દાવર કેખશરૂ એદલજી મોદી, સુરતવાલા (સરકાર તરફથી) ૧૯૧૦.
,, ખા૦ બા૦ નવરોજી પેશતનજી વકીલ, સી. આઇ. ઈ., અમદાવાદવાલા (સરકાર તરફથી) ૧૯૧૦.

કલકતાની નામદાર વાઇસરોયની ઇમપીરીયલ લેજીસલેટીવ કાઉનસીલના સભાસદો

ઓનરેબલ શેઠ માણેકજી બેરામજી દાદાભાઇ (નાગપોરવાલા) ૧૯૧૦.

બરમાની લેજીસલેટીવ કાઉનસીલના સભાસદો.

ઓનરેબલ શેઠ મેરવાનજી કાવશજી કેપટન (રંગુનવાલા)૧૯૧૦.

નામદાર ગવરનરની મુંબઇની ધારા બાંધનારી સભાના ઇસ્વી સને ૧૯૧૦ ની આગલ થઇ ગયલા જરથોસ્તી કાઉનસીલરો.

ઓનરેબલ સર જમશેદજી જીજીભાઇ (બીજા) બેરોનેટ, સી. એસ. આઇ. ૧૮૭૦, બીજીવાર ૧૮૭૨. (મ.)
,, સર જમશેદજી જીજીભાઈ (ત્રીજા) બેરોનેટ, સી. એસ. આઇ. ૧૮૭૯, બીજીવાર ૧૮૮૧, ત્રીજી વાર ૧૮૮૩. (મ)
,, શેઠ ડોશાભાઈ ફરામજી, સી. એસ. આઇ. ૧૮૭૦. (મ.)
,, શેઠ દાદાભાઈ નવરોજી પરોફેસર, ૧૮૮૫.
,, ખા૦ બા૦ હોરાબજી પદમજી પેસતનજી ૧૮૯૩–૯૮. (મ.)
,, ખા૦ બા૦ દારાશાહ રતનજી ચીનાગર—૧૯૦૪(મ.)
,, ખાનબાહાદુર નવરોજી હોરાબજી ખંડાલેવાલા—૧૯૦૩–૧૯૦૬.
,, શેઠ નવરોજી નશરવાનજી વાહડયા, સી. આઇ. ઈ., ૧૮૮૩–૧૮૯૯. (મ.)

ઓનરેબલ સરદાર નવરોજી પદમજી, ૧૯૦૬.
,, ખા૦ બા૦ નવરોજી પેશતનજી વકીલ, સી. આઇ. ઈ., ૧૯૦૮–૧૯૦૯.
,, ખાનબાહાદુર પદમજી પેશતનજી, ૧૮૮૪. (મ.)
,, સર ફીરોજશાહ મેરવાનજી મેહેતા, સી. આઇ. ઈ. ૧૮૮૭; ૧૮૮૩ થી ૧૯૦૯.
,, શેઠ ફરામજી નશરવાનજી પટેલ, ૧૮૬૬ (મ.)
,, શેઠ બમનજી દીનશાહ પીટીટ, ૧૯૦૦.
,, શેઠ બેરામજી જીજીભાઈ સી. એસ. આઇ. ૧૮૬૮ થી ૧૮૭૨ (મ.)
,, શેઠ રૂશતમજી જમશેદજી જીજીભાઈ ૧૮૬૨—૧૮૬૬. (મ.)
,, શેઠ સોરાબજી શાપુરજી બંગાલી સી. આઇ. ઈ. ૧૮૭૮. (મ.)

કલકતાની નામદાર વાઇસરાયની કાઉનસીલના સને ૧૯૧૦ ની આગલ થઇ ગયલા જરથોસ્તી સભાસદો.

ઓનરેબલ સર દીનશાહજી માણેકજી પીટીટ બેરોનેટ—૧૮૮૭ (મ.)

ઓનરેબલ સર ફીરોજશાહ મેરવાનજી મેહેતા સી. આઇ. ઈ.—૧૮૯૪, બીજીવાર— ૧૮૯૮ થી ૧૯૦૦.

ઓનરેબલ શેઠ માણેકજી બેરામજી દાદાભાઈ—૧૯૦૮ થી ૧૯૦૯.

મુંબઇ મ્યુનીસીપાલ કારપોરેશનના જરથોસ્તી મેમબરો.

ડા૦ કાવશજી એદલજી દાદાચાનજી—ગીરગામ (કર.ભર.)
કાવશજી જાહાંગીર રેડીમણી—(સુ. અ.)
જમશેદજી અરદેશર વાહડીયા—(સુ. અ.)
ડા૦ જાહાંગીર જમશેદજી ખ. લીલાંઉવાલા-ભુલેશ્વર (કર.ભર.)
જાહાંગીર ડોશાભાઇ ફરામજી—(સરકાર)
જાહાંગીર બમનજી પીટીટ—(સુ. અ.)
જાહાંગીર રૂસતમજી પટેલ—ગીરગામ (કર. ભર.)
આ૦ ડા૦ ટેમુલજી ભીખાજી નરીમાન—(યુનીવરસીટી)
દીનશાહ એદલજી વાછા—કોટ (કર. ભર.)
ડા૦ દીનશાહ બમનજી પેસતનજી માસ્તર—ભુલેશ્વર (કર.ભર.)
સર દીનસાહ માણેકજી પીટીટ બારોનેટ—(સુ. અ.)
નવરોજી જાહાંગીર ગામડયા—કોટ (કર. ભર.)
ડાકટર નાદરશા હોરમજી સુખીઆ—કોટ (કર. ભર.)
આનરેબલ સર પીરોશાહ મેરવાનજી મેહેતા—(સુ. અ.)
ફીરોજ ખરશેદજી શેઠના—(સુ. અ.)
ડા૦ રતનશાહ ટેમુલજી નરીમાન—(સુ. અ.)
ડા૦ શાવકશાહ શોરાબજી બાટલીવાલા—પરેલ (કર. ભર.)
શાપુરજી સોરાબજી મીસતરી—કોટ (કર. ભર.)
સોરાબજી ખરશેદજી ઘોડી—ભાયખલા (કર. ભર.)

(કર. ભર.)=કર ભરનારાઓ તરફથી ચુંટી કઢાયલા; (સુ. અ.)=સુલેહના અમલદારો તરફથી; (યુનીવરસીટી)=યુનીવરસીટી તરફથી; (સરકાર)=નામદાર સરકારે નેમેલા.

સ્ટેનડીંગ કમીટીના જરથોસ્તી મેમબરો.

ડા૦ નાદીરશાહ હોરમજી સુખ્યા.

કાવશજી જાહાંગીર રેડીમની.

મ્યુનીસીપાલીટીના સેકરેટરી—રૂસતમ પેસતનજી મસાની.

મુંબઇની પૉરટ ટ્રસ્ટના જરથોસ્તી મેમબરો.

નવરોજી જાહાંગીર ગામડીયા (સરકાર તરફથી.)

મુંબઇની સીટી ઇમપ્રુવમેન્ટ ટ્રસ્ટ બોરડના જરથોસ્તી મેમબરો.

દીનશાહ એદલજી વાછા—નવરોજી જાહાંગીર ગામડીયા.

જાહાંગીર ડોશાભાઇ કરાકા—સપેસીયલ કલેકટર.

હાઈકોરટના જરથોસ્તી વકીલો—દર વરસના કાલેનડરમાં નામો છપાયા મુજબ ૭૬ જરથોસ્તીઓ છે.

જરથોસ્તી સોલીસીટરો—દર વરસના કાલેનડરમાં નામો છપાયા મુજબ ૭૬ જરથોસ્તીઓ છે. એ ઉપરાંત ય. સને ૧૨૮૧ માં નીચલા જરથોસ્તીઓ પસાર થયા હતા:-મેસરસ જહાંગીર સોરાબજી કાંગા, પેસ્તનજી લીમજી પારેખ, રૂસ્તમજી એદલજી પાપા, નશરવાનજી હોરમસજી શેઠના અને અરદેસર ફરામજી સુનાવાળા.

જરથોસ્તી બેરીસ્ટરો—દર વરસના કાલેનડરમાં નામો છપાયા મુજબ ૧૩૩ જરથોસ્તીઓ છે. એ ઉપરાંત ય. સને ૧૨૮૧ માં નીચલા જરથોસ્તીઓ પસાર થયા હતા:—મેસરસ દારાબ ખરશેદજી દરાઈવર, મેરવાનજી કાવશજી શેઠ, જાહાંગીર બરજોરજી પટેલ, એસ. કે. દસ્તુર, પેસતનજી પીરોશાહ ડાકટર, કાવશજી મેરવાનજી દોતીવાળા, ફીરોઝશાહ હોરમસજી જડજ, અરદેશર રતનજી વાડયા, એ. અરદેશર એનજીનીયર, રતનજી સોરાબજી દાદાચાનજી, મીનોચેહર જમશેદજી દસ્તુર, સોરાબજી માણેકજી અને ધનજીશાહ સોરાબજી કેપટન. જયારે મુંબઇની હાઈકોરટની એડવોકેટની પરીક્ષામાં પારસીઓમાં મી૦ ધનજીશાહ મેહરજીભાઈ માદન પસાર થયા હતા.

ઇરાની જરતોશતી લગનની જાણવાજોગ હકીકત.

(લખનાર ખુદાયાર શહેરયાર.)

જ્યારે એક ઇરાની જરતોશતી પંદર વરસની ઉમરે પુગે છે ત્યારે તેને ઉમરમાં આવેલો ગણીને લગનને લાયકનો વીચારવામાં આવે છે. તયાર પછી એક ઠેરવેલે દીવસે તેનાં નજદીકનાં સગાં વહાલાંઓ, ઘણું કરીને બાનુઓ તેની પોતાની મરજી પુછયા વીના ભેગાં મલીને તે જવાનને માટે એક કુમારીકા પસંદ કરી શુભ દીવસ જોઇને તે જવાનની મા અથવા બહેન અથવા તેના નજદીકનાં સગાં વહાલાંઓ માંહેલી કોઈ બીજી એક બાનુ પેલી પસંદ કરેલી કુમારીકાને ઘરે જાય છે તયાં થોડીક વાતચીત કરવા પછી તેણી પોતે શું કારણથી તયાં પધારી છે તેને લગતી વાત ઘટતા શબ્દોમાં પેલી ચુંટી કહાડવામાં આવેલી કુમારીકાનાં માબાપો અથવા વાલીઓને કહે છે. જો આ માંગણી તે કુમારીકાનાં વાલીઓનાં ધયાનમાં ઉતરે તો તેઓ તેની ઘટતી રીતે સવીકાર કરે છે, અને પેલા પરણવાને લાયક થયલા જવાનની તરફથી ગયલી બાનુ પોતાને ઘરે પાછી ફરે છે. ઘણું ખરૂં તો છોકરીનાં માબાપ અથવા વાલી થોડાક દીવસ સુધી વીચાર કરીને જવાબ આપવા જણાવે છે, અને તેટલાં તેઓ પરણવા નીકળેલા જવાન વીષે ઘટતે ઠેકાણે પુછપરછ કરે છે. એક છોકરીના બાબમાં ઘણું ખરૂં તો તેણીનાં લગન તેણીનાં માબાપની મરજીથીજ ગોઠવવામાં આવે છે, પણ જો એક વાર તે છોકરીને એ બાબે એશારો કરી ચેતવવામાં આવે છે તો તેણીની મરજી પણ એક બહુ અગતની બાબત થઈ પડે છે, અને ઘણીવાર એમ બને છે કે પોતાનાં માબાપની અતયંત રાજી ખુશી હોવા છતાં એક છોકરી કોઇ પુરૂષને પોતાના પતી તરીકે સવીકારવાને સાફ ના પાડે છે પણ સાધારણ રીતે તો છોકરીઓ તથા છોકરાઓ પોતાનાં લગનની બાબતમાં પોતાનાં માબાપની મરજી પ્રમાણેજ અમલ કરે છે, અને તે નીયમથી ઉલટા દાખલાઓ જે મલે છે તે ફકત અપવાદો સરખાજ ગણી શકાય.

લગનને લગતું સાટું નકી કરવા પછી તેને આગલ હાર પાડવા માટે એક શુભ દીવસ ઠેરવવામાં આવે છે. આ દીવસે પરણુવા નીકળેલા જવાનનાં કુટુંબની થોડીક સ્ત્રીઓ એક લીલા રેશમી રૂમાલમાં ત્રણ દાડમ, થોડાંક ફુલ, અથવા મેદીનાં પત્રાં, શાકરનો એક ગાંગડો, એક વીંટી અને થોડુંક 'આવીશન,' (યાને તુલસીના પાલાનું પાણી) લઈને પસંદ કરવામાં આવેલી છોકરીને ઘરે જાય છે. અરસપરસના આવકારના શબ્દો પસાર થયા બાદ આ પરોણાંઓ છોકરીનાં મા તેમજ બાપને આવાં ટાંકણુંને છાજતાં શબ્દો ઓચરીને અકેક દાડમ ભેટ તરીકે આપે છે. પરોણાઓએ પોતાની બેઠક લેવા બાદ, છોકરીનાં કુટુંબીઓ તેઓની ઉપર ગોલાબ છાંટે છે અને તેઓની સનમુખ એક આરસી મુકયા પછી તેઓની હજુરમાં એક રકાબીમાં થોડીક મીઠાઈ રજુ કરે છે, તે મીઠાઇનો સવાદ ચાખવા બાદ તેઓને શરબતનું અકેક જામ આપવામાં આવે છે. તયાર પછી પસંદ કરવામાં આવેલી છોકરીને બોલાવવામાં આવે છે. પરણવા નીકળેલા જવાનનાં કુટુંબીઓમાંથી પરોણાંઓ તરીકે હાજર રહેલી ઘણું કરીને તેની બહેન અથવા તો કાકી હમેશ હોય છે, અને તેઓમાંથી એક જણુ છોકરીને લાવવામાં આવતાં તેને એક દાડમ આપે છે, અને જે શાકરનો ગાંગડો તેઓ પોતા સાથે લાવયાં હતાં તે તેનાં મહોડાંમાં મેલે છે, તેણીનાં એક આંગલાં ઉપર પેલી વીંટી પહેરાવે છે, અને તેણીનાં માથાં ઉપર 'આવીશન' છાંટે છે. આ સઘળી ક્રીયા વેળાએ હાજર રહેલી સઘળી બાનુઓ ભલી દુઆ અને આશીરવાદના શબદો ઓચરે છે, અને નવી સગાઇનો ગાંઠ લાંબો વખત કાયમ રહે અને પરણવા નીકળેલું જોડું લાંબી જીંદગી ગુજારે એવી ઇચછા જાહેર કરે છે. આ પહેલી ક્રીયા પુરી થયા પછી સઘળાં પરોણાંઓ પોતાને ઘરે વીદાય થાય છે. આ દીવસથી લગનનું સાટું નકી થયલું અને આ જોડાનુ વેસવાલ થયલું ગણવામાં આવે છે. પણ હજી સુધી આ જોડાંને એકમેકને મલવા અથવા તો જો કોઇ અકસમાતથી તેઓ સાથે મલે તો એકમેક સાથે વાત કરવા દીધામાં

આવતાં નથી. ઘણું કરીને તેઓ એકમેકને મલતાં અથવા વાત કરતાં શરમાય છે. એકમેકની સાથે ઘડી મેલાપ કરવાનો ખુશ ગુફતેગુ કરવાનો એકમેકની તરફ પોતાની ચાહની લાગણી જાહેર કરવાનો એકમેકની ખેરઆફીઅત પુછવાનો અને ખુશહાલીભરી વાતો કરવાનો વખત ટુંકમાં કહીએ તો એકમેક સાથે પયાર કરવાનો વખત હવે પછી આવે છે, કે જયારે ઘરેણાં વીગેરે કીમતી ચીજો પરણવા નીકલેલા પુરૂષ તેમજ સ્ત્રીને એકમેક તરફથી ભેટ કરવામાં આવવાથી લગનનું સાકું વધારે મજબુત કરવામાં આવે છે. આ વખતને "શીરીની ખારાંન" તરીકે ઓલખવામાં આવે છે.

શીરીન ખારાન.

બંને બાજુની મરજીથી એક દીવસ ફરીથી નકકી કરવામાં આવે છે. બંને બાજુવાલાં પોતાનાં સગાં, મીત્રો અને ઓલખીતાંઓને પોતાને તયાં પધારવાનું તે દીવસે ઇજન કરે છે, બાનુઓ સહવારથી અને ગ્રહસથો સહાંજે પધારે છે તે વેળાએ પરણવા નીકળેલા જવાન તરફથી પોતાની મોહરદારને માટે નવાં કપડાંનો સંપુરણ પોશાક, એક સોનાની વીંટી, અને તેણીનાં માબાપને માટે શાકરના બે ગાંગડા તઇયાર રાખવામાં આવે છે. તે ઉપરાંત એક મોટા રેશમી રૂમાલમાં મીઠાઈ સાથે ૨૧ અથવા ૫૧ 'રીયાલ' (નામના સીકકા) અને એક સોનાની વીંટી પણ રાખવામાં આવે છે.

સહવારે પરણવા નીકળેલા જવાનને તયાં બાનુ પરોણાંઓ પધારે છે અને ઘટતાં આદરમાન સાથે તેઓને આવકાર આપવામાં આવે છે. ખુશહાલી ભરેલાં ટાંકણાંઓ જેવાં કે લગન, નાવર, વીગેરે વખતે પરોણાંઓને સાધારણ રીતે ચોકસ નીયમ મુજબ આવકાર આપવામાં આવે છે. પરોણાઓ અને તેઓના મેહેમાન થોડાંક ફુલો અથવા દાડમ વીગેરે ફલ અરસપરસ ભેટ આપે છે, અને તયાર પછી પરોણાંઓને ગોલાબ છાંટવા બાદ તેઓને શરબત આપવામાં આવે છે. નાશતો કરયા પછી, સઘળાં પરોણાંઓ સાથે ઘરની બાનુઓ પહેલ વહેલી ભેટો લઇને પરણવા નીકળેલી છોકરીને ઘરે સીધારે છે. તે વેળાએ આખે રસતે તેઓની આગળ એક મરદ પોતાના હાથમાં એક સળગેલી મીણબતી લઇને ચાલે છે. છોકરીને ઘેર સઘળાં પરોણાંઓનો ઘટતો સતકાર કરવામાં આવે છે અને તેઓને ખુશી ખુરમીથી આવકાર દેવામાં આવે છે. પરોણાંઓએ પોતાની બેઠક લીધા બાદ તેઓની સનમુખ મીઠાઈ અને શરબત મેલવામાં આવે છે તેને ઇનસાફ આપયા પછી પરણનાર છોકરાંની બહેન અથવા તેના કાકી પોતાના વહેવાઇને ઘરનાંઓને તેઓ માટે લાવવામાં આવેલી ભેટ સોગાદો અરપણ કરે છે, અને તેમ કરતાં હર વખતે તે ભેટ લેનાર ઉપર "આવીશન"નો છટકાવ કરવામાં આવે છે. આ રીતે કરવામાં આવેલા છટકાવને સરાશગુન તરીકે ગણવામાં આવે છે. બાનું પરોણાંઓની પરણનાર છોકરીનાં ઘરમાં સારી પરોણાગત કરવામાં આવે છે, અને ખાણું લીધા બાદ છેક સહાંજે તેઓ પોતાને ઘેર પાછાં ફરે છે. પરણનાર છોકરો એ વેળાએ પોતાને ઘરેજ રહે છે અને તેને માટે તેની ભવીષયની મોહરદારનાં ઘરથી ખાણું મોકલી આપવામાં આવે છે. લગન કરવા નીકળેલાં બંને કુટુંબોમાં સહાંજને વખતે ગ્રહસથો પરોણા તરીકે આવવા માંડે છે, તેઓને રેવાજ પ્રમાણે આવકાર આપવામાં આવે છે, અને તયારબાદ ખાણાંની મેજ ઉપર તેઓને લઇ જવામાં આવે છે, અને શરાબ અને અરક સાથે હલકો ખોરાક તેઓ સનમુખ મેલવામાં આવે છે. પરણતા છોકરાના ઘરમાં બીજા પરોણાઓ જોડે એક 'દેહ મોબેદ' પણ હાજર રહે છે.

'દેહ મોબેદ' કોણ છે તે અત્રે સમજાવવું વાજબી થઇ પડશે. એક 'દેહ મોબેદ'ની નેમણુક જુદાં જુદાં કામો માટે કોમ તરફથી કરવામાં આવે છે. તેનું કામ ગાહમબારને ટાંકણે કોમનાં લોકોને સુકો મેવો વીગેરે વહેંચી આપવાનું છે અને તે નાવર, નવજોત, લગન અને મરણ વેળાએ પણ ચોકસ નાની ક્રીયાઓ કરવામાં આગેવાન ભાગ લે છે.

ઉપર જણાવ્યા મુજબ સઘલાં પરોણાંઓ એકઠાં મળયા પછી આગલ જણાવેલી ભેટ સોગાદો મેલાવડા સનમુખ રજુ કરીને તે દેહ મોબેદના હાથમાં મુકવામાં આવે છે. પણ વીંટી અને પઈસા

પરણનાર છોકરો પોતાની પાસે રહેવા દે છે. હવે સઘળાં પરોણાંઓ પરણનાર છોકરાને લઇને વહે-વાઇને ઘરે સીધારે છે. અહીં પરણનાર છોકરીનો બાપ તેઓને ઘટતો આવકાર આપ્યા બાદ સઘળાં પરોણાઓ ખુશ ગુફતેહગોમાં વખત ગાળે છે, અને પછી આસરે સાત અથવા આઠ વાગતાને શુમારે સઘળાંઓ રાતનું ખાનું લે છે, જે વેળાએ બાનુઓને ગ્રહસ્થોથી વેગળાં બેસાડવામા આવે છે. છોકરીના માબાપો પણ કેટલીક ભેટ સોગાદો તઇયાર રાખે છે. પરણનાર છોકરાને માટે કપડાં તઇયાર રાખવામાં આવે છે, અને એક રેશમી રૂમાલમાં મીઠાઇઓ બાંધી મુકેલી હોય છે. હવે એક અજાયબ જેવી રસમ પ્રમાણે અમલ કરવામાં આવે છે, એક અલાહેદા ઓરડામાં પરણનાર છોકરીને એકલી બેસાડવામાં આવે છે અને તયાં પરણનાર છોકરાને પધારવાને કહેવામાં આવે છે. તે વેળાએ તેના હાથમાં એક વીંટી પઇસા અને સાકરનો એક ટુકડો હોય છે. આ ઓરડામાં આ ભવીશયના કદ ખુદા અને કદબાનુને એકલાં મુકીને દરવાજો બંધ કરવામાં આવે છે. ત્યાર પછી પરણનાર છોકરો થોડીક આંચકી પછી પોતાની મોહરદારને વીંટીમાં સણગારે છે, તેણીના હાથમાં પોતાની પાશેના પઇસા મુકે છે, શાકરનો ટુકડો તેના મહોડામાં આપે છે અને તેણીને એક ચુંબન કરે છે. આ સઘળી ક્રીયા વેળાએ, પહેલીજવાર મળેલું આ જોડું તદન ગંભીર ચુપકીદીજ અખતયાર કરે એ તદન સવભાવીકજ છે. આ ખુશહાલી ભરેલું પણ મુશકેલ કામ બજાવયા પછી પરણનાર છોકરો ઓરડાની બાહેર તેની રાહ જોતાં ભેગા થયલા મેલાવડા સનમુખ પાછો ફરે છે અને પરોણાઓની સાથે ભેલાઈ જાય છે. ત્યાર પછી તેને પોતાની સાસુ તરફથી તેને માટે તઈયાર રાખવામાં આવેલો પોષાક અરપણ કરવામાં આવે છે, અને તેના માથાં ઉપર જ્યારે તેણી ટોપી પહેરાવે છે તયારે સઘલાં પરોણાઓના ખુશહાલીના અવાજોથી મેલાવડો ગાજી રહે છે. તયાર પછી દેહ મોબેદ પોતાને હાથે પસતાં, બદામ, વીગેરે સુકો મેવો અને મીઠાઇ હાજર રહેલાં બાનુઓ તથા ગ્રહસ્થોમાં વહેંચી આપે છે અને રાત્રે અસુરેથી પરોણાંઓ પોતાને ઘરે સીધારે છે, જે વેલાએ બલતી મશાલો લઇને તેઓના નોકરો આગલ ચાલે છે.

પરણનાર જોડાંનો આ મેલાપ આપણે જોયું તેમ પહેલીજવારનો છે, અને હવે પછી પરણનાર છોકરો પોતાની બાનુને તેણીનાં ઘરે અંવારનવાર મલવાને જાય છે. પણ ઘણુંખરું તેવી રીતે તેણીને મળવાને જ્યારે પણ તે જાય છે તયારે તેણીને માટે તે કાંઇપણ ભેટ લાયક ચીજ લઇનેજ જાય છે. પણ પરણનાર છોકરીને તેણીના ભરથારને ઘરે લગનની ક્રીયા થયા અગાઉ મોકલવામા આવતી નથી. ઉપર વરણવા મુજબની અદરાવવાની ક્રીયા પછી ચોકસ જુદે જુદે ટાંકણે પહેરામણીઓ કરવામાં આવે છે તેવું એક ટાંકણું 'જયારત' છે.

'જયારત' શું છે તે અત્રે સમજાવવું પ્રસંગોપાત થઇ પડશે. ઇરાનમાં સાત જુદી જુદી જગાઓ છે જે માહેલી છ જગાઓ યજદમાં વસતાં જરથોસતીઓનાં રહેઠાણથી બે, પંદર, છત્રીસ, બેતાલીસ, બોતેર અને ત્રીસ માઈલને છેટે આવેલી છે. આ જગાઓને પવીત્ર ગણવામાં આવે છે અને તેઓને "જયારત ગાહનુ" નામ આપવામાં આવયું છે. એવું માનવામાં આવે છે કે સાસાની વંશના પડી ભાગવાને વખતે જયારે શાહનશાહ યજદેજરદ શેહરયાર અને કુટુંબ ઉપર દુશમનો તરફથી જુલમાત ગુજારવામાં આવતો હતો, તયારે તેઓ જુદે જુદે ઠેકાણે નહાસભાગ કરવા લાગયાં હતાં. જયારે દુશમનોનો દોર તેઓ ખમી શકયાં નહીં તયારે અંતે તેઓએ ખોદાને તેઓનું રક્ષણ કરવાને બંદગી કરી હતી, અને એમ કહેવામાં આવે છે કે આ બંદગીના પરીણામે પહાડોમાં વચેથી ફાટ પડી, અને શાહનશાહના કુટુંબીઓ તેમાં જેવાં ભરાઈ ગયાં કે તુરતજ તે પહાડો પાછા બંધ થઇ ગયા હતા. દુશમનના દોરથી નહાસીને ભરાઇ બેઠેલાં આ કુટુંબને હજી પણ પહાડોમાં જીવતાં માનવામાં આવે છે, અને તેઓને પીરની ઉપમા આપવામાં આવે છે.

પહેલી 'જયારત ગાહ'ને 'સતીપીર'નું નામ આપવામાં આવયું છે. શાહનશાહ યજદેજદની મોહરદાર તરીકે 'સતી'ને ઓલખવામાં આવે છે. તેણીને અરપણ કરવામાં આવેલી જગા તરફ પાક દીવસોમાં ઘણા જરથોસતીઓ જાય છે.

બીજી પવીત્ર જગાને 'નારેસતાન'ને નામે ઓલખવામાં આવે છે. યજદેજરદનો દીકરો અરદેશીર અહીં ખોવાઈ ગયેલો ધારવામાં આવે છે. આ પવીત્ર જગાએ સ્પંદારમદ મહીનામાં લોકો હજ કરવાને જાય છે.

ત્રીજી જગાનું નામ 'હયાત–બાનુ' અથવા 'પીર–એ સબજ' છે. આ પાછલું નામ આપવાનું કારણ એ છે કે તયાં હમેશાં બારે માસ સજીવન રહેત ઝાડપાનો ઉગે છે અને તયાં પહાડ-પરથી ટપક ટપક પાણીનાં ટીપાં ચાલુ પડયા કરતાં હોવાથી તે જગા 'ચક–ચકુ' તરીકે પણ ઓલખાય છે. યજદેજરદની દીકરી 'હયાત–બાનુ'એ અહીં રક્ષણ લીધેલું માનવામાં આવે છે. આ જગાની મોલાકાત લેવાને જરથોસતીઓ કદમીઓના બહમન મહીનાના આશતાદ રોજે પધારે છે, અને તયાં ૭ દીવસ સુધી તેઓ રહે છે.

ચોથી પવીત્ર જગાને 'પીર–એહરીશત' નું નામ આપવામાં આવેલું છે. અહીં યજદેજરદની બીજી દીકરી 'મુરવારીદ'એ રક્ષણ લીધેલું ધારવામાં આવે છે. કદમી આદર માસનાં જશનને દીવસે લોકો આ જગાની મુલાકાત લે છે, અને તયાં આશરે એક અઠવાડીયું તેઓ ગુજારે છે.

પાંચમી જગા 'બાનુ–પારસ' તરીકે ઓલખાય છે. દંતકથા પ્રમાણે આ જગાએ 'ખાતુનબાનુ' સંતાઇ બેઠેલી છે. કદમી મહીના સપંદારમદના દએ–પ–મેહર રોજે આ જગાએ ઇરાનીઓ હજ કરવા જાય છે, અને તયાં આશરે ૭ દીવસ તેઓ રહે છે.

છઠી જગાનું નામ 'પીર–એનારકી' છે. આ જગાની પીર 'નાજબાનુ' છે. ફરવદીરન મહીનાના દએ–પ–મેહેર રોજે એ જગાની મુલાકાત લેવામાં આવે છે, અને તયાં ૭ દીવસ ગાલી નાખવામાં આવે છે.

સાતમી જગા તેહેરાનની નજદીકમાં છે. તયાંની પીરનું નામ 'શેહેરબાનુ' છે. આ જગા યજદથી બહુ દુર હોવાથી તયાંના રહેનારાઓ કદાચજ તે તરફ જાય છે, પણ જે મુસાફરો તેહેરાન તરફ જાય છે તેઓ તયાં ઘણું કરીને એક ફેરો ખાઇ આવે છે.

હર વરસે ઉપર જણાવેલા જુદા જુદા વખતે ઘણાક જરતોશતીઓ ઉપલી જગાઓ તરફ પધારે છે, અને તયાં બંદગી કરી પોતા માટે કાંઇ આશીરવાદ માંગે છે, અથવા તો ફકત મોજશોખને માટેજ તેઓ તયાં ઉતરી પડે છે. પાંચથી છ દીવસની આ મુસાફરીને 'જયારત'નું નામ આપવામા આવેલું છે. જયારે એક અદરાયલો છોકરો જયારતની મુસાફરીપર જવાનું જાહેર કરે છે તયારે તેના મુસાફરીએ નીકલવાના દીવસે તેની સાસુ તેને ઘરે મુલાકાત આપે છે. તેણી પોતાની સાથે બે રેશમી રૂમાલો લેતી જાય છે. એકમાં 'શીરીની' અથવા મીઠાઇઓ અને બીજામાં "નુકલીઆત" અથવા પસતાં, બદામ, આલુ વીગેરે સુકા મેવાને તરીને બનાવેલી મીઠાઇ બાંધેલી હોય છે. પોતાના જમાઇને ભલી દોઆ ગુજારી તેને એક સારી મુસાફરી ઇચ્છી તેણી આ બંને રૂમાલો ભેટ કરે છે. તયારબાદ તેણી શરબત પીને પાછી પોતાને ઘરે રવાના થાય છે. 'જયારત' ની મુસાફરીથી જયારે એક અદરાયલો જવાન પાછો ફરે છે તયારે પણ તેની સાસુ તેને ઘરે જાય છે. તે વેળાએ તેણી પોતાની સાથે જમાઇને માટે કપડાનાં સંપુરણ પોશાક લઈ જાય છે, અને પોતાના હાથમાં શાકરનો એક ટુકડો અને 'ખુલ્ફે' ના રસથી ભરેલું એક જામ પણ રાખે છે. હમેશના રેવાજ મુજબ પોતાના જમાઇને તેણી પોતાના હાથે પેલો પોશાક અને શાકરનો ગાંગડો અરપણ કરે છે, અને પેલા રસનું જામ ઘરમાંની બાનુઓને સવાધીન કરે છે. 'ખુલ્ફે' ના રસમાં શાકર નાંખીને તેનું શરબત બનાવવામાં આવે છે, અને અદરાયલો પુરૂષ પોતાની મુસાફરીથી સહીસલામત પાછો ફરવાથી સઘળાંઓને ઉપજેલી ખુશાલીની નીશાન તરીકે આ રીતે બનાવેલું શરબત પીવામાં આવે છે. બીજે દીવસે અદરાયલો પુરૂષ પોતાની મોહરદારને માટે પણ કાંઈ ભેટ મોકલે છે. આગલે દીને તેની સાસુ જે જામ તેના ઘરમાં મેલી ગઈ હતી તેની અંદર સોના ચાંદીની કાંઈ ભેટ અથવા તો તે જામની જોડે કાંઈપણ

જાતનાં કીમતી કપડાં પોતાની બાનુને માટે તે મોકલી આપે છે. આ રીતે જયારે પણ એક અદરાયલો જવાન 'જયારત' ની મુસાફરીએ અથવા કોઈ પણ બીજી લાંબી મુસાફરીએ જાય છે ત્યારે અરસપરસ ભેટો હમેશાં કરવામાં આવે છે.

હવે આપણે લગનની ક્રીયા અને લગનના દીવસને લગતી તઈયારીઓ ઉપર આવશું. આશરે એક મહીનો અગાઉથી લગનનો નક્કી દીવસ બનને બાજુ તરફથી મુકરર કરવામાં આવે છે. તે દીવસની થોડા દહાડા આગમચ લગન કરવા નીકળેલાં કુટુંબો તરફથી લગનને દીવસે હાજર રહેવાને આમંત્રણ કરવાને બે માણસો પોતાનાં સનેહીઓ અને ઓલખાણવાલાંઓને ઘરે જાતી મુલાકાત આપીને તેઓને ઘટતા શબદોમાં ઇજન કરે છે. બાનુઓ પણ આજ રીતે બાનુ પરોણાઓને ઇજન કરવાને જાય છે. બનને ઘરમાં લગનની ધામધુમ ચાલી રહે છે. નજદીકનાં સગાંવહાલાંઓ આખો દીવસ ઉંતરી પડે છે, પણ બીજાં પરોણાંઓ તો ફકત સહાંજને વખતેજ પોતાની હાજરી આપે છે.

પરણુતી છોકરીનાં ઘરમાં નીચલી ચીજો તઇયાર રાખવામાં આવે છે:—

૧) બે તકીઆના ગલેફ બનાવી શકાય તેટલી લીલા અથવા પીલા રંગની સાતીન.

૨) કપડાંનો એક મોટો ટુકડો અને સીવવાનો દોરો.

૩) પરણુતા છોકરાને માટેનો સંપુરણ પોષાક, અને તેની સાથે ખીસામાં રખાય એવી એક છરી, એક નીખચો, એક ખુરદેહ અવસતાની ચોપડી, રૂપેરી કલમ વીગેરે લખવાની ચીજોની કલમદાન, કેટલાક જુના સીકાઓ સાથની એક નાની પઈસા મેલવાની થેલી, એક કમરબંધ, એક શાલ અને એક ટોપી.

૪) પરણુતી છોકરીના સઘળા નજદીકના ખેશીઓને દરેકને માટે અકેકી ટોપી, અને અકેક શાકરનો ગાંગડો.

૫) એક મોટી પેટી કે જેની અંદર લગનને દીવસે પરણુતી છોકરીને માટે પોતાનાં સાસરેથી તેમજ તેણીનાં બીજાં ખેશીઓ વીગેરે તરફથી જે જે ભેટ કરવામાં આવે તે મુકવામાં આવે છે. લગનની ક્રીયા ખતમ થવા બાદ રાત્રે આ પેટી પરણુનાર જવાનને ઘરે લઈ જવામાં આવે છે.

૬) મીઠાઈ અને સુકા મેવાનો એક મોટો જથો, એક ઈંડું, એક કાતર, એક દાડમ, અને લીલાં રેશમી કાપડનો એક ટુકડો.

ઉપર જણાવેલાં અનુક્રમ માંહેલી પહેલી અને બીજી ચીજો પરણુનાર પુરૂષને ઘરે મોકલી આપવામાં આવે છે. ત્યાં પણ કેટલીક તઇયારીઓ આગમચથી કરી રાખવામાં આવે છે. ત્યાં ગોડરાં, તકયા, વીગેરે બનાવી રાખવામાં આવેલા હોય છે, અને તે તકયાઓના ગલેફ ઉપર જણાવેલા સાતીનના ટુકડાવડે બનાવવામાં આવે છે. લગનને દીવસે પાછલા પહોરે પરણુનાર છોકરીની મા થોડાક નજદીકનાં ખેશીઓની જોડે પોતાના વહેવાઇને ઘરે સીધારે છે. તેણી પોતાની સાથે શાકરના ત્રણ ટુકડા રાખે છે, અને તેણીની સાથની બીજી બાનુઓ પણ પોતાના હાથમાં અકેક ગાંગડો લેતી જાય છે. પોતાનાં જમાઇને માટે તઇયાર કરવામાં આવેલાં બીછાણાં ઉપર થોડુંક 'આવીશન, છાંટીને ભલી દોઆના શબદો તેણી ઓચરે છે અને તે વેલાએ શાકરનો એક ટુકડો પણ તે બીછાણા ઉપર તેણી નાખે છે. આ ટુકડો ગોડરાં, વીગેરે સીવનાર દરજી લઈ જાય છે. તયાર પછી પરણુનાર પુરૂષની સાસુની જોડે આવેલી બાનુઓ વહેવાઈ વહેવાણ સનમુખ હાજર થઈ તેઓને શાકરનો અકેકો ગાંગડો અરપણ કરે છે. પરણુનાર પુરૂષનાં માબાપ પણ પોતાનાં પરોણાઓ આગલ મીઠાઇ, શરબત વીગેરે રજુ કરે છે. જેને ઇનસાફ આપયા બાદ તેઓ પોતાને ઘરે પાછાં ફરે છે. સહાંજનો વખત થતાં પરણુનાર છોકરીની મા ઉપલા અનુક્રમમાં જણાવેલી ત્રીજાં અને ચોથાં નંબરવાલી ભેટો લઇને એકવાર ફરીથી પોતાના વહેવાઇને ઘરે પધારે છે, અને જે દરેકને માટે તે ભેટો તઇયાર કરવામાં આવી હોય તેઓને તેણી પોતાને હાથે તે અરપણ કરે છે અને પોતાના જમા-

ઇને માટે તઇયાર કરેલો પોષાક તેણી તેનાં સગાંઓને સવાધીન કરે છે. હમેશ મુજબના આવકાર, આદરમાન અને મેલાપ પછી તેણી પોતાને ઘરે પાછી ફરે છે.

પરણનાર છોકરીને ત્રણ દીવસ અગાઉથી માથાં વેરથી નહવાવડામાં આવે છે, અને ત્રણ દીવસ સુધી તેણીનાં માથાંના બાલ તદન સવચ્છ રહે તેની સઘળી સંભાળ રાખવામાં આવે છે. લગનને દીવસે પણ તેણીને નહવાડવામાં આવે છે. પણ તેણીના બાલના ચોટળા ગુંઠવામાં આવતા નથી, અને અશોરોપણ વાલવામાં આવતો નથી. સહાંજને વખતે તેણીને સાસરેથી થોડીક બાનુઓ તેણીને ઘરે શાકરનો એક ટુકડો, એક નીખચો અને એક ગુલાબાશ લઇને તેણીને ઘરે આવે છે. તેઓ પોતાને હાથે પરણતી છોકરીનાં માંથાં ઉગર ગુલાબ ઘોલેછે, પોતાની સાથે લાવવામાં આવેલા નવા નીખયાવડે તેણીના બાલ હોરે છે, અને પછી તેણીનાં મોંહમાં શાકરનો ગાંગડો મુકીને તેઓ પાછાં ફરે છે.

પરણનાર છોકરાને ઘરે નીચલી ચીજો તઇયાર રાખવામાં આવે છેઃ—

૧) બાયડીને માટે કપડાંનો તઇયાર શીવી રાખેલો પોશાક, અને થોડાક સીવયા વગરના કપડાંનાં કટકા.

૨) પરણનાર બાયડીની મા, બહેન, શીક્ષક, કાકા, અને માસીને માટે અકેકી સપાટની જોડ, જે તેઓ દરેકને શાકરના અકેક ગાંગડા સાથે અરપણ કરવામાં આવે છે.

૩) એક જોડ સપાટ કે જેની અંદર સાત 'રીયાલ' નામના સીકકા મેલવામાં આવે છે. (આ સાત 'રીયાલ' આસરે ત્રણ રૂપીયા જેટલી કીમતના થવા જાય છે.)

૪) થોડાક 'રીયાલ'ની સાથે મુકેલું એક દાડમ.

૫) ત્રાંબાનું ખાસ ઘડાવેલું એક વાસણ જેમાં મીઠાઇઓ અને ઉપર જણાવેલું દાડમ મેલવામાં આવે છે.

૬) મીઠાઇનો એક મોટો ખુમચો.

૭) થોડાંક સોનાં ચાંદીનાં ઘરેણાં.

૮) એક તકયો કે જેની ઉપર બાયડીને ઘરેથી આવેલા સાતીનના ટુકડા વડે બનાવેલો ગલેફ લપેટવામાં આવે છે, કે જેને 'પુશતી' કહે છે.

ઉપર જણાવેલી સઘળી ચીજો થોડીક બાનુઓ પરણનાર બાયડીને ઘરે લઇ જાય છે, જેઓની આગલ આગલ એક પુરૂષ બલતી બતી લઇને ચાલે છે. સહાંજને છેડે તયાં આ પ્રમાણેનું સાજન આવી પહોંચે છે. તેઓને ઘટતા આવકાર સાથે ઘરમાં દાખલ કરવામાં આવે છે અને તેઓ સનમુખ શરબત અને મીઠાઈઓનું મીપટાન મેલવામાં આવે છે. તયાર પછી પરણનાર કુમારીકાને બોલાવવામાં આવે છે જેણીને પરોણાઓ વધાવી લે છે. તયાર પછી પરણનાર પુરૂષની મા અથવા બહેન, અને પરણનાર બાયડીની બહેન અથવા શીક્ષક તયાં ઉભાં થાય છે. ઉપર જણાવેલાં સાજનમાં આવેલી બાનુઓ પોતાને હાથે પરણનાર બાયડીને તેણીને માટે લાવવામાં આવેલો સઘળો પોશાક પહેરાવે છે. સીવયા વગરનાં કપડાઓ, અને મીઠાઇ, દાડમ વગેરે સાથનું વાસણ તેણીના ખોલામાં તેઓ મેલે છે, અને તયાર બાદ તેણીને માટે તઇયાર કરેલાં ઘરેણાં તેઓ તેણીને પહેરાવે છે. તે ઘરેણાંઓ નીચે મુજબ હોય છેઃ—

૧) એક અથવા બે 'પીશ-સરી.' એક અથવા બે સોના અથવા ચાંદીના સીકકાઓને કોઈ ધાતુના એક તાર વડે બાંધીને આ નામનું ઘરેણું બનાવવામાં આવે છે, અને તે વડે પરણનાર બાયડીનું કપાલ શણગારવામાં આવે છે.

૨) એક અથવા બે ગળાંની આરસી—આ આરસીઓ ઘણું કરીને એક ચાંદીના 'કેશમાં' જડવામાં આવે છે અને ચાંદીની એક શાંકલી વડે પરણનાર કુમારીકાનાં ગળાંપરથી તેણીની છાતી સુધી ઝુલતી મેલવામાં આવે છે.

૩) 'પર–એ દસતમાલ' આ સોનાના સીકકાઓ છે જેઓને એક નાની રૂપાની સાંકડી વડે ંધીને "દસતમાલ–એ સર" નામનાં માથાં–બાંધણુને છેડે બાંધવામાં આવે છે.

૪) 'ગુર્પ' અથવા રૂપાંની બાંગડીની એક જોડી.

૫) 'મીલ'ની એક જોડી, જે પણુ પાટલી રૂપાંની બંગડીઓ જેવીજ છે, અને જે 'બ્રેસલેત'ની વાફેક પહેરવામાં આવે છે.

૮) એક અથવા બે વીંટીઓ.

આ સઘળા ઘરેણાં પહેરાવવામાં આવયા બાદ પરણુનાર કુમારીકાની મા, અથવા બહેન અથવા કી, જે કોઈ સોહાસણુ હોય છે તે પોતાને હાથે પહેલાં તેણીના જમણા પગમાં અને ત્યાર પછી ણીના ડાબા પગમા સપાટ પહેરાવે છે.

આ સઘળી ક્રીયાઓ ખતમ થતાં રાતના સાત વાગતાનો વખત થવા આવે છે. તે વેલાએ ણુનાર કુમારીકાનાં એક મોટાં દીવાનખાનાંમાં ઘણીક બાનુઓ ભેગી મલેલી હોય છે તયાં શેત્રંજી છાવવામાં આવે છે, અને તેની ઉપર એક ગાદી નાખીને પરણુનાર બાયડી, આગલ જણાવવામાં વેલી ભેટો મેલવા માટેની પેટીને અઢેલીને બેસે છે. લીલાં રેશમી કાપડના એક ટુકડા વડે તેણીનો હરો ઘાંકેલો રાખવામાં આવે છે. તેણીના જમણા હાથ ઉપર તેણીના વરની બહેન અથવા કાકી ઠક લે છે, અને તેણીની ડાબી બાજુએ તેણીનાં પોતાનાં અતલગનાં ખેશીઓ બેસે છે. આ સઘલા ાવડાની અધવચમાં એક બતી બલતી રાખવામાં આવે છે. કુટુંબની અને બીજી બાનુઓથી વાનખાનું ચીકાર ભરાઈ ગયલું હોય છે, અને ઘરની અગાસીઓ ઉપર પણુ બાહેરનાં લોકો આ ખાવ જોવાની આતુરતાથી આવીને એકઠાં મલે છે, અને હમેશાની રીત મુજબ ભેગા મલેલા ાવડાની બાનુઓએ પહેરેલાં કપડા ઉપર જુદી ટીકાઓ ચાલી રહે છે. પરણુનાર છોકરીને પુર ઠઠે-થી શણુગારવામાં આવેલી હોય છે અને તેણીના પોષાક તરફ ભેગી મલેલી સઘળી બાનુઓની જર ખેંચાયાથી તેઓ તેણીએ પહેરેલા પોષાક તરફ પોતાની પસંદગી અથવા નાપસંદગી દર્શાવયા વીના રહી શકતી નથી. હવે

સવાલ જવાબને લગતી ક્રીયા

શરૂ કરવામાં આવે છે, અને તે વેળાએ પરણુનાર કુમારીકાને તેણીની પડોશમાં બેઠેલી ાનુઓ જવાબો કેમ આપવા તે શીખવે છે. પરણુનાર પુરૂષને ઘરે સઘલા ગ્રહસથ પરોણાઓ ગા મલે છે, અને તે વેળાએ 'દેહ મોબેદ' પણુ હાજર હોય છે, સહાંજના આશરે સાત વાગતાનો મલ થતાં 'દેહ મોબેદ' હાજર થયલાઓમાંના જેઓ 'વકીલ પુરસીદન'ની ક્રીયામાં ભાગ લેવાને ોતાની ઈચ્છા દરશાવે તેઓને અકેક મોમબતી સલગાવીને આપે છે. સાધારણુ રીતે ઉમરે પુગેલા હસથોને એ કામ માટે વધારે લાયક ગણુવામાં આવે છે. સઘળા ગ્રહસથોને શાક્ષીઓ તરીકે કામ વું પડે છે. ઓછામાં ઓછા સાત શાક્ષીઓની હાજરી અવશયની ગણુવામાં આવે છે, જો કે ાધારણુ રીતે તો બીજા ઘણુઓ શાક્ષી તરીકે કામ કરવા બાહેર પડે છે. સઘળા ગ્રહસથ પરોણાઓ ે એક સાજનના આકારમાં પરણુતી સ્ત્રીને ઘરે જાય છે, અને તેઓમાં શાક્ષીઓ સળગેલી ામબતી લઈને ચાલે છે. તયાં પહોંચતાં તેઓ પોતાની બેઠક લેતા નથી પણુ જે દીવાનખાનાંમાં રણુતી સ્ત્રીને બેસાડવામાં આવેલી હોય છે, તયાં તેઓ ઉભા રહે છે. સઘલાઓ ખુશી ખુરમીની ાતો કરે છે અને તેઓને ઉભા ઉભાજ શરાબ વીગેરે આપવામાં આવે છે. હવે 'દેહ મોબેદ' સઘ-ઓને ચુપકીદી અખતયાર કરવાને ફરમાવે છે, અને તયાર પછી તે પરણુતી સ્ત્રીને નીચે મુજબ વાલ કરે છેઃ–

(પરણુનાર સ્ત્રીનું નામ રૂસતમની બેટી મેહેરબાનુ છે એમ વાંચનારે માની લેવું)

"રૂસતમની બેટી મેહેરબાનુ!" આ રીતે તેણીને નવથી અગીઆર વખત બોલાવવામાં આવે , પણુ તેણી તેનો કશો પણુ જવાબ આપયા વીના મુંગી બેસી રહે છે. આ વેલાએ હાજર થયલી

મીજલસનાં લોકો તરેહવાર મશકેરી કરે છે, કોઇ કહેશે કે "તેણી 'પીર' એ સબજની, જયારતપર ગઈ છે, અને તયાં મારગમાં અટકી પડી હશે." જો પરણુનાર સ્ત્રી ખેડુતના વરગની હોય તો કોઇ કહેશે કે "એ તો તેણી બાગમાં ગઇ હશે અને તયાં ગોલાબ તોડવામાં રોકાઇ ગયલી હશે; હમણાં તેણી આવી લાગશે," એવા એવા ટુચકાઓની વચે નવમી કે અગીઆરમી વાર 'દેહ મોબેદ' પરણુનાર સ્ત્રીનું નામ પોકારે છે, અને તયારે તેણી 'બલે' અથવા "જી" શબ્દથી જવાબ આપે છે. સઘલા મહરથો આ શબ્દ સમજતાંવાર ખુશાળીના પોકારો કરી મેલે છે. એકવાર ફરીથી મીજલસને શાંત પાડવા બાદ, 'દેહ મોબેદ' પરણુનાર છોકરીને મોટે અવાજે બીજા સવાલો પુછવા માંડે છે. દાદાર અહુરમજ્દ, અમશાસપંદો, અને બીજા પાક અને અશો રવાનોની મદદને માટે આરાધના કરી તે પરણુનાર સ્ત્રીને નીચલો સવાલ કરે છે:—

"રૂસતમની દીકરી મેહેરબાનું તું મેહેરવાનના દીકરાં બેહમન સાથે પરણુવાને રાજી છે?" પરણુનાર સ્ત્રી એક વાર ફરીથી હાકારમાં જવાબ વાલે છે, અને એકવાર ફરીથી મીજલસના ખુશાળીના પોકારોથી દીવાનખાનું ગાજી રહે છે.

ત્રીજો સવાલ 'દેહ મોબેદ' નીચે મુજબ પુછે છે. "તમારો 'વકીલ' કોણ છે, અને તમારી તરફથી કામ કરવાને તમે કોણુને સતા આપી છે?" પરણુનાર સ્ત્રી પોતાના બાપનું અને તેની ગેરહાજરીમાં પોતાના ભાઈ અથવા કાકા અથવા કોઈ બીજા વાલીનું નામ દેછે. એકવાર ફરીથી ખુશાલીના પોકારો કરવામાં આવે છે. સઘલી મીજલસ પરણુનાર સ્ત્રી પોતાની રાજીખુશીથી લગનના ગાંઠથી જોડાવા તઇયાર છે એવી ગવાહી આપવાને કામ લાગે છે. આટલી ક્રીયા થવા બાદ સઘલાં પરોણાઓ વચચે એકવાર ફરીથી શરબત અને શરાબ વહેચવામાં આવે છે.

પરણુનાર સ્ત્રીનાં ઘરમાં લગનને દીવસે શું શું ચીજો તઇયાર રાખવામાં આવે છે તેનો અનુંક્રમ આપણે આગલ જોઇ ગયા છીએ. તે ક્રમ માંહેલી પાંચમાં અને છઠાં નંબરવાળી ચીજો 'દેહ મોબેદ' નાં સવાધીનમાં હવે આપવામાં આવે છે, અને તે સઘળી મીજલસને લઈ પરણુનાર પુરૂષને ઘરે પછો ફરે છે. તેઓની પુઠે પરણુનાર સ્ત્રીની મા પણ આવે છે.

લગનને લગતી છેલ્લી ક્રીયા

અહીં કરવામા આવે છે. સઘલાં પરોણાંઓ માટે એક મોટાં દીવાનખાંમાં જગા કરવામાં આવે છે. ક્રીયા કરનાર મોબેદ, પરણુનાર સ્ત્રી તરફનો પ્રતીનીધી પરણુનાર જવાન પોતે અને તેનો ભાઇ અથવા કોઇ નજદીકનો ખેશી આ વેળાએ હાજર રહે છે, પણ પરણુનાર સ્ત્રીને એકદમ આ મેલાવડામાં હાજર કરવામાં આવતી નથી. ઉપર જણાવેલા સઘળાઓ જેઓને ક્રીયામાં અગતનો ભાગ આપવામાં આવે છે તેઓ કુસતી પાદીઆવ કરે છે. તયાર પછી પરણુનાર જવાન અને પરણુનાર કુમારીકાના પ્રતીનીધીને એકેકની સામું મોહ કરી ક્રીયા કરનાર મોબેદની સનમુખ બેસાડવામાં આવે છે. આ ક્રીયા માટે ખાસ તઇયાર કરવામાં આવેલી ગાદી જે ઉપર આગલ પરણુનાર કુમારીકાને તેણીનાં ઘરમાં બેસાડવામાં આવી હતી, તે ઉપર તેણીનો પ્રતીનીધી બેઠક લેછે. 'દેહ મોબેદને' જે ચીજો પરણુનાર સ્ત્રીને ઘેરથી સવાધીન કરવામાં આવી હતી તે મેલાવડાની વચ્ચોવચમાં, ક્રીયા કરનાર મોબેદની સનમુખ મેલવામાં આવે છે. પરણુનાર પુરૂષના જમણા હાથમાં થોડોક સુકો મેવો દેહ મોબેદ મુકે છે, અને પછી પરણુનાર સ્ત્રીના પ્રતીનીધીના જમણા હાથમાં તેનો હાથ મેલાવે છે. હાથમા હાથ મેલાવવાની આ રસમ લગનના ગાંઠની એક નીશાની તરીકે ગણવામાં આવે છે, અને સઘલી ક્રીયા સંપુરણ થાય તયાં સુધી આજ રીતે આ બંને પુરૂષોને બેસવું પડે છે. પરણુનાર પુરૂષના ભાઇ અથવા બીજા ખેશીને તેની પછવાડે પરણુનારનાં માથાં ઉપર પોતાના હાથ જોડેલા સુધીને ઉભો રાખવામાં આવે છે અને તે હાથોમાં દેહ મોબેદ પોતાની સાથે લાવવામાં આવેલી કપ માંહેલું ઇંડું, બદમ, કાતર, અને થોડાક સુકો મેવો મેલે છે. આ રીતે જોડીને મેલેલા

હાયો આખી ક્રીયા દરમયાન પરણનાર જવાનના માથા ઉપર ધરીનેજ આ પુરૂષને ઉભુ રહેવાની ફરજ છે. આશીરવાદની ક્રીયા હવે શુરૂ કરવાનો વખત આવે છે. પણ તે પહેલાં 'દેહ મોબેદ,' ક્રીયા કરનાર મોબેદની સનમુખ પોતે પરણનાર સ્રીને જે સવાલો પુછયા હતા તેના જે જવાબો મલ્યા હતા તેનો હવાલો આપે છે, અને પોતાના કહેવાના ટેકામાં હાજર થયલી મીજલસની ગવાહી તે આપે છે. આશીરવાદ દેવાની અને વાઅજ કરવાની ક્રીયાની આગમચ પરણનાર જવાનને અને પરણનાર કુમારીકાના પ્રતીનીધીને એકેક પછી સાદ મારીને નીચલી પુછપરછ કરે છે:—

"હું ધારૂં છું કે તમોએ આ આગમચ કોઇ બીજાંની સાથે લગનનું સાટું કરયું નથી, અને તેવું કોઇ સાટું રદ કરયું નથી. હું આશા રાખું છું કે લગનનાં આ સાટાં સામે વાંધો લેવા જેવું કાંઇ નથી. જો તે સામે કાંઇ પણ વાંધો હોય અથવા તો આ ક્રીયાની આગમચ કોઇ બીજાની સાથે તમોએ લગનનું સાટું કરીને તે તોડયું હોય તો તે માટે હું જોખમદાર રહીશ નહી. આ લગનના સંબંધમાં કોઇ પણ રીતનો વાંધો અથવા ઠગાઇ હસતી ધરાવતી નથી એવી ખાતરીથી અને એવીજ ધારણાથી, હું લગનની આ ક્રીયા કરૂં છું." આ પછી મોબેદ હમેશની રીત મુજબ લગનના આશીરવાદ દઇને પરણતાં જોડાં સનમુખ ભલી શીખામણોથી ભરપુર એક વાયજ કરે છે.

(અ. સો.)

ભરૂચના પારશીઓની ગણત્રીને લગતી જાણવા જોગ વીગત

સને ૧૯૧૧ ના મારચ માસની શરૂઆતમાં ભરૂચની પારસી પંચાયત તરફથી તયાના જરથોસતીઓની વસતીની ખાસ જુદી ગણત્રી લેવામાં આવી હતી, તે ઉપરથી તથા જનમ મરણના કોઠા આપવામાં આવ્યા તે ઉપરથી આપણી કોમની હાલત, તનદુરસતી તથા સુધારો વધારો જણાઈ આવે છે. વસતીની ગણત્રી કરવાનાં કામમાં પંચાયતની આપીસનાં માણસો તથા નામદાર સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ સાહેબની તથા મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇની અને પારસી પંચાયતના તાબાની પીટીટ કનયાશાળા તથા એ સ્કુલના શીક્ષકોએ જે મેહેનત લીધી છે તે માટે તેમને સાબાશી ઘટે છે. પંચાયત તરફથી લીધેલી ગણત્રીમાં ભરૂચના વતનીઓ જેઓ ધંધા તથા નોકરી અરથે પરદેશમાં જઇને વસેલા તેમની પણ ગણત્રી કરવામાં આવી છે. તે આંકડો ૯૭૯ માણસોનો થાય છે. આ આંકડો એકંદર ૨૯૬૭ માણસોની વસતીમાંથી બાદ કરતાં ગણત્રીને દીવસે ભરૂચમાં એકંદર ૧૯૮૮ માણસોની હાજરી બતાવે છે. સરકાર તરફથી લેવાયલી ગણત્રીનો આંકડો ૧૯૪૮ નો આવેલો છે. પંચાયત તરફથી તથા સરકાર તરફથી લેવાયલી ગણત્રીમાં ફકત ૪૦ માણસોનો ફરક આવે છે. આ તફાવત પડવાનું કારણ એટલું છે કે સરકાર તરફથી જે ગણત્રી કરવામાં આવી છે તેમાં મયુનીસીપાલીટીની હદની બહાર વસતાં માણસોને શેહેરની ગણત્રીમાં લીધેલાં નથી. જયારે પંચાયત તરફની ગણત્રીમાં ભરૂચ રેલવે સટેશનથી તે મયુનીસીપાલીટીની હદ બહારના બંગલાઓ સુધીમાં જે જે જરથોસતીઓ વસે છે તે તમામને ગણી લેવામાં આવેલા છે અને તેથીજ સરકાર તરફથી લેવાયલી ગણત્રી કરતાં આપણી ગણત્રીમાં ૪૦ નો વધારો આવેલો છે.

ભરૂચના વતનીઓ જેઓ વેપાર ધંધા તથા નોકરી અરથે દેશાવરમાં વસેલા છે તેઓ તથા દેશાવરના જરથોસ્તીઓ જેઓ વેપાર ધંધા તથા નોકરી અરથે ભરૂચમાં આવીને રહેલા છે તે સાથે ભરૂચની એકંદર વસતીનો આંકડો આપણી ગણત્રી મુજબ ૨૯૬૭ નો થયો છે જેમાં ૧૪૫૪ પુરૂશ (મરદ તથા છોકરા) અને ૧૫૧૩ સ્રી (બઇરી તથા છોકરીઓ) છે એટલે કે બંનેની સંખયા લગભગ સરખી છે કારણ કે પુરૂશ કરતાં સ્રીઓ ફકત ૫૯ વધારે છે.

એકંદર ૨૯૬૭ માણસોની વસતીમાં મોબેદોની સંખયા ૨૯૧ થાય છે જયારે બેહેદીન ૨૬૭૬ છે.

ઉમરવારી તપાસતાં નાનાં બચાંથી ૨૦ વરસ સુધીનાં માણસોની સંખયા ૧૨૦૭ની થઇ છે જયારે ૨૦ થી ૫૦ વરસ સુધીનાની સંખયા ૧૩૬૫ની અને ૫૦ વરસ ઉપરનાની સંખયા ૩૯૫ ની છે.

વેપાર ધંધો તથા નોકરીને લગતી હકીકત તપાસતાં માલમ પડે છે કે વેપાર કરનારાઓની સંખ્યા ફક્ત ૨૫૩ છે. જ્યારે સરકારી તથા ખાનગી નોકરીમાં જોડાયલાઓની સંખ્યા ૩૩૦, ખેતી કરનારાઓ ૭૨, વકીલતનો ધંધો કરનારા ૧૩, ડાકટરી ધંધો કરનાર ૮ અને પેનશનરની સંખ્યા ૧૬ ની છે.

કુલ ૨૯૬૭ માણસોની વસતીમાંથી ૨૦ વરસ સુધીની ઉમરનાં અને વીધવા તથા વીધુરની સંખ્યા બાદ કરતા પરણેલાંઓની સંખ્યા ૧૫૧૭ની થવી જોઇએ તેમાં પરણેલાં તથા અદરાયલાંઓ મળીને એકંદર સંખ્યા ૧૧૭૪ થાય છે જે ઉપરથી માલમ પડે છે કે ૩૪૩ એટલે લગભગ સાડીત્રણુસો માણસો કુંવારાં છે.

કેળવણીની બાબદ તપાસતાં અભણુની સંખ્યા ૫૮૧ ની છે. આમાંથી ફક્ત ૬ વરસની અંદરનાં બચાંઓની સંખ્યા બાદ કરી શકીશું. જે સંખ્યા ૩૬૭ ની છે તે બાદ જતાં ૨૧૪ માણસો અભણુ છે એમ માલમ પડે છે.

ગુજરાતી સીવાયની જુદી જુદી ભાશાઓ જાણુનારાઓની એકંદર સંખ્યા ૧૧૩૨ ની છે જેમાં ઈંગ્રેજી જાણુનારા ૯૨૪, ફારસી જાણુનારા ૧૭૮, ફ્રેંચ જાણુનારા ૧૮, સંસકરૂત જાણુનાર ૨, મરાઠી જાણુનારા ૯ અને પહેલવીઝંદ જાણુનાર ફક્ત ૧ છે. પહેલવીઝંદ ભાશા જે આપણા ધરમ પુસતકોની ભાશા છે અને જે જાણુવાની જરથોસતીઓની ખરેખરી ફરજ છે, છતાં તે ભાશા શીખવા ઉપર કોઈ લક્ષ આપતું નથી અને તે વીસારી દેવામાં આવી છે.

જનમખોડવાળાંઓની સંખ્યા ફક્ત ૧૪ નીજ છે. જેમાં મુગાં બેહેરાં ૫, આંધળાં ૨, લુલાં ૩ અને ગાંડાં ૪ છે. પાક પરવરદેગારની કરમબક્ષેશથી આપણાં શેહેરમાં રગતપીતીઆં અથવા એવા ચેપી રોગવાળાં માણસો નથી અને તે માટે તે કીરતારનો જેટલો આભાર માનયે તેટલો થોડો છે.

ઇનિકમટેક્ષ ભરનારાઓની સંખ્યા ૧૩૧ છે. એકંદર ૨૯૬૭ માણસોની વસતીના પ્રમાણુમાં આ આંકડો નાનો નથી. કારણુ કે વેપાર ધંધાની હાલત મંદ હોવાથી પેદાશનાં સાધન ઓછાં થયાં છે. જયારે દુશકાળ અને ચાલુ મોંધવારીના વખતમાં પારસી સંસારનો ખરચ કમી થવાને બદલે વધે છે એમ આપણુને નજરે પડે છે.

ડીગ્રીઓ ધરાવનારના લીસટ ઉપરથી જણાશે કે કેળવણીની બાબતમાં આપણે બીજી કોમોની સરખામણીમાં હવે પાછા હઠતા જોઇયે છીયે. યુનીવરસીટીની તથા તેથી ચઢીયાતી કેળવણી લીધેલાઓની સંખ્યા ઘણીજ જુજ છે અને તેજ બતાવે છે કે આપણે પાછળ પડતા જઇયે છીયે અને તે આપણી પડતીનું કારણુ સમજવાનું છે.

આખી દુનીયાની વસતીની વીગત.

એક જરમન ઇકોનોમીસટ હેર ગુલીએમ બેરોફ કહે છે કે આખી દુનીયામાં ૧ અબજ ૭૦ કરોડ માણુસોની વસતી છે. ૧૦૩૮૦૦૦૦૦૦ માણુસોની જાતી તે નકી કરી શકયો છે. તેમાંના ૫૨૧૭૦૦૦૦૦ મરદો અને ૫૧૬૩૦૦૦૦૦ સ્ત્રીઓ છે. આથી સામટો સરવાળો ધયાનમાં લેતાં તેણુે એવું અનુમાન કહાડયું છે કે આપણી દુનીયામાં દર ૧૦૦૦ મરદે ૯૯૦ સ્ત્રીઓ છે. આફ્રીકામાં મરદો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધુ છે. તયાં ૧૦૦૦ મરદોએ સ્ત્રીઓની સંખ્યા ૧૦૪૫ ની છે, જયારે યુરોપમાં તે ૧૦૨૭ ની છે. દુનયાના બાકીના ત્રણુ ખંડોમાં મરદો કરતાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે, અમેરીકામાં દર ૧૦૦૦ મરદે ૯૬૪. એશીયામાં ૯૬૧ અને આસ્ત્રલીયામાં ૯૩૭ સ્ત્રીઓ છે. આફ્રીકાના યુગેનડા પ્રાંતમાં સ્ત્રીઓની સંખ્યા સઉથી વધુ યાને ૧૦૦ મરદોએ ૧૪૬૭ ની છે. યુનાઇટેડ સ્ટેટસના પશચીમ અને વાવય ભાગોમાં, બ્રીટીશ કોલંબીયામાં અને પુરવ આસ્ટ્રેલીયામાં સ્ત્રીઓની સંખ્યા મરદો કરતાં ઓછી છે. સ્ત્રીઓની સઉથી મોટી અછત અલાસકા અને મેલે સ્ટેટસમાં છે, જયાં દર ૧૦૦૦ મરદોએ સ્ત્રીઓની સંખ્યા ૩૯૧ અને ૩૮૯ ની છે.

નામદાર શેહનશાહ જયોરજ પાંચમાની તાજપોશીની ક્રીરયા માટે હીંદમાં થયલી પધરામણી અને તેને લગતો જાણવાજોગ રસીલો હેવાલ.

યઝદેજરદી સને ૧૨૮૧ નું જરથોશતી શાલ અને ઈસવી સને ૧૯૧૧-૧૨ નું અંગરેજી સાલ અગત કરીને હીંદ શર જમીનની તવારીખમાં ખરેખર મોટી યાદગારી બરેલું રહી જાવાનું, કારણ કે, એ આપનો ભરતખંડ બ્રીટીશ શનતલત તલે આવીને અંગ્રેજી રાજ્યમાં જોડાવા પછે, એ વરશમાં જે એક મોટો રાજદ્વારી બનાવ બનેઓ છે, તે ખરેખરજ એક મોહતવતા બરેલો અને યાદગારજ નીવડયો છે. હીંદને માથે બ્રીટીશ શનતલત જોડાવા પછી સેંકડો વરશની મુદતમાં ઘણા બ્રીટીશ રાજા રાણી—અને પાદશાહો તખતે બેઠા અને માથે તાજપોશીનું મુગત મેલ્યું, પણ તે સંધી વખતે પોતાના ઈંગિલીશ પાયતખત ઈંગલંડમાંજ તેની ક્રીરીઆ બારે ધામધુમથી ક્રીયેલી અને તેવી વેલાએ માત્ર લનડન શેહરજ ધમધમી રહેલું; પણ તેમાંના કોઇબી રાજા—પાદશાહે ખુદ હીંદ દેશમાં આવીને તખતો તાજ પેહેડેલાં નહી; પણ આહ ! આપના હવડાંના બ્રીટીશ રાજા અને હીંદી પાદશાહ પાંચમાં જયોરજે તો જબરી હવદી કીધી કે તેવી હીમતની કીંમત થઈ શકે નહી. જોકે પેહલે હમેશના શરેશતા પ્રમાણે ખુદ ઈંગલંડની પોતાના મુલકની પાદશાહી તાજપોશી તો ઈંગલંડમાં ગઇ તારીખ ૨૨ મી જુન ૧૯૧૧ ને દીને કરી લીધી હતી, કે જેનો તુલોતવીલ હેવાલ ગયે વરશનાં ઝોરાસટીઅન કાલેંડરમાં સમાવેલો છે. પણ તે પછે તે નામચીન ક્રીરયા હીંદ દેશમાં આવીને પોતાની પ્રીય પ્રજાની શનમુખ તે ફરી પાછી બીજીવાર કરી દેખાડવાથી ભરતખંડની તમામે તમામ વશતી તો છલકાઈ મલકાઈજ ગઈ; અને જયારે જાંણેઉ કે આપનો પાદશાહ હીંદુસ્થાનમાં આવીને દીલ્લી જેવા અસલ જાહોજલાલ શેહરમાં પાછી તાજપોશી કરશે ત્યારે તો તે વાત સમજીને હીંદના લોકોનો હરખ માયો—શમાયો ગીયો નહી. આ મોટા બનાવની લંબાણ નોંધ અને તેને લગતા બનેલા જાણવાજોગ અકેકા બનાવ હેવા બનેઆ છે કે તેનો ફકત ઇનતેખાબ અથવા ટુંકમાં સાર આપી જતાંબી આ એક પારસી કેલેંડરનાં કેટલાક શફાઓ રોકાવા જોઇએ, તે રોકાવા દઇનેબી આ એક યાદગાર બનાવનો શીલશીલાબન હેવાલ જાલવી રાખવાના હેતુથી તે અતરે પ્રગટ કરવાનું ઘણું મુનાશબ સમજીએ છઇયે—કેમકે તેમાં પારસી કોમને લગતું ઘણું બયાંન આવેલું છે, તેઓને મોટા મોટા ખેતાબ અને અધીકાર મલેઆ છે તે સઘલાંની નોંધ દરેક પારસી ઘરે જલવાઈ રેહવાના હેતુથી એ રશીલો હેવાલ હેઠલ સમાવીએ છઇએ.

લંડનની ઉઠાગરી—નામદાર શેહેનશાહ તથા શેહેનશાહબાનું મેરી પોતાના રસાલા તથા દોસ્ત આશનાઓની પાંચ સાત મનવારોના કાફલા સમેત “ મદીના ” નામની સટીમરમા લંડનથી ગયા નવેમબર માસની તા૦ ૧૧ મીએ નીકલેલા એડન ખાતે તા૦ ૨૫ મી નવેમબરે આવી પુગા હતા.

એડનની પધરામણી—પેહેલવેહેલાં એડનના કેસનટ મધેના રીસેપશેન હોલમાં ગયા હતા. જ્યાં રીસેપશન કમીટીના પ્રમુખ શેઠ હોરમસજી કાવશજી દીનશાહની નામદાર શેહેનશાહ સાથ ઓલખાણ કરાવવા પછી શેઠ હોરમસજીએ એડનની પ્રજા તરફનું માનપત્ર વાંચી સંભલાવ્યું હતું. તે બાદ બાદશાહી જોડું રેસીડનસીમાં ગયું હતું જ્યાં જેનરલ સર જેમસ બેલ તથા લેડી બેલે એટ હોમનો મેલાવડો કરયો હતો, તેમાં હાજર રહેલાઓમાં પારસીઓમાં શેઠ હોરમસજી કાવશજી દીનશાહ, બાનુ અને બેટી, શેઠ કેકોબાદ કાવશજી દીનશાહ, બાનુ અને બેટી, અને ખાન સાહેબ બેહરામજી સોરાબજી મેહતા હતા.

મુંબઈની પધરામણી—એડનથી નામદાર શેહેનશાહ તથા બાનુ મુંબઈ આવવા નીકળેલાં તા૦ ૨ જી ડીસેમબરે મુંબઈ ખાતે પોતાના પનોતાં પગલાં મુકયાં હતાં. એ ભાગ્યવંત દીવસ માત્ર મુંબઇનીજ તવારીખમાં નહી પણ આખા હીંન્દ સરજમીનમાં બલકે તમામ શેહેનશાત જયાં બ્રીટીશ વાવટો મગરૂરીથી ઉડે છે તેના દરેક ભાગમાં સરવેથી વધુ અગત ધરાવનાર અને યાદગાર બનાવ માટે તવારીખના સફાઓ ઉપર સોનેરી હરફે સદા નોધાઇ રહેશે. વળી આખા હીન્દમાંથી શેહેનશાહની થયલી પધરામણી ટાંકણે આખી હીંન્દની વફાદાર પ્રજા તરફથી જે દબદબા ભરયો આવકાર આપવામાં આવ્યો હતો તે એટલો તો ખરા અંતકરણનો ઉંડી દીલસોજીથી ભરપુર અને અણુહદ લાગણી લઇકેનારો હતો કે જેથી એ નામદારો ખુશી શાથે હમેશા તે યાદ કરતા રહે છે. એ મુજબ ઈંગલંડના કોઇ પણ રાજ કરતા શેહેનશાહે છેક બારમી સદી પછી યુરોપની શરહદ બહાર દરીઆની પેલેપાર પ્રવાસ કરી એક હીંદી મુલકમાં પગ મેલયો હોય તો આ પેહલવહેલોજ બનાવ લેખી શકાશે. મરહુમ નામદાર શેહેનશાહ એડવરડ તે હાલનાં નામદાર શેહેનશાહ જયોરજના પીતા પોતે એક શાહનશાહ તરીકે હીંદુસતાનની ફરી મોલાકાત લેવાને ઘણાં આરઝુમંદ હતા પણ તેઓ પોતાના રાજપાટની ભારે જંજાલો તથા ખાસ કરીને પોતાની વરધ અવસથાના સબબે એ ખાહેશ બર આણી શકયા નહી હતા. સને ૧૯૦૩ માં ભરવામાં આવેલી વેલાતની દરબાર વેલાએ મરહુમ નામદાર શાહનશાહ એડવરડે હીંદી રાજવંશીઓ તથા પ્રજા જોગ મોકલેલા યાદગાર સંદેશામાં જે નીચલા શબદો જણાંવેલા તે ખરેજ પ્રસંગોપાત થઇ પડયા વીના રહેશે નહી. "હું નકકી પણે આશા રાખું છું કે, મારો વહાલો પુત્ર, પ્રીનસ ઓફ વેલસ તથા પ્રીનસેસ ઓફ વેલસ, લાંબો વખત જવા અગાઉ હીંદુસતાનથી પોતે અંગત રીતે માહીતગાર થશે, કે જે દેશની તેઓ મોલાકાત નજરે નજર જોયે છે એમ હું હમેશ ખાહેશ રાખતો આવયો છું તથા જે દેશને તેઓ પોતે પણ જોવાને એકસરખી રીતે આતુર છે. આવા મહતવના પ્રસંગે હું ઘણો ખુશીથી હીંદુસથાન આવતે જો તેમ આવવાંનું મારાથી બની શકતે તો." મરહુમ નામદાર શેહેનશાહ એડવરડ તે હાલનાં શેહેનશાહાના પીતા જે ખાહેસ રાખતા હતા તે ઉપલા બનાવને બે વરસ પસાર થયા કેડે પાર ઉતરી હતી. સને ૧૯૦૫ માં નામદાર શેહેનશાહ જયોરજ અને શેહેનશાહાબાનું મેરીએ પ્રીનસ અને પ્રીનસેસ ઓફ વેલ્સ તરીકે આપણાં દેશની પેહલી મોલાકાત લીધી હતી. અને પોતાની ભવીસયની પ્રજા વીશે નજરો નજર અનુભવ મેલવયો હતો તે વેળા તેઓ નામદારોને જે ભારે આવકાર હીંદી પ્રજા તરફથી આપવામાં આવયો હતો તેની તેઓ ઉપર ઘણી ઉંડી અસર થવા પામી હતી.

નામદાર શહેનશાહ તથા શહેનશાહબાનુને તેમના માહન દરજજાને અને હીન્દની તવારીખમાં પહેલવહેલીવાર તેના શહેનશાહની થયલી પધરામણીને છાજતો દબદબાભરયો આવકાર આપવાને જેમ દેશેદેશ ગામેગામ અને ઠામેઠામ તેમ ખુદ મુંબઇ નગરીની પ્રતિષ્ટાને શોભા અને જેબ મળે એવી રીતે દરેક ગોઠવણો મહીનાઓ આગમચથી મુંબઇમાં કરવામાં આવી હતી. અને શેહેનશાહી સવારીવાલા દરેક રસ્તાઓ ઘણા સરસ રીતે શણગારથી આરસતા કરવામાં આવ્યા હતા તેમજ પુશકલ ધામધુમ કરવામાં આવી હતી. વળી કેટલાક દીવસો સુધી આખા મુંબઈ શેહરમાં લાંબો વખત સુધી સરકારી ઇમારતો તેમજ ખાનગી મકાનો—હારીસોપર સારી રોશની કરવામાં આવી હતી. જુદે જુદે ઠેકાણે આરકાંઓ ઉભા કીધાં હતાં, તેમાં જાણીતા શેહેરી શેઠ ધનજીભાઈ બમનજીએ પોતાના ખરચે ઉભા કરેલાં ઇરાનને લગતાં માણુસનાં માથાં સાથના ગોધાના ચીત્રોવાલાં આરકાં ઘણાં સારાં હતાં. વળી એ બનાવની ખુશાલીમાં આતશબાજીબી થઈ હતી તથા કેટલાક મહીના સુધી એક મોટું પ્રદરશનબી રમતગમતના સાધનો સાથ મેદાનમાં ભરવામાં આવયું હતું.

બાદશાહી જોડાંને લાવનારી સટીમર 'મદીના' તા૦ ૨ જી દીસેમબરે સવારના નવ વાગે મુંબઈના બારાંમાં દાખલ થઇ હતી. નામદાર શેહનશાહે પોતાના રસાલા સાથે સાંજે ૪ વાગે પોતાનો પનોતો પગ એપોલો બંદરની સીઢી ઉપર મેલ્યો હતો. જયાંથી નામદાર શહેનશાહ અને

શહેનશાહબાનુ રીસેપશન પેવીલીયનમાં ગયાં હતાં ત્યાં એ નામદારોને પ્રથમ આવકાર દેવાને હાજર થયલા મોટા મોટા ઓધેદારોમાં મયુનીસીપાલ કોરપોરેશનના પ્રમુખ આ૦ સર ફીરોશાહ મેરવાનજી મેહતા અને મુંબઇના શેરીફ સર શાપુરજી બરજોરજી ભરૂચા હતા, તેમજ ઘણા જાણીતા જરથોસ્તી શેહેરીઓબી હતા. એ બંને નામદારોને મંડપમા એમફી થીએટર આગળ એવો માટે ખાસ ઉભાં કરવામાં આવેલા ખાસ તખત સાથના અને સુંદર શંગારથી સજેલાં ફુલવારી જેવાં આસાન ઉપર બેસાડવામાં આવયા બાદ મુંબઇની મયુનીસીપાલ કોરપોરેશન તરફનું માનપત્ર કોરપોરેશનના પ્રમુખ આ૦ સર ફીરોઝશાહ મેહતાએ પોતાના બુલંદ અવાજથી વાંચી સંભલાવ્યું હતું. જે કીમતી કાસકેટમાં મેલી સર ફીરોઝશાહે મયુનીસીપાલ સેકરેટરી શેઠ રૂસ્તમજી પેસતનજી મસાની સાથે જઇ હાથો હાથ નામદાર શેહેનશાહને નજર કરયું હતું. એ પછી લેડી ફીરોઝશાહ મેહતાએ કોરપોરેશન તરફથી એક સુંદર તુરો નામદાર શેહેનશાહબાનુને ભેટ કરી દેશી બાનુઓની ઢબ મુજબ નામદાર શેહેનશાહબાનુંને ઓવરણાં લીધાં હતાં. મંડપમાંથી પાદશાહી જોડું નીકલેલું એક શુંદર શરઘશનાં આકારમાં મુંબઇના ચોકશ મોટા રશતાઓપર ફરીવલેયું હતું જે વેલાએ મુંબઇની આલમ અને લશકરી ટોલીઓ ઠામે ઠામ ઉભી રહીને આખે રશતે શેનશાહી શરઘશને ભારે હરશનાદ શાથે વધાવી લીધું હતું. ફરી આવેયા પછે પાદશાહી જોડું પાછું પોતાના દરીઆઈ કાફલા પરજ વસવાત કરવા રાતે ગયું હતું.

તા૦ ૨ જી દીસેમબરની રાતે એ બાદશાહી જોડાંએ સ્ટીમર મદીના ઉપર કેટલાક પરોણાઓને ખાણા ઉપર નોતરયા હતા તેઓમાં આ૦ મી૦ જસટીસ દીનશાહ ધનજીભાઇ દાવર તથા મી૦ અને મીસીસ રતન જમશેદજી તાતા હતા. ખાણા પછી બાદશાહી જોડાએ પરોણાઓ સાથે છુટથી ભેલાઈ દીલસોજીથી વાતચીત ચલાવી હતી. અને પોતાને મલેલા આવકારની ખુશાલી જાહેર કરી છેલ્લી મુંબઈની મુલાકાત પછી ઘણો ફેરફાર થયલો જણાવયો હતો.

તા૦ ૩ જી ડીસેમબરે બપોરના સરકારી મેહલમાં ખાણાનો મેલાવડો થયો હતો. તેમાં જે જાણીતા શેહેરીઓને નોતરીયા હતા, તેઓમાં સર શાપુરજી બી. ભરૂચા, ઓનરેબલ સર ફીરોઝશાહ મેરવાનજી મેહેતા, શેઠ હોરમસજી અરદેશર વહાડયા, ઓનરેબલ ડા૦ ટેમુલજી ભીખાજી નરીમાન વીગેરે હતા. વળી રાતે પણ નામદાર શેહેનશાહે પોતાના બારકસ ઉપર ડીનર આપયું હતું, તેમાં હાજર રહેલા પરોણાઓમાં નામદાર સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ તથા સર શાપુરજી બી. ભરૂચા હતા. નામદાર સર જમશેદજીના બાનુ લેડી શીરીનબાઇને પણ આ ડીનપર હાજર થવાનું બાદશાહી ફરમાન મળયું હતું, પણ અડચણને લીધે તેવો હાજર થઇ શકયાં નહી હતાં.

તા૦ ૪ થી ડીસેમબરનો દીવસ બાદશાહી જોડાંની પધરામણીના સંબંધમાં મુંબઈની જુદી જુદી શાળાનાં બાળકોનાં જીગરમાં સદા યાદગાર રહી જશે. એ દીને સહવારે નામદારો શેહેનશાહ અને શેહેનશાહબાનુનાં મુબારક દરશન માટે અતરે ભરવામાં આવેલા એકઝીબીશનવાળા મેદાનમાં મુંબઈની સઘલી સ્કુલના સઘળી જ્ઞાતના લગભગ ૨૭૦૦૦ છોકરાંઓને એકઠાં કરવામાં આવ્યાં હતાં. જયાં સર શાપુરજી ભરૂચા, શેઠો ફીરોઝ સી. શેઠના અને કાવશજી જાહાંગીર વગેરે ગ્રહસ્થોએ ઘણી તારીફ લાયક ગોઠવણો કરી સારો બંદોબસ્ત રાખ્યો હતો. તેમજ પારસી એમબયુલંસ બ્રીગેડના ૨૦ જવાન્યાઓએ કોઇબી બાળક બેહોસ વગેરે થતાં તેઓને લાવ લઇજાવ કરવામાં સારી મદદ આપી હતી. વળી મેદાનમાં દાખલ થવાના શેહનશાહી દરવાજા ઉપર ફુલોનું મોટું આરકુ શેઠ હોરમસજી ફલોરીસ્ટે ઉભું કીધું હતું. નામદાર શેહેનશાહ તથા શેહેનશાહબાનું દશ વાગે આવી લાગતાં મુંબઇના નામદાર ગવરનર સાથ શેરીફ સર શાપુરજી ભરૂચા અને વડા જડજે આવકાર આપયા પછી હાજર રહેલી જુદી જુદી જ્ઞાતની બાળકીઓએ ગીતો ગાયાં હતાં, તેમા પારસી બાળકોએ "રક્ષ દેવ તું મહારાજા "વાલું ગુજરાતી રાજગીત ગાયું હતું. દરેક બાળકને નામદાર બાદશાહી જોડાંની સબી સાથનું એકકુ પ્યાલું તેમાં ચોકલેટ મુકી અને વાવટા વીગેરે ભેટ આપયું હતું.

નામદાર શેહેનશાહ તા૦ ૩ જી ડીસેમબરે દેવળમાંથી ફારેગ થવા પછી આગબોટ "મદીના" ઉપર વીદાય થવા બાદ તેમની મોટી સ્ટેટ કોચ ગવરમેંટ હાઉસમાં પાછી ફરતી હતી તેટલાં ઘોડાઓએ મસતી કીધાથી ગાડીને મોટું નુકશાન પુગું. આ ગાડી ખાસ વાઇસરાએ કલકતાથી મોકલી હતી અને બીજે દીને સવારના બાળકોની જીયાફતમાં આવવા માટે જોઇતી હતી. જેથી નામદાર ગવરનરના ખાસ કોચ બીલડર શેઠ પેસતનજી બી. પ્રેસને આ કામ સોંપવામાં આવયું. આ જાણીતાં કારખાનાએ સારી રાત કામ કરીને સવારના ચાર વાગામાં ગાડી પાછી તઇયાર કીધી જેના ઉપકારમાં એક તાર મળયો હતો-તેમાં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું. "નામદાર શેહેનશાહની કેંપ—મીં૦ પેસતનજી પ્રેસ—ફેરટ કોચ ફેકટરી. " તમારાં સારાં અને ઝડપીઆં કામ માટે હું ઘણો આભારી છું. તમારી મદદ વગર હું મોટી મુશકેલીમાં આવી પડતે. લા૦ નામદાર શાહાનશાહના મીલીટરી સેક્રેટરી."

સર જમશેદજી જીજીભાઈ બેરોનેટે તા૦ ૧ લી જાનેવારીએ મુંબઈ સરકારના પોલીટીકલ ખાતાંના સેક્રેટરીને કાગળ લખયો હતો કે સનીવાર તા૦ ૨૫ મી નવેમબર ૧૯૧૧ ના દીવસે સર જ૦ જી૦ પા૦ બે૦ ઇનિસ્ટીટયુટમાં મલેલી પારસીઓની જાહેર સભાએ પસાર કરેલો એક ઠરાવ હું તમો જોગ મોકલું છું, અને તેની રૂએ આપને એલતેમાસ કરું છું કે આ સાથ મોકલેલું માનપત્ર અને કાસકેટ નામદાર શેહેનશાહ તથા શેહેનશાહબાનુ સનમુખ રજુ કરશો. પારસીઓની જાહેર સભાનો ઠરાવ એ હતો કે કોરોનેશન દરબાર ટાંકણે નામદાર શેહેન-શાહ તથા શેહેનશાહબાનુને જે માનપત્ર નઝર કરવા ધારયું છે તે આ સભા બહાલ રાખે છે, અને સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, તે કોમના પસંદ કરેલા મુખીને એલતેમાસ કરે છે કે તે ઉપર તેવણે પારસી કોમની તરફથી સહી કરવી, અને તેને સરકાર જોગ રવાના કરવું. એ કાગળનો નીચલો જવાબ સરકારના રાજદવારી સેક્રેટરી તરફથી મળયો છે :—સાહેબ, તા૦ ૧ લી ડીસેમબર ૧૯૧૧ ના તમારા કાગળના જવાબમાં આપને જણાવવાનો મને હુકમ થયો છે કે પારસી પંચાયતે મોકલેલું માનપત્ર નામદારો શેહેનશાહ અને શેહેનશાહબાનુ સનમુખ પેસ કરવામાં આવયું છે. નામદાર શેહેનશાહે કરપાવંત થઇને ફરમાવયું છે કે તમારાં વફાદારી ભરયાં તથા માયા મમતા ભરયાં માનપત્રમાં સમાવેલી મુબારકબાદી માટે, તેમજ જે સુંદર કાસકેટમા માનપત્ર મોકલયું છે તે સારૂ નામદાર શેહેનશાહબાનુના, તેમજ એ નામવરના પોતાના, આભારની લાગણી તમોને તેમજ પારસી પંચાયતને પહોંચાડવી. પારસી કોમે ખાતરી રાખવી કે તેઓની ચડતી અને આબાદી માટે નામદારો શેહેનશાહ તથા શેહેનશાહબાનુ સદા દીલસોજીભરી કાળજી રાખતાં રહેશે.

હિન્દના મહાન બુઝરગ નર શેઠ દાદાભાઇ નવરોજીએ તા૦ ૩૦ મી નવેમબરે મુંબઇના નામદાર ગવરનર ઉપર એક પત્ર લખી નામદાર શેહેનશાહ અને શેહેનશાહબાનુની થનારી પધરામણી વેળાએ તે નામદારોને નીચલો સંદેશો પુગાડવાની અરજ કીધી હતીઃ—" નામદાર શેહેનશાહ જયોરજ ચોથાના રાજઅમલની અધવચમાં મારો જનમ થયો હતો. ૮૬ વરસની મુદત પછી મારી વહાલી માતરૂ જુમી પર, તમો નામદાર શેહેનશાહ જયોરજ પાંચમા અને શેહેનશાહબાનુ મેરીને આવકાર આપતાં તેમજ વધાવી લેતાં મને અનુપમ સુખ ઉપજે છે." ઉપલાં પત્રનો જવાબ નામદાર ગવ-રનરે તા૦ ૩ જીએ શેઠ દાદાભાઈ ઉપર મોકલ્યો હતો. " પ્યારા સાહેબ, મુંબઇના નામદાર ગવરનર જોગં ગઈ તા૦ ૩૦ મી નવેમબરનાં તમારાં પત્રમાં આવકાર આપનારા જે શબ્દો દરશાવવામાં આવ્યા છે, તે વાંચી નામદાર શેહેનશાહ અને શેહેનશાહબાનુને ઘણો સંતોષ ઉપજયો છે અને આવી માયાકુલ લાગણી જાહેર કરવા માટે નામદાર શેહેનશાહ અને શેહેનશાહબાનુ તરફથી તમારો મોટો ઉપકાર માનવાની મને ફરમાશ થઇ છે. નામદાર શેહેનશાહ અને શેહેનશાહબાનુ ઉપર મુંબઈની પ્રજાએ ગઈ કાલે આપેલા દીલોજાનીભરયા આવકારથી ઘણી ઉંડી અસર થઇ છે. નામદાર શેહેનશાહ અને શેહેનશાહબાનુ આસા રાખે છે કે તમો સારી તનદરોસ્તીમાં હશો અને તમારી વરધ અવસ્થા સુખ અને શાંતીમાં પસાર થાઓ."

કલકતાની જરથોસ્તી અંજુમનના ત્રસ્ટીઓ શેઠો પેસતનજી એદલજી ગજદર તથાન વરોજી જામાસ્પજી અરજાનીએ તયાની જરથોસતી અંજુમન તરફથી નીચલો તાર, સટીમર 'મદીના' ઉપર મોકલ્યો હતોઃ-તમો નામદાર પાદશાહી જોડાંએ હીંદને કીનારે પગ મુકવાની ખુશાલીની તક લઇ કલકતાની જરથોસ્તી અંજુમન તરફથી અમારાં જીગરની અને ખરાં દીલની મુબારકબાદી તમો નામદારો સનમુખ રજુ કરવાની અમો રજા લઇયે છીએ. તમો નામદારોને પુર તનદરોસતી ઇચ્છતાં દુવા ગુજારયે છીએ કે આ મહાન અને ઈતીહાસીક પ્રસંગ પુરતી ફતેહ સાથે ફતેહમંદ નીવડે. ઉપલા તારનો જવાબ ત્રસટીઓને નીચે મુજબ મળયો હતોઃ—પ્રાઇવેટ સેક્રેટરીને મળેલા હુકમની રૂએ જણાવવામાં આવે છે કે, નામદાર પાદશાહી જોડાં ઉપર કલકતાની જરથોસતી અંજુમને મોકલેલા વફાદારી ભરયા તાર માટે, તે નામદારો તયાંની અંજુમનના મેમબરોનો આભાર માને છે. એ ઉપરાંત ચીનના કેનટનની પારસી કોમે તથા ઇલાવની રઇયત તરફથી શેઠ જીવણજી લીમજીભાઇએ, પંજાબનાં ધરમપુર ખાતેના કીંગ એડવરડ સેનેટરીયમના તબીબ તથા રહીશો તરફથી એ સેનેટરીયમના ડાકટર ફરામજી દાદાભાઈ નાણાવટીએ, ડાકટર નાદીરશાહ હોરમજી સુખ્યાએ અને એરવદ રૂશતમજી જમશેદજી ગોદા દસ્તુર વગેરે ઘણા ગ્રહસ્થોએ મુંબઇ તેમજ જુદે જુદે દેશાવરો ખાતેથી મુબારક બાદીના સંદેહશાહ મોકલાવ્યા હતા. વળી મોબેદ નવરોજજી ફરામજી પાવરીએ મુંબઇમાં બાદશાહી જોડાની પ્રધામણીને દીવસે અંજુમનના આતશબેહરામમાં પાક અવસ્તાવાણી જોડી ભલી દુવા ઇચ્છનારી બંદગી કીધી હતી.

દીલ્લીની પધરામણી—નામદાર શેહેનશાહ તથા શેહેનશાહબાનું તા૦ ૫ મી ડીસેમબરની રાતે મુંબઇથી ઉપડેલા દીલ્લી ખાતે તા૦ ૭ મીએ સહવારના જઈ પુગા હતા. ત્યાં એવો નામદારે તા૦ ૮ મીએ આપેલા એક મોટાં ખાણાપર પારસીઓમાં એ૦ શેઠ માણેકશાહ બેરામજી દાદાભાઈ અને એવણના ધણીયાણી બાઇ જરબાઇ હતાં. તા૦ ૯ મી એ હીંદુસતાનની આગેવાન બાનુઓનું ડેપયુટેશન નામદાર શેહેનશાહબાનુની મુલાકાતે પધારયું હતું—એમાં મહારાણીઓ, લેડીઓ અને ઉમરાવઝાદીઓની મોટી સંખયા હતી. એવોએ નામદાર શેહેનશાહબાનુને માનપત્ર નઝર કરતાં બે કીમતી ઝવાહીરો હીંદવાણીઓ તરફથી ભેટ આપયાં હતાં. હાજર રહેલી બાનુઓમાં પારસીઓમાં લેડી મેહરબાઇ દોરાબજી તાતા, લેડી આઈમાય ફીરોશાહ મેહતા અને બાઈ જરબાઈ માણેકશાહ બેરામજી દાદાભાઇ વગેરે હતાં.

એ રીતે મુંબઇથી જી. આઇ. પી. રેલવેના બોરીબંદરથી ખાસ તરેનોની મારફતે નીકળેલો દાદર સ્ટેશનપરથી વડોદરા રેલવેપર થઇને પાદશાહી કાફલો તા૦ ૭ મી ડીસેમબરને દીને દીલ્લી જઇ પુગયા પછે—ત્યાં પણ મુંબઈની પેઠે ઘણી શરશ ધામધુમો થઇ અને દીલ્હી શેહેર ખુબ ગાજી રહયું. મોટાં-શીંગાર સાથના રાજવંશીઓ ભેલાંના સરઘસો નીકલેઆં—મુલાકાતો અને મેલાવડા રોશની રામશનીઓ થઇ અને જયાંવેર નામદાર શેહેનશાહ એક અઠવાડયું ઉપર દીલ્લીમાં વશેઆ ત્યાંવેર દીલ્લી શેહેરનો મહીમાં તદન બદલાઈજ ગીઓ—તેમાં જ્યારે તા૦ ૧૨ મી ડીસેમબરનો દીવસ કે જે દીવસે પાદશાહી તખતો તાજની અને માથે મુગતની કીરીઆ થવા સાથે એક મોટી પાદશાહી દરબાર ભરવાનું ઠેડવેલું હતું તે દીવશનો તો ઠાઠમાઠ જોવા જેવો નીવડેઓ હતો. એ દરબારમાં થયલાં ચોકશ કામકાજો જમાનાવેર વીશરાવાનાં નથી. હેવા અદભુત બનાવો બનેઆ છે—તે એમ કે પેહલું મુખય એ થયું કે હીંદ શર જમીનની અસલી મોગલ પાદશાહીના જે અકબર જેવા નામચીન પાદશાહોએ પોતાના **પાયતખત** તરીકે દીલ્લી શેહેરની જાહોજલાલી જાલવેલી તેવાં એક પુરાતમ શેહરનું નશીબ હવડાં પાછું ફરી ગીયું. અને હીંદમાં બરીટીશ રાજનો અમલ બરપા થવા પછે જે આજ સુધી કલકતા શેહેરે ઈંગલીશ રાજનાં "પાયતખત"નું માન મેલવેલું તે એકદમ ફેરવાઇ ગયું—કલકતેથી પાયતખત ફેરવી નાંખીને દીલ્લીમાં લઇ જવાનાં જાહેર નામા અને કરારનામાં વંચાયા અને દીલ્લીવાનો તો એ વાત સમજીને ખુશખુશાલજ થઈ ગીઆ.

બીજી ગમથી કલકત્તા અથવા બંગાલ પ્રાંતને એક જુદીજ ખુશાલીમાં ગરકાવ થઇ જાવાનુ બનયું તે એ કે પાંચ શાત વરશની મુદત પર બંગાલ પ્રાંતને બરીટીશ રાજે અખંડમાંથી છુટો કરીને આશાંમ વીગરેનાં શેહરો જુદાં પાડી બંગાલનાં બે ભાગ રાજદુવારીની રીતે કરી નાંખયા હતા, જેથી બંગાલીઓ પોતાનુ એકયતા તુટી ગયલું સમજીને હેવા તો નારાજી અને બેદીલ થઈ ગીઆ હતા કે કેટલાક અનઘડ લોકો તેનું વેર લેવાને રાજદરોહી કરવા લાગા—બંબગોળા જેવાં નાસટીક હથીઆરોથી કેટલાક અંગરેજી અમલદારોના જાન વટીક લીધા—અને બીજી બેવફાઇ બતલાવા લાગા કે જે સરફ હેમાકાત અને નાદાનીયત ભરેલું હતું. પણ શાબાશ ! બરીટીશ હકુમતની અદલ ઈનશાફી અને કદર પીછાંની હેવી બની કે આ પાદશાહી તાજપોશીનો હઇઆંમ હાથ ધરીને બંગાલનાં ભાગલા પડવાનું જે ત્યાની રઇએતને અનભાવતુ હતું તેને પાછો ઈનશાફ આપી દીધો અને પાછુ બંગાલ એકતર કરીને જુદો ગવરનર તથા નવા અમલદારો નેમી આપેઆ—એ તે અદલ રાજની મુનશફી કે એકવાર થયલું પાછુ ફેરવવાની કશીબી આનાકાની કરયા વગર શમતોલપણું બેશાડી દીધું. આ હકની શાથે હીંદ રઇએતને પાદશાહી આમદથી બીજી રીતેબી નવાજેશ કીધી અને નવા હકો બખશેઆ તથા **પચાશ લાખ** જેવી પાદશાહી રકમની બક્ષેશ હીંદમાં રઈએતની કેળવણી વીગરે માટે આપતી કીધી. છુટે હાથે અને દુલ્લે દીલે ખેતાબો બક્ષેઆ—તેમાં બીજી બધી ન્યાતો શાથે પારશી કોમને ઘણો શારો ફાલો મલ્યો છે—તરણ તો સર નાઇટો વધેઆ છે ને તે માંનવંત ખેતાબોને માટે હેવા લાયક પારસી ગ્રહસ્થોની નેમણુંક થઈ છે કે તેવા નામચીન નરોને હેવા માનવંત ખેતાબો મલેલા જોઇને આખી પારસી કોમને નેહાત ખુશી ઉપજી છે—તેમાં આપણી હાઇ કોરટના પારસી નામવર જસ્ટીશ સર દીનશાહ ધનજીભાઈ દાવર, સર શાપુરજી બરજોરજી બરૂચા શેર દલાલ અને નાગપોરવાલા ખાન બહાદુર બેજનજી દાદાભાઇ મેહતાને સર નાઈટ ના ખેતાબો મલ્યા છે. તથા બીજા પારશીઓને નાહાના મોટા ખેતાબો મલ્યા છે—બીજા માન અકરામો મલ્યાં છે—એ શરવેનો તુલોતવીલ હેવાલ નીચે મુજબ છે :—

ઉપસો તા૦ ૧૨ મી ડીશેમબરનો દીવશ ઉગેઓ કે દીલ્લી શેહર તો બામદાદથી ગાજી—વાજી રહેયું—લશકરોનાં મોટા જમેલા, તોપોની શલામતી, બેંડોનાં શરોડો અને રણશીંગડાના અવાજો શમેત રાજવંશી જોડું શહવારે અગીઆર કલાકને શુભ મુહુરતે પોતાની છાવણીમાંથી દરબારમાં આવી બીરાજયું—તે વખતની અદા અદબ અને તાજો તવાજમ જોવા લાયકજ હતું. શંઘલી કીરીઆ હેવા માહાન પરશંગને લાયકની થતી ચાલી—પેહલાં હીંદના વાઈશરાય નામદાર ગવરનર જનરલે આવકાર આપી નામદારોને બેશાડઆ પછે કીરયા કાંમના વડા કરનલ શર હેનરી મેકમેહોને નમન કરી કીરયાની શુરૂઆતની ફરમાબરદારીની રજા મેલવી—તે પછે

નામદાર શેહેનશાહનું ભાશણ—નામદાર શેહેનશાહે દરબારમાં બુલંડ અવાજે કરેલું મુબારક ભાષણ નીચે પ્રમાણે હતું:—"આભાર અને સંતોષની ખરી લાગણીથી તમો આગળ આજે અહીં હું ઉભો છું. આ વરસે મને અને શેહેનશાહબાનુને ઘણી ભારે કીયાઓ અને અસાધારણ પણ ખુશહાલી ભરી મેહેનતના બોજામાંથી પસાર થતું પડયું છે પણ વખત અને છેટાં છતાં હીંદમાંના અમારા ગયા પ્રવાસની યાદે અમને જે ભુમીને ચાહતાં અમો શીખયાં હતાં તે તરફ ખેંચયાં હતાં, અને જે ભુમીમાં અમારા વતન જેવી મેહેરબાની અમારાં તરફ બતાવવામાં આવી હતી તેની ફરીની મોલાકાત લેવાની લાબી મુસાફરીએ ઝળકતી ઉમેદો સાથે અમો નીકળયાં હતાં. તેમ કરવામાં મેં ગઈ તા૦ ૨૨ મી જુને વેસ્તમીનસ્તર એબીમાં કરવામાં આવેલો મારો રાજયાભીષેક કે જેની રૂયે ગંભીર રેવાજો અને પુરાતમ કીયા પ્રમાણે મારા વડીલોનું તાજ મારાં શીર ઉપર મેલવામાં આવયું હતું, તેનો સંદેશો ગયા જુલાઇ માસમાં મોકલી આપતાં મારા રાજયાભીષેક વીષેની ખબર જાતે આવીને આપવાની જે ઈછા જાહેર કરી હતી, તે પાર ઉતારી છે. શેહેનશાહબાનુ સાથની મારી

હાજરી મારફતે હીંદના વફાદાર રાજકરતાઓ અને વફાદાર પ્રજા તરફનો અમારો પયાર બતાવવા, અને હીંદી શેહેનશાહતની આબાદી અને તેનું સુખ અમારા જીગરમાં કેટલું વહાલું છે તે બતાવવાને પણ હું ઇંતેજાર છું. વળી મારી ઇચ્છા એવી છે કે, રાજયાભીષેકના ગંભીર મહોતસવ વેળાએ જેઓથી હાજર થવાને બનયું નહીં હતું તેઓને દેહલી ખાતેની તેની યાદગારીના મહોતસવમાં ભાગ લેવાની તક મળવી જોઇએ. આ વીસ્તીરણ મેળાવડો, અને તે મધે મારા ગવરનરો અને વીશ્વાસુ અમલદારો, મારા મોટા રાજવંશીઓ, પ્રજાના પ્રતીનીધીઓ, અને મારી હીંદ સલતનતની લશકરી ફોજો તરફનાં ડેપયુટેશનોને જોવાથી મને અને શેહેનશાહબાનુને ખરી ખુશહાલી અને સંતોષ ઉપજયો છે. જે ભકતીભાવ અને વફાદારી તેઓ વફાદારીથી જાહેર કરવા ખાહેશમંદ છે તેનો હું જાતે સતકાર કરીશ. આ ઇતીહાસીક પ્રસંગે રાજવંશીઓ અને પ્રજાના લોકો મારી સાથે દીલસોજી અને મમતા ભરેલી ભલી લાગણી સાથે જોડાયાં છે તેથી મારા ઉપર ઉંડી અસર થઈ છે. આ લાગણીઓનાં ચીનહ તરીકે મારા રાજ્યભીષેકની યાદમાં મારા તરફની ખાસ નવાજેશો અને મેહેરબાનીઓ ફરમાવવાનો મેં ઠરાવ કરયો છે, અને આજે થોડો વખત રહીને આ મેળાવડા સનમુખ મારા ગવરનર–જેનરલની મારફતે હું જાહેર કરાવીશ. સેવટે આ તકે ફરીથી ખાતરી આપતાં મને ખુશહાલી ઉપજે છે કે તમારા હક ઇલાકા જાળવણી કરવાની મારા પુજ્ય વડીલોએ જે કબુલાતો તમને આપી હતી તેને હું વળગી રહીશ, અને તમારી આબાદી, સુલેહ અને સંતોષ માટે ઈંતેજારી ભરેલી કાળજી રાખતો રહીશ. તે સરવ શકતીવાન સાહેબ પાસે હું દોઆ ગુજારું છું કે મારી પ્રજાની નેગેહબાની તે કરે અને તેના સુખ અને તેની આબાદી વધારવાની મારી અતયંત કાળજીમાં મને મદદ આપે. હાજર થયલા સઘળાઓને, ખંડયા રાજાઓને અને પ્રજાઓને હું પયારભરી મુબારકબાદી ઇચછું છું.''

ઉપલું જાંણવા જોગ ભાષણ ખલાસ થતાં ચાલુ હરશનાદ અને હુરરેના જંગી પોકારો વચે નામદાર શેહેનશાહે પોતાની બેઠક લેવા બાદ નામદાર શેહેનશાહને નમન કરવાની કીયા થઈ તેમાં પહેલાં નામદાર ગવરનર–જનરલે તખત તરફ જઈ વાંકા વળી નમન કીધું હતું તે પછી નામદાર સેનાપતી અને નામદાર વાઇસરોયની કારોબારી કાઉનસીલના સભાસદોએ નામદાર વાઇસિરોયની માફકજ નમન કીધું હતું. નમન કરતી વેળાએ તેઓ દરેકના નામો નામદાર ગવરનર–જેનરલે પોકારયાં હતાં. તે બાદ પહેલા વરગના દેશી રાજકરતાઓ અનુક્રમે નમન કરવા આવયા હતા. તેઓ પાછળ બંગાલનો નામદાર વડો જડજ અને બીજા જડજો, વડી ધારાસભાના સભાસદો, પ્રાંતોના હાકેમો અને વડાઓ અને તેમની કારોબારી કાઉનસીલોના સભાસદો, ઇલાકાઓના દેશી રાજકરતાઓ અને તે બાદ જુદા જુદા ઇલાકા તરફના પ્રતીનીધીઓ પોતાના દરજ્જાના ક્રમવાર નમન કરી ગયા હતા.

નામદાર શેહેનશાહ અને શેહેનશાહબાનુ પાદશાહી મંડપ તરફ ગયાં હતાં જે વખતે સોનેરી અને કીનખાબના પોશાકમાં દીપી રહેલા હજુરયાઓએ તેમના ઝભાઓની કોર ઉપાડી હતી અને કીરમજી અને સોનેરી પોશાકમાં સજ થયલા ચોબદારોએ તે નામવરોના સર ઉપર સોનેરી છતરો ધરયાં હતાં. બાદશાહી જોડાંની પુઠે નામદાર ગવરનર જેનરલ અને હીંદી પ્રધાન લોર્ડ ક્રયુ, ડયુક ઓફ ટેક અને ડચેસ ઓફ ડેવનશીયર તેમને વળાવા ગયા હતા. એ પછી નામદાર શેહેનશાહ અને શેહેનશાહબાનુએ પાદશાહી મંડપનાં ઉંચા આસન ઉપર ચહડી બાદશાહી તખત ઉપર પોતાની બેઠક લીધી હતી બાદ મેદાનમાંના બેનડોએ સરોદો વગાડી નેકી પોકારનારા હેરલ્ડોને બોલાવયા હતા જેઓ પોતાના રમણીય પોશાકમાં બાહેરથી પડઘમો વગાડી તેનો જવાબ આપવા મંડયા હતા. આ અવાજ બંધ પડતાં હેરલ્ડોના સફેદ ઘોડાઓનું સરઘસ તમાશબીનોની ફરતી બેઠકની વચોવચ આવી ઉભું રહયું હતું અને પાછા પડઘમો વાગી રહયાં હતાં. અહીંથી વળી આ સરઘસ ઘોડા દપટાવતું બાદશાહી મંડપને મોખરે જઇ લાગયું હતું અને ત્યાં ત્રીજીવાર પડઘમ વગાડી સલામી આપી હતી.

દેહલીના 'હેરલ્ડ એક્સ્ટ્રા ઓરડીનરી' મેજર જેનરલ પેટને નામદાર શેહેનશાહ જ્યોરજના રાજ્યાભીષેકનો નીયમસરનો ઢંઢેરો વાંચી સંભળાવયો હતો; અને મદદનીશ હેરલ્ડ મલીક ઉમર હયાતખાને મધ્ય ભાગમાંથી ઉરદુ ભાષણમાં ઢંઢેરો વાંચી સંભળાવયો હતો, તે નીચે મુજબ હતો:–" અમારાં રાજ્યનાં પેહલાં સને ૧૯૧૦ નાં વરસની તા૦ ૧૯ મી જુલાઇ અને ૭ મી નવેમ-બરના દીવસોએ બાહેર પાડવામાં આવેલા અમારા ઢંઢેરામાં અત્રે નામદાર ઇશ્વરની મેહેરબાની અને આશીશથી સને ૧૯૧૧ ની બાવીશમી જુનને દીવસે અમારી બાદશાહી રાજ્યાભીષેકની ક્રીયા પુરતી ગંભીરાઇથી કરવાનો અમારો એરાદો અમે જાહેર કીધો હતો અને ઇશ્વરની મેહેરબાની અને આશી-શથી અમો તે ગંભીર ક્રીયા ગુરૂવાર તા૦ ૨૨ મી જુનને દીને કરવાને સામરથવાન થયા હતા અને અમે સને ૧૯૧૧ નાં અમારા પેહેલાં વરસની તા૦ ૨૨ મી મારચને દીને અમે જાહેર કીધું હતું કે અમારી હીંદી સલતનતમાંની અમને ચહાતી અમારી બધી રઇયતોની પીછાન કરવાની અમો ઉમેદ તથા ખાહેશ રાખયે છીએ. આ મુજબની ગંભીર ક્રીયા હાલમાં કરવામાં આવી છે અને તેમાં ભાગ લેવા માટે અમારા ગવરનરો, લેફ્ટેનંટ–ગવરનરો અને બીજા અમલદારો, તથા અમારાં રક્ષણ હેઠળના રાજવંશીઓ, સરદારો તથા ઉમરાવોને અને અમારાં હીંદી શેહેનશાહતના બધા પ્રાંતોનાં પ્રતીનીધીઓને અમારી હાજરીમાં બોલાવયા છે. અમો અમારા આ બાદશાહી ઢંઢેરાથી એ વાત જાહેર કરયે છીએ તથા હાલમાં દેલ્હીમાં ભેગા મળેલા બધા અમારા અમલદારો, રાજવંશીઓ, સરદારો અને લોકોને અમારી રાજવંશી સલામ પહોંચાડી અમારાં હીંદી શેહેનશાહત તરફ અમો જે ઉંડુ વહાલ ધરાવયે છીએ તેની ખાતરી આપયે છીએ, કે જે શેહેનશાહતનાં ભલાં અને આબાદી માટે અમો હમેશાં કાળજી ધરાવતા રહયે છીએ અને હમેશાં રહીશું. દીલ્હીમાંની અમારી દરબારમાં આજે અમારા અમલના બીજા વરસમાં તા૦ ૧૨ મી દીસેમબર ૧૯૧૧ ને દીને ઢંઢેરો અમે બાહેર પાડયો છે. ખોદા શેહેનશાહને સલામત રાખો"

ઢંઢેરો વંચાઇ રહયા પછી પડઘમચીઓએ ફરી પડઘમ વગાડયા હતા અને બેનદોએ રાજ ગીતના સરોદો વગાડતાં આખી સભા પાછી ઉભી થઇ ગઈ હતી અને મેદાનમાં મળેલાં ગંજાવર લશકર અને ગાર્ડ ઓફ ઓનરની ટુકડીએ હથયારો નમાવી માન આપયું હતું. તોપખાતાંની બેટરીઓએ એકસો ને એક તોપોની સલામી આપી હતી. નામદાર ગવરનર–જેનરલે ઉભા થઈ નામદાર શહેન-શાહ તરફની મહેરબાની ભરેલી નવાજેશોનો ઢંઢેરો વાંચી સંભળાવયો હતો, જેને સંતોષના હરષનાદ સાથે વધાવી લેવામાં આવયો હતો:—

"ખોદાની મેહેરબાનીથી ગ્રેટ બ્રીટન અને આયરલેનડનાં એકત્ર રાજયોનો અને દરયાને પેલે પારના મુલકોના રાજા, ધરમના રક્ષણ કરતા તથા હીંદના શહેનશાહ નામદાર પાંચમા જયોરજના હોકમથી તમો અત્રે હાજર રહેલાઓને હું તે નામદારનો ગવરનર–જેનરલ આ કીરતીવંત અને યાદગાર અવસર વેળા જે છુટછાટ, મદદ તથા સખાવતની નવાજેશ તે નામદારે ફરમાવી છે તે જાહેર કરૂં છું.

નામદાર શેહેનશાહની ખાહેશ અને ઇચ્છાને માન આપી હીંદી સરકારે હીંદી પ્રધાનની સંમતી સાથે હીંદી શેહેનશાહતનાં સાધનોનો કેળવણીના વધારા માટે ઉપયોગ કરવાનો પેહેલા હક સ્વીકારવાનો ઠરાવ કીધો છે અને એવું ઠરાવયું છે કે કેળવણી માટેની આ દેશમાં જે વખાણવાજોગ માગણી થાય છે તેની પીછાનમાં હીંદમાં કેળવણી બને એટલી મોટી સંખયાને મળી શકે તેવી અને બહોળી બનાવવી. આ નેમથી સરકાર ખરેખરી લોકપ્રીય કેળવણી વધારવા માટે એકદમ પચાસ લાખ રૂપયા આપવા માગે છે અને સરકારનો મકમ એરાદો છે કે હાલમાં જે મદદ જાહેર કરવામાં આવી છે તેમાં ભવીષનાં વરસોમાં વધુ વધારો કરતા રહેવું.

પોતાનાં જમીન તથા દરયા ઉપરનાં લશકરે બજાવેલી વખાણવાજોગ અને વફાદાર સેવા ધયાનમાં લઇને નામદાર શેહેનશાહે મને તમને જાહેર કરવા જણાવયું છે કે હીંદમાંનાં બંને અગ્રેજ

તથા હીંદી લશકરમાંના પચાસ રૂપયાથી ઓછો પગાર મેળવતા બીનસનદી અમલદારો અને સેપાહોને લશકરી ખરચે અરધા મહીનાનો પગાર આપવો. તે ઉપરાંત નામદાર શેહેનશાહે ફરમાવયું છે કે હવેથી હીંદી લશકરમાંના વફાદાર હીંદી અમલદારો અને સેપાહો બહાદુરી માટે વીકટોરીયા ક્રારસનો ચાંદ મેળવી શકશે. અત્રેના રાજયાભીશેક પછીના દાહેકામાં બ્રીટીશ ઇંડયાના આરડરમાં પેહેલા વરગમાં બાવન નેમણુંકો વધારવામાં આવશે અને આ ઈતીહાસીક ક્રીયાની યાદગારીમાં પહેલા વરગમાં પંદર અને બીજા વરગમાં ઓગણીસ નવી નેમણુંકો તુરતજ કરવામાં આવશે. હવેથી સરહદ તરફનાં લશકર અને પોલીસના હીંદી અમલદારો ઉપલા વરગમાં દાખેલ થઇ શકશે. હવેથી હીંદી લશકરના જે ચોકસ હીંદી અમલદારોએ લાંબી અને માનભરેલી સેવા બજાવી હોય તેઓને જમીનની ખાસ મદદ આપવામાં આવશે અથવા તો જમીનની ચોકસ મેહેસુલ માફ કરવા અથવા છોડી દેવામાં આવશે તથા હીંદ "ઓરડર ઓફ મેરીટ" ના સભાસદોનું મરણ નીપજતાં તેઓની વીધવાઓને ત્રણ વરસ સુધી ખાસ પેનશન આપવામાં આવે છે તે દરબારના દીવસથી એવી વીધવાઓને તેઓની આખી જીંદગી અથવા લગન સુધી આપવામાં આવશે.

પોતાના સનદી નોકરોની ખંતીલી અને ફતેહમંદ મહેનત ધયાનમાં લઇને નામદાર શેહેનશાહે મને એવું જાહેર કરવાનો હોકમ કીધો છે કે જે સનદી નોકરીમાંના કાયમના નોકરોનો પગાર પચાસ રૂપયાથી વધુનો નહી હોય તેઓને અરધા મહીનાનો પગાર બખશેશ તરીકે આપવો.

વળી નામદાર શેહેનશાહનું એવું ફરમાન છે કે, જે આસામીઓને અત્યાર આગમચ દીવાન બહાદુર, સરદાર બહાદુર, ખાનબહાદુર, રાયબહાદુર, ખાન સાહેબ, રાયસાહેબ અથવા રાવસાહેબના ખેતાબ આપવામાં આવયા છે અથવા હવે પછી આપવામાં આવે તેઓને માનની નીશાની તરીકે જુદી જુદી જાતના ચાંદ મળશે અને જેઓને મહામહોપાધયા તથા શમ્સ–ઉલ–ઉલમાના ખેતાબ આપયા છે અથવા હવે પછી આપવામાં આવશે તેઓને તેમનાં પ્રાચીન જ્ઞાનના સારા અભયાશ માટે થોડુંક વારસીક પેનશન મળશે.

વીશેષમાં આ દરબારની યાદમાં તેમજ વખાણવા યોગય જાહેર સેવાના બદલામાં બલુચીસ્તાન અને વાવય સરહદને લગતા પ્રાંતમાં મહેસુલથી મોકળી રાખીને ચોકસ જમીન જીંદગી પરયંતને માટે બક્ષીસ આપવામાં આવશે અને વળી સ્થાનીક સરકારને યોગય લાગશે તો તે જમીન તેના એક વારેસને પણ બક્ષીસ તરીકે રહેવા દેવામાં આવશે.

પોતાના હીંદી રાજવંશી સરદારો પ્રતયેની લાગણીથી નામદાર શેહેનશાહે મને જાહેર કરવા ફરમાવયું છે કે, હવેથી તેઓ ગાદીનશીન થાય ત્યારે કાંઇ પણ નઝરાણું કરવું પડશે નહી અને કાઠયાવાડ તથા ગુજરાતની સરકારી સતા નીચે નહી એવી જે મીલકતો તેમજ મેવાડના જે ભુમીઆ સરદારોને પાસે સરકારનું પરચુરણ લેણું છે તે સદંતર અથવા તો તેનો ચોકસ ભાગ કહાડી નાખવામાં આવશે.

ઇમપીરીઅલ સરવીસ તુરૂપસમાં પણ ચોકસ વધારે નેમણુકો કરવામાં આવશે. વળી નામદાર શહેનશાહે મહેરબાનીની રાહે એવો હોકમ ફરમાવયો છે કે, ગુનહા અથવા ખરાબ વરતણુંકના સબબે જે ચોકસ આસામીઓ કાયદા પ્રમાણે સજા ભોગવે છે તેઓને કેદખાનામાંથી છોડી મુકવામાં આવશે તેમજ જેઓ દગા ફટકા વગરનાં માત્ર ગરીબાઇને સબબે થયલાં કરજને લીધે કેદખાનું ભોગવે છે તેઓને સઘળાઓને છોડી મુકવામાં આવશે તથા તેમનાં દેવાની રકમ ભરી દેવામાં આવશે.

આ બક્ષીસ છુટ વગેરે કયા કયા આસામીઓને કેવી કેવી શરતે મળશે તે હવે પછી જાહેર કરવામાં આવશે. ખુદા નામદાર શેહેનશાહનું રક્ષણ કરો."

દીલ્હી દરબારમાં નામદાર શેહેનશાહે જાહેર કરેલી બક્ષેસોમાંની એક બક્ષેશ એવી મતલબની હતી કે શમસુલ ઓલમાં અને મહામહોપાધ્યાનો ખેતાબ ધરાવનારાઓને અમુક રકમનું વારસીક પેનશન આપતું કરવામાં આવશે. તેની રૂએ હાલ નામદાર હીંદી સરકારે જાહેર કરયું છે કે એ ખેતાબ ધરાવનારાઓને તેમજ હવે પછી જેઓને એ ખેતાબ મળશે તેઓને દર વરસ તા૦ ૧૨મી ડીસેમબરને દીને રૂ૧૦૦ નું વારસીક પેનશન આપવામાં આવશે.

બાદશાહી મંડપમાંથી નીકલીને દરબાર શામીઆનામાં આવી પુગયા પછી અને પોતાની ગાડીમાં બેઠક લીધા અગાઉ નામદાર શેહેનશાહ તે બાજુએ ઉભા રહી ગયા અને નીચે મુજબનો ટુંક ખુલાસો કરયો હતોઃ—

"અમારા ગવરનર-જનરલ સાથે મસલહત ચલાવયા પછી અમારા પ્રધાનોએ અમને આપેલી સલાહ ઉપરથી અમારી રઇયત જોગ જાહેર કરવાને અમને ખુશાલી ઉપજે છે કે હીંદી સરકારની બેઠક કલકતા ખાતેથી ફેરવીને અસલ પાયતખત દીલહી ખાતે લઇ જવાનો અમોએ ઠરાવ કરયો છે અને તેજ વેલાએ એ ફેરબદલીના એક પરીણામ તરીકે જેમ બને તેમ જલદીથી બંગાળ ઈલાકા માટે એક ગવરનરનો ઓધો, બીહાર, છોટાનાગપુર અને ઓરીસા માટે એક નવા લેફ્ટેનંટ-ગવરનરનો ઓધો અને આસામ માટે એક વડા કમીશનરનો ઓધો કહાડવાનો અમે નીશ્ચય કરયો છે, અને તે ઓધાઓની સ્થાપના દરમીઆન અમારા ગવરનર-જનરલ હીંદી પ્રધાનની મંજુરીઆત મેળવીને ઘટતા વખતમાં જેમ ઠેરવે તેમ કારોબારી ફેરફારો અને વીભાગોની હદોની ફરીથી વેહેંચણી કરશે. આ ફેરફારો હીંદુસ્તાનનો રાજકારોબાર વધારે સારી રીતે ચલાવવાને અને અમારી વહાલી રઇયતની આબાદી અને સુખ વધારવાને મદદગાર થઈ પડશે એવી અમારી ઘણી આતુરતાભરી ખાહેશ છે."

નામદાર શેહેનશાહે ઉપર મુજબ જે દીલ્લીને પાયતખત નેમયું હતું તે મુજબ તા૦ ૧૫મી ડીસેમબરને દીને શહવારે નવ કલાકે નવાં દીલ્લીનાં પાયતખતનો પાયો નાખવાની દબદબા ભરી ક્રીઆ કીધી હતી—અને તેનાં બાબમાં નામદાર ગવરનર જેનરલે એક લંબાણ ખુલાસો કહી સંભલાવયો હતો. પાયો નખાયા પછે દીલીમાં શરકારી હારીશો, ગવરનરોનાં મઠકો, અને કોરટે વીગરે કયાં કયાં નેમવી તેના લતાઓ અને ગોઠવણો નકી કરવાને વેલાત વેરથી મોટા એ કામના જાણકાર અમલદારો આવેઆ છે જેવો અતીયાર વેર પોતાનું કામ કરયા જાય છે—ને બધી તઈયારી સમપુરણ થવા પછે તથા નેમણુકો નેમાયા પછે નવાં શરકારી વરશથી એટલે આવતા એપરેલ માશથી દીલીમાં પાયતખતની શુરૂઆત થશે એવું શંભવેછે.

પાયો નખાયલો જાહેર થવા પછે નામદાર શેહેનશાહે આ ફેરફારથી લોકોને ફાયદો થશે એવી પોતાની ખુશાલી જાહેર કીધી હતી. પાછાં વાજતાં ગાજતાં શરોડો થતાં નામદાર શેનશાહની દરબારમાંથી વીદયાગીરી થઈ હતી.

દીલ્લી દરબારમાં પારસીઓને મલેલા ખેતાબો—તા૦ ૧૨ મી ડીસેમબરે દીલ્હી ખાતે થયલી નામદાર શેહેનશાહની રાજયાભીષેકની ખુશહાલીમાં જુદી જુદી કોમના જાણીતા અગ્રેસરોને મલેલા ખેતાબોમાં નીચે જણાવેલા પારસી ગ્રહસ્થો અને બાનુઓને ખેતાબો અને ચાંદો નામદાર શેહેનશાહ તરફથી એનાયત કરવામાં આવ્યા હતાઃ—

મુંબઈના શેરીફ શેઠ શાપુરજી બરજોરજી ભરૂચાને તથા ઓ૦ બી૦ જસટીસ દીનશાહ ઘેન-જીભાઇ દાવરને અને નાગપુરવાલા ખાનબહાદુર બેજનજી દાદાભાઇ મેહેતાને સર નાઇટના નામીચા ખેતાબ એનાયત કરવામાં આવ્યા હતા.

હૈદરાબાદવાલા નવાબ ફરીદુનજંગ બહાદુરને સી. એસ. આઈ. યાને કમપેનીયન ઓફ ધી સ્ટાર ઓફ ઈંડિયાનો અને કલકતાની વડી ધારાસભાના વધારાના સભાસદ ઓ૦ મી૦ માણેકશાહ બેરામજી દાદાભાઈ રેજીસ્ત્રારને, લફટનંટ કરનલ એદલજી પાલનજી ફરેંચમેનને અને પુનાવાલા સરદાર નવરોજી પદમજીને સી. આઇ. ઇ. યાને કમપેનીઅન ઓફ ધી ઇંડયન એમપાયરનો ખેતાબ મલેઓ હતો.

કરાંચીવાલા શેઠ જહાંગીર હોરમજી કોઠારીને કયસરે હીંદનો સોનાનો ચાંદ અને અમદાવાદવાલા ડા૦ મોતીબાઈ રૂસતમજી કાપડયાને કયશરે હીંદનો રૂપાનો ચાંદ એનાયત થયો હતો.

દખણના વડા દસ્તુરજી સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદ નોશેરવાનને શમસુલ ઓલમા બનાવ્યા છે.

સુરતવાળા ખાનસાહેબ માણેકજી પાલનજી પોહ, કરાંચીવાળા શેઠ નશરવાનજી રૂસ્તમજી મેહેતા, મુંબઇની એલફીનસ્ટન કોલેજના પ્રોફેસર અને મુંબઇની યુનીવરસીટીના રેજીસ્ત્રાર પ્રોફેસર ફરદુનજી મનચેરજી દસ્તુર, મુંબઇના આસીસટંટ સરજયન ડા૦ રૂસ્તમજી જમશેદજી કાપડીયા, મુંબઇની પેપર કરંસી બેંકના ત્રેઝરર શેઠ એદલજી ભીખાજી કુમાના અને ભંડારાના ડીસ્ત્રીક્ટ જડજ શેઠ માણેકશાહ રતનજી દસ્તુરને ખાનબહાદુરનો ખેતાબ મલેઓ હતો. મુંબઇના જાહેર બાંધકામ ખાતાંના સુપરવાઇઝર શેઠ જાલ ડોસાભાઈ દુબાશ, કારવારવાળા શેઠ દાદાભાઈ રતનજી બલસારા, વલસાડવાળા શેઠ કાવસજી ધનજીભાઈ ધનભુરા, પશ્ચીમ સરકલના મીલીટરી એકાઉંટસના ખાતાંના કોનત્રોલરની ઓફીસના સુપ્રીનટેનડંટ શેઠ બરજોરજી સી. લીચમોર, જાવરા સ્ટેટના વડા તબીબી અમલદાર ડા૦ હોરમસજી કાવસજી અને એડમસ મેમોરીયલ આસપીટલના વડા મદદનીશ સરજયન ડા૦ અરદેશર કાવસજીને ખાન સાહેબનો ખેતાબ એનાયત કીધો હતો.

મુંબઈ તથા એડનના જાણીતા અને આગેવાન પારસી શેઠયા તથા ત્યાંની ચેમબર ઓફ કોમરસના પ્રમુખ શેઠ હોરમસજી કાવસજી એડનવાળાને નામદાર શેહેનશાહે "એમ. વી. ઓ." યાને "મેમબર ઓફ ધી રોયલ વીકટોરીયન ઓરડર"ના ખેતાબની નવાજેશ કરી છે. નામદાર શેહેનશાહની એડનની મુલાકાત દરમયાન તે નામદારને આવકાર આપવામાં તથા માનપત્ર એનાયત કરવામાં શેઠ હોરમસજીએ આગેવાન ભાગ લીધો હતો.

તા૦ ૧૦ મી જાનેવારીએ મુંબઇનો કીનારો બાદશાહી જેહુ છોડી ગયું તે વખતે સાંજે સ્ટીમર મદીના ઉપર પોલીસના કેટલાક અમલદારોને બોલાવી નામદાર શેહેનશાહે ચાંદો એનાયત કીધા હતા, તેમાં મુંબઇની છુપી પોલીસના ઇનસપેકટર ખા૦ સા૦ કાવસજી જમશેદજી પેટીગરાને રોયલ વીકટોરીયન ઓરડરનો ચાંદ એનાયત કીધો હતો.

નીચલા પારસી બાનુઓ તથા ગ્રહસ્થોને ચાંદો એનાયત કરવામાં આવ્યા હતા :—બાઇ જરબાનું માણેકશાહ બેરામજી દાદાભાઇને હીંદી સરકારે રૂપાનો ચાંદ આપ્યો છે.

કવેટાના વાલનટીયર કોરવાલા ખાનસાહેબ અરદેશર દી. મારકર, ડા૦ ખરશેદજી બેરામજી આંટીયા અને શેઠ કેકોબાદ પી. કેકોબાદને, તથા પુણાવાલનટીર કોરવાલા સારજંટ રૂસતમ ડી. નરીમાન, સારજંટ જાહાંગીર ડી. ગયારા, સારજંટ વીરજી અને કલર સારજંટ કે. એફ. વકીલને તથા નાગપોરવાલા સારજંટ જે. એચ. વીકાજીને વોલનટીયર તરીકે બજાવેલી સેવાની પીછાનમાં કોરોનેશન ચાંદો આપ્યા હતા.

મુંબઇથી પારસી એમબયુલનસ બ્રીગેડના સભાસદો દીહલી દરબારમાં મદદ કરવા ગયા હતા તેઓએ ત્યાં ઘણું ઉપયોગી કામ બજાવી ઘણા જણની સારવાર કરી અને તતકાળીક મદદ આપી હતી. દરબારને દીવસે ભાવનગરના મહારાજાના ભાઈ પ્રીન્સ મંગળસીંહજી બેશુધ થઇ જમીનપર

પડી જવાથી દરબારમાં એમબ્યુલનસ બ્રીગેડના હાજર રહેલાં પારસી સભાસદોએ પ્રીન્સ મંગળસીંહજીની ઘટતી સારવાર કરીને તેમને હોશીયાર કીધા હતા. આથી ભાવનગરના નામદાર મહારાજાએ તતકાળીક મદદ પહોંચાડવાના કામથી બહુ સંતોશ પામી પોતાની ખુશાલી જાહેર કરી ઉપકાર માનનારો એક પત્ર મોકલી તેના ફંડમાં રૂપયા એકસોની રકમ ભરી હતી. વળી સેંટ જોન એમબ્યુલંસ બ્રીગેડના સભાસદોને નામદાર શેહેનશાહે કોરોનેશન મેડલ આપવાનો હોકમ કરવાથી નીચલા પારસી સભાસદોને મેડલો મલયા હતાઃ—સારજંટ હોમી કાવસજી ડાકટરને રૂપાંનો મેડલ, કારપરલ ધનજીશાહ સોરાબજી ભરૂચાને રૂપાંનો મેડલ, પ્રાઇવેટ નવરોજી એદલજી બારીયાને રૂપાંનો મેડલ, પ્રાઇવેટ નવરોજી પેસ્તનજી દલાલને રૂપાંનો મેડલ, મી૰ માણેકશાહ રૂસ્તમજી પટેલને બ્રોનઝનો મેડલ, પ્રાઇવેટ બમનજી દાદાભાઈ ઈન્ડોરવાળાને બ્રોનઝનો મેડલ અને પ્રાઇવેટ રૂસ્તમજી અરદેશર મીસ્રીને બ્રોન્ઝનો મેડલ; પ્રાઇવેટ નસરવાનજી બમનજી પટેલને તેવણુની ત્રણ વરસની સારી સેવાઓ માટે સરવીસ બેંડજ એનાયત કરવામાં આવ્યો હતો.

મુંબાઇની બરોડા રેલવેની હારીશના ટાઇમટેબલ કલારક શેઠ કાવશાહ રૂશતમજી જાગોશને બ્રોડગેજ ઉપર નામદાર શેહેનશાહ તથા વાઇસરાય વગેરેની ખાસ ત્રેનોને લગતી ગોઠવન કરવા માટે, અમદાવાદના ડરાઇવર શેઠ કેખશરૂ અસપનડીઆર દસ્તુરને બીજાઓ જોડે વડોદરા રેલવેની બાદશાહી ત્રેન વગેરે લઈ જવા માટે કોરોનેશન મેડલો મલ્યા હતા તથા મી૰ જાગોશને એ કાંમ માટે રેલવે ખાતાવાલાઓએ પણ શાબાશી અને ઇનામ આપીને ખાશ પગારનો વધારો કીધો હતો.

અમદાવાદના પોસ્ટલ સુપરીનટેંડન્ટ શેઠ રતનશાહ ડી. કાલાપેસી અને પુણાના પોસ્ટલ સુપરીનટેંડન્ટ શેઠ દારાશાહ પી. દીવાનને દીહલી દરબાર ટાંકણે પોસ્ટ ખાતામાં બજાવેલી સેવા માટે કોરોનેશન મેડલો આપ્યા હતા.

નામદાર શહેનશાહની દીહલી દરબારમાં હાજર થવાનું જે દેશી અધીપતીઓને માન આપવામાં આવયું હતું તેઓમાં મુંબઇ સમાચારના અધીપતી શેઠ કેખશરૂ માણેકજી બરજોરજી મીનોચેહરહોમજી, રાસત ગોફતારના અધીપતી શેઠ પાલનજી બરજોરજી દેશાઇ, કયસરે હીંદના માલેક અને અધીપતી શેઠ ફરામજી કાવશજી મેહતાની વતી તેમના પ્રતીનીધી શેઠ દાદીબા સી. મહેતા અને ઇંડયન સપેકટેટરના અધીપતી શેઠ એચ. પી. મોદીને દરબારના રૂપાના ચાંદ એનાયત કરવામાં આવે તે પેહલાં દીલી છોડી જવાથી મુંબઇ સરકારે તેઓને ચાંદ એનાયત કરવા માટે પોલીસ કમીશનરને ફરમાવાથી પોલીસ કમીશનરે તા૰ ૧૨ મી જાનેવારીએ ચાંદો એનાયત કીધા હતા.

નામદાર શેહેનશાહ અને શેહેનશાહબાનુની દીલ્લી દરબાર વખતે આ શેહેરની મુલાકાત દરમયાન શેહેરના જે ગ્રહસથો તથા પોલીસ અમલદારો અને સીપાઈઓએ સારી સેવા બજાવી હતી તેઓને એ શેહેનશાહી મુલાકાતની યાદમાં કેટલાક દીવશ પાછલથી એટલે તા૰ ૧૮ મી જુલાઇએ પોલીસ કમીશનર મી૰ એસ. એમ. એડવરડસ, એમ. બી. ઓ. એ પોતાની ઓફીસમાં એક મોટો મેળાવડો કરી ચાંદીનાં ચાંદો એનાયત કીધા હતા. તેવોમાં ખાનગી ગ્રહશથોમાં નીચલા પારસીઓને ચાંદો મલ્યા હતાઃ–ડા૰ જાહાંગીર ખરશેદજી દાજી, ડા૰ ફરદુનજી એન. બીસની, શેઠ અરદેશર જમશેદજી ઉમરીગર, શેઠ એમ. આર. કરંજવાળા, શેઠ મેરવાનજી હોરમસજી નીકલશન અને શેઠ એમ. કે. દસતુર. એ સાથે પોલીસ અમલદારોમાં ઇનસપેકટર ખા૰ સા૰ કાવસજી જમશેદજી પેટીગરા અને સબ ઇનસપેકટર શેઠ નવરોજી સકલાટવાલાને પણ હેવા ચાંદો મલ્યા હતા.

નામદાર શેહેનશાહ અને શેહેનશાહબાનુના હીન્દના પ્રવાસની યાદગારીમાં હાઇ કોરટના મોટા અધીકારીઓ જેઓએ સારી સેવા બજાવી હતી, તેમને શેહેનશાહના રૂપાંના ચાંદો નવાજેશ કર-

વાની ક્રીયા તા૦ ૨૦ મી જુલાઇએ હાઈ કોરટમાં નામદાર વડા જડજ શર બેસીલ સ્કોટે કરી હતી. નામદાર જડજે જેઓને ચાંદો એનાયત કીધા હતા, તેઓમાં નીચલા પારસીઓ હતા:—એપેલેટ સાઇડના ડેપયુટી રેજીસ્ત્રાર શેઠ એન. ગારડા, કોરટના નાઝર શેઠ મેરવાનજી રાંદેલીઆ, કમીશનર અને માસ્તર ઈન એકવીટી શેઠ જે. ઇ. મોદી, ટેક્ષીંગ માસતર શેઠ કેખોશરૂ એફ. મોદી અને પ્રોથોનોટરીના હેડ કલારક અને કોરટ કીપર શેઠ અરદેશર મોતીવાલા. મદદનીશ પ્રોથોનોટરી શેઠ પીરોઝ બી. એમ. મલબારી આ ક્રીયામાં હાજર થઈ શકયા નહીં હતા જેથી તેમને આ મેલાવડામાં જાહેર રીતે ચાંદ એનાયત કરી શકાયો હતો નહીં.

મુંબઇમાંબી તા૦ ૧૨ મી દીસેમબરે નામદાર શેહેનશાહની તાજપોશીને લગતો ઢંઢેરો વાંચવાની દમામદાર ક્રીયા કોટના રાજાબાઇ ટાવરની સામે દરયા તરફની મેદાનની કીનારીએ મોટા મંદપમાં મુંબઇના કલેકટર મી૦ ઇ. એલ. સેલના વડપણ હેઠળ એક મોટા મેલાવડા સનમુખ કરવામાં આવી હતી. એ વખતે જુદા જુદા લશકરોની ફોજબી હાજર થઇ હતી તથા નગારાનાં અવાજો થયાં હતા. કલેકટરે ઢંઢેરો વાંચયા પછી હાજર રહેલી બેટરીએ ૧૦૧ તોપની સલામી આપી હતી અને લશકરી બેંડોએ રાજ ગીતો વગાડયાં હતાં અને નામદાર શેહેનશાહ માટે ખુશાલીના ત્રણ પોકારો કરવામાં આવ્યા પછી કલેકટર મી૦ સેલે જાહેર સેવા બજાવવા માટે મુંબઈના ગ્રહસ્થોને બક્ષવામા આવેલા ખેતાબો જાહેર કીધા હતા, તેમાં પારસીઓમાં મુંબઇના કસતમના મદદનીસ કલેકટર શેઠ જેહાંગીર ડોસાભાઈ ફરામજી કરાકાને ઈમપીરીયલ સરવીસ ઓરડરનો, યુનીવરસીટીના રેજીસ્ત્રાર પ્રોફેસર ફરદુનજી મનચેરજી દસ્તુર, ડાકટર રૂસ્તમજી જમશેદજી કાપડયા અને પેપર કરંનસી બેંકવાળા શેઠ ભીખાજી એદલજી કુમાનાને ખાન બહાદુરનો ખેતાબ તથા પબલીક વરકસ ડીપારટમેંટવાલા શેઠ જાલ ડોસાભાઈ દુબાશને ખાન સાહેબનો ખેતાબ મલેલો જણાવ્યો હતો. વળી એ વેલાએ મી૦ સેલે નામદાર શેહેનશાહ તરફની એનાયત કરવામાં આવેલી લાયકાતની સરટીફીકેટો જે ગ્રહસ્થોને બખશી હતી તેમાં નીચલા પારસીઓ હતા:—શેઠો પીરોજશાહ પાલણજી, કુંવરજી દારાશાહ, ફરામજી રતનજી સરવેયર, બમનજી નવરોજી ખંબાતા અને ડા૦ રૂસ્તમજી નાનાભાઈ રાણીના.

સુરત ખાતે કીલામાં ભરાયલી દરબારમાં ઢંઢેરો વાંચ્યા પછી જીલ્લા જડજ મી૦ અડવાણીએ નીચલા પારસી ગ્રહસ્થોને નામદાર શેહેનશાહ તરફથી સરટીફીકેટ ઓફ મેરીટની સનંદ આપી હતી:—ખા૦ બા૦ બરજોરજી નશરવાનજી વકીલ, ખા૦ બા૦ બમનજી એદલજી મોદી, શેઠ અરદેશર ખરશેદજી દોટીવાળા અને વલસાડવાળા ખા૦ સા૦ કાવશજી ધનજીભાઇ ધનભુરા. એની સાથે એ વખતે આગળ વસ્તીની ગણત્રીમાં મદદ કરનારાઓને નામદાર ગવરનર તરફથી જે સનદો આપવામાં આવી હતી, તે નીચલા પારસી ગ્રહસ્થોને એનાયત કીધી હતી:—ત્રીજા વરગની સનદ શેઠો હોરમજી આર. લાંબા, ડોશાભાઇ જી. બારીયા, શાવકશા એમ. ચીનીમીની, રતનશાહ નશરવાનજી હીલુવાળા અને શાવકશા પેસતનજી મુડીગર જયારે શેઠ શાવકશાહ એદલજીને પાઘડીનું ઇનામ આપયું હતું.

ભરૂચ ખાતે શેઠ શાપુરજી બરજોરજી ભરૂચાના ટાઉન હોલમાં જીલ્લા કલેકટર મી૦ શેફીલ્ડે ઢંઢેરો વાંચીયા પછી સરટીફીકેટ ઓફ મેરીટની સનદ નીચલા પારસી ગ્રહસ્થોને નામદાર શેહેનશાહના નામથી એનાયત કરી હતી:—શેઠો પીરોજશાહ રૂસ્તમજી વખારીઆ અને જેહાંગીર દીનશાહ દલાલ.

નામદાર શેહેનશાહની રાજયાભીષેકની ખુશાલીમાં નીચલા જરથોશતીઓને સરટીફીકેટ ઓફ મેરીટની સનડ એનાયત કરવામાં આવી હતી:—કલકત્તાવાળા શેઠો હીરજીભાઈ માણેકજી બનાજી અને રૂસતમજી ધનજીભાઈ મેહતા, કરાંચીની કરંસી આફીસનાં હેડ કેશીયર શેઠ પેસતનજી દીનશાહ દસ્તુર અને કરાંચીની સીંધ મદરેસાના વાઇસ પ્રીનસીપલ શેઠ ધનજીભાઇ પેસતનજી

કોટવાલ, અજમેર મેરવાડાના એકસાઈઝ સુપ્રીનટેનડંટ શેઠ ખરશેદજી એન. સંતોક, સીગામવાળા શેઠ રૂસતમજી માણેકજી દારૂવાળા, થાણાવાલા શેઠ કાવશજી બેરામજી દીવેચા, અહમદનગરવાળા શેઠ દારબશાહ એદલજી નગરવાળા, દવીયરવાલા ખાં૦ બાં૦ અરદેશર દારાબજી દવીયરવાળા, રાજકોટવાળા ખાં૦ બાં૦ બેજનજી મેરવાનજી તથા ડાં૦ બમનજી નવરોજી અંકલેસરીયા, અને શેઠ નશરવાનજી બેજનજીને સેનસસમાં સારૂ કામ કરવા માટેની, દેવલાલીવાળા શેઠ રૂશતમ માણેકજી ટોકાભાઈ ફ્રામરોઝને સેનસસમાં કરેલી મદદ માટે, અમદાવાદવાળા ડાં૦ ધનજીશાહ અંકલેશરીયા, સોલાપુરની અંજુમનના સેકરેટરી શેઠ પીરોશાહ નગરવાળા, અને અંકલેસ્વરની મ્યુનીસીપલના પ્રેસીડંટ શેઠ જમશેદજી.

નામદાર શેહેનશાહની તા૦ ૧૨ મી દીશેમબરે દીલ્લી ખાતે થયલી રાજ્યાભીષેકની ખુશાલીમાં મુંબઇમાં જુદી જુદી કોમના મેલાવડાઓ, સભાઓ ભરાઇ હતી, તથા દરેક કોમે પોતપોતાના ધરમના મકાનોમાં બંદગી કીધી હતી. એ ઉપરાંત હીંન્દના ઘણા દેશાવરો ખાતે જાહેર મેલાવડાઓ તથા જુદી જુદી કોમે પોતાના ધરમના મકાનોમાં બંદગી કરી બાદશાહી જોડાને દીરઘાયુશ ઇચ્છયું હતું. વળી કલકતા, મધરાસ, રંગુન, લાહોર, કરાંચી જેવા ઘણા શેહેરો અને ગામોમાં બાદશાહી ઢંઢેરો વાંચી સંભળાવવામાં આવયો હતો. મુંબઇમાં કોરોનેશનનો મહાન દીવસ ગરીબોમાં પણ યાદગાર રહી જાય તેથી એ દીને દરીયે કીનારે ત્રીશ હજાર ગરીબ હીંદુ, મુસલમાન તથા ખ્રીસતીઓના મરદો, ઓરતો અને બાળકોને મીઠાઇનું જમણ આપી તેઓને કપડાં વહેંચી આપ્યાં હતાં. અતરેની વીકટોરીઆ સ્વીમીંગ બાથનાં માલેકો શેઠો દાદી અને ફ્રામરોઝ સી. ગોલવાળાએ કોરોનેશનને દીવસે દીહલી ખાતે મુબારકબાદીનો તાર મોકલાવ્યો હતો.

સુરત ખાતે પારસી કોમે મરહુમ શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીના આતશબેહરામમાં જશનની કીયા ઓ૦ સરદાર દાવર કેખશરૂ એદલજી મોદીના પ્રમુખપણા હેઠળ કરી મુબારકબાદીનો તાર નામદાર શેહેનશાહ ઉપર મોકલાવ્યો હતો. એ દીને થયલી આતશબાજી નીહાલવા માટે સરદાર દાવર કેખશરૂએ પોતાના બંગલામાં બેઠક કરી જોવા આવનારાઓને રીફ્રેશમેન્ટ આપયું હતું.

કલકતા ખાતે શેઠ બનાજીની દરેહમેહરમાં અંજુમનના ત્રસ્ટી શેઠ નવરોજી જામાસ્પજી અરજાનીના પ્રમુખપણા હેઠળ જશનની ક્રીયા કરી તારનો સંદેસો અંજુમન તરફથી મોકલાવયો હતો. તેમજ શેઠ રૂશતમજી ધનજીભાઇ મેહતાએબી પોતાની દરેહમેહરમાં જશનની ક્રીયા કરી ખુશાલીનો એક સંદેશો મોકલાવયો હતો.

કરાંચીની શેઠ વાહાડયાવાળી દરેહમેહરમાં જશનની ક્રીયા કરી તયાંની સ્કુલના છોકરાંઓને ખાં૦ બાં૦ નશરવાનજી રૂશતમજી મેહતા તરફથી ચાંદો તથા મીઠાઇ વેંહચવામાં આવી હતી. પ્રસંગને અનુસરતું ભાષાણ દસ્તુર ધાલાએ કરવા પછી તારનો સંદેસો મોકલાવયો હતો.

ભરૂચના જરથોશતીઓએ ત્યાંની દરેહમેહરમાં ભેગી બંદગી તથા જશન કરી તારનો સંદેહસો મોકલાવયો હતો. સર શાપુરજી બરજોરજી ભરૂચાએ બંધાવી આપેલો સર શાપુરજી બ. ભરૂચા હોલમાં ભરૂચના કલેકટર મી૦ રોથરીલડે દરબાર ભરી ઢંઢેરો વાંચ્યા પછી સર શાપુરજીએ બંધાવેલો હોલ ખુલ્લો મેલાયલો જાહેર કીધો હતો. એ ઉપરાંત નાગપોર, લાનોલી, કેનટોન અમદાવાદ, ભુસાવલ, રાંદેર, ઈનડોર વગેરે ઘણા શેહેરોમાંથી જરથોસ્તી કોમના મુબારકબાદીના સંદેશાઓ ગયા હતા. તથા નવસારી, સુતારા, ઉડવારા, એલાવ, ગંદેવી, વેશુ, કરંજ, ધુલીઆ, વગેરે ઠેકાણે ઠેકાણે જશનો થયાં હતાં.

પુણા ખાતે વસ્તા જરથોસ્તીઓ તરફથી દસ્તુર ખરશેદજી બપુના પ્રમુખપણા હેઠળ કદમી શેહેનશાહીવાલી દરેહમેહરમાં જશન થયું હતું. તેમ સરદાર નવરોજી પદમજી સી. આઇ. ઇ. એ

ણાના સરવે જરથોસ્તીઓને સર જમશેદજીવાલી દરેહમેહરમાં ખાણું આપ્યું હતું તથા ૦ ધનજીશાહ હીરજીભાઇ પટેલે પુણા પાસેના ગામડાના ખેડુનો તથા ગરીબ માણસોને કાઇનું ખાણું આપયું હતું.

એડન ખાતે શેઠ દાદાભાઈ મામાએ બાદશાહી જોડાંની પધરામણી ટાંકણે ત્યાના છોકરાંઓને ત ગાવાનું શીક્ષણ આપવાથી એવણને કોરોનેશન કમીટી તરફથી શેઠ હોરમજી કાવશજી નશાહે એક સોનાનું ઘડીઆળ ભેટ આપયું હતું.

દીલ્લી દરબાર ટાંકણે નામદાર સરકાર તરફથી સઘલી ગ્નાતનાં પરોણાઓને નોતરવામાં ાવેલા–તેમાં પારશીઓમાં સર જમશેદજી જીજીભાઈ અને તેમનાં બાનુ, સર દીનશા માણેકજી ટીટ બેરોનેટ, સર કાવશજી જહાંગીર રેડીમની અને બાનુ, સર દોરાબ તાતા અને બાનુ, ઓનરે- લ સર પીરોજશા મેરવાનજી મેહતા બેરીસ્ટર, ઓ૦ ડા૦ ટેમુલજી બી. નરીમાન અને બાનુ, ર શાપુરજી બ૦ ભરૂચા, સર દીનશાહ ધનજીભાઇ દાવર જડજ, ખા૦ બા૦ મનચેરજી રૂશતમજી લુ–એડનવાલા, સરદાર બમનજી એદલજી દલાલ, સરદાર નવરોજી પદમજી, શેઠ જાહાંગીર એચ. ાઠારી–કરાંચીવાલા, આ૦ શેઠ નવરોજી પેસતનજી વકીલ–અમદાવાદવાલા, નવાબ ફરેદુનજંગ, મરાવતીવાલા ખા૦ બા૦ ચીનાઈ, બાલાગાતવાલા ખા૦ બા૦ મુલ્લાં, ભનદારેવાલા શેઠ માણેકશાહ ત્તુર, આનરેબલ શેઠ એમ. બી. દાદાભાઈ, ખા૦ બા૦ ફરદુનજી કુવરજી તારાપોરવાલા, બરમાહવાલા ગુનના આનરરી માજીસ્ત્રેટ આ૦ શેઠ મેરવાનજી કાવશજી કેપટન, એવોને તો વલી બરમાહના તીનીધી તરીકે શેહેનશાહની કુરનશ બજાવવા પણ બરમા સરકારે નેમેયા ને મોટું માન મલેલું તું. મુંબઈવાલા સર ફીરોજશા મેહતાનેબી તેમ્જ કરાંચીવાલા શેઠ કોઠારીને પણ હેવું કુરનશ બજાવાનું ાન મલયું હતું. જબલપોરવાલા કટની મુરવાલા કસબાના મયુનીશીપલ ચેરમેન એરવદ ટેમુરશ વશજી બન્જાંને પણ નોતરયા હતા.

એ રીતે દીલ્લી દરબારનાં શંધા કીરયા કાંમ કરી પરવાડેઆ પછે દીલ્લીથી રવાનગી થઈ હતી હેવી રીતે કે તા૦ ૧૬ મી ડીસેમબરે સેલીમગઢ સ્ટેશન ખાતેથી બાદશાહી ત્રેન મોટા ઠાઠમાઠ શમેત ભાગમાં ઉપડી હતી. એક ત્રેનમાં નામદાર શેહેનશાહ અને રસાલો નેપાલ ખાતે જવાને શેકારગાહે પડી ગયો હતો અને બીજી ત્રેનમાં નામદાર શેહેનશાહ બાનુ અને રસાલો આગ્રા તરફ ફરવા વાને ઉપડી ગયાં હતાં.

પાદશાહી જોડાંએ બધે ફરીને તા૦ ૩૦ મી ડીસેમબરે કલકતા ખાતે પધરામણી કીધી– યાં પણ બધાં શેહરોની માંફક બલકે તેથીબી વધુ માંન અકરામો અને આવકાર મલેઆ–શરઘશ, લાવડા અને મુલાકાતો મુંબઇ અને બીજાં મઠકોની માફક ઘણું થયું, કે જેનો તેનો તેજ વીશતાર બાવવાની અતરે અગત જેવું નથી. કલકતાવાલા એલફીનસ્ટન બાયોસકોપના માલેક શેઠ જે. ફ. માદનને સીનેમેટોગ્રાફનો ખેલ શેહેનશાહી પધરામણી ટાંકણે કરવાનું ફરમાન થયું હતું. તે ુજબ તા૦ ૭ મી જાનેવારીની રાતના નામદાર શેહેનશાહ અને શેહેનશાહબાનુ, નામદાર વાઇસ- ાય અને લેડી હારડીંગ, તેમજ ડીનર પારટીમાંના મેજબાનો વગેરે તે જોવા ગયાં હતાં. દીલ્લી રબારના દેખાવોની ફીલમો રજુ કરવામાં આવી હતી. ખેલ ખલાસ થતાં નામદાર શેહેનશાહે ી૦ માદનને પોતાની હજુરમાં બોલાવી પોતે જોયલી સુંદર ફીલમો માટે ખુશાલી જાહેર કરી હતી. લકતેથી પાછા મુંબઈ આવવા નીકલેલા તા૦ ૯ મી જાનેવારીએ નાગપોર ખાતે ઉડતી મુલાકાત ફક્ત બે કલાકની બાદશાહી જોડાંએ આપી હતી. સ્ટેશન ઉપર હાજર રહેલાઓમાં ઓ૦ શેઠ ાણેકજી બેરામજી દાદાભાઈ સી. એસ. આઈ. તથા સર બેજનજી દાદાભાઇ હતા. સર બેજનજીની ળખાણ નામદાર શેહેનશાહ સાથ કરાવતાં પોતાની ખુશાલી જણાવી હતી. તેમજ પારસીઓએ

ઉભા કીધેલા સમયાના આગલ બાદશાહી જોડાંની મોટર આવી પુગતાં મીસીસ સકલાતવાલાએ નામદાર રાણીને પારસી કોમ તરફથી એક ફુલનો તોરો ઓવરણા લઇ ભેટ કીધો હતો.

કલકતેથી મુંબઈ આવવાનું કારણ કે નામદાર શેહેનશાહ જે મનવારોમાં હીંદની મુસાફરી કરવા નીકલેઆ હતા. તે આખો કાફલો જયાંવેર નામદાર હીંદુશથાનમાં રહેઆ, વશેઆ, ફરેઆ તયાંવેર મુંબઇનાં બારાંમાંજ રાખવામાં આવયો હતો. અને ચોકશ વખતે મુંબઇની પ્રજાને પોતાની મનવારો જોવાની પરવાનગીબી આપી હતી. રેલ્વેની મુસાફરી પુરી કરી બોરીબંદરનાં સટેશને ઉતરી તયાંથી પાદશાહી શવારી ફકત શાદીજ રીતે બંદરપર પસાર થઇ હતી. એ રીતે નામદાર શેહેનશાહ જયોરજ પાંચમા અને શેહેનશાહબાનુ મેરી હીન્દી પ્રવાસ સુખરૂપ પસાર કરી તે નામદારો હીંદીવાનોની ભલી દુવાઓ અને આશીશો વચે તા૦ ૧૦ મી જાનેવારીએ બાદશાહી સટીમર "મદીના" ઉપર સવાર પોતાને વતન જવા મુંબઇનો કીનારો છોડી ગયાં હતાં. તે નામદારોએ લોકો તરફની પોતાની દીલશોજીથી સરવેનાં દીલ પોતા તરફ જીતી લીધાં હતાં. તે નામદારો કલકતા ખાતે સઘળે ઠેકાણે કાંઇ પણ લશકરી દોરદમામ વગર પુર છુટથી ફરયાં હતાં, જેથી પ્રજા ઉપર પોતાનો કેવો મોટો વીશવાશ છે તે નામદાર શેહેનશાહે દેખાડી આપયું છે અને બીજા હાથ ઉપર તે નામદાર પ્રજા ઉપર વીશવાસ રાખવામાં વાજબી છે એવું પણ સાબેત થયું છે. વળી તે નામદારે કરેલાં દરેક ભાશણમાં હીંન્દ અને હીંન્દીવાનો તરફ અંતઃકરણ પુરવક દીલસોજીના ઉદગારો બહાર પાડયા હતા જેથી હીન્દી પ્રજા દરેક ઠેકાણે તે નામદારો તરફ જાન-ફેશાની બતાવતી રહી હતી.

નામદાર શાહાનશાહ અને શાહાનશાહબાનુની આપણા દેશ ખાતેની પધરામણીથી આવેલાં શુભ પરીણામ માટે સંતોષ અને આભારની લાગણી દરશાવવા માટે મુંબઇના શેહરીઓની એક જાહેર સભા તા૦ ૩ જી ફેબરવારીએ મુંબઈના શેરીફ મારફતે બોલાવેલી ટાઉન હોલ મધે ઓ૦ સર ફીરોજશાહ મેહરવાનજી મેહેતાનાં પ્રમુખપણાં નીચે મલી હતી. આ સભામાં થયલા ઠરાવો તેમજ બહારગામમાંબી એવી મલેલી સભાઓમાં થયલા ઠરાવો આવે તેનો સારબી નામદાર વાઇસરાય ઉપર લખી મોકલવાનું નકી કરવામાં આવયું હતું.

સ્ટીમર મદીના ઉપર કહેલી તા૦ ૧૦ મી જાનેવારીએ પોતાપર શાનશાહી કીમતી બોજો લાધીને નીકળેલી એડન વગેરેનાં બારાં કરતી લનડન ખાતે તા૦ ૫ મી ફેબરવારીએ પુગી હતી—અને તે વખતે તયાંનાં લોકોનાંબી હઇયાં ખુબ હરખાઇ ગીઆં હતાં કેમકે નામદાર શેહેનશાહી જોડું પોતાની પાદશાહી મુસાફરી સહીસલામત પુરી કરીને પોતાની વાહાલી માવતરની ગોદમાં અને પયારી પ્રજાના પ્રવાશમાં ૮૭ દાહાડે આમેજ થયું. એ થોડી ખુશાલી ભરેલો બનાવ કેહવાય નહી અને તેને માટે તે પાક પરવરનો પાડ હીંદ અને વેલાતી પ્રજાએ હસને મુખડે માંનવો સજાવાર છે.

જાહેર ખબરો.

હમારા પરપેચ્યુલ કાલેનડર માટે અતરેના વરતમાન પતરોએ પોતાના જે અભીપ્રાય આપયા છે. તે નીચે આપયે છીયે.

નવાં પારસી કેલેંડરો.—વહાડયાજીનાં આતશબેહેરામની સામેના સુખડના અરમી સદીના પુરાણા વેપારી મીં૦ દાદાભાઈ મોટાભાઈ વખતોવખત જરથોસ્તી રોજ માહના કેલેંડરો બાહેર પાડતા રહયા છે. પોતાના આગલા કેલેંડરમાં ઘણાક નવા સુધારા વધારા કરીને હાલ તેવણે એક ફાંકડું નંગ જરથોશતી આલમ સનમુખ રજુ કરયું છે. આ નવાં કેલેંડરો વાપરવામાં જેટલાં ઉપયોગી તેટલાજ દેખાવમાં સુંદર છે. વચમાં પયગમબર જરથોસ્ત સાહેબની એક તસવીર આપી છે. તેની આસપાસ ચોમેર પારસી રોજ માહ, ઈંગરેજી તારીખ વાર વગેરેના ગાળા છે. તારીખ વાર વગેરે દરરોજ ફેરવવા માટે કેલેંડરની બંને બાજુએ ચાવીઓ રાખી છે. ટુંકમાં મીં૦ દાદાભાઈ સુખડવાળાનાં આ નવાં કેલેંડરો દેખાવમાં ઘણા સુંદર હોવા ઉપરાંત વાપરવામાં ઘણા ધરખમ અને વરસો સુધી જવાબ દે તેવાં છે. તે દીવાલ ઉપર ટાંગી શકાય તેમજ ટેબલપર મેલી શકાય એવી ગોઠવણ રાખી છે. મુકતાદનો હીંગામ નજદીક આવેલો હોવાથી એ કેલેંડરો લાયક પ્રસંગે બાહેર પાડેલાં લેખાશે. આ કેલેંડરની કીંમત રૂ. ૧ છે. ચંદનવાડી વહાડીયાજીનાં આતશબેહેરામની સામે આવેલી મીં૦ દાદાભાઈ મોટાભાઈ સુખડવાળાની દુકાનેથી તે મળશે.

જામે જમશેદ—તા૦ ૨૪ મી મે ૧૯૧૨.

જરથોસ્તી ભાઇઓ માટે વરસો સુધી ચાલે એવું જાથુકનું કેલેંડર, જે મીં૦ દાદાભાઈ મોટાભાઈ સુખડવાળાએ ઝોરાસ્ટ્રીયન પરપેચુઅલ કેલેંડરને નામે માત્ર એક રૂપરડીની કીંમતમાં બાહેર પાડયું છે, તેની સુંદર રચના, શોભાયમાન છપાઈ અને સમજવડભરી ગોઠવણથી મીં૦ પારસી પંચનો જીવ તદન ખુશખુશ થઈ ગયો છે. આ કેલેંડર તમારી ટેબલને શોભા આપશે, જયાં તમો તે ટેકવીને તમારી સામે ને સામે આખો વખત રાખી શકશો અને દર ઘડીએ અને પળે પયગમ્બર સાહેબ અશો જરથોસ્તનાં અને આતશના કેબલાનાં દરશન કરયા કરશો અથવા તમારા દરોઈંગ રૂમ, તમારા લાઈબરેરી રૂમ, તમારા ઓફીસ રૂમ કે તમારા સુવાના ઓરડાની ભીંત ઉપર તે ટાંગી ચીત્રકળાના એક સુંદર નમુના તરીકે તેમજ દરરોજની એક ઉપયોગી ચીજ તરીકે તેનો ઉપયોગ તમો કરી શકશો. એવાં ઉપયોગી કેલેંડરમાં દરરોજનાં પારસી રોજ, માહ અને વરસ સાથ અંગરેજી તારીખ, વાર, મહીના ને વરસની અંગરેજી તેમજ ગુજરાતીમાં કીધેલી સમજ એવી અચ્છી કારીગરીથી ગોઠવી છે કે, જેમ ઘરસંસારમાં તેમજ ઓફીસનાં કામકાજ અને વ્યવહારમાં પણ તે એકસરખી રીતે કામે લાગી શકશે.

હીંદીપંચ—તા૦ ૨૭ જુન ૧૯૧૨.

એક સુંદર પારસી કેલેંડર—વાડિયાજીના આતશબેહેરામની સામે સુખડની દુકાન માંડનાર મીં૦ દાદાભાઈ મોટાભાઇ સુખડવાળાએ આદર ઈજદનાં છેલ્લાં પવિત્ર પરવને ટાંકણે પોતાનાં ગ્રાહકો અને બીજા જરથોશતીઓને માટે એક સુંદર અને શોભાયમાન પારસી કેલેંડર તઈયાર કરાવયું છે, જે ટેબલ ઉપર મુકી યા ટાંગી શકાય એવું છે. આમાં પારસી મહિના, રોજ અને વરષનાં તેમજ ઈંગરેજી મહિના, તારીખ અને વરષનાં નામો બટન ફેરવવાથી ગોઠવાઈ જાય છે, અને એ બે કિસમના જોહડા જોડે સાત વારનાં નામો પણ ગુજરાતી તેમજ ઈંગરેજીમાં એજ યુકિતથી ગોઠવીને આપયા છે. આ કેલેંડરના વચોવચમાં પેગમ્બર સાહેબ અશો જરતોસ્તની ઓળખાણ આપનારી તસ્વીર ચિતારી છે, અને બંને બાજુએ અફરગાનિયાંમાં પવિત્ર આતશને રોશન થયલો બતાવયો છે. મીં૦ સુખડવાળાનું કેલેંડર ઈસ્વી ૧૯૪૮ સુધી અને યજદેજરદ ૧૨૮૭ સુધી જવાબ દે એવી તેમાં ગોઠવણ રાખેલી છે. તેની ઢબછબ અને રચના પસંદ કરવાજોગ છે.

રાસ્ત ગોફતાર—તા૦ ૨૬ મી મે ૧૯૧૨.

જાહેર ખબરો.

નવાં પરપેચ્યુઅલ પારસી કેલેંડરો.—ચંદનવાડી ખાતેના સુખડના પુરાણા વેપારી મી૦ દાદાભાઈ મોટાભાઈ તરફથી દર સાલ બાહેર પાડવામાં આવતાં પારસી રોજ માહના કેલેંડરોમાં ઘણાંક નવા સુધારા વધારા કરીને હાલ તેવણે એક સુંદર પરપેચ્યુંઅલ કેલેંડર બાહેર પાડયું છે. આ નવાં કેલેંડરો વાપરવામાં જેટલાં ટકાઉ તેટલાંજ દેખાવમાં શોભીતી માલમ પડે છે. વચમાં અશો જરથોસ્તની એક તસવીર આપી છે. તેની આસપાસ ચોમેર પારસી રોજ, માહ, ઈંગરેજી તારીખ વાર વગેરેના ગાળા રાખવામાં આવયાં છે. તારીખ વાર વગેરે દરરોજ ફેરવવા માટે કેલેંડરની બંને બાજુએ ચાવીઓ રાખવામાં અવી છે. વળી તે જાયુકના ચાલી શકે તેવાં છે અને દેખાવમાં ઘણાં સુંદર હોવા ઉપરાંત વરસો સુધી દીવાલ ઉપર ટાંગી શકાય તેમજ ટેબલપર મેલી શકાય એવી તેમાં ગોઠવણ રાખવામાં આવી છે. આ કેલેંડર પાછળ કરવામાં આવેલો મોટો ખરચ અને તેની સુંદરતા તથા ટકાઉપણાં તરફ જોતાં રૂ. ૧ ની કીંમત નજીવી લેખાશે.

પારસી—તા૦ ૨૬ મી મે ૧૯૧૨.

પહોંચ—વહાડયાજીના આતશબેહેરામની સામેના જાણીતા સુખડના વેપારી મી૦ દાદાભાઈ મોટાભાઈ સુખડવાળા તરફથી જાયુકનું જરથોશતી કેલેંડર મળયું છે, તેની પહોંચ માન સહીત સવીકારયે છીએ. આ કેલેંડર જાડાં કારડ બોરડ ઉપર શોભાયમાન રીતે નવ જાતના જુદા રંગથી છાપેલું છે અને તેની વચમાં સપેતમાંન જરથુસ્તની સુંદર સબી આપવામાં આવી છે. તેની બંને બાજુએ આતશનું પાતરં મેલવામાં આવયું છે, અને તેની નીચે માણસનું મોહડું ધરાવનારા પાંખવાળા ગોધાની આકરૂતી આપવામાં આવી છે. ચીત્રને ફરતા આઠ ગાળા પાડી તેમાં પારસી તથા ખ્રીસ્તી સનૈ, રોજ તથા માહના નામો સાથનાં ચકર ગોઠવવામાં આવયાં છે જે તે ઉપર મેલેલી ચાવી વડે ફેરવીને ગોઠવી શકાય છે. તે દીવાલ ઉપર ટાંગી તેમજ ટેબલપર ઉભું રાખી શકાય તેવી ગોઠવણ સાથનું છે. આ પંચાંગ સાત વરસ સુધી ચાલી શકે તેવી તેમાં રચના કરવામાં આવી છે. તે સુશોભીત સાહીથી હાટ કંપનીનાં લીથો છાપખાનામાં છાપવામાં આવેલું છે, અને તે દેશી ચીત્રકળાના ઉમદા નમુના સમાન છે. સફાઈદાર રીતે છાપેલું તથા દીપાયમાન હોયાથી ઘરમાં એક સણગાર તરીકે તે જાલવી રાખવા લાયક છે. તેનો દેખાવ અને ચકરોની ગોઠવણ જોતાં રૂપયા એકની કીંમત ઘણી નહીં કહેવાશે.

મુંબઈ સમાચાર—તા૦ ૨૭ મી મે ૧૯૧૨.

નવું પારસી કેલેંડર—હાલમાં પારસીઓનો પવીત્ર આદર માસ ચાલે છે તે તકનો લાભ લઈ સુખડના જુના વેપારી મી૦ દાદાભાઈ મોટાભાઈ જેઓની પુરાણી અને જાણીતી દુકાન ચરનીવાડી ઉપર વહાડયાજીના આતશબેહેરામની સામે આવેલી છે તેઓએ પરાસીઓ માટે એક ઘણું ખેંચાણકારક પારસી કેલેંડર બાહેર પાડયું છે. મી૦ દાદાભાઈ પારસીઓની સગવડ સચવાય એવા કેલેંડરો દર વરસે બાહેર પાડે છે, પણ આગલાં સઘળાં કેલંડરોને ભુલાવે એવું આ ઉપયોગી અને શોભીતું કેલેંડર છે. આ કેલેંડર વરષો સુધી ચાલે એવું જાયુકનું છે. વચમાં અશો જરથોસ્ત પેગમબર સાહેમની એક તસવીરનું સુંદર રંગીન શાહીઓમાં શીલાલેખથી છાપેલું મનોહર ચીત્ર છે. સબીની આસપાસ પારસી રોજ, માહ અને ઈંગરેજી તારીખવાર વીગેરેના ગાળા છે અને તે દરેક ગાળા ઉપર અકેકી ચાવી છે, જે ફેરવવાથી વાર, તારીખ, રોજ, માહ વીગેરે ફેરવી શકાય છે. વળી આ કેલેંડર દીવાલ ઉપર ટાંગી શકાય યા મેજ ઉપર મુકી શકાય એવું છે. જોકે કેલેંડરનું ચીત્ર અને છાપવાનું તથા તે તઇયાર કરવાનું સઘળું કામ અતરે કરવામાં આવયું છે, છતાં તે વેલાતથી આવતાં કેલેંડરને ટકકર મારે તેવું છે. દરેક પારસી ઘરમાં અશો જરથોસ્ત પેગમ્બર સાહેબની સુંદર તસ્વીર સાથનું આ કેલેંડર જાળવી રાખવા લાયક છે. કેલેંડરની કીંમત રૂ. ૧ રાખવામાં આવી છે અને તે વહાડયાજીના આતશબેહેરામની સામે આવેલી મી૦ દાદાભાઈ સુખડવાળાની દુકાન ઉપરથી મળી શકશે.

સાંજ વરતમાન—તા૦ ૨૮ મી મે ૧૯૧૨.

એક અતી ઉપયોગી પારસી કેલેંડર—ધોબીતળાવ વહાડયાજીનાં આતશબેહેરામની સામેના સુખડના વેપારી મી૦ દાદાભાઈ મોટાભાઈ સુખડવાળાનું નામ જાણીતું છે. એ પુરાણા વેપારો તરફથી એક સુશોભીત જરથોસ્તી કેલેનડરની ભેટ મળી છે, જે તેનાં દેખાવમાં, તેના ટકાઉપણાંમાં અને તેનાં ઉપયોગીપણાંમાં હરીફાઈ વગરનું છે, વચમાં પયગમ્બર જરથોસતની સુંદર છબી આપવામાં આવી છે જયારે બંને બાજુએ રોશાન આતશ બળતો દેખાડવામાં આવયો છે. પારસી રોજ, માહ, વરસ ઉપરાંત ઈંગરેજી તારીખવાર વગેરે આ કેલેનડર ઉપરથી માલમ પડી શકે છે. દરરોજની તારીખ વાર વીગેરે ચાવીઓથી ફેરવી શકાય છે. આ કેલેંડર જેમ ટેબલનો સણગાર થઈ પડે એમ છે તેમ તે ટાંગી શકાય એવું છે. સામટી રીતે લેતાં રૂ. ૧ ની કીમતમાં આ કેલેંડર સોનાનાં મુળનું થઈ પડે એમ છે.

અખબારે સોદાગર—તા૦ ૧ લી જુન ૧૯૧૨.

એક ઉપયોગી કેલેંડર—મી૦ દાદાભાઈ મોટાભાઈ સુખડવાળા જેઓ ધોબીતળાવ વહાડયાજીનાં આતશબેહેરામની સામે સુખડ વીગેરેનો ધંધો કરે છે. તેઓ તરફથી કેલેંડરની એક નકલ અમોને મળી છે, જે ઉપર નજર કરતાં તે જેમ દેખાવે સુંદર છે તેમ તેને દરેક રીતે ઉપયોગી બનાવવાની કાળજી રાખવામાં આવેલી જોવામાં આવે છે. કેલેનડરની વચોવચમાં જરથોસત સાહેબની એક સુંદર તસવીર આપવામાં આવી છે. પારસી રોજ, માહ સાલ તથા અંગરેજી તારીખ વાર આ કેલેનડર ઉપરથી માલમ પડે છે. દરરોજ કારડો ફેરવ ફેરવ કરવાની કડાકુટ આ કેલેંડરમાં જોવામાં આવતી નથી, ફકત બટન ફેરવવાનીજ ખોટી છે. આ કેલેંડર ઘણી સુંદર રીતે છાપવામાં આવયું છે અને ખુબી તો એ છે કે તે દેશીછાપાકળાનો નમુનો છે. આ કેલેંડરની કીંમત રૂ. ૧ રાખવામાં આવી છે, જે તેના ઉપયોગીપણાં અને સુંદરતા સાથે સરખાવતાં ઘણીજ નજીવી છે.

નંબર. ૧૪૧ ચંદનવાડી—મુંબઈ વરતમાન પરેસમાં મનચેરજી હોરાંગજી જાગોસે ધણી માટે છાપી પ્રગટ કીધું છે.

તૈયાર છે ! નવી આવૃતી તૈયાર છે !

જાદુ કળા પ્રકાશ.

મંત્ર, તંત્ર, વશીકરણ વિદ્યા અને નવાઇ જેવા જાદુના ખેલો ઉપરાંત ઘણીજ ચમત્કારીક બાબતો સવા બસો પાનાના પાકા પુંઠાના સોનેરી નામવાળા આ દળદાર પુસ્તકમાં સમાવી છે. **કીંમત સવા રૂપીઓ.** પોષ્ટેજ સાથે મોકલો.

અમારે ત્યાં વેચાતાં બીજાં ચમત્કારી પુસ્તકોનું લીષ્ટ.

	રૂ. આ. પૈ		રૂ. આ. પૈ
માનસિક યોગ મેસ્મેરીઝમ ...	૨– ૦– ૦	સ્પીરીચ્યુએલીઝમ	૦– ૪– ૦
યોગની ચાવી સ્હોટી... ...	૨– ૦– ૦	હીપનોટીઝમ	૦– ૪– ૦
જાદુઇ દેવ વિદ્યા	૧– ૦– ૦	મેસ્મેરીઝમ નાની	૦– ૪– ૦
અનંત રંગ-(કોકશાસ્ત્ર) ...	૧– ૦– ૦	જાદુઇ જડી બુટ્ટી	૦– ૪– ૦
દેવતાઇ જાદુગર ચીત્ર સાથે ...	૦– ૮– ૦	કીમીયાગર ચરિત્ર	૦– ૪– ૦
ફેનબાજી–ગંજીફાની ઠગબાજી...	૦– ૮– ૦	સામુદ્રિક શાસ્ત્ર...	૦– ૪– ૦
પાંતજલ યોગ દર્શન	૦–૧૨– ૦	જાદુ કપટ વિદ્યા...	૦– ૪– ૦
રાજયોગ...	૦–૧૦– ૦	સ્વર શાસ્ત્ર	૦– ૪– ૦
યોગની કુંચી–મન વશ કરવાને	૦– ૪– ૦	મંત્રની ચોપડી	૦– ૨– ૦
દેવતાઈ કામો–ગેબી મદદગારો	૦– ૪– ૦	મહાન ગુરૂનો પ્રસાદ	૦– ૧– ૦

ચમત્કારી જાદુઈ ભેટ મંગાવજોજી.

ધારેલું કામ પાર પાડવાની જાદુઇ વિદ્યા શીખવી હોય તો ફક્ત પોષ્ટેજ એક આનો મોકલીને ગુજરાતી મેન્ટલ ટેલેપથીની બુક સુખેથી અમારા ત્યાંથી મંગાવી લેજો. તેમજ તમારા મનમાં જાદુ કોટકની કાંઇ ધાસ્તી હોય તો સુખેથી અમારી મદદ માગજો. એક ભાઇ તરીકે લાચાર નીરાધાર બાળકો તથા બાળકીઓને જરૂર જોગી મદદ કરવામાં અમે રાજી થઈશું.

સૂચના—અમારા દરેક ગ્રાહકને નમનતાઈ પૂર્વક અરજ કરીએ છીએ કે મંત્રના કામકાજ સારૂ અમારે વારંવાર બહાર ગામ જવું પડે છે તેથી વી. પી. થી કોઈ ચીજ મોકલવાને બનતું નથી. એટલા સારૂ આપ જે કાંઈ મંગાવો તેના પૈસા **મની ઓરડર** કે પોષ્ટની ટીકીટો મારફતે અગાઉથી મોકલવા મેહેરબાની કરવી. તેમજ જવાબ સારૂ ટીકીટ બીડવી કે જલદી જવાબ મળશે.

માસ્તર નાનાલાલ મગનલાલ બુકસેલર.

ઠેકાણું—રીચીરોડની સડકપર—અમદાવાદ.

ઑનરેબલ

સર દીનશાહ ધનજીભાઈ દાવર, નાઈટ.

હાઈ કોરટના નામદાર જડજ.



જનમ.— રોજ ૧૩ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૨૬ યઝદેજરદી, તારીખ ૬ ઠી નવેમબર ઇ. સને ૧૮૫૬ ને વાર ભેસપત.

જડજ નેમાયા.— તા૦ ૨૨ મી અકટોબર સને ૧૯૦૬.

સર નાઈટ થયા.— તા૦ ૧૨મી દીસેમબર સને ૧૯૧૧.

આનરેબલ
સર દીનશાહ ધનજીભાઇ દાવર, નાઇટ,
હાઇ કોર્ટના નામદાર જડજનું
જન્મ ચરિત્ર.

નામદાર શેહનશાહ જયોર્જ પાંચમાંએ પોતાની તાજપોશીની ક્રીયા હીંદુસ્થાનમાં આવીને કીધી અને તેને લગતી એક મોટી દબદબા ભરેલી દરબાર હીંદુસ્થાનના પ્રખ્યાત દીલ્લી શેહેરમાં તા૦ ૧૨ મી ડીસેમબર ૧૯૧૧ ને દીને ભરી હતી. તે વેલાએ નામદાર પાદશાહ તરફથી અપાયલા ખેતાબોમાં સર નાઈટનો માનવંત ખેતાબ ઉપર કહેલા એક ઘણાજ લાયક અને માનવંત પારસી ગૃહસ્થ શેઠ દીનશાહ ધનજીભાઈ દાવરને એનાયત કીધો હતો. એ ખેતાબ એવા એક લાયક ગૃહસ્થને મલ્યો કે જેમનું નામ સમજીને આખી પારસી કોમને મોટો હરખ ઉપજયો હતો. કેમકે જયારથી નામદાર સર દીનશાહજી હાઈ કોરટના ન્યાયાસન ઉપર બીરાજ્યા ત્યારથી એવણની કીર્તી ખુબ દીપી રહી છે. એ મુદત દરમ્યાન કરેલા ઇનસાફો અને વાપરેલી દુરઅંદેશી એવી શરશ નીવડી છે કે તેથી નામદાર સરકાર અને પ્રજાને એક સરખો સંતોષ ઉપજયો છે. તેમાં કેટલાએક બીકટ સવાલોના મુકદમાં તો એવી સરસ બાહોશીથી ચુકવ્યા છે કે તેની ભારી પ્રસંસા થયા વગર રહી નથી. તેમાં અગત કરીને પારસીઓનાં ઘણાં સારાં ભાયગે અને તેમના વડાવાનાં પુણને લીધે પારસી કોમને લગતા એકુ બે મુકદમાં એવણના ઇનસાફ તળે એવી રીતે આવી ગયા કે તેના ચુકાદા જો જસટીશ નામવર સર દીનશાના જેવા દુરઅંદેશી ભરેલા જડજ નયાયાસનપર નહી હતે તો તેવા ચુકાદા પારસી કોમને કેટલા ઉપયોગી થઇ પડતે તે કાંઈ સમજી શકાતું નથી. એવા એમના સરસ ઇનસાફની સાથે વલી એવો સાહેબની બીજી કારકીરદી અને નામદાર સરકારની તથા પ્રજાની સેવા બજાવવાની પ્રકૃતી એવી નીવડી કે તેથી એવો સાહેબને પ્રજા અને સરકાર એક સરખી રીતે ચાહવા લાગા. એવોના એવાં કાંમની ખુબી દર વરસે નોંધાતી ચાલી છે, જે હમારાં હંમેશનાં ઝોરાસ્ટ્રીયન કેલેન્ડરમાં પણ એવોના જડજ નેમાયા પછે દર વરસે નોધાતી રહી છે. તેવા લાએક ગ્રહસ્થને સર નાઇટનો માનવંત ખેતાબ મલ્યો તેની ખુશાલી તથા જાહેર નોંધ આ હમારાં કેલેન્ડરમાં જાલવી રાખવાની મોટી અગત જણાય છે. હમારાં કેલેન્ડરનો સરેસતોજ છે કે જે એવા નામીચા પારસી નરોને સર નાઇટના અને બારોનેટ જેવા ઉંચા ખેતાબ મલે તેવા સદ ગ્રહસ્થોનાં જન્મ ચરીત્ર તેમાં હમો લેતા રહીએ છીએ. તે હમારા સરેસતા મુજબ સર દીનશાહજીનું જન્મ ચરીત્ર પણ કેલેનડરમાં પ્રગટ કરવાનું ઘણું વાજબી વીચારીએ છીએ અને તેવણને લગતી જે જે માનવંત નોંધો એક તરફથી આપણા હેવા જનમ ચરીત્રના એક જાહેર લેખક મી૦ રૂશતમજી બરજોરજી પેમાશતર વકીલ તરફથી અને બીજી રીતે બીજી જે જે વીગતો મલી આવી છે તે નીચે પ્રગટ કરીએ છીએઃ—

સર દીનશાહજીનો જનમ અને તેવણનું ખાનદાન—નામવર સર દીનસાહજીનો મુબારક જન્મ પારસી રોજ ૧૩ મો તીર યઝદ માહ ૨ જો અરદીબેહેસ્ત અમસાસપંદ શેહનશાહી સને ૧૨૨૬ યઝદેજરદી, યાને તા૦ ૬ ઠી નવેમબર ૧૮૫૨ ને વાર બેસપતને દીને થયો હતો.—તેવણ પ્રખ્યાત બનાજી ખાનદાનના નબીરા છે. તેમના પીતા શેઠ ધનજીભાઈ દીનશાહ તે શેઠ નાનાભાઇ ફ્રામજી નાનાભાઇ બહેરામજીની પેહડીમાં હતા. આ છેલ્લા બેહેરામજી તે મરહુમ શેઠ બનાજી લીમજી રૂસતમજી

અસપંદીઆરજીના બેટા હતા. આ અસપંદીઆરજી તરફથી બનાજી ખાનદાનના વડવાઓ ઉતરી આવેલા. એ બનાજી કુટુંબનોજ એક ફાંટો હીરજી રેડીમનીની તરફનો છે, જેમની દીકરીનો દીકરો તથા પાલક સર જહાંગીર કાવસજી જહાંગીર બેરોનેટ ઉતરી આવયા છે. આ નામીચા બનાજી ખાનદાનના નર વારસો ૩૮ વરસની વાત ઉપર ૨૬૧ ગણાયા હતા તે હવે વધીને આશરે ત્રણ ગણા થએલા હોવા જોઈએ. એજ કુટુંબમાં દાવર ખાનદાન પણ આવે છે. મરહુમ શેઠ બનાજી લીમજી સુરત શેહરની પાસે આવેલાં ભગવા દાંડી નામના ગામડાંની અંદર ૧૦૨૩ ના ય૦ સાલમાં જન્મ પામયા હતા અને તેવણ ૩૯ વરસની વયના થયા બાદ અત્રે આવી વાસો કરી તેવણ પારસી પંચાયતની અંદર 'દાવર' નો દરજજો ધરાવતા હતા. બનાજીના વડા દોત્રા શેઠ નાનાભાઈ બહેરામજી દાવર પાકી પરહેજગારી ઉપરાંત ઇનસાફી વાતોમાં ઘણા પક્ષપાત નીવડયા તે ઉપરથી અંજુમને તેમને તેમનો બાપીકો 'દાવર' નો ખેતાબ આપયો હતો અને ત્યારથી તેમનો વસીલો નવા એલકાબને આધીન રહયાથી અસલ દરખ્ત માહેલી એક ડાલી છુટી પડેલી કહેવાય છે. (જુઓ મુંબઇનો બાહાર) આ શેઠ નાનાભાઈ દાવર ૧૧૫૭ ના ય૦ શાલમાં મરણ પામ્યા હતા. તેમના દીકરા માહેલ વડા શેઠ ફરામજી નાનાભાઈ દેશાવરો સાથે બોહોલો વેપાર ચલાવતા હતા ને તેનાજ ઉપયોગ માટે બે મોટાં સફરી વાહાણોનાં માલેક હતા અને તેવણ ય૦ ૧૧૯૦ ના સાલમા ગુજરી ગયા હતા. જસટીસ સર દીનશાહ દાવરના બાવાના કાકા કાવશજી નાનાભાઇ દાવર બહુજ સાહસીક હતા. તેવણે મુંબઈમાં બબે બેંક ઉભી કરવા ઉપરાંત રૂ દાબવાનો પ્રેસ તથા સાંચાથી સુતર વણવાની મીલ પહેલવહેલી મેનચેસટરના ધોરણ ઉપર કાહાડી હતી. વલી રૂ સાફ કરી સફાઈપર લાવવા માટે કોલાબા તરફ કોટન કલીનીંગ કુંપની કાહાડી હતી અને તારદેવ તરફ એલાયનસ સ્પીનીંગ કું૦ પહેલવેહલી ઉભી કરી હતી. પ્રખ્યાત શેઠ કાવશજી બહેરામજી બનાજી મજકુર બહેરામજી બનાજીના પાંચમાં બેટા હતા અને તેવણની અટક પોતાના ધોધારી અવાજને લીધે ધોધા કરીને પડી હતી. તેમનાજ બેટા શેઠ ફરામજી કાવશજી બનાજીને નામનું આતશબેહરામ આજે જાણીતું છે. જયારે શેઠ બહેરામજી બનાજીના વડા બેટા શેઠ નાનાભાઈના વંશના જસ્તીસ દાવર ત્યારે પાંચમાં યાને સરવેથી નાના બેટા કાવશજીના શેઠ બેટા શેઠ ફરામજી કાવશજી બનાજી હતા. શેઠ કાવશજી બનાજી પોતે બહેલી હોમજીના પેશતનજીની વડી દીકરી બાઈ જાઈજી તે દાદીશેઠની બહેનની દીકરી સાથ પરણ્યા હતા અને તેથી માલેતોજાર દાદીશેઠના કુટુંબની સગાઇમાં ભેલાયા હતા. તેમની બોહોલા પાયા ઉપર ઇંગ્રેજી ખોરાકીની દુકાન હતી જે મુંબઇનાં કોટમાં વહાડીઆજીના ચકલા ઉપર હાલ જ્યાં મેશરસ ગ્રેહેમની કું૦ આવી છે ત્યાં હતી. શેઠ કાવશજી બનાજીનો પાંચમો બેટો શેઠ લીમજી કાવશજી બનાજી હતા જેવણે કેટલાક જરથોસ્તીઓને ધંધે રોજગારે લગાડયા હતા અને શેઠ કાવશજી બનાજીના સાતમા દીકરા શેઠ રૂશતમજી કલકતામાં પ્રખ્યાત થયા હતા, તેમના પછી તેમના બેટાઓ શેઠો દાદાભાઈ રૂશતમજી તથા માણેકજી રૂસ્તમજી બનાજી હતા જે છેલ્લાને નામદાર ઈરાનના શાહે પોતાના એલચી નેમ્યા હતા. એવી રીતે જસતીસ દાવરનું કુટુંબ પંકાયલુ અને તે સાથે મોટા મોટા ખાનદાન સાથે જોડાયલું છે.

નામદાર જસટીસ દાવરે ૫૫ વરસની ઉમર પુરી કરી છે. તેવણે અત્રેની પ્રોપ્રાયટરી હાઇ સકુલમાં કેળવણી લીધી હતી અને ૧૮૭૩ ના સાલમાં અત્રેની મેત્રીકયુલેશન પરીક્ષા પસાર કરી તેવણ એલફીનસટન કોલેજમાં જોડાયા હતા અને ૧૮૭૭ ના સાલમાં તેવણ વીલાયત ધારાનો અભયાસ કરવાને સીધારયા હતા. તેવણે તા૦ ૩ જી જુન ૧૮૮૦ ને દીને વીલાયત મધે ઇંગલંડ અને હીંદુસતાન વીશે "ઇસટ ઇંડયા એસોસીએશન" ની એક જાહેર સભા સનમુખ સર આરથર હોબહાઉસ કે. સી. એસ. આઇ. ના પ્રમુખપણા હેઠળ એક ભાશણ આપયું હતું અને તયાર બાદ ૬ દીન રહીને એટલે તા૦ ૯ મી જુન ૧૮૮૦ ને દીને તેવણે ઇંગલંડમા બેરીસટરની પરીક્ષા ફતેહમંદી સાથ પસાર કીધી હતી. શરૂઆતમા અત્રેની સમોલ કોઝ કોરટ અને પોલીશ કોરટોમાં ધંધો ચલાવવા માંડયો અને તેમાં ભારે ફતેહ મેળવી તયાર બાદ ૧૮૯૬ ના સાલમાં તો હાઈ કોરટમાં ધંધો ચલાવવા શરૂ કીધો.

તેવણુની બેરીસટર તરીકે દેશાવરમાં પણ મોટી ઘરાકી હતી. તેવણુની બહુ તીક્ષણ અને તીખી તેમજ રામબાણ ઉલટપાલટ તપાસને માટે વખાણાયા હતા. તેવણે હાઈ કોરટની શરૂઆત તીલક કેસથી કીધી હતી. જે વેળા હાઇ કોરટ મધે દેશી બેરીસટરને ફાવવાનું બહુજ મુશકેલ હતું, તે વેળા તેવણે પગપેસારો કરી થોડાજ વખતમાં ઉગી નીકળયા અને પોતાના દેશી ભાઇબંધો માટે બંધ રહેલો રસતો ખોલ્લો કરી આપયો. પોતાના બેરીસટર તરીકેના ધંધામાં તેવણ પોતાના ઘરાકના લાભ સાચવવામાં ઘણા ચીવટ હતા અને તેજ મુજબ વરતવાની તેવણે પોતાનાં એક ભાશણ મધે જવાન ધારાના વીદયારથીઓને સલાહ આપી હતી. તેમને ૧૮૯૮ ના સાલમાં મુંબઇના સરકારી લો કલાસના પ્રોફેસર નેમયા હતા અને તા૦ ૨૬ મી ડીશેમબર ૧૯૦૦ ને દીને અત્રેની સરકારી લો સકુલના કામચલાઉ પ્રીનસીપાલ નેમયા હતા. તા૦ ૩ જી મારચ ૧૯૦૧ ને દીને તેવણે અત્રેના યુનીવરસીટી કમીશન સનમુખ સાક્ષી આપી હતી. શેઠ હોરમસજી દાદાભાઇ સમોલકોઝ કોરટના આસાન ઉપરથી જયારે રીટાયર થવા તયારે તેમને વીદાયગીરીનું માન આપવા સારૂં થયલા ખાણા મધે સર દીનશાહને પ્રમુખપદ આપયું હતું. એમને નામદાર સરકારે તા૦ ૧૦ મી મારચ ૧૯૦૪ ને દીને એક સુલેહના અમલદાર નેમયા હતા. તા૦ ૧૫ મી નવેમબર ૧૯૦૫ ને દીને અત્રેની હાઇ કોરટની એડવોકેટની પરીક્ષાના એક પરીક્ષક તરીકે નામદાર જડજોએ એમને નેમયા હતા. તા૦ ૨૨ મી અકટોબર ૧૯૦૬ દીને એમને નામદાર સરકારે મુંબઇના હાઇ કોરટના એક જડજ નેમયા હતા અને પોતાની ૫૦ વરસની સાલગેરહને ત્રીજે દીને અકટોબરની રજા પછી કોરટ ઉઘડતાં તા૦ ૯ મી નવેમબર ૧૯૦૬ ને દીવસે હાઈ કોરટના નયાયાસન ઉપર પહેલી બેઠક લીધી હતી.

મુંબઇની હાઈ કોરટના પહેલવહેલા એક જાયુકના પારસી જડજ તરીકે નેમણુક કરવાથી એ બનાવની ખુશાલીમાં જસટીસ દાવરને મુબારકબાદી આપવાને એલફીનસટન કલબ તરફથી તા૦ ૨૭ મી અકટોબર ૧૯૦૬ ને દીને રાત્રે એ કલબના મકાનમાં શેઠ હોરમસજી દાદાભાઇ જડજના પ્રમુખપણાં હેઠળ એક ખાણાંનો મેળાવડો કરવામાં આવયો હતો. એ વખતે પ્રમુખ શેઠ હોરમસજીએ જસટીસ દાવરની સલામતી લેવાડતાં જણાવયું કે તેવણ પોતાની ઉંચી બાહોશી અને જાતી લાયકાતથી ધીમે ધીમે આગળ વધી હાઈ કોરટના જડજના માનવંત ઓધા ઉપર આવયા છે. નામદાર સરકારે સર દાવરની નેમણુંક કરવાથી આખી પારસી કોમને માન મળયું છે અને એવણ ઘણા મીલનસાર હોવાથી મીત્ર મંડળમાં તેમજ ધારા મંડળમાં ઘણા માનીતા થઇ પડયા છે. જસટીસ દાવરે ઉપકાર માનતાં જણાવયું કે મને મળેલા ઓધા માટે પારસી કોમ પોતાને માન મળેલું સમજે છે એમ સાંભળી હું ઘણો ખુશી થયો છું. સરકારે મને જે માન આપયું છે તેને લાયક નીવડવાને મારાથી બનતું કરીશ. તે વચન તેવણે પાળયું છે. એ ઉપરાંત અત્રેના પારસી, હીંદુ, યુરોપીયન સોલીસીટરોએ તા૦ ૫ મી નવેમબરે રાતે તાજમહાલ હોટલમાં જસટીસ દાવરના માનમાં એક ખાણાંનો મેળાવડો કરયો હતો. વળી અત્રેના દેશી બારીસટરોએ રીપન કલબમાં તેમને ટી-પારટી આપી હતી. લંડનની પારસી અંજુમન અને એડીનબરોના પારસી યુનીયન તરફથી તેમની નેમણુક થતાંને વાર મુબારકબાદીના તારના સંદેશાં મોકલવામાં આવયા હતા. તેમજ મુંબઇ ઇલાકાની નેશનલ મોહોમેદન એસોસીએશનના સરનશીને પણ મુબારકબાદીનો સંદેશો મોકલાવયો હતો. તા૦ ૧૫ મી ફેબરવારી ૧૯૧૧ ને દીને તેવણે અત્રેની સરકારી લો સકુલના વીદયારથીઓને "Hints to young Lawyers" એ વીશય ઉપર એક ભાશણ આપયું હતું. એક જડજ તરીકે ઇનસાફ આપવા માટે તેવણ કેવી કાળજી ધરાવે છે તેનો ખયાલ તેવણે પોતેજ વીદયારથીઓ સનમુખ કીધેલાં એ ભાશણ ઉપરથી મળે છે. તેવણે કહયું તેમ એક મુકદમામાં મોટા બારીસટરની સામે જો કોઈ થોડા અનુભવનો વકીલ યા બારીસટર હોય તો સીનયર પોતાની ધાંધલ ધુંધલથી ફાવી ન જાય તેની તેવણ ખાસ સંભાળ લે છે. એ વીશેની એક જડજની ફરજ શી છે તે તેવણે ઉપલાંજ ભાશણમાં સમજાવી છે.

તા૦ ૨ જી એપ્રીલ ૧૯૧૧ ને દીને જસ્ટીશ દાવરે મરહુમ શેઠ નશરવાનજી જાંહાંગીર વાહાડી આની યાદગારી રાખવા માટે એક મકાન ગીલડર સ્ટ્રીટમાં ગરીબ જરથોસ્તીઓના રહેહાણોના ફંડ તરફથી બાંધવામાં આવ્યું હતું તેને ખુલ્લું મેલવાની ક્રિયા કરી હતી. જે વેલા લાગતા વલગતા સાહેબોનો ઉપકાર માની જસ્ટીશ દાવરે જણાવ્યું હતું કે આપણા બાપ દાદાઓના પ્રતાપથીજ આપણુ હાલની હાલતે રહયા છીએ અને તેઓની જુની કેટલીક રાહ રસમો સારી હતી.

અત્રેની ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટી તરફથી તારદેવ ખાતે પારસીઓ માટે સસતા ભાડાંની બાંધવામાં આવેલી પહેલી ચાલી ખુલ્લી મેલવાની ક્રીયા જસ્ટીસ દાવરે રોજ ૧૬ મો માહ ૯ મો ય૦ ૧૨૭૭ ને દીને કરી હતી. જે વેલા તેવણે ઇચ્છા બતલાવી કે શ્રીમંત પારસીઓ તરફથી કરવામાં આવતી સખાવતનો લાભ પહેલાં ગરીબ પારસી કોમને મલે તો શારૂં.

જે દહાડેથી તેવણુ જડજ નેમાયા તે દીનથી તેવણુ અત્રેની વડી પારસી મેત્રીમોનીયલ કોરટના જડજ તરીકે પણ ઓધો ભોગવતા આવયા છે. તેવણે બાજ રોજગારને લગતા, પારસી પંચાયત વીરૂધના જુદદીન સવાલ તથા ત્રસટીઓની નેમણુંક સંબંધી તેમજ બીજા અનેક પ્રખયાત પારસી મુકદમા ચુકવી ઇનસાફની જાળવણી સાથ કોમની કીમતી સેવા બજાવી છે. પારસી અંજુમનને પંચાયતના ત્રસટીઓની ચુંટણી કરવાનો હક આપવાને માટે તેવણે જસ્ટીસ બીમન સાથે ઉદાર ધોરણ ઉપર ઘડાયલી એક યોજનાને બહાલી આપી છે. તેવણુ પારસી કોમના લાભના અનેક સવાલ ઉપર બારે ઉલટ સાથ ધયાન આપે છે. અને તેમ કરતાં પોતાની કીમતી સલાહનો લાભ આપવાને તેવણુ ચુકતા નથી. તેવણે અત્રેના એક રોજીંદા પત્રના છેલ્લા નવરોજના અંકમાં પારસી ભાઇબંધી વીશે એક લાગણીવાળું કીમતી લખાણ કરયું હતું.

છેલ્લાં ૩૦ વરસ દરમયાન એક બારીસટર તરીકે તેમજ એક જડજ તરીકે તેવણુ બનતા સુધી પક્ષકારો વચે સમજુતી કરાવવા માટે જાણીતા થયા છે. તેવણુ દરેક મુકદમાનું તોલ એક વહેવારૂ દુનયાદારીની ઉંચા પ્રકારની સાદી સમજ ધરાવનાર અનુભવી નયાયાધીશની નજરે કરે છે અને તેથી તેમના ચુકાદા અપીલમાં ફરવા મુશકેલ હોય છે. ઇનસાફના કામમાં થતી નાહકની ઢીલ તેમને પસંદ નથી અને તેવણે વરસોવેર જે મુકદમાઓ પાટી ઉપર સબડી કાટ ખાતા હતા તેમના નીકાળ કહાડવાને કાળજી બતાવી છે. તેવણુ બે વરસની વાત ઉપર રજા ઉપર વેલાત ગયા હતા પણ સટીમર મધેજ બીમાર થવાથી અત્રે તેમને પાછું ફરવું પડયુ હતું.પણ બીજી વેલાની મુશાફરી ફતેમંદીથી પાર કીધી હતી.નામદાર શેહેનશાહે છેલ્લી મુંબઇ તરફની મુલાકાત દરમયાન તેમને સટીમર મદીના ઉપર જમવાને ઇજન કીધું હતું અને તેજ મીસાલ દીલ્હી દરબારમાં હાજર થવાને તેમને ઇજન થવાથી તેવણુ તયાં સીધારયા હતા. તેવણુ ધી બહમનજી દીનશાહ પીટીટ જનરલ આસપીટલના એક કારોબારી તરીકે નેમાયા છે. તેમનો બેટો મી૦ જહાંગીર એક જાણીતા બારીસટર ઉપરાંત એરોપલેન હાંકનાર પહેલાજ પારસી છે અને મરહુમ ચોથા સર જમશેદજી જીજીભાઇના જમાઇ થાય છે.

જસતીસ દાવરને નાઇટનો ખેતાબ મલયો. તેમને અનેક મંડળોએ મુબારક-બાદી આપી હતી—તેમાં તા૦ ૧ લી જાનેવારી ૧૯૧૨ ને દીને પારસી એશોશીએશનની મેને-જીંગ કમીટીએ "એવા એક મહાન પ્રસંગે એક વીદવાન જડજની કીમતી સેવાઓ અને બાહોશીની પીછાન આપણા નામદાર શહેનશાહ તથા તે નામદારની સરકારે કરવાથી, તે માટે ખુશાલીનો ઠરાવ પસાર કીધો હતો અને તે માટે આપણી કોમ જેનાં ભલાં માટે તેવણુ આટલા બધા કાલજી ધરાવે છે તે ઉપર ઈશારો કીધો હતો."

તા૦ ૧૦ મી જાનેવારી ૧૯૧૨ ને દીને અત્રેના સોલીસીટરની પરીક્ષા માટે અભ્યાસ કરતા આરટીકલડ કલ્લારકોની એસોસીએશને મી૦ ફેયઝભી તયબજી બેરીસ્ટરના પ્રમુખપણા હેઠળ સર દીનશાહ દાવર જેવણ એ એસોસીએશનના એક પેટ્રન છે તેમને પોતા તરફની મુબારકબાદી આપી હતી. અને ઠેરાવ કીધો કે સર દીનશાહને આ ખેતાબ મલવા માટે આ સભા પોતાની ઉંડી આભારની લાગણી જાહેર કરે છે.

એલફીનસ્ટન કલબે આપેલું ખાણું.–અત્રેની પારસીઓની આગેવાન એલફીનસ્ટન કલબ જેના જસટીસ સર દીનશાહ દાવર પ્રમુખ અને સર સાપુરજી ભરૂચા સભાસદ છે. તે કલબે તા૦ ૫ મી ફેબરવારી ૧૯૧૨ ને દીને સર દીનશાહ અને સર શાપુરજીને સર નાઇટનો ખેતાબ મલવાની ખુશાલીમાં ખાણું આપયું હતું. તેનું પ્રમુખસ્થાન શેઠ હોરમજી એ. વાડયા બેરીસટરે લીધું હતું. તેવણે પોતાના ભાષણમાં જણાવયું કે સર દીનશાહને હું અરધી સદીથી ઓલખુ છું. તેવણ માંગયા વગર બેંચપર આવવા પામયા છે. અને બારના એક લાયક મેમબર તરીકે તેમને એ માન આપવામાં આવયું છે. અલબતાં હાઇ કોરટની બેંચપર તેવણે શારી સેવા બજાવી છે.

પારસી કોમ તરફનું માન આપવાને થયલો ઠરાવ–તા૦ ૨૨ મી જાનેવારી ૧૯૧૨ ને દીને જસટીસ સર દીનશાહ દાવર તથા સર શાપુરજી ભરૂચાને નાઇટહુડનો ખેતાબ મલયો તે માટે તેમને પારસી કોમ તરફથી મુબારકબાદી આપવાને કેવાં પગલાં લેવાં તે વીષે સર જમશેદજી સ્કુલના દીવાનખાનામાં સર જમશેદજી જીજીભાઈનાં પ્રમુખપણા હેઠલ એક સભા મલી હતી જે વેલા તેમના માનમાં એક જાહેર મેલાવડો કરવાનો ઠરાવ પસાર થયો હતો પણ નવા પારસી નાઇટોએ કોમ તરફથી જાહેર જયાફત સ્વીકારવાને ના પાડવાથી તેમના મીત્રો તથા વખાણનારાઓ તરફનું એક ખાણું આપવાની ગોઠવણ થઈ હતી.

પારસીઓ તરફનું દબદબા ભરયું ખાણું—તા૦ ૧૭ મી ફેબરવારી ૧૯૧૨ ને દીને નવા પારસી નાઇટો જસટીસ સર દીનશાહ દાવર તથા સર શાપુરજી ભરૂચાના માનમાં તેમના પારસી મીત્ર તથા વખાણનારાઓએ રેડીમની હાઉસના કમપાંઉનડમાં ઉભા કરેલા એક શુંદર શણગારેલા શામીયાણામાં એક મોટો મેલાવડો કરવામાં આવયો હતો. જયાં કીટસન અને ઇલેકત્રીક લાઈટ અને બી. બી. એન્ડ સી. આઇ. રેલવેનું વોલંટયર બેંડ પણ હતું. ખાણાની ટેબલની ઉપર બેસવા અગાઉ સઘલાઓ ડરોઈંગ રૂમમાં એકઠા થયા હતા, તેમનો એક સુંદર ફોટો તથા બીજો ફોટો ખાણાની ટેબલવાલો પણ લેવામાં આવયો હતો. ખાંણાની મીજલશમાં સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ પ્રમુખસ્થાને બીરાજયા હતા. તેઓએ નામદાર શેહનશાહ અને બાદશાહી કુટુંબની તથા બેઉ સર નાઇટોની સલામતી લાયક રીતે લેવાડી હતી, જે હાજર રહેલાઓએ ઘણીજ ઉતશાહથી ઉપાડી લીધી હતી. નામદાર સર જમશેદજી જીજીભાઇએ જણાવયું કે જસટીસ દાવરની ફતેહનો આધાર તેમની ઉંચી મગજ શકતી તથા ઘણી સારી સમજને આભારી છે. અને તેવી કાયનત ધરાવાથીજ આપણા માનવંત પરોણાને તેવણના ધંધામાના સઉથી ઉંચા માનો મલ્યાં છે એટલુંજ નહિ પણ પોતાની કોમનું માન અને ચાહ જીતી લીધાં છે, કે જે કોમ તેવણને પોતાના તરીકે ગણવાને મગરૂર છે. અને આપણી નાની કોમમાં એવા પુરૂષોની કારકીરદીઓએ આ દેશની જાહેર જીંદગી ઉપર પોતાનો છાપ મારયો છે અને જે હજી નહી જનમેલી ઓલાદો માટે ગોખી રાખવા લાયક દાખલા અને

ઉત્તેજન સમાન થઈ પડશે. જ્યાં સુધી આપણી વચ્ચે સર દીનશાહ દાવર અને સર શાપુરજી ભરૂચા જેવા પુરૂસો છે ત્યાં સુધી હું ભવીશય તરફ મોટા વીશવાશ સાથે જોઉં છું.

જસટીસ સર દીનશાહ દાવરે પોતાના તરફનો જવાબ વાલતાં એવો એકરાર પારસી કોમ પીગે કીધો હતો કે કોમના નીચલે વાઘેના ને નીચલા વરગના સભાસદો તરફ મારી લાગણી અને દીલસોજી એક સરખી છે. તેની સાથે સર દીનશાહે બીજું એ જણાવ્યું કે હમોને બેઉ જણાને જે જાહેર મોટું ખાણું આપવાની હીલચાલ થઇ હતી અને તેને માટે હમોને કેટલાંક કારણોસર ના પાડવું પડયું હતું તે ના પાડવાના કારણો તદન જુદાં અને અલાહેદાંજ હતાં. હું ભાર મેલીને જણાવાની ઇચ્છા રાખું છું કે એક ત્રીજું નામ સાથે જોડવામાં આવે તેથી અથવા તો આ હીલચાલમાં કોમમાં બીજા વરગના સભાસદો જોડાયા તેથી કાંઈ આ સુચના ના પાડવાનો સહેજબી સબબ હતો નહી. ત્રીજા ગ્રહસ્થ એવા ગ્રહસ્થ છે કે જેવણને માટે અમો મોટું માન ધરાવીએ છીએ. હું તમોને ખાતરી આપુ છું કે મારે મનસે તો એક પારસી તે પછી એક નાઇટ હોય યા જડજ હોય યા એક બબરચી હોય યા સુતાર હોય તે મારી નજરમાં એક સરખા છે. તે સઘલા માટે મારી એક સરખી દીલસોજી છે.

સર દીનશાહ દાવર અને સર શાપુરજી ભરૂચાને નાઇટનો ખેતાબ મલયો તેથી સુરતની પારસી કોમને ઉપજેલી ખુશાલીમાં એક શુકરગુજારીનું જશન તા૦ ૬ ઠી મારચે મરહુમ શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીના આતશબેહરામમાં કરવામાં આવયું હતુ, તે વેલાએ ઓનરેબલ સરદાર દાવર કેખશરૂ એદલજી મોદીએ એક પીદવતા ભરયું ભાષણ કરયું હતું અને બંને નવાજેશ પામનારાઓના સારા ગુણોના વખાણ કરયાં હતાં તે સાથ જરથોસ્તી ટોળાંનો નામદાર શહેનશાહ તરફ કેટલો ભકતીભાવ અને ચાહના છે તે બાએ વીવેચન કરયું હતું. અને બીજું એ જણાવયું હતું કે પારસીઓમાં કોઈ હાઇ કોરટ જડજ ન હોવાથી એ કોમને સોભા મલે તેટલા માટે જસ્તીસ સર દીનશાહ દાવરે બેરીસટર તરીકેની પોતાની બહુ મોટી કમાઇનો ધંધો છતાં તે છોડીને રૂપયા ચાર હજારના દરમાયાની જડજની જગ્યા લઈ કોમ ઉપર અહેસાન કરયું છે. બીજા કેટલાક ગ્રસ્થોએ ભાષણ કીધા પછી એવો ઠરાવ કરવામાં આવયો હતો કે ઓનરેબલ સરદાર દાવર મોદીએ બંને નવાજેશ પામનારાઓપર ખુશાહાલી પ્રદરશીત કરનારા સંદેશાઓ રવાના કરવા.

સેવટે આપણે ઇચ્છીશું કે નામદાર જસટીસ સર દીનશાહજી પોતાની કારકીરદીથી જે આવું માન મેલવવા પામયા છે તેમાં એથી વધુ જયાદતી થાય. અને એવો સાહેબ લાંબી સુખાકારી ભરેલી જીંદગી ભોગવીને ચઢતે દરજજે કાયમ રહે. તથા એથી વધુ માન પાન મેલવે. તથાસ્તુ.

આ જનમચરીત્રની સાથે એવો શાહેબની એક સુંદર શબી પણ વાંચનારાઓના જોવામાં આવશે.

જાહેર ખબરો.

સર શાપુરજી બરજોરજી ભરૂચા, નાઈટ.

મુબઈના શાહ દલાલ અને મીલ એજંટ.



જનમ. રોજ ૫ મે માહ ૮ મે શેહેનશાહી સને ૧૨૧૪ યઝદેજરદી. તારીખ ૩૦મી એપ્રીલ ઇ. સન ૧૮૪૫ ને વાર બુધને દીને ભરૂચમાં થયા હતા.

સર નાઈટ થયા.—તા૦ ૧૨મી ડીસેમબર સન ૧૯૧૧.

સર શાપુરજી બરજોરજી ભરૂચા, નાઇટ, મુંબઈના શાહ દલાલ અને મીલ એજન્ટનું જન્મ ચરિત્ર.

નામદાર શેહનશાહ જ્યોરજ પાંચમાંએ પોતાની તાજપોશીની ક્રીયા કરવા હિંદુસ્થાનમાં આવીને એક મોટી દબદબા ભરેલી દરબાર હીંદુસ્તાનના પ્રખ્યાત દીલ્લી શેહરમાં તા૦ ૧૨ મી ડીસેમબર ૧૯૧૧ ને દીને ભરી હતી. તે વેલાએ નામદાર પાદશાહ તરફથી અપાયલા ખેતાબોમાં સર નાઈટનો માનવંત ખેતાબ ઉપર કહેલા એક ઘણાજ લાયક અને માનવંત પારસી ગ્રહસ્થ શેઠ શાપુરજી બરજોરજી ભરૂચા દલાલને એનાયત કીધો હતો. સર શાપુરજી પોતાનાં કીરતીવંત કારયથી અતરે બહુ વખણાયલા છે, તેમની બાહાદુરશીની જબરી તારીફ થઈ છે અને વલી સખાવતનો હાથ એટલો લંબાવેલો છે કે નાહાની મોટી સખાવતનો જુમલો થોડો કેહવાતો નથી. જેવો સર શાપુરજીની જાહેર કારકીરદીથી જાણીતા છે તેવા એક અવાજે કબુલ્યા વના રેહશે નહી કે સર શાપુરજી કાંઇ સર નાઇટના ખેતાબને માટે ઓછા લાયક નથી. તેવા એક લાયક નરને હાતાં મલેલાં મોટાં માનની વખતે તેમની યાદગારીની નોંધ રેહવાના હેતુથી તેમનું જનમ ચરીત્ર અતરે આપવું ઘણું વાજબી ગણાય છે. એમને લગતી શઘલી વીગતો નીચે મુજબની છે.•

કુટુંબ અને તેમના બાપદાદાઓ—સર શાપુરજીના પીતા શેઠ બરજોરજી દાદાભાઈ ખેશવાલાના બાવાનું નામ શેઠ અસલાજી દાદાભાઇ હતું અને આ છેલ્લા શેઠ દાદાભાઇના બાવા અશલા શેઠને નામે ભરૂચમાં ઓલખાતા હતા. મજકુર અસલાજીના બે પુત્રો હતા જેમાના એક સર શાપુજીના બપાવા ત્યારે બીજા બહેરામજી નામના હતા. શેઠ શાપુરજીના બપાવા દાદાભાઇના ત્રણ બેટાઓ શેઠો બરજોરજી, બહમનશા અને શેહરયારજી નામે હતા જે મધે બરજોરજી (તે શાપુરજીના બાવા) વડા દીકરા હતા અને બે બેટીઓ બાઇઓ વીરબાઇ અને આવાંબાઇ હતાં, જેવો સર શાપુરજીના ફુઈ થતાં હતાં. શેઠ શાપુરજીના વડા ભાઇ નશરવાનજી તેમના બાવાની પછી થોડાજ દીનમાં ગુજરી ગયા હતા અને તેથી તેમના માતાને એકજ દીકરો શાપુરજી અને બે દીકરી દીનબાઈ અને જરબાઇનું ગુજરાણ કરવું પડયું હતું. સર શાપુરજીના કાકા શેઠ શેહરીયારજીના ત્રણ બેટા નામે શેઠો મેહરવાનજી, એદલજી અને રૂસ્તમજી અને ત્રણ બેટીઓ બાઈઓ જરબાઇ, પીરોજબાઈ અને નવાજબાઇ હતા. (એવોમાના બાઈ પીરોજબાઇ તે હાલનાં લેડી શાપુરજી થાય છે) સર શાપુરજીના પીતા મરહુમ શેઠ બરજોરજી ખેશવાલા ભરૂચવાલા મરહુમ શેઠ ફરદુનજી નવાબનજીના દીકરા શેઠ બેહરામજીના દીકરી બાઈ માણેકબાઇના બેટા થતા હતા અને તેમને નાની વયના મુકી ભરૂચ ખાતે ગુજરી ગયાં હતાં.

સર શાપુરજીના બપાવાના બાવા શેઠ અસલાજી જેવણ અશલા શેઠ તરીકે ભરૂચમાં ઘણા જાણીતા હતા તેવણ લગભગ અરધા ભરૂચ શેહરનાં માણસો રાખી વણવાનું કામ કરાવતા હતા. તેમજ એક હજાર ઉપર લુમવાળાઓ રાખી તેઓ પાસ કામ લેતા હતા. પણ મેનચેસટરથી સને ૧૮૦૦ પછી કાપડ આવવા લાગવાથી આવો ઉદયોગી ધંધો પડી પડવા લાગો હતો અને એ ધંધો બરાબર નહી ચાલવાથી સર શાપુરજીના બપાવા તેમજ બાવાએ ભરૂચખાતે કાપડ વેચવા માડયું હતું.

સર શાપુરજીનો જનમ તથા કેળવણી—સર શાપુરજીનો મુબારક જન્મ પારસી રોજ ૫ મો માહ ૮ મો શેહનશાહી સને ૧૨૧૪ યઝદેજરદી, યાને તા૦ ૩૦ મી એપ્રીલ ૧૮૪૫ ને વાર બુધને દીને ભરૂચ મધે કાંઇ ઘણા શારા શુભ ચોઘડીએ થયો હતો. જેથી તેવણ હાલ ૬૭ વરસની ઉમર

ભોગવે છે. તેવણે ગરીબ માબાપને ત્યાં જન્મ લીધો હતો—તેવણે સ્કુલ કેલવણી લઈ મેત્રીકયુલેશનની પરીક્ષામાં હાજરી આપી હતી પણ તેમાં ફતેહમંદ નીવડયા ન હતા. જો કે સર શાપુરજીનું અંગ્રેજીનું જ્ઞાન ઘણું સરસ છે.

સર શાપુરજીએ પેહલવેહલો શરૂ કીવેલો વેપાર ધંધો.—સર શાપુરજી પેહલવેહલા બરોડા રેવલેમા રેવીન્યુ દીપારટમેંટમાં ચાકરીએ રહેયા હતા. એ નોકરી છોડી એસીઆટીક બેંકમાં કલારક તરીકે રહેયા હતા. એ પછી એવો શેઠ દલાલ તરીકે ધંધો કરવા માંડયો હતો. સને ૧૮૬૪ નાં સપટેમબરથી શેઠ રૂસતમજી માંણેકજી એનજીનીયર સાથે ભાગમા જોડાઇ દલાલી કરવા માંડી હતી, જે પછી ૧૮૬૬ માં ભાગ છુટો કરવામાં આવ્યો હતો. સર શાપુરજીએ ૧૮૭૧ સુધી પોતે એખલાએ દલાલીનો ધંધો કરયો હતો. એવણે સને ૧૮૭૧ માં શેઠ તલકચંદ માણેકચંદને પોતાના ભાગમા કીધા હતા. જે ભાગ સને ૧૮૯૭ સુધી યાને શેઠ તલકચંદ મરણ પામયા ત્યા સુધી ચાલુ હતો. એ પછી હાલમાં એવો શેઠ એખલા બધો વહીવટ કરે છે.

સર શાપુરજી હસતક મોટી મોટી દલાલીના કામો થાય છે જેથી હજાર, બે હજાર નહી પણ લખો રૂપયાની દલાલી એવો શેઠને મલે છે. હાલમાં એવો શેઠ હસતક શેઠો તાતાની સ્ટીલ કંપનીના દીબેનચરોનું, હાઇદરોલેટીકના દીબેનચરોનું અને ટરામ કંપનીના શેરોનું વેચાણ તેમજ બીજી કંપીનીઓના ઘણા બીઝનેઝો કરવામાં આવયાં હતાં. જે માટે એવણને આવા એક એક બીઝનેસ માટે લાખ રૂપયા ઉપરની દલાલી મલી હતી.

સર શાપુરજી ૧૮૬૪ ના સાલના શેર સટાના વખતમાં મરહુમ શેઠ પ્રેમચંદ રાયચંદની સાથે વેપારની બાબદમાં ઘણા સારા સબંધમાં આવયા હતા જે સંબંધ મરહુમ શેઠ પ્રેમચંદના મરણ સુધી ઘણો સારી રીતે ચાલુ હતો. એવણ પહેલાં શેઠ સકલાતવાળાના કુટુંબને તયાં ખાનગી ટયુશન આપવા રહયા હતા અને પાછળથી પઇસા મેળવી તેવણનોજ બંગલો જે ખેતવાડી ૧૧ મી ગલીમાં છે તે સર શાપુરજીએ વેચાતો લીધો છે.

સને ૧૮૮૧ થી ૧૮૯૧ સુધી એક સીનડીકેટ ઉભી કરી મીલો બાંધવાના કંટરાકટો એવોએ લીધાં હતા. બધી મલી લગભગ ૨૦ મીલો અને ૩ ફ્લોર મીલો બાંધવામા આવી હતી, જેમાની મુંબઇમાં ફીનીકસ મીલ, કવીન મીલ, લક્ષ્મીદાસ મીલ, સ્ટાર મીલ, બોમબે કોટન મીલ અને નાયગામ મીલ વગેરે છે. એ ઉપરાંત દીહલીમાં બોમબે ફ્લાવર મીલ, બેંગલોરમાં બેગલોર સપીનીંગ મીલ, આગરામાં આગરા સપીનીંગ એનડ વીવીંગ મીલ અને મુંબઈમાં આટાની વોલેસ મીલ અને યુનીયન ફ્લોર મીલો છે. એ બધી મીલોમાં મશીનરીઓ બરાબર ગોઠવી એનજીન ચાલુ કરી એજનટોને સોપવામાં આવતી હતી.

સર શાપુરજી હસતક હાલમાં ગોલમોર મીલ અને ફીનીકસ મીલ છે અને એના એવો શેઠ એખલાજ એજનટ છે. એ બેઉ મીલોનો કારોબાર એવો શેઠના હસ્તક સને ૧૯૦૫ માં આવયો હતો જેનું કામ હાલમાં ફતેહમંદીથી ચલાવવામાં આવે છે. એ ઉપરાંત યુનીયન ફ્લોર મીલ જેના એવો શેઠ સાથે બીજા બે ગ્રહસયો માલેક છે તેનું બી એવણ મેનેજમેનટ કરે છે.

સર શાપુરજીએ ૧૮૬૨–૬૩માં અરેબીયન નાઇટનો તરજુમો કરી ત્રણ વીદયારથીઓનો નામે બહાર પાડયો હતો, તેઓમાં સર શાપુરજી ઉપરાંત શેઠ એદલજી જમશેદજી ખોરી અને શેઠ હોરમજી મનચેરજી ચીજગર હતા.

સર શાપુરજી ભરૂચાને આપણી નામદાર અંગરેજ શરકારે તા૦ ૧૬ મી એપ્રેલ ૧૮૯૬ ને દીને એક સુલેહના અમલદાર અને તા૦ ૬ ઠી જુલાઇ ૧૯૦૫ ને દીને મુંબઇના આનરરી માજીસ્ત્રેટ નેમયા હતા. સને ૧૮૭૧ માં મુંબઇમાં બોમબે સ્ટોક એકસચેનજ એસોસીએશન સ્થાપવામાં આવી હતી, ત્યારથી એ એસોસીએશનના સર શાપુરજી વાઇસ પ્રેસીડંટ હતા અને તે વખતે શેઠ ચુનીલાલ

મોતીલાલ પ્રેસીડંટ હતા. સને ૧૮૯૬ માં શેઠ ચુનીલાલના મરણ પછી સર શાપુરજી એ એસોસીએશનના પ્રેસીડંટ નેમાયા છે. વળી એવણ મુંબઈની આયરન એંડ સ્ટીલ કંપનીના એક ડાયરેકટર હમણા નેમાયા છે. સર શાપુરજીને કલકત્તાની સ્ટોક એકસચેનજ એનકે પોતાના આનરરી લાઇફ મેમ્બરનું માન આપયું છે. વાઇસરાયની કાઉનસીલના નાણાતંત્રીએ સર શાપુરજીની ભારે પ્રસંશા કરી હતી અને બાદશાહી હરશલ કમીટીએ સીલવર કવેસચન વખતે તેમને સાક્ષી આપવા ઈજન કરયું હતું.

સર શાપુરજી ૧૯૧૦-૧૧ ના સાલમાં મુંબઇના શેરીફ નેમાયા હતા. એજ મુદત દરમયાન નામદાર શેહેનશાહના વીલાયતથી પધારી દીલ્લી દરબાર ભરી તાજ પહેરવાના હાલના પ્રસંગે તેવણે તે વીષેનું ફંડ ભરાવામાં તથા તે માટેની સરવ તઈયારીઓ કરવામાં ભારે ઉલટ બતાવી હતી. અને પોતાના શેરીફના હોધાની રૂહે નામવર શેહનશાહ જેટલો વખત મુંબઈમાં રહેઆ તથા દીલ્લીમાં પધારયા તેટલો બધો વખત સર શાપુરજીએ ખરેપગે ઉભા રહીને રાત દીવસ એટલી જેહમત ખેંચી કે તેમના હેવા શાહાશ અને કલેવલેથી બધા મેલાવડા ખુબ ડીપી રહેઆ, મેદાનના ૨૭૦૦૦ જેવી ઓહલી સંખયાના શકુલોનાં છોકરાંઓના મેલવડા અને પાદશાહી શવારીનાં શરઘશ વખતની સર શાપુરજીની કારશાજી વખાંણવા લાયક અને તેમની મેહનત જેહમત બહુજ તારીફ લાયક નીવડી હતી. તેવો ઘડીભર શખે બેઠા નહી કે રાત અભોર બપોરે વગર હાકવે બધુ કાંમકાજ આટપી લીધું હતું. નામદાર પાદશાહથી તે નામવર મુંબઇના ગવરનર અને બીજા મોટા અમલદારોએ વટીક સર શાપુરજીની હેવી જીવતોડ મેહનત અને શેવા જોઇને ભારે અજાયબી બતાવી હતી તથા ભારે શંતોશ મેલવયો હતો. એ ઉપરાંત એવણની હેવી હેવી આજવેરની જાહેર શેવા સાથે લાંબા વખતની જાંહમરદી, વેપાર વહેવારની વેપારી શહલાકારક કારશાજી અને વલી હજારો-બલકે લખોની શખાવતનાં બદલામાં એવોને દીહીલી દરબારનાં ખેતાબોમાં સર નાઇટ જેવા માનવંત ખેતાબથી નવાજયા હતા.

તારીખ ૧૮ મી જાનેવારી ૧૯૧૨ ને દીને મુંબઇના માજી શેરીફ સર શાપુરજી બી. ભરૂચાનાં માનમાં મુંબઇનાં પ્રદરશનમાં એક ગારડન પારટીનો મેળાવડો થયો હતો. મુંબઈનાં નામદાર ગવરનર સર જયોરજ સીડનહેમ કલારક અને લેડી કલારકે આ પ્રસંગે ખાસ હાજરી આપી હતી. શેહેરના ઘણાક જાણીતાં બાનુઓ અને ગ્રહસથો ઉપરાંત શેર બજારના આગેવાન દલાલો અને શેહેરનાં મુખી વેપારીઓ તેમજ પ્રદરશન કમીટીના મેમબરો પણ હાજર હતા. કલબલેંડની બાજુની ખુલી જગયાને સુંદર રીતે ફુલનાં કુડાંઓ અને વાવટા વગેરેના શણગારથી સણગારવામાં આવી હતી. સવાપાંચ વાગેથી પરોણાઓએ આવવા માંડયું હતું. કલબલેંડની બાજુમાંજ એક સુંદર પલાટફોરમ ઉભો કરી તયાં વીજલીક લાઈટ વગેરેની ગોઠવણ રાખી નામદાર ગવરનર અને લેડી કલારક માટે ખાસ બેઠકો બનાવવામાં આવી હતી. પરોણાઓને રીઝવવાને માટે એક સુંદર બેંડ હાજર હતું. કલબલેંડની બાજુમાં ઉભા કીધેલાં પલાટફોરમ ઉપર ગોઠવેલા એક પીયાના ઉપર સુંદર અંગ્રેજી ગાયનનું પ્રોગ્રામ એક અંગ્રેજ ગ્રહસથ તરફથી તેમજ પારસી બાનુઓ તરફથી રજુ કરવામાં આવયું હતું. તવારબાદ નામદાર ગવરનર, લેડી કલારક, સર જમશેદજી જીજીભાઈ, સર શાપુરજી બી. ભરૂચા, સર સાસુન જે. દેવીડ, ઓ૦ સર ચંદાવરકર પરોણાઓની વચ્ચેની બેઠક છોડી એ નામદારો માટે ખાસ ગોઠવેલી પલાટફોરમ ઉપરની જગયા ઉપર આવી બીરાજયાં હતાં. જયાથી નામદાર ગવરનરે નીચલું ભાષણ સર શાપુરજી ભરૂચાની વખાણમાં કરયું હતું:—

નામદાર ગવરનરે ભાશણ કરતાં જણાવયું કે—"આજે સાંજનાં એક ઘણીજ ખુશનુમાં ફરજ બજાવવા સારૂ મને અતરે બોલાવવામાં આવયો છે. અને આજનાં એક સુંદર મેલાવડા મધે ભાગ લેવાનું મને માન આપવામાં આવયું છે. ઇ૦ સ૦ ૧૯૧૦ નાં વરસની છેવટે મી૦ શાપુરજી ભરૂચાને મુંબઈનાં શેરીફ નેમવામાં આવયા હતા—તયારે સઘળે ઠેકાણેથી એવું બોલવામાં આવયું હતું કે એના કરતાં વધુ સારી નેમણુંક થવા પામતે નહી. આ ઘણું મોટું કામ આપણે એવણ તરફથી

માંગીએ છીએ પણ તમો સઘલા મારી સાથે એક મત થશો કે સર સાપુરજી ભરૂચા ઉપલી દરેક બાબદોમાં એક નમુનેદાર શેરીફ નીવડયા છે અને એક માહન જુના ઓધા ઉપર નવો ચલકાત ફેંકયો છે. નામદાર શહેનશાહી જોડાની પધરામણી વેલા તેને લાયક થઇ પડે તેવી ગોઠવણ કરવાનું સર શાપુરજી ભરૂચાને માથે આવી પડયું હતું. તેવણે ઘણું ડાહપણ ખરચીને ઉતાવળે કામ સહરૂ કરયું અને ઘણાક શેહરીઓની મદદથી આવું પસંદ કરવા જોગ પરીણામ નીપજાવયું. અત્રે મલેલા આવકારને માટે પોતાની બેહદ ખુશાલી તથા સઘળી ગોઠવણોને માટે પોતાનો સંપુરણ સંતોશ નામદાર શહેનશાહી જોડાંએ મારી આગળ જાહેર કરયો હતો. સટીમર મદીના ઉપરથી ગયા સોમ-વારને દીને એક વાયરલેસ સંદેશામાં આપણને જણાવવામાં આવયું હતું કે તે નામદારો ઘણી દલગીરી સાથ પણ ઘણી ખુશાલી ભરી યાદગારીઓ સાથ આપણા ઇલાકાની હદ છોડી ગયાં હતાં. આપણે જાણીને ખુશી છઇએ કે નામદાર શેહનશાહી જોડાંની મુલાકાત ન ધારેલી રીતે ફતેહમંદ ઉતરી છે અને તે નામદારોને દીલસોજી અને સુખનોથી આખી પ્રજાની લાગણી ઉપર અસર થવા પામી છે. આપણે તે નામદારોને આવકાર દેવામાં અને સફલ સફરની છેલી સલામ કરવામાં આપણે એકત્ર થયા હતા; અને તે નામદારો તરફથી છેલો માયાકુલ સંદેશો મેલવવાનું આપણને માન મલયું હતું. આ ઘણો સારો બનાવ બનયો છે કે આ મેળાવડો પ્રદરશન મધે થયો છે કે જે પ્રદરશનને ફતે-હમંદ બનાવવામાં સર શાપુરજી ભરૂચાનો મોટો હાથ છે. હાજતમંદ ખાતાંઓમાં અને જુદાં જુદાં માણસોને જે મદદનો હાથ સર શાપુરજી લંબાવે છે તેની અરધી ખબર પણ કોઇબી માણસ જાણી શકતો નથી. એવણની સખાવતોના દાખલાઓ વીશે હું વખતો વખત સાંભલું છું અને મુંબઇને મુબારકબાદી લેવી ઘટે છે કે તે આવો એક શાહેરી ધરાવે છે. અને સર શાપુરજીને મુબારકબાદી લેવી ઘટે છે કે તેવણની સખાવતો અને ભલાં કામોની સઘલી તરફથી પીછાંણ કરવામાં આવે છે. એક માણસની દોલત તેને હાથે સુખી થયલાં માણસોની સંખયાની ગણતરી ઉપરથી કરવી જોઇએ અને આપણે કહીંશું કે સર શાપુરજીની તે દોલત ગંજાવર છે."

ભાશણ ખતમ થતાં નામદાર ગવરનરે સર શાપુરજી ભરૂચા માટે ટોસ લીધો હતો, જે સઘલા-ઓએ હરખના પોકારો સાથે ઉપાડી લીધો હતો. તયાર બાદ સર શાપુરજી બી. ભરૂચાએ નામદાર ગવરનરના ભાશણનો જવાબ આપતાં જણાવયું કે નામદાર શેહેનશાહે મારી ઉપર જે ખેતાબ નવા-જીને મને ઉપકારી કીધો છે તે નામદાર ગવરનરનો આભારી છે. તમો નામદારે મેં કાંઇ કીધું છે તેને માટે ઘણુંજ માયાકુલ બોલોમાં મારે માટે હાલમાં જે કહયું છે તે મેં જે કાંઇ નજીવી ફરજ બજાવી છે તેનાં કરતાં વધું માન તમો નામદારે મને આપયું છે. પોતાની કારકીરદી વીશે બોલતાં સર ભરૂચાએ જણાવયું કે મારી છ વરશની નાંની ઉમરમાં મારા વહાલા પીતાને મેં ખોહયા અને તયારબાદ છ માસમાં મારા વડા ભાઇને મેં ખોહયા અને મારા માતાજી પોતાના વહાલાં ત્રણ ફરજંદો સાથે ભરૂચ છોડી મુંબઈ આવયા અને હમોને સારી કેળવણી આપી અને એવ' વખતમાં વધુ કેળવણી લેવાને હું નસીબવંત નહી હોવાથી મને ૧૭ વરશની ઉમરે મારા ઘેરને સંસાર ચલાવવાની ફરજ પડી. એ વીગેરેનુ બોલાયા પછે મેલાવડો વીખરાયો હતો.

મુંબઇના મેદાનમાંનું એકજીબીશન ખલાશ થવા આવેલું તે કેટલું ફતેહમંદ નીવડેલું તે વીશે નામદાર હાકેમ સર જયોરજ કલારકે સર શાપુરજી ઉપર પોતાને હાથે લખેલો એક પત્ર અને તેનો સર શાપુરજીએ વાલેલા જવાબની જાણંવા જોગ વીગત નીચે મુજબની છે:—

વાહાલા સર શાપુરજી ભરૂચા, તા૦ ૧૯ મી ફેબરવારી ૧૯૧૨.

હમણા જયારે એકઝીબીશન બંધ થયું છે તયારે જે મોટી ફતેહ તમોએ મેલવી છે તે માટે તમોને અને કમીટીને હું મુબારકબાદી આપવા ઇચ્છું છું. આ મોટી હીલચાલ હાર પાડવાનું જે કામ તેના કારોબારીઓને માથે આવી પડયું હતું તે બહું ભારે હોવું જોઇયે અને તેમની કોશેશોને

માટે હું તેમનો બહુ આભાર માનું છું. મને આશા છે કે જે ખોટ ગઈ છે તે સીનીક રેલવે અને જોય વીહલ ચાલુ રાખવાથી ભરપાઇ થવા પામશે, પણ કોઇબી રીતે મી૦ વોરડલો મીલનના પસંદ કરવા જોગ ખયાલથી થયલી ગોઠવણ સર્વેથી સારા પરીણામો નીપજાવી શકી છે. આપણે ખાત્રીથી માની શકીશું કે પ્રજાના અતીશય મોટા ભાગને ઘણી મોજમજાહ મળી છે અને જે રમતગમતો તથા એક્ષીબીટસના નમુનાઓ તેમની આગળ ખુલ્લા મુકવામાં આવયા હતા તેથી તેમને નવા ખ્યાલો અને જીંદગીમાં નવી ઉલત પેદા કરનારા સંજોગો જણાયા હશે.

આ એક મોટો અને જાથુક નીભે તેવો લાભ થયો છે જેને માટે તમોને અને તમારા ગોઠીયાઓને શાબાશી ઘટે છે. હું દલગીર છું કે ગયા શનીવારે એક મોટા ખાણાના મેળાવડામાં અમને હાજર થવાનું હોવાથી અમો એકઝીબીશન મધે હાજર થઈ શક્યાં હતાં નહી, પણ તે મેળાવડાની ગોઠવણ ત્રણ અઠવાડીયા અગાઉની થઇ ચુકેલી હતી અને તે મુલતવી રાખવાનું બની શક્યું હતું નહી. તમારી ઉતમ કમીટીને અને તમોને જેઓએ મદદ આપી છે તે સઘળાઓને મારી તરફનો મુબારકબાદી અને ઉપકારનો સંદેશો મેહેરબાની કરીને પુગાડજો અને તમો પોતે મારી તરફની ભલી દુવાઓ સવીકારજો.

હું છું તમારો સાચો,—(સહી) **જી. એસ. કલારક.**

વહાલા સર જોરજ કલારક, મુંબઈ, તા૦ ૨૧ મી ફેબ્રુવારી ૧૯૧૨.

જુના મુંબઈના એકઝીબીશનની ગોઠવણ, બંધારણ, ખીલવણી અને ફતેહની ઉંચી પીછાણમાં તમો નામદારે ગઇ તા૦ ૧૯ મીને દીને લખેલા કાગળથી સેક્રેટરીઓ અને કારોબારી કમીટી ઉપર ઘણી ઉંડી અસર થવા પામી છે.

તમો નામદારે બહુ માયાકુળ રીતે જે પીછાણ કીધી છે તે માટે તમો નામદારનો ભારે આભાર સેક્રેટરીઓ અને કારોબારી કમીટી માને છે. પણ તે સાથે એમ પણ માનયા વના રહી શકાતું નથી કે તેમની સુચનાઓ ઉપર માયાકુળ રીતે તમો નામદારે ધયાન આપયું તેથી તથા બળવાન ટેકો આપયો તેથી તેમને ખરાં દીલથી તથા મળી ભેટીને કામ બજાવવામાં ફતેહ મળી છે.

નામદાર શેહેનશાહ પોતાની તાજપોશી જાહેર કરવાને પોતે આપણા વચ્ચે પધારીયા હતા તે બનાવ ખાસ અસાધારણ હોવાથી પ્રજાની યાદમાં ખુશાલી અને મોજ મજાહના બનાવ સાથે જળવાઈ રહે એવી મતલબે મી૦ વોરડલો મીલનને તે "પસંદ કરવા જોગ ખયાલ" આવયો હતો.

તે બનાવને અનુકુળ થઇ પડે તેવા મોટા પાયા ઉપર જુના મુંબઈનું એકઝીબીશન બનાવવાની કોશેશ થઈ હતી; અને તે એકઝીબીશનને તેની ગોઠવણ કરનારાઓની સઘળી આશાઓ પરીપુરણ કરી આપી છે. તેનાથી પ્રજાના મોટા ભાગને ખુશાલી અને આનંદ મળયો છે અને જુદી જુદી કોમવાળાઓને આનંદથી સાથે મળીને છુટથી એક બીજાના આચાર વીચાર જાણવાની તક તેણે પુરી પાડી છે. મુંબઈની તેમજ બહાર ગામની સ્ત્રીઓને શીક્ષણ આપવામાં તેણે મોટું કામ બજાવયું છે. આટલી મોટી સંખયાની જુદી જુદી કોમની સ્ત્રીઓએ પરદાનો રીવાજ બાજુએ મુકીને એકઝીબીશનને પોતાની આનંદભરી મુલાકાતની જગા એવી રીતે બનાવી હતી કે તેવો બનાવ મુંબઇની તવારીખમાં આગળ કદીબી બનયો નથી. નામદાર શેહેનશાહી જોડાંની આપણા વચેની પધરામણીના બનાવની અને પરદો ઉઠાવી નાંખવાના બનાવની યાદ જુના મુંબઇનું એકઝીબીશન હંમેશાં લોકોના મનમાં તાજી રાખશે.

કારોબારી કમીટીના સેક્રેટરીઓ અને મેમબરોએ તમો નામદારનો ભારે આભાર માનવાનો સંદેશો તમો નામદાર ઉપર મોકલવાની મને માંગણી કીધી છે જે આભાર માનવામાં હું પણ ભાગ લઉં છું.

લા૦ તમારો વીસવાસુ—(સહી) **એસ. બી. ભરૂચા.**

પારસી કોમ તરફના જાહેર માન માટે ઠરાવ—તા૦ ૧૯ મી જાનેવારી ૧૯૧૨ ને દીને અત્રેની સર જમશેદજી જીજીભાઇ હાઇ સ્કુલના હોલમાં સર જમશેદજી જીજીભાઈના પ્રમુખપણા હેઠલ એક શભા મલી હતી. જે વેલા જસ્ટીસ સર દીનશાહ દાવર સાથ સર શાપુરજી ભરૂચા તથા સર બેજનજી મેહતાને પારસી કોમ તરફથી એક જાહેર મેલાવડો કરી માન આપવાને લગતા ઠરાવો પસાર થયા હતા પણ પાછલથી એ સાહેબોએ ઉપલું જાહેર માન સ્વીકારવાને ઉપકાર સાથે ના પાડયું હતું. તે ઉપરથી તે જાહેર મેલાવડો માંડી વાલીને માત્ર પારશીઓ તરફનું ખાણુંજ આપવામાં આવયું હતું.

પારસીઓ તરફનું ખાણું—તા૦ ૧૭ મી ફેબરવારી ૧૯૧૨ ને દીને જસ્તીસ સર દીનશાહ દાવર તથા સર શાપુરજી ભરૂચાને અત્રેના રેડીમની હોલમાં તેમના પારસી મીત્રો તથા વખાણનારાઓ તરફથી એક ખાણું આપવામાં આવ્યું હતું જે વેલા સર જમશેદજી જીજીભાઇએ સરનસીનની ખુરશી લીધી હતી. એ વેલા સર જમશેદજી જીજીભાઈએ જણાવ્યું હતું કે નાણા, વેપાર ઉદયોગ તથા બીજી દરેક રાજદ્વારી બાબદમાં સર શાપુરજીએ પોતાની શકતીનો ઓહોલો ઉપયોગ કરયો છે. તેઓના સખી દીલશુરદાના સબબે આજે તેઓએ જે સંખ્યાબંધ મનુષ્યોનું ભલું કીધું છે તે બીજાં ઘણાકોની જાનમાં આવ્યું નથી. વલી દલાલોનાં માનપત્રોમાં જણાવયું હતું તેમ કાંઇ પણ ઇચ્છીત હાલ પ્રાપ્ત કરવાની અભીલાસા શુધ બુધીથી મનુષ્ય માત્ર તરફથી સરમાલ સંકા રાખવે પરમારથી કરવાને તેવણ તતપર રહે છે. સર શાપુરજીએ કેટલીકવાર સાહીત્યમાં પણ જીપલાવેલું માલમ પડે છે અને એકવાર તેવોએ અરેબીયન નાઇટનો તરજુમો પણ કરયો હતો. આજે વળી નાની સખાવતોનીબી લોકો યાદગારી રાખવા માગે છે તેવે વખતે સર શાપુરજીની ગુપચુપ સખાવતો વધારે અસરકારક જણાય છે. તેવોના માનમાં થયલા છેલ્લા મેલાવડાની વખતે નામદાર ગવરનરે હાજરી આપી હતી એ સર શાપુરજીને થોડું માન ભરેલું નથી. એવાં એવણના કારય માટે આપરી નાધલી કોમ મગરૂર છે, અને ભવીષ્યમાં એમને માટે ઉંચી આસા રાખી શકાય છે. એના જવાબમાં સર શાપુરજીએ જણાવ્યું કે પારસીઓ જેવી ઉદાર અને સખી પ્રજા બીજી કોઇબી નથી. મારી હવડાની જાહેર સખાવતની વાત સમજીને મારીપર એટલાં માંગાં આવ્યા છે કે બોલવાની વાત નહી. લોકો દીકરી પરણાવવા માગે છે, દુકાનો ઉઘાડવા માગે છે, વેલાત જવા માગે છે અને એવાં બીજાં એટલાંતો માંગાં આયાં છે કે બધાંપર અમલ કરવા જઇએ તો રીસીવરને એપલાઇ થવું પડે ! એવોજ એક વેલાતનો દાખલો કહી સંભળાવ્યો કે રેલવેમાંથી પૈસા જમાવ કરનાર એક જાણીતા કરોડપતીની વીધવા ઉપર બે કરોડ એસી લાખ પાઉન્ડ એટલે બેતાલીસ કરોડ રૂપયાની માગની આવી હતી કે જેની અરધી કીમતબી તેની સોરે હતી નહી. સર જમશેદજીએ મારી લાયકાત કરતાં વધારે કહયું છે અને તે માટે હું તમારો સંધાંનો ઉપકાર માનુંછું. અરસપરસ બીજાં વીવેચનો થયાં પછી મેલાવડો વીસરજન થયો હતો.

તા૦ ૫ મી મારચ ૧૯૧૨ને દીને સર શાપુરજીને અત્રેના દલાલોની મંડલીએ પોતાના પ્રમુખ તરીકે માન આપવાનો એક મેળાવડો સર દીનશાહ પીટીટ નેટીવ બ્રોકરસ એક્ષચેંજ હોલમાં મી૦ પ્રભુદાશ જીવણદાસ કોઠારીના પ્રમુખપણા હેથલ કરયો હતો. એ વખતે પ્રમુખે જણાવયું હતું કે છેલ્લી અરધી સદીથી આજ દીન સુધી તે ભાઇમાં હું સાદાઇ, ચપલતા નીયમીત છુપી પરોપકાર વૃતી અને એક ખરા દલાલની ખુબી વિષે અનેક સદગુણો દીનપ્રતીદીન વધુ અને વધુ પ્રમાણમાં ખીલતાં જોતો આવ્યો છું.

પારસી દલાલો તરફનું ખાણું—તા૦ ૧૭ મી ફેબરવારી ૧૯૧૨ને દીને અત્રેના ક્રીમેશન હોલમાં સર શાપુરજીને મુબારકબાદી આપવા માટે મુંબઇના પારસી શેર બ્રોકરસોએ એક ખાનગી ખાણું આપ્યું હતું જે વેલા તેમને એક ટી સેટ ભેટ આપવામાં આવ્યો હતો.

સુરતની અંજુમન તરફનું જશન—તા૦ ૬ ઠી મારચ ૧૯૧૨ ને દીને સુરતના જરથોસતી અંજુમને સર દીનશાહ દાવર તથા સર શાપુરજી ભરૂચાને મલેલા નાઇટના ખેતાબ માટે એક સુકરગુજારીનું જશન ત્યાંના મરહુમ શેઠ દાદાભાઇ નશરવાનજી મોદીના આતશબેહરામમાં કીધું હતું.

સર શાપુરજી ૧૯૧૨ ના જુન માસમાં વેલાતની મુસાફરીએ ગયા હતા તે વેલાએ હીન્દી વજીર લોરડ ક્રયુ અને માજી હીન્દી વજીર લોરડ મોરલી તથા બીજા મોટા નામીચા અધીકારીઓ સાથે મુલાકાત કરવાનું માન એવણને મલ્યું હતું. તે વેલાએ હીન્દને લગતી ઘણી જુદી જુદી બાબદો ઉપર બાંબો વખતવેર વાતચીત થઇ હતી. વળી છાપાના પ્રતીનીધી સાથેબી ચીનના અફીણના બજાર વીષે અગતની વાતચીત થઇ હતી.

સર શાપુરજી સને ૧૮૭૩ પછી વેલાતની સફરે ઘણી વખત જઇ આવયા છે તેમાં સને ૧૯૦૮ ના સપટેમ્બર માસમાં સર શાપુરજી વેલાત જઇ આવેલા ત્યારે એવણના માનમાં અત્રેના ભાઇબંધ દલાલોએ એક મેલાવડો કરીને વેલાતની એડીનબરો પારસી યુનીયનને એક હજાર પાઉન્ડની કીધેલી બખશેસ માટે તથા અનરેસટ ઇન ઇન્ડીઆ એ બાબદ ઉપર કરેલાં એક ભાષણ માટે એવણને ઘણી સાબાશી આપવામાં આવી હતી. વળી બીજે મેળાવડો તા૦ ૨૨ મી અકટોબરે કરીને એક માનપત્ર ભેટ આપયું હતું.

સને ૧૯૧૦ ના સાલમાં શેર દલાલોએ સર શાપુરજીની સબી મુંબઇના સ્ટોક એક્ષ્ચેનજ બરોકરસ હોલમા ખુલ્લી મેલી હતી.

સર શાપુરજીએ કરેલી સખાવત—સર શાપુરજીએ અત્યાર સુધીમાં લગભગ આઠથી દશ લાખ રૂપયા ાા સખાવત કીધી છે. એવો શેઠ તરફથી પારસી તેમજ બીજી કોમોના વીદયારથીઓને છેક યુરોપખાતે મોકલી તેઓને બેરીસટર, ડાકટર વીગરેની ઉંચી કેલવણી આપવામાં આવે છે. તેમજ મુંબઇની કોલેજના, તથા શેઠ જ. ન. પીટીટ આરફ્નેજના, પુણાની સાયનસ કોલેજનાં વીદયારથી-ઓની ફી વગેરેનો ખરચ કરવામાં આવે છે. એ ઉપરાંત પારસી તેમજ હીંદુઓની ગરીબ અને લાચાર બાઇ બાવરીઓને તથા હાજતમંદોને માસીક પગારો આપવામાં આવે છે. જે માટે વરસ દહાડે સર શાપુરજી અરધાથી પોણો લાખ રૂપયો સવાખતમાં આપે છે.

સર શાપુરજીએ પેહેલેથી તે આજ સુધી કરેલી આઠથી દશ લાખની સખાવતોમાંની કેટલીક મુખ્ય સખાવતોની મલી આવેલી વીગત નીચે આપયે છીએ:—

પારસી વિધવાઓ માટે સવા લાખની સખાવત—ફેબરવારી ૧૯૧૨ માં સર શાપુરજીએ ગરીબ પારસી વીધવાઓ તથા નાવારેશ બાળકોના સંકટ નીવારણ અરથે ત્રામવે કુંપનીના ૬ ટકાના વ્યાજના પ્રેફરંસ શેરો જેની કીંમત લગભગ રૂપયા એક લાખ વીશ હજારની થવા જાય છે, તે શેરો અત્રેની પારસી પંચાયતના ત્રસ્ટીઓને ભેટ આપીયા હતા. એ શેરોનું વ્યાજ દર સાલ રૂ ૬) હજાર જેટલું ઉપજશે તેમાંથી રૂ ૪) હજાર માબાપ વગરના બાલકોની કેળવણી માટે અને રૂ ૨) હજાર પારસી વીધવાઓને પોતાને બરના હુનર ઉદયોગો શીખવા તથા તેમના લાભ માટે આપ્યા છે.

યુરોપીઅન નીરાધારોને માટે સવા લાખની સખાવત—સને ૧૯૧૨ ના એપ્રીલ માસમાં સર શાપુરજીએ બોમ્બે યુરોપીઅન રીલીફ એસોસીએશનને મુંબઈ ટરામવે કુંપનીના ૬૭૦ પરેફરંસ શેરો જે આજના ભાવે લગભગ રૂપયા સવા લાખની કીંમતના થવા જાય તે ભેટ આપ્યા હતા. એની વારસીક આવક રૂ ૬૦૩૦ ની થવા જશે તેમાંથી નીરાધાર હાલતમાં આવી પડેલા ઈંગ્રેજ વીધવાઓ બાલકો તથા ઓરફનોને નીભાવવા તેમજ તેમને વેલાત મોકલી આપવાની ફી આપવી.

શેર દલાલના કુટુંબને રૂ ૪૨૦૦૦ ની કરેલી મદદ—સર શાપુરજી નેટીવ શેર અને સ્ટોક બરોકરસ એસોસીએશનના સરનશીન હોવાથી એવો સાહેબે એ એસોસીએશનના ગરીબ અવસ્થામાં આવી પડેલા હઇયાત દલાલો તેમજ મરણ પામેલા દલાલોના ગરીબ કુટુંબને મદદ કરવા તથા તેમનાં છોકરાંઓને કેળવણી આપવામાં મદદ કરવા સારૂ એક ફંડ સ્થાપવાની આગેવાની લઇ તેને માટે રૂ ૧૫૦૦૦ ની કીંમતના બોમબે ઇલેકટ્રીક ત્રામના ૭ ટકાના એક સો પરેફરંસ શેરો ય. સને ૧૨૭૭ ના સાલમાં એ એસોસીએશનની કમીટીને એનાયત કીધા હતા. વલી એજ ફંડમાં બીજા વધુ રૂ ૬૦૦૦ ય. સને ૧૨૭૮ ના સાલમાં સર શાપુરજીએ આપયા હતા.

શેર દલાલોની મુબારકબાદી—રૂ ૨૧ હજારની સર શાપુરજીની વધુ સખાવત—તા૦ ૨૨ મી જાનેવારી ૧૯૧૨ ને દીને અત્રેના શેર બજારના દલાલો તરફથી સર શાપુરજીને નાઈટ હુદ્દનો ખેતાબ મલવા માટે એક માનપત્ર એનાયત કરવા માટે ગોઠવણ કરવા એક ખાસ સભા મલી હતી. તે પછી તા૦ ૫મી મારચે અતરેના બરોકરસ હોલમાં તેમના માનમાં એક ઇવનીંગ પારટીનો મેલાવડો કરવામાં આવ્યો હતો તથા તે પ્રસંગે એક માનપત્ર એમને આપવામાં આવ્યું હતું. આ વેલા સર શાપુરજીએ શેર બજારના ગરીબ દલાલોના નીભાવ ફંડમાં ઉપર જણાવેલા રૂ ૨૧૦૦૦ ઉપરાંત બીજા વધુ રૂ૨૧૦૦૦ ની રકમ ભરી હતી જે માટે તેમના ભાઇબંધોએ તેમનો ઉપકાર માન્યો હતો.

દુકાળના ફંડોને કરેલી મદદ-ચાલુ સાલમાં ગુજરાત તથા કાઠયાવાડમાં દુકાળ પડવાથી મુંબઈની સાલવેસન આરમીને લગતા ૨૦૦ થી ૩૦૦ છોકરાંઓનું પોષણ સર શાપુરજી તરફથી કરવામાં આવયું હતું. તેમજ જુદા જુદા દેશાવરો ખાતે દુકાળ માટે ઉગાડેલા ફંડોમાં લગભગ દશ પંદર હજાર રૂપયા એવોએ આપયા હતા. તેમાં નીચલાં ફંડોને બી મદદ કરી હતી. મુંબઈના દુકાલ સંકટ નીવારણ ફંડમાં રૂ૨૫૦૦, કાઠીઆવાડના ખેતીના ઢોરોના નીભાવ કરવા માટે રૂ૧૦૦૦, જેતપુર ખાતેના પાંજરાપોલના ફંડમાં રૂ૨૦૧ તથા રાધનપુરની પાંજરાપોલના લાભ અરથે ઉઘાડેલા ફંડમાં રૂ ૩૦૧ ભરીયા હતા.

યુનીઅન જેક કલબને સખાવત—લંડનની યુનીયન જેક કલબની મુંબઈમાં સ્થાપનારી શાખાના ફંડમાં સર શાપુરજીએ ૧૯૧૧ ના સપટેમબર માસમાં રૂ૧૦૦૦૦ ની રકમ ભરી હતી. એ કલબની નેમ જમીન તેમજ દરીઆઈ લશકરના માણસોને આશરો આપવાની છે તેના પેતરન નામદાર શેહેનશાહ છે.

તા૦ ૨૧ મી જુલાઇ ૧૯૧૨ ને દીને સર શાપુરજીએ અતરેના પારસી ઇંડસટરીઅલ હોમને રૂ ૫ હજારની સખાવત કરી હતી.

ઈરાનના રેડ ક્રેસંટ સોસાયટીના ફંડમાં ઈરાનના કમનસીબ કુટુંબો જેઓ આફતમાં આવી પડેલાં હોય તેઓને મદદ કરવા માટે સર શાપુરજીએ ૧૯૧૨ ના જાનેવારી માસની શરૂઆતમાં કલકતા ખાતે રૂ ૧૦૦૦ મોકલી આપ્યા હતા.

ભરૂચ ખાતે બધી મલી કુલે સવા લાખ રૂપયાની કીધેલી સખાવત-એમાં સર શાપુરજીએ પોતાના વતન ભરૂચની પારસી પંચાયતને રૂ૯૪૫૦૦ની નીચે મુજબની સખાવતો કીધી છેઃ—સર શાપુરજીએ રૂ૩૭૫૦૦ આપયા હતા કે મુદલ રકમ અનામત રાખી એના વ્યાજમાંથી ભરૂચનાં તથા તેને લગતાં ગામો ખાતેની ગરીબ જરથોશતી વીધવાઓને માસીક પગાર આપવા તથા તેમનાં બચ્ચાંઓને કેળવણીના કામમાં મદદ કરવી. એ રકમ હાલમાં સીંકીંગ ફંડ સાથે મલી ૩૪૨૪૦૨-૫-૯ ની થઈ છે. આ રકમના વ્યાજમાંથી ગરીબ જરથોસ્તી વીધવાઓ જેમને મદદની જરૂર હોય અને જેવો મદદને લાયક હોય તેમને દરેકને ઓછામાં ઓછો માસીક રૂ૪ નો પગાર આપવો અને વીધવાઓનાં છોકરાંઓને કેળવણીના કામમાં મદદની જરૂર હોય તો તેવા છોકરાંઓને દરેકને દર માસે રૂ૧ થી રૂ૨ મદદ તરીકે આપવા.

સર શાપુરજીએ પોતાના માસી બહેશતનશીન બાઇ મહેરબાઇ તે શેઠ શેરીઆદજી મોટાભાઈનાં ધણીઆણી તથા બાઈ કુંવરબાઇ તે મરહુમ શેઠ નશરવાનજી અસપનદીઆરજી મીસતરીના વીધવાના પુણને વાસતે ભરૂચની પારસી પંચાયતને જુદી જુદી વખતે મલી કુલે રૂ૧૯૫૮૮ આપયા હતા કે એ રૂપયા અનામત રાખવા અને દરશાલ વ્યાજની ઉપજમાંથી રૂ૧૦૦૦ નું વ્યાજ ભરૂચના રવાનોને અવલમંજલ પહોચાડવાનાં ફંડમાં વાપરવું અને બાકીના વ્યાજની રકમમાંથી દર વરસે શહરેવર મહીનામાં ચોઠા ગહમબારને દીવસે સર શાપુરજીના માતાજી બાઇ માણેકબાઈ તથા માસી બાઇ મેહરબાઇની નેયતે બૈરાં માટીડાનું જમણ કરયા કરવું.

સર શાપુરજીએ તથા તેવણના ધણીયાણી લેડી પીરોજબાઇએ મરહુમ શેઠો બરજોરજી તથા શેરીયાદજી દાદાભાઇ ખેશવાલાના પુણ માટે રૂ૧૦૦૦ ભરૂચની પારસી પંચાયતને આપયા હતા કે એનું વ્યાજ ભરૂચના પારસી કાપડયાઓ તરફથી બીજા ધંધાદારીઓ ભેગા ગહમબારનુ મરદોનું

જમણ થતું હતું પણ મરદો માટેનાં જમણો વધી પડવાથી કાપડયાઓએ પારસી બાનુઓ માટે અલાહેદો ગહમબાર કરવાનું ચાલુ કીધું છે તેના ફંડમાં દર વરસ આપ્યા જવું.

સર શાપુરજીએ પોતાના માતાજી બાઈ માણેકબાઇના પુણ માટે રૂ૫૦૦ અને પોતાના મરહુમ માસીના પુણ માટે ભરૂચની પારસી પંચાયતને રૂ૫૨૫ આપયા હતા કે એનું વ્યાજ ગરીબ જરથોસતીઓને આશરો આપવાના ફંડમાં વાપરવું. વળી લેડી પીરોજબાઈ શાપુરજી ભરૂચાએ બેહેસતનશીન શેઠ ખરશેદજી શેરીયારજી ભરૂચાના પુણ માટે રૂ૫૦૦ આપયા હતા કે દરસાલ એનું વ્યાજ ભરૂચની શેઠ જ. ન. પીટીટ કનયાશાળાના ખરચમાં વાપરવા આપવું.

સર શાપુરજીએ ભરૂચની પાંજરાપોળને રૂ૧૦૦૦ની મદદ તા૦ ૧૭ મી અકટોબર ૧૯૧૧ ને દીને કરી હતી કે તે રકમ ગરીબ વાચા વગરના જનાવરોને મોંઘવારીના વખતમાં પાળવામાં ઉપયોગમાં લેવી. વળી એવોએ ભરૂચમાં ભરાયલાં સ્ત્રીઓના હુનર ઉદયોગના પ્રદરશનમાં રૂ૨૦૧, અને ભરૂચના ગરીબ જરથોસ્તીઓના સંકટ નીવારણ ફંડમાં પલેગ વખતે રૂ૫૦૧ આપયાં હતા. એ ઉપરાંત ભરૂચની નરમદા ઇનગ્લીશ સ્કુલને તથા ભરૂચના હીન્દુ અનાથ આશ્રમને દર વરસે નાણાની સારી મદદ કરવા ઉપરાંત આશ્રમના બે બાલકોના પોષણનો ખરચ આપયા કરે છે.

ભરૂચની રાયચંદ દીપચંદ લાઇબરેરી અને સર ભરૂચા હોલ—આ લાયબરેરીનું મકાન નાનું પડતું હોવાથી અને ભરૂચમાં ટાઉન હોલની જરૂર હોવાથી તે બંધાવી આપવા માટે રૂ૫૦ હજારની તેવણે નાદર સખાવત કરી હતી. તે મકાનનો પાયો નાખવાની ક્રીયા કરવાનો મેળાવડો તા૦ ૧૫ મી એપ્રીલ ૧૯૧૦, રોજ ૫ મો માહ ૮ માને દીને મ્યુનીસીપાલ હોલમાં કલેકટર મી. જે. એ. જી. વેલસના પ્રમુખપણા હેઠલ મલ્યો હતો. આ લાયબરેરી માટે એવણે મોટી રકમ આપવા છતા એ લાયબરેરીનું અસલ નામ જે રાયચંદ દીપચંદ હતું તે નામ મરહુમ શેઠ પ્રેમચંદના માન ખાતર કાયમ રાખ્યું છે અને તાઉન હોલને સર શાપુરજી ભરૂચા હોલ એવું નામ આપવામાં આવ્યું છે.

ભરૂચનો ઉપલો સર શાપુરજી હોલ ખુલ્લો મુકવાની ક્રીયા—તા૦ ૧૨ મી ડીસેમબર ૧૯૧૧ ના દીલ્લી દરબારને દીવસે ભરૂચના કલેકટર મી૦ રોથફીલ્ડે ભરૂચના સર શાપુરજી બરજોરજી ભરૂચા હોલમાં દરબાર ભરી હતી અને ઢંઢેરો વાંચી સંભલાવ્યો હતો. ત્યારબાદ તેવણે જાહેર માટે મજકુર હોલ ખોલ્લો મુકતાં જણાવ્યું કે "મારી પોતાની તરફથી તેમજ ભરૂચ શેહેરની પ્રજા તરફથી ખુશાલી ભરી ફરજ બજાવવાની છે. આજના માગલીક પ્રસંગે આપણા ભરૂચવાશી અને જાણીતા સખી ગ્રહસ્થ સર શાપુરજી બરજોરજી ભરૂચાએ, જે હોલમાં સરવે બેઠા છઇએ તે ઉપયોગી હોલ ભરૂચની રઇયતને ભેટ આપયો છે તે માટે એ સખી ગ્રહસથનો ઉપકાર માનવાની દરખાસત મુકુછું અને આજના કોરોનેશનના શુભ દીવસે ખુલ્લો મુકેલો જાહેર કરૂંછું.

ભરૂચાઓનો આભાર—તા૦ ૪ ઠી મારચ ૧૯૧૨ ને દીને ભરૂચ મધે ત્યાંના રેહવાસીઓની જાહેર સભા મલી હતી જે વેલા સર શાપુરજીએ ટાઉન હોલ તથા લાઇબરેરી બંધાવી આપવા માટે રૂપયઃ અરધા લાખની કીધેલી સખાવત સારૂ તેમનો આભાર માન્યો હતો. અને તેની કદરશનાશી તરીકે એ ટાઉન હોલમાં સર શાપુરજીની સબી મેલવા તથા બાવલું ઉભું કરવા માટે એક ફંડ ઉભું કરવાનો ઠરાવ ત્યાંના જડજ મી૦ મોહસીન બદરૂદીન તઇયબજીની દરખાસ્ત ઉપરથી પસાર થયો હતો.

સર શાપુરજીએ હાલની નામદાર શેહેનશાહ તથા શેહેનશાબાનુની મુલાકાત વેળા તેમને યોગય આવકાર દેવાનાં ફંડમાં રૂ૧૦ હજારની રકમ ભરી છે. તેમજ કોરોનેશનને દીવસે મુંબઇમાં ગરીબોને ભોજન જમાડવાના ફંડમાં રૂ૧૦૦૦ આપયા હતા.

સર શાપુરજીએ વેલાતનાં બરીટીશ ફલેગનાં ફંડમાં રૂ૧૫૦૦૦ ભરયા હતા.

સર શાપુરજીએ ૫૦ જ૦ સને ૧૨૭૮ ના સાલમાં રૂપયા અરધો લાખ ડા૦ માસીના આસપીટલ બીલડીંગ ફંડમાં ભરાયા હતા. એ રકમ આ ચાલુ સાલમાં આપવામાં આવી હતી.

સર જમશેદજી જીજીભાઇની સ્કુલના ગરીબ છોકરાંઓને બપોરના ભોજણ આપવાના ફંડમાં રૂ ૧૦૦૦૦ ય. સને ૧૨૮૦ ના સાલમાં આપયા હતા.

હીંદી ક્રીકેટ ટીમ ૧૯૧૧ ના સાલમાં વેલાત ગઈ તેનાં ફંડમાં રૂ૧૦૦૦ તથા ત્રાનસવાલના હીન્દી ફંડમાં રૂ૧૧૦૦ ભરયા હતા.

સર શાપુરજીએ ૧૮૬૧ ના સાલમાં વીલાયત અને યુરોપના જરથોસતીઓનાં ધરમ ફંડમાં ૫ પાઉંડ અને ૫૦ સને ૧૨૭૭ના સાલમાં યુરોપના ઝોરાસ્ટ્રીયન ફંડમાં ૫૦ પાઉંડ આપ્યા હતા.

જેપાન ખાતે હીંદુસ્તાનના વેપારીઓ વગેરે જાય તેઓની સગવડ માટે હીંદી જાપાનીસ એસોશીએશનના ફંડમાં રૂ ૧૫૦૦ આપ્યા હતા.

પુના નજદીક સાલુંબ્રામાં છેલ્લી રામનવમીને દીને ભયંકર આગ લાગી હતી તે ફંડમાં પારસીઓ મધેથી સરવથી મોટી રકમ શેઠ શાપુરજીએ ભરી હતી. તેવણે મરહુમ શેહેનશાહ સાતમા એડવરડની યાદગારીનાં ફંડમાં રૂ૧૦૦૦ ભરયા હતા તથા જુલાઇ ૧૯૧૦ માં સટીમર ત્રીએસટ દરીયાની અંદર અટકી પડી તેને બચાવનાર બહાદુર એનજીનીયર મી૦ રેમશોની વીધવાને આશરો આપવાનાં ફંડમાં રૂ૧૦૦ ભરયા હતા. એજ વરસમાં ભરૂચ ખાતેની સ્ત્રીઓ માટે ભરાયલા પ્રદરશનમાં તેવણે રૂ૨૦૧ ભરયા હતા.

૧૮૯૬ ના સાલની આખેરીએ મુંબઇ શેહેરમાં મરકીનો રોગ પહેલાં ફાટી નીકળયો હતો. તે વેલા મરકી લાગુ પડેલા આજારી માણસોને તુરત ઘરમાંથી ખશેડવા જોઇયે એવો સરકારે હુકમ કહાડયો હતો. પારસીઓ માટે એક અલાહેદી આસપીટલ ઉઘાડવાને મુંબઇની પારસી પંચાયતનાં ફંડના ત્રસટી સાહેબોએ એક ફંડ ઉભું કરી રૂ૨૮૦૫૮ એકઠા કીધા હતા અને મરહુમ ડા૦ કેખશરૂ નશરવાનજી બહાદુરજીના ઉપરીપણા હેઠળ પરેલ મધે મરહુમ શેઠ મનચેરજી ફરામજી કામાજીના કુશાદે બંગલામાં એક "પારસી ફીવર આસપીટલ" ડીસેમબરથી તે આગસટ સુધી ૯ માસ ઉઘાડી હતી. ડા૦ બહાદુરજીએ ઘણા સખી દીલગુરદાથી એ આસપીટલનો સરવ કારોબાર મુફત ચલાવયો હતો. એ આસપીટલના બંગલાનું ભાડું શેઠો સોરાબજી તથા કાવસજી દાદાભાઇ દુબાશે દર માસે રૂ૨૫૦ આપયું તથા સર શાપુરજી બરજોરજી ભરૂચાએ તેમાં હુશીઆર તબીબો રાખવાના ખરચ માટે દર માસે રૂ૫૦૦ આપયા કીધા હતા.

એડીનબરો પારસી યુનીયનનું મકાન— ભરૂચા હાઉસ.—૧૯૦૮ ના સાલમાં સર શાપુરજીએ એડીનબરો મધે વસતા પારસી વીદયારથીઓ માટે એડીનબરોના પારસી યુનીયનને એક મકાન બંધાવી આપ્યું હતું. એ મકાન બાંધવા પાછલ તેમજ કેટલોક બીજો ખરચ મલી લગભગ રૂ૨૦૦૦૦ એવા શેઠને થયા હતા. એ મકાનનું નામ 'ભરૂચા હાઉસ' રાખવામાં આવયું છે તે ખુલ્લું મેલવાની કીયા તા૦ ૧૩ મી મારચ ૧૯૦૯ ને દીને કરવામાં આવી હતી. જે વેળા લોરડ પ્રોવોસટે આવું મકાન સથાપવા માટે સર શાપુરજી ભરૂચાને તથા યુનીયનના સભાસદોને મુબારકબાદી આપી હતી. એ પછી પ્રીનસીપલ સર વીલ્યમ્ તરનરે જણાવયું કે હીંદુસતાનમાની પારસી કોમ બ્રીટીશ પ્રજા તરફ સારો મીત્રભાવ ધરાવે છે, પારસીઓ અને બ્રીટીશ લોકો પરમુલકથી હીંદુસતાનમાં આવી વસેલી પ્રજાઓ છે, જો કે પારસીઓ બ્રીટીશ કરતાં હજારેક વરસ વહેલા આવયા હતા. એમ જણાવી પારસી કોમની બાહોશી તથા વેપારી બુધી વગેરેની તેવણે તારીફ કીધી હતી અને સેવટે સર શાપુરજી ભરૂચાની આખા કદની સબી લોરડ પ્રોવોસટના બાનુ મીસીસ ગીબસનને હાથે ખુલ્લી મેલાઇ હતી. વળી સર શાપુરજીએ સને ૧૯૧૨ માં બીજા વધુ રૂ૧૫૦૦૦ની મદદ એ યુનીયનને કરી છે.

ઉપલી વીગત મુજબ સર શાપુરજીની જીંદગીને લગતી જેબી જાણુવાજોગ વીગત હતી તે અમોએ અમારી યથા શકતી મુજબ સંપુરણ કરીને એવણનું જન્મ ચરીત્ર પુરૂં કીધું છે. તે ઉપરથી વાંચનારા સાહેબોને એવણની જીંદગીને લગતો ઘણો જાણવાજોગ ધડો મલી આવશે. તેની સાથે બીજું એ જણાશે કે ભરૂચમાં પણ બે એક પારસી નામાંકીત નરો પેદા પડયા છે. યાને જેમ નવસારીએ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠ દાદાભાઈ નવરોજી તથા શેઠ જમશેદજી નશરવાનજી તાતા જેવા નામાકીત પારસી નરો પુરા પાડયા છે તેમ ભરૂચે પણ શેઠ નવરોજજી ફરદુનજી સી. આઈ. ઇ. અને સર શાપુરજી બરજોરજી ભરૂચાનો વધારો કીધો છે. સર શાપુરજી જેવા એક નામાકીત નરનું જન્મ ચરીત્ર સંક્ષેપમાં પુરૂં કરતાં આપણે દુવા ગુજારીશું કે સર શાપુરજી પોતાના ભલા ગુણોથી એ કરતાંબી જયાદા માનને પાત્ર થાય અને સુખાકારી સાથે લાંબી જીંદગી ભોગવવાને ખોદાતાલા એવણને સામરથવાન કરે, એ ચાહી દુવા આમીન થાવો!

એવા સાહેબની એક સુંદર શબી આ જનમ ચરીત્રની સાથે વાંચનારા સાહેબોના જોવામાં આવશે.

જાહેર ખબરો.

ઠગાશો ના.



દસ્તુર નાંમે આંખના ડાકટર

ફકત એકજ છે અને તે

કોટમાં ત્રીચર કું૦ સાંમે કાલા પથરની બેંક આગળ

દીનશાહ એમ૦ દસ્તુર કુંપનીની

પુરાણી પેઢીમાં છે. (અમારા પાંટિઆ ઉપર પુરાણી પેઢી જુઓ)

જેઓએ લનડનની જાણીતી આંખની હોસ્પીટલોમાં લાંબી મુદત રહી "કલીનીકલ એસીસટંટનો ઓધો બજાવી આંખના દરદીઓની દવા, ઈલાજ અને ઓપરેશન કરી જાતી અજમાયસ" મેળવી ત્યાંના વીદવાન વડીલ આંખનાં ડાકટરોના લેખીત શબદો જેવા કેઃ—

"ડાકટર દીનશાહ દસતુરે આંખનાં ઘણાં ઓપરેશનો ઘણી સફાઈ અને ચતુરાઈથી કીધાં છે અને એવણ આંખનાં દરેક કામમાં પુરેપુરા પ્રવીણ અને કુશળ આંખનાં સરજયન ડાકટર છે."

એ વીગેરે ઉંચા મતોનું માન મેળવનાર અમારી કંપનીના આંખના ડાકટર

દીનશાહ એમ૦ દસ્તુર, એમ૦ ડી૦

ચસમાથી આંખની મુશકેલ ખામીઓ સુધારવા આંખ મુફ્ત તપાસે છે, જેવો લાભ મુંબઈમાં ફકત અમારે ત્યાંજ મળે છે. વળી ખાસ બંદોબસ્તથી આંખની દવા તેમજ ઓપરેશન પણ કરતા આવ્યા છે, જે કામ મુંબઈમાં કોઈ પણ ખાતામાં થવું મુશકેલ છે.

સરવે કરતાં ઓછા ભાવે

ઉંચી જાતના પથરના ચસમાં તરેહવાર કમાનોમાં, દુરબીનો, નકલી આંખો, તાવ તપાસવાના થરમામીટરો મળશે.



"લુ-લુ" આંખનાં ટીપાં!

આંખનાં દરદોનો તદન ખાત્રી ભરેલો ઠંડક આપનાર અકસીર ઇલાજ છે.

આંખોનું આવવું, સુજવું, રતાસ, બલત્રા, ખીલ, કીડ, પોપચાંનું સુજવું, પાણી ગલવું, અજવાલું ન દેખી શકાય, ઝાંખ, જાલાં, આંખોમાં ચીપડા થવા, વલગી જવું, ચાંદાં વીગેરે આંખનાં દરદો તેમજ નબલી અને થકેલી **આંખો માટે** બીન હરીફ **સલાંમત** ઈલાજ છે. '**લુ-લુ**' આંખનાં ટીપાં **છેલ્લી સોધ** અને **લાંબા વખતની અજમાયશનું** પરીણામ છે.

કીમત રૂ. ૧.

ન૦ ૫૬, એસપલેનેડ રોડ, કોટમાં બોંમબે કલબ સાંમે, મુંબઈ.

શા માટે રીબો છો?

હાંફણ, ખાંસી, બ્રોંકાઈટીસ, સસની જેવાં જીવલેન **સખત** અને **મુદતનાં**



દરદોમાં **"કાદી"**નો **એકજ ભાગ** તુરત આરામ આપી દરદ મટાડવાને કદી નીશફલ જશે નહીં. કીં રૂ. ૧॥.

ઉપલે ઠેકાણેથી તથા બીજા દવા વેચનારાઓ પાસેથી મલશે.

મેહરબાની કરી ઓરડર મોકલતી વેલા આ કાલેનડર વીષે જણાવવું.


સ્તીમ એનજીનનો તથા તેલના એનજીનનો મોહટો હરીફ.

મેશરસ ક્રોસલી બ્રધરશ લીમીટીડના છેલ્લામાં છેલ્લી સોધના "**ઓટો**" ગેશ એનજીનનો તથા ગેશ પ્રોડયુશર પલાનાટો જેવા કે શકસન તથા પ્રેસર તાઈપના ગેશ પ્રોડયુશરો, **બીતુમીન્સ** કોલ ગેશ પ્રોડયુશરો જે મધે દર કલાકે દર હોરશ પાવરે એક રતલથી ઓછો કોલશો બાલી કામ આપે છે અને શઉથી ઓછા બલતને કામ કરતા સ્તીમ એનજીનનો કરતાં અરધે બલતણે કામ આપે છે.

કેરોસીન તેલથી ચાલતા ક્રોશલી "ઓટો" ઓઈલ એનજીનો.

નેપથાતેલ યાને **ક્રુડ ઓઇલથી** ચાલતા 'ઓટો' ઓઈલ એનજીનો જે કેરોશીન કરતા $\frac{1}{3}$ કરતા પણ ઓછે ખરચે કામ આપે છે.

વીજલી મોટર સારૂં



ગયાશ એનજીન અને શકશન ગયાશ પલાનટ.

૧ થી ૪ શીલેનદરના વરતીકલ ઓઇલ એનજીનો, બોટો, વીજલી તથા દરેક કામ શારૂ.

વરતીકલ અને હોરીઝેનતલ પેત્રોલ આલકોહોલ સ્પીરીટ અને ગયાસ એનજીનો.

ઉપલા સઘળા એનજીનો મીલો, વરકશોપો, આઈશ તથા સોદા મસીનો, ખેતીવાડી તથા બીજા કામો સારૂ પાણીના બુંબાઓ, ઘંટીઓ, જીનો, પ્રેસો તથા સરવે જાતના સાંચાકામ ચલાવવાને કામના ઘણાજ મજબુત, બીન અનુભવી ચલાવી શકે તેવા સેહેલાં અને અત્યાર સુધી શોધી કહાડેલા એનજીનોમાંના સઉથી ઓછે બલતણે કામ આપનારા ઘણાજ સેહેલા એનજીનો છે.

જેને આજ લગણ ઉંચા ચાંદો મલ્યા છે અને મલે છે.

એકલા આડત્યા, ફરામજી કાવશજી,

૧૧૫-૧૧૭-ઓલડ પોલીસ કોરટ બીલડીંગ-હોરનબી રોડ- કોટ, મુંબઈ.

જીવન.

આ જીવન ઉત્તમ વનસ્પતિઓમાંથી બનાવવામાં આવે છે. એમાં એકપણ નુકશાનકારક પદાર્થ આવતો નથી. તમામ પદાર્થો જીવનીયગણ આવેછે. ખાવામાં સ્વાદીષ્ટ છે રોગી અને નીરોગી બંન્નેએ વાપરવા યોગ્ય છે. આ જીવન પુરૂષો, સ્રીઓ, બાલકો અને વૃદ્ધોએ સેવન કરવા યોગ્ય છે. આ જીવન શરીરમાં નિરોગીપણાનાં તત્વો વધારવાને, પ્રકૃતીને સમાન યોગમાં લાવવાને, લોહી વીર્ય, શક્તિ વધારવાને અને સરીર સુધારવાને અમૃત સમાન છે. કરી, પરેહુજી પાલવાની નથી. આ જીવન કેમીકલ ફુડ અથવા મેલીન્સ ફુડ જેવો ખોરાક છે. એના હમેશના સેવનથી અનહદ ફાયદા થાયછે. આ દવા દેશી દવાઓમાં સર્વોત્તમ ગણાય છે. ક્ષય, ઉધરસ, જીર્ણજવર આદી મટાડે છે. અને વિર્યના તથા લોહીના અનેક દોષો દૂર કરેછે. દરેક ત્રીસ તોલાના ડબાનો રૂપીઓ એક. પેકીંગ, પોષ્ટેજ અને કષ્ટમ ડયુટી મંગાવનારને શીર છે.

નયનામ્રત.

રોગી અને નિરોગી આંખોમાં આ અંજન આંજવાથી અનેક ફાયદા થાય છે. આંખે થતાં ફુલાં, ડોળ, વેલ, મોતીઆ, સુવા, આંજણીઓ, ઝામરવા, તાપોડીયાં, ખીલ, છારી અને ઝાંખ મટી જાય છે. આંખમાથી પાણીનું નીકળવું, ચીપીઆનું વળવું, લોહી અને ગરમીનું ચઢવું બંધ થાય છે. આંખની શક્તિ અને તેજ વધે છે. દુઃખવા આવેલી આંખો મટી જાય છે અને ઠંડક વલે છે. સવા તોલાની શીશી એકની કીંમત રૂપીઓ એક. પેકીંગ, પોષ્ટેજ અને કષ્ટમ ડયુટી મંગાવનારને શીર છે.

કેશ કલપ.

આ કલપ લગાડવાથી વાળ અસલ કાળા થાય છે. ચામડીને કાલો દાગ પડતો નથી. ત્રીસ તોલા કલપથી ભરેલી એક ડબીના બાર આના. પેકીંગ, પોષ્ટેજ અને કષ્ટમ ડયુટી મંગાવનારને શીર છે.

બ્લ્યુ બ્લેક શાહી.

આ શાહીના ગુણ ઇંગ્રેજી શાહીના જેવા છે. છતાં કીંમતમાં ઘણીજ સસ્તી છે, આ શાહીથી લખતાં કલમ બઝાઈ જતી નથી. ટાંક ખરાબ થઈ જતી નથી. અક્ષરો, હવા, પાણી, ગરમી અને ઠંડીથી બગડતા નથી. પણ હમેશને માટે કાયમ રહે છે, દરેક પડીકામાંથી વીસ આંઊસ શાહી થાય એવાં જનરલ ક્વોલીટીનાં ડઝન પડીકાંના રૂપીઓ દોઢ. પેકીંગ, પોષ્ટેજ અને કષ્ટમ ડયુટી મંગાવનારને શીર છે.

એજંટો જોઇએ છીએ. અરજ કરવાથી સરતો પુરી પાડીશું.

બનાવનાર તથા વેચનાર } **શાહ નારણજી અમરસીની કું.**

મુકામ વઢવાણ શહેર—કાઠીઆવાડ.

મુંબઈમાં નીચલે ઠેકાણેથી મલશે.

ર. બી. એજનસી, કાનતા બીલડીંગ-પેહેલે માળે—કાલબાદેવી રોડ, મુંબઈ.

પારસીઓ તરફથી પ્રગટ થયલી ચોપડીઓ.

[અસલથી સને ૧૮૮૯ સુધીનાં વરસોમાં પારશીઓ તરફથી પ્રગટ થયલી ચોપડીઓનું લીસ્ટ—યજદેજરદી સને ૧૨૬૦ નાં વરસનાં ઝોરાસ્ટ્રીયન કાલેંડરમાં આપવામાં આવ્યું હતું—ત્યાર પછીનાં વરસોનું લીસ્ટ અતરે આપીએ છે:—]

સને ૧૮૮૯ માં પ્રગટ થયલી ચોપડીઓ.

ચોપડીનું નામ.	ભાશા.	બનાવનારનું નામ.	શું બાબદ.	ક્યાં છપાયલી.	ક્યારે નીકળી.	ફી૦ રૂ. આ.
એ બુક ઓફ કોરેસપોંડંસ કનટેનીંગ એક્ષામપ્લસ ઓફ લેટરસ ફ્રેંડલી મરકનટાઇલ એન્ડ ઓફીસીયલ	ઈંગ્રેજી	બરજોરજી ડોસાભાઇ મારફતીઆ	પરચુટણ	સુરત મીસન પ્રેસ.	૧– ૫	૧– ૦
ધી એવીલ સોસીયલ કસ્તમસ એટ પ્રેસેંટ પ્રેવેલેંટ અમંગ ધી પારસીસ એન્ડ ધી બેસ્ટ મીન્સ ઓફ એરડીકેટીંગ ધેમ... ...	,,	શાપુરજી સોરાબજી	,,	રીપન પ્રી. પ્રેસ	૨૨– ૫	૦– ૬
ચીલડ્રન્સ કાસકેટ ઓફ પોએટીક ગેમ્સ સીલેકટેડ એન્ડ એરેનજડ વીથ નોટસ ...	,,	ડી. એન. વાડીઆ, એમ. એ.	કવીતા.	એજ્યુ. સો. પ્રેસ	૨૪– ૬	૧– ૮
ધી ફીલોસોફી ઓફ ધી માજદીઅસનાન રીલીજયન અનડર ધી સાસાનીસ	,,	ફીરોઝ જામાસજી દસ્તુર જામાસપ આ૦	ફીલોસોફી	,, ,, ,,	૨૪– ૬	૫– ૦
હેંડ બુક ઓફ ઈંગલીશ પારસીંગ ઈન તુ પાર્ટસ.	,,	દોશાભાઇ બેરામજી હકીમ	લેંગવેજ	મીસન પરેસ ,,	૨૪– ૮	૦– ૬
ફ્રી ટુ ઓલજીબરાકલ ફેકટરસ	,,	દોરાબજી એચ. વાછા, એમ. એ.	સાયન્સ મેથેમેટીકલ	આ.ત્રે.એંડ બુક ડી.પ્રે	૧– ૮	૦–૧૦
એલીમેનટરી ઓલજીબરા	,,	જમશેદજી અરદેસર દલાલ એમ. એ. એલ. એલ. બી.	,,	એજ્યુ. સો. પરેસ	૨૩– ૮	૧– ૪
એ મેન્યુઅલ ઓફ એનજીન્સ એન્ડ બોઈલર્સ...	ગુજરાતી	ખરશેદજી માનેકજી	આરટસ	યુ.પ્રી એંડ જ.એ. કુ.	૧– ૧	૦–૧૩
અરેબ્યન નાઈટસ એનટરટેનમેંટસ ...	,,	જહાંગીર બેજનજી કરાણી	ફીકસન	સ્ટેનડર્ડ પ્રી. પરેસ.	૧– ૬	૧– ૮
ફુલનજી	,,	ઇ. એ. સુરતી	,,	નીરણુય સાગર પરેસ.	૧૦– ૪	૧૮ પૈ.
ગામડેનો બરો હુશીયાર કુમલો	,,	માનેકજી બરજોરજી	,,	મું૦ સમાચાર પરેસ.	૧– ૫	૧– ૦
ચતા હુકમો, મુંબઈની નીવાયધીકારી કોરટની અપીલ સ ખાએ પોતાના તાબાની ફોજદારી કોરટો તથા અધીકારીઓના વહીવટને અરથે છપાવી પ્રસીધ કર્યા છે તેમનુ ગુજરાતી ભાશાંતર	,,	ફીરોઝશાહ દારાશાહ માનેકશા	કાયદા	એજ્યુ. સો. પરેસ.	૧૧– ૭	૨– ૦
અમીરઅલી	,,	ફકીરજી એદલજી ભરચા	પરચુટણ	જામે જમશેદ પરેસ.	૨૩– ૭	૨– ૦
મહાબળેશ્વર	,,	શાપુરજી બેરામજી કાતરક	,,	,, ,,	૧– ૮	મફત.
મેહેર અને જશને મેહેરગાન	,,	જીવનજી જમશેદજી મોદી બી. એ.	,,	ફોરટ પ્રી. પરેસ.	૨૭– ૭	૧ –૦

ચોપડીનું નામ.	ભાશા.	બનાવનારનું નામ.	શું બાબદ.	કયાં છપાયલી.	ક્યારે નીકલી.	કીંમત. રૂ. આ.
બનાશની જીંદગી અથવા આત્માનુ અમરપણુ ..	ગુજરાતી	જીવનજી જમશેદજી મોદી બી. એ.	ફીલોસોફી	ફોરટ પ્રીં. પ્રેસ.	૨૯– ૭	૩– ૦
સ્પેંતોમેન્યુસ અને અંગરેમેન્યુસ	,,	એરવદ બરજોરજી એરચજી ખજાં	,,	સ્ટેનડરડ પ્રીં. પ્રેસ	૧– ૭	૦– ૪
જરથોસ્તી ધરમો ઉપદેશ	,,	જામાસજી એદલજી દાદાચાનજી	ધર્મ	ફોર્ટ. ,, ,,	૨૦– ૬	૦– ૬
હીંદના ઇતીહાસીક સ્તાવારે બનાવોની ટુંકી નોંધ.	,,	અરદેશર દીનશાહ ગાંધી	હીસતરી	પ્રી. ઓ. વે. પ્રીં. પ્રે.	૨૦– ૭	૩૦ પૈ.
હીસતરી ઓફ ઇન્ડીઆ	,,	માણેકજી હોરમજી કાંગા	,,	યુનીયન પરેસ.	૧– ૮	૦– ૮
આઉટ લાઈનસ ઓફ ધી હીસતરી ઓફ ઈન્ડીઆ	,,	જે. એફ. માદન	,,	રીપન પ્રીં પરેસ.	૨૪– ૬	૦– ૬
ગુજરાતી કોપી બુક	,,	નાનાભાઇ નશરવાનજી માસ્તર	પરચુટણ	બોમબે સીટી પ્રેસ.	૧૦– ૭	૯ પૈ.
શાળોપયોગી અંકગણીત	,,	નશરવાનજી દોરાબજી આદરીયાનવાલા	સાયનસ મેથેમેટીકલ	યુનીયન પરેસ.	૧– ૭	૦– ૪
ભુગોળ વિધ્યા–યુરોપખંડનું વરણન ...	,,	જહાંગીર બી. મરઝબાન	,, નેચરલ	જામે જ૦ સ્ટીમ પ્રે.	૧– ૮	૦– ૫
અવર આઇસ એન્ડ હાઉ ટુ પ્રીસરવ ધેમ ...	ઈ૦ ગુ૦	એમ.આર.શેઠના,એલ.એમ.એંડએસ.	પરચુટણ	એં. જ. એંડ વ.પ્રે	૨૧– ૬	૦– ૨
એ ગાઇડ ટુ સેક્યુઅલ	,,	આર. એચ. મીસતરી	લેંગવેજ	ફો૦ પ્રીંટીંગ પરેસ.	૨૦– ૬	૦– ૬
જરથોસ્તી ધર્મ નીતી	ઝંદ-ગુ૦	હોરમજી નવરોજી લોરડ	ધર્મ	દફતર આશકારા પ્રેસ	૧– ૭	૦– ૨
પીકીંગ્સ ફ્રોમ ધી અવસ્તા	,,	નાદીરશાહ હોરમજી એદલજી સુખીઆ એલ. એમ. એંડ એસ.	,,	સ્ટેનડરડ પ્રીં૦ પરેસ	૨૪– ૭	૦– ૬
ઈંગલીશ ટ્રાન્સલેસન એન્ડ એક્સપ્લેનેટરી નોટસ ઓફ ફીફ્ટી ઓડસ ઓફ હરીઝ... ...	ઈ. પરશીયન	હોરમજી ટેમુલજી દાદાચાનજી	લેંગવેજ	રીપન પ્રીં. પ્રેસ	૩૦– ૪	૧– ૮
પતેત ઇરાની સ્વાનની નઈયતે પઢવાની તેના તરજુમા સારાંસ સાથે	પેહલવી અને ગુજરાતી	શોરાબજી હોરમસજી	ધર્મ	ઈન્ડીઅન પ્રીં૦ પરેસ	૨૬– ૬	૦– ૨
ફેમીલી મેગેજીન, નં૦–૫	ઈંગ્રેજી	કે. એન. બનાજી	પરચુટણ	એજયુ. સો. પ્રેસ	૮– ૬	૦– ૮
,, ,, નં૦–૬	,,	બરજોરજી નશરવાનજી બીલીમોરીયા	,,	,, ,, ,,	૨૨– ૭	૦– ૬
સ્ટુડન્ટસ ફ્રેંડ	,,	ધનજીભાઇ દોરાબજી ગીલ્ડર	,,	એં. જ. એંડ વ. પ્રે.	૨૫– ૪	૦– ૬
જહાંગીર કરાંણીનો વાર્તા સંગ્રહ	ગુજરાતી.	જહાંગીર બેજનજી કરાણી	ફીકસન	સ્ટેનડરડ પ્રીં. પ્રેસ	૧– ૬	૦– ૧
વાર્તા માલા	,,	માનેકજી એદલજી વાછા	,,	રીપન પ્રીં. પ્રેસ	૧૦– ૩	૦– ૨
ચાનક	,,	બરજોરજી અરદેશર દાદીનાથા	પરચુટણ	ખોદાબખશ પરેસ	૧૭– ૫	૦– ૨
જ્ઞાન વરધક પુસ્તક ૧૭ મું	,,	જહાંગીર બેજનજી કરાણી	,,	સ્ટેનડરડ પ્રી૦ પરેસ.	૧– ૬	૦– ૮
ફુરસદ	,,	બમનજી નવરોજી કાબરાજી	,,	ફોરટ પ્રીં. પ્રેસ	૨૦– ૬	૦– ૪

પારસીઓની ચોપડીઓનું લીસ્ટ.

મધુર વચન	ગુજરાતી	શેરાબજી કાવસજી ખંબાતા	પરચુટણ	બોમબે પ્રી પરેસ.	૧૦– ૮	૦– ૬
નુરે એલમ	,,	પી૦ બી૦ દેશાઇ	,,	દફતર આશકારા પ્રે.	૬– ૭	૦– ૪
શ્રી બોધ	,,	કે. એન. કાબરાજી	,,	,, ,, ,,	૧૫– ૬	૦– ૪
શ્રી મીત્ર	,,	ફરામજી સી. મેહેતા	,,	કયસરે હીંદ પ્રેસ.	૨૬– ૬	૦– ૬
ગુજરાત એન્ડ ગુજરાતીસ	ઇંગ્રેજી	બેરામજી મેરવાનજી મલબારી	,,	ફોરટ પ્રી. પ્રેસ.	૧૫– ૯	૫– ૦
ઝોરાસ્ટ્રીઅનીસમ ઇન ધી લાઇટ ઓફ ઓકલ્ટ ફીલોસોફી	,,	નશરવાનજી ફરામજી બીલીમોરીઆ	ફીલોસોફી.	રીપન ,, ,,	૧૭–૧૦	૦– ૮
મેટ્રીકયુલેશન ટાઇપ્સ ઇન ઇંગલીશ	,,	એન. એમ. કુપર	લેંગવેજ.	બોમ્બે ,, ,,	૨૮–૧૦	૧– ૦
એડ ટુ ધી સ્ટડી ઓફ ટેગ્રુનટરસ એલજીબ્રા..	,,	શેરાબજી નશરવાનજી કોયાજી બી.એ.	સાયન્સ મેથેમેટીક્સ.	એજ્યું. સો. પ્રેસ.	૧૭– ૯	૩– ૦
બાઇ સાહેબ યાને એક અજબ ભરમ	ગુજરાતી	જીજીભાઇ ખરશેદજી કાપડયા	ફીકસન.	સ્ટેનડરડ પ્રી. ,,	૧૩–૧૦	૧– ૦
કાવલાની કહાણી ભાગ ૪ થો	,,	બમનજી નવરોજી કાબરાજી	,,	ફોરટ ,, ,,	૧૦– ૯	૨– ૦
આંખ અને ચશમો	,,	ડા૦ હોરમજી ડોશાભાઇ પેસીકાકા એલ.આર.સી. પી. એસ. એફ. પી.	દવા.	સ્ટેનડરડ ,, ,,	૧૫– ૭	૧– ૦
દુ:ખ નિવારણ	,,	ડા૦ પેસતનજી નવરોજી • [વીગેરે	,,	દફતર આશકારા પ્રે.	૨૦– ૯	૫– ૦
રૂસતમી પંદનામું	,,	રૂસતમ ઇરાની	કવીતા	સ્ટેનડરડ પ્રી. પ્રેસ.	૧– ૯	૦– ૧
મુનાજાત	પરસીયન ગુ.	મેહરજી બેરામજી દોતીવાલા	ધરમ.	,, ,, ,,	૧૮–૧૦	૦– ૪
ચઉ–ચઉ	ગુ.–ઇં.	સી. ડી. ભાઠેના	લેંગવેજ.	સુબોધ પ્રકાસ પ્રેસ.	૧–૧૦	૦– ૪
શોર્ટ સેનટેનસીસ ઈંગલીશ એન્ડ ગુજરાતી વીથ એ ગ્લોસરી ઓફ યુસફુલ વર્ડસ...	ઇ.–ગુ.	નાનાભાઇ રૂશતમજી રાણીના	,,	યુનીયન પ્રેસ.	૧–૧૦	૦– ૧
તુરાના ગુજરાતી તથા હીંદુસ્તાની દીલપસંદ પ્યાલો	ગુ.–હીંદી	દાદાભાઇ બેરામજી તુરાવાલા	ગીત.	ઇ.-ગુ.-જોબ-પ્રી. પ્રેસ	૧૦–૧૦	૧– ૦
ફર્સ્ટ સ્ટેપ ઇન પરશીયન ઓન એ ન્યુ પ્લાન...	ઇં.–ગુ. પરશીયન	એરવડ હોરમજી ટેમુલજી દાદાચાનજી	લેંગવેજ.	જગદીશ્વર પ્રેસ.	૧૫–૧૧	૦–૧૩
ધી ફેમીલી મેગેઝીન	ઇંગ્રેજી	બરજોરજી નશરવાનજી બીલીમોરીયા	પરચુટણ	એજ્યુ. સો. પ્રેસ.	૭–૧૦	૦– ૬
અજબ	ગુજરાતી	એમ. જે. પોસ્ટવાલા	,,	ખોદાબખશ પ્રેસ.	૨૫–૧૦	૪ પાઇ
આનંદી	,,	જેહાંગીર કુવરજી પ્રધાનનાં	,,	,, ,,	૨૫–૧૦	૧૬ ,,
એ કમપેનીયન રીડર તુ લોકેરસ એસ્ટ્રોનોમી પ્રાઇમર ફોર મેટ્રીકયુલેશન સ્ટુડન્ટસ	ઇંગ્રેજી	દોરાબજી એચ. વાછા, એમ. એ.	સાયન્સ નેચરલ.	પ્રીન્સ ઓફ વેલ્સ પ્રે.	૧– ૧	૦–૧૨
નાના ફડનવીસ	ગુજરાતી	દાદાભાઇ મનચેરજી ગોભાઇ	બાયોગ્રાફી.	કાસીદ પ્રેસ.	૧૮– ૨	૦– ૮
દુશમન દારાબ	,,	રૂસતમજી હોરમજી મીસતરી	ફીકશન.	એંગલો જવીસ એન્ડ વરનાકયુલર પ્રેસ.	૪–૧૧	૧– ૮

ચોપડીનું નામ.	ભાશા.	બનાવનારનું નામ.	શું બાબદ.	કયાં છપાયલી.	કયારે નીકલી	કીંમત રૂ. આ.
જનાનખાનાની બીબીઓ	ગુજરાતી	પેસતનજી જમશેદજી	ફીક્શન.	ગુજરાતી પ્રીં. પ્રેસ	૧૫-૧૨	૨- ૦
દસ્તાવેજ લખનાર	,,	નાનાભાઈ બરજોરજી દેશાઈ	કાયદા	ગુજરાત સ્ટે. પ્રેસ.	૮- ૨	૦-૧૦
વલસાડ મધે મુંબઇવાલા એહસ્તી અંધીયારૂ શેઠ હોરમજી બીખાજી ચીનાઇએ અગીઆરી બંધાવેલી તેનો હેવાલ	,,	જમશેદજી પેસતનજી	પરચુટણ	વીકટોરીયા પ્રેસ.	૧- ૧	મફત.
આઉટ લાઇન્સ ઓફ ધી હીસતરી એફ ઇંન્ડીયા ધી મહોમેડન પીરીઅડ.	,,	જમશેદજી દી. માસતર	હીસતરી.	રીપન પ્રીં. પ્રેસ.	૩૦-૧૧	૦- ૩
ટેબલ્સ ફોર કેલક્યુલેટીંગ કોસ્ટ ઓફ યાર્ન, લુસ એન્ડ ઇન બેલ્સ	ઈ-ગુ.	જહાંનગીરજી ફરામજી માસતર અને માનેકજી મનચેરજી બતીવાલા	પરચુટણ	દફતર આશકરા પ્રેસ	૩૧-૧૨	૩- ૦
કોલોકવીલ ફ્રેસીસ ફોર સ્ટુડનટસ એન્ડ અધર્સ ઇન ગુજરાતી એન્ડ ઈંગલીશ	,,	એન. ડી. કાશીનાથ	લેંગવેજ.	રોયલ પ્રીં. પ્રેસ.	૧૩- ૬	૦- ૮
એ ગ્લોસરી ઓફ વર્ડસ અકરીંગ ઇન ધી ફર્સ્ટ ૭૫ લેસન્સ ઇન સોર્ટ સ્ટોરીસ	,,	જીજીભાઈ ખરશેદજી કાપડયા	,,	એંગલો પરશીયન પ્રે.	૧૦- ૨	૦- ૮
એ ગાઇડ તુ ન્યુ રોયલ રીડર	,,	નાનાભાઈ બેજનજી કરાણી	,,	સ્ટેનડરડ પ્રીં. પ્રેસ.	૩૦- ૯	૦- ૬
નવજોત ક્રિયા...	ઝંદ-ગુજરાતી	જામાસ્પજી એદલજી દાદાચાનજી	ધરમ.	ફોરટ. ,, ,,	૨૦-૧૨	૦- ૩
